# સાધનજ્યોતિ

(દ્વિતીય દીપ)



સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

પ્રકાશક :

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
જ્ઞાન સાધન આશ્રમ
મુક્તમૂપુર પો. ભરૂચ

પ્રથમ આવૃત્તિ
પ્રત ૧૦૦૦
કિંમત રૂા. ૩–૦૦

મુદ્રક;

ભાલ મલજી
લિપિની પ્રિન્ટરી
૩૮૦, ગિરગામ રોડ
મુંબઈ–૨.

# લેખાનુક્રમ


| ક્રમ | લેખ | પૃષ્ઠ |
|---|---|---|
| | નિવેદન | ૪ |
| ૧ | ઉત્થાન | ૧ |
| ૨ | દક્ષિણામૂર્ત્તિદર્શન | ૨૮ |
| ૩ | ईशावास्यमिदम् सर्वम् | ૫૫ |
| ૪ | ઈશ્વરનું નામ ओम् | ૮૨ |
| ૫ | પ્રાણ અને પ્રણવ | ૯૬ |
| ૬ | ॐ खम् ब्रह्म | ૧૧૯ |
| ૭ | વસ્તુવિચાર | ૧૪૪ |
| ૮ | ગુરુ પૂર્ણિમા | ૧૬૯ |
| ૯ | શ્રવણ, મનન અને નિદિધ્યાસન | ૨૦૩ |
| ૧૦ | શિષ્ય અને અધિકાર | ૨૪૮ |
| ૧૧ | શુદ્ધિપત્ર | ૨૬૦ |

# નિવેદન

સં. ૨૦૧૧ના અષાઢ મહિના પછી તરતજ "સાધનજ્યોતિ પ્રથમદીપ" નામનું પુસ્તક પ્રગટ થયું. 'ઉત્થાન' માસિકમાં લખાયેલા પહેલાંના ચાર વર્ષના તંત્રીલેખોનો એ સંગ્રહ છે. આજે સં. ૨૦૧૬માં આશરે પાંચ વર્ષ પછી આ "સાધનજ્યોતિ–દ્વિતીય દીપ" પ્રકટ થાય છે, જેમાં 'ઉત્થાન'ના પાંચમા વર્ષના લેખો પ્રકટ થાય છે.

જનસમૂહ પાસે એકવાર ધરેલા લેખોને જ પુસ્તકાકારે સુરક્ષિત રાખવાનો આમાં મુખ્ય ઉદ્દેશ છે. તે સમયે યુદ્ધ ચાલતું હતું: ત્યારપછી રાજકીય વાતાવરણમાં દર વર્ષે નવી નવી હવા ઊભી થાય છે. જીવનમાં આર્થિક તથા સામાજિક પરિવર્તનને જ જ્યારે મહત્વ અપાય છે અને એનો પ્રભાવ આધ્યાત્મિક જીવનપર થતાં ભોગવિલાસ, ધનની વિપુલતા, ભોગસામગ્રીનો પરિગ્રહ, રાજ્યસત્તાનો મદ અને એમાંથી ઊભા થતાં ઘર્ષણ, અસંતોષ, અશાંતિ અને અવિનયભરી ઉદ્ધતાઇથી વાતાવરણમાં નર્યો રાગદ્વેષ અને સ્વાર્થભર્યો કલેશ વધતો જાય છે, તેવે સમયે શાંતિ, સંતોષ, સંયમ, વિનય અને વિવેક પોષે એવા અધ્યાત્મસાહિત્યની અનિવાર્ય આવશ્યકતા બધાંને લાગે છે. સૌથી પ્રથમ દેશ, પછી પ્રાન્ત, પછી ગામ અને પછી સ્વશરીર એવું સૂત્ર જુગજૂનું છે, અને મહાત્મા ગાંધીજીએ એને અનુભવપ્રમાણથી લોકસમૂહ પાસે રજૂ કરવા છતાં કોઇ આસુરી સંપદ અંતરીક્ષમાં સૂક્ષ્મરૂપે પ્રવૃત્ત હોય–પ્રેરણા કરતી હોય તેમ માણસોનાં ખોખરાં હાડપાંસળાં, સંયમના દોર તૂટેલું મન,

ધૂંધલાપણાવાળી ટૂંકી વિચારદૃષ્ટિ, એ બધાંની એવી ભીંસ છે કે તાત્કાલિક કાંઇ સુધારણા કે ઉન્નતિ થાય એવું સ્પષ્ટ ચિહ્ન હજુ દેખાતું નથી. જેટલા પ્રમાણમાં નિરાશા જ વધતી જાય છે, એટલા પ્રમાણમાં જીવનનો ઉત્સાહ દેખાતો નથી. આસ્તિક વર્ગ પરમાત્મા કરે ત્યારે સુધારણા થાય એમ માને, નાસ્તિકો હિંસક મનોવૃત્તિ દાખવીને બધાંને સરખે ભાગે સંપત્તિ વહેંચવાના ઉધામા કરે, એવી દૈવી આસુરીના યુદ્ધની નોબતો વધારે જોરથી વાગવા માંડી છે.

ગુજરાતની પ્રજાને પોતાનો ભાષાભાષી પ્રાન્ત મળ્યો, સાહિત્યક્ષેત્રે ગમે તેવું શુભ સંસ્કારી વાચન-કવન પીરસાતું હોય, કેળવણીકારોનો હેતુ શુદ્ધ હોય, પણ નવલોહિયાઓની નાડીઓમાં અસંયમી ઉકળાટ-ફફડાટ વધ્યો છે. સંયમ કે વિનય આપે એ વિદ્યાનું સૂત્ર અત્યારની શિક્ષણ પદ્ધતિએ અસિદ્ધ પૂરવાર કર્યું છે. સંક્ષિપ્તમાં એ કે આર્થિક, સામાજિક જેવાં વ્યવહારક્ષેત્રે કલહ અને કલેશ જ વ્યાપી રહ્યાં છે.

આત્મસુધારણા સાથે જ સમાજસુધારણા સંકળાયેલી છે. કારણ કે પ્રત્યેક વ્યક્તિ સમાજનું કેન્દ્ર છે. વ્યક્તિ પરત્વે આત્મસુધારણા વિના સમાજસુધારણાનું કાર્ય કરશે કોણ? એક માંદો માણસ પોતે સાજો થયા વિના બીજા માંદાની સારવાર કેવી રીતે કરશે? ભૂખ્યો માણસ બીજાને ક્યાંથી મેળવીને જમાડશે? એટલે સૌથી મોટી આવશ્યકતા છે વ્યક્તિગત આત્મસુધારણાને પ્રથમ સ્થાન આપવાની. એમાંથી સમાજસુધારણા આપોઆપ પ્રકટ થશે. કેન્દ્રમાં એક દીવો હોય તો એના પ્રકાશના પ્રમાણમાં વર્તુળને પ્રકાશ આપશે અને એ રીતે અસંખ્ય વ્યક્તિદીપો સમસ્ત માનવસમૂહને જ્ઞાનરશ્મિથી આવરી લેશે. એ આત્મસુધારણા એટલે જ

અધ્યાત્મવિદ્યાના શિક્ષણ-સ્વાધ્યાયો. એ વિદ્યામાં ઇંદ્રિયદમન, મનઃસંયમ, વાણીમાં વિવેક, વર્તનમાં સદાચાર, નિર્માની બનીને અન્ય પ્રતિ વિનયભર્યો વ્યવહાર કરવાની વૃત્તિ—આવાં આવાં પ્રેમ, દયા, સેવા, કરૂણા, ત્યાગ, શાંતિ, તથા સાત્વિક લક્ષણો વ્યક્તિ-વ્યક્તિમાં ન ઊતરે ત્યાં સુધી સમાજસુધારણા સ્વપ્નભોગ જેવી કલ્પના માત્ર રહે છે.

વ્યકિત વ્યકિતએ અધ્યાત્મજ્ઞાનનો દીપક બનીને પ્રકાશ પાથરવો જોઇએ. કુટુંબે કુટુંબે પરમાત્માની કૃપા અનુભવવી જોઇએ. સમસ્ત બ્રહ્માંડ પરમાત્માની રચના છે; અને પરમાત્માનો સચ્ચિદાનંદ પ્રકાશ સર્વવ્યાપક છે. મનુષ્ય મનુષ્ય વચ્ચે, અરે ! અણુ અણુની વચ્ચે આસપાસ તથા આરપાર પરમાત્મા એક પ્રાણ બનીને અંતર્યામી રૂપે હાજર છે. માનવ ઉન્નતિનો પ્રશ્ન વિચારતાં પ્રત્યેક માનવે બંધુત્વભાવ રાખીને બીજાની સેવા કરીને શેષ રૂપે રહેલો પ્રસાદ ભોગ ભોગવવો જોઇએ. તન—મન—ધનની સંપત્તિ જન-સમૂહને—પરમાત્માનું સ્વરૂપ સમજીને—ચરણે ધરવાની તત્પરતા દાખવવી જોઇએ; બધું ખૂબ જ ઉપદેશાય છે. પણ બહુ ઉપદેશ આપવો પડે છે એજ માનવજીવનની અપૂર્ણતા સિદ્ધ કરે છે. ભૂખ્યો આંગણે આવે કે નજરે પડે, તે પરમાત્મા જ આપણી સેવા લેવા આવ્યો છે, રઝળતો રખડતો દેખાય તે પરમાત્મા જ નિવાસસ્થાનની સગવડ માગવા દર્શન આપે છે, આવી રીતે પરમાત્મા જ બધાં સ્વરૂપે આપણને નિત્ય પરમાત્માનું જ સ્મરણ કરાવે છે. એવી એ પરમકૃપાળુની કૃપા અનુભવવી જોઇએ.

પરંતુ સ્થિતિ વિપરીત છે, શરીરના કરતાં કપડાંની કીમત, કપડાં કરતાં દાગીનાની, દાગીના કરતાં તીજોરી કે બેંકમાં રાખેલા ધનની,

ધન કરતાં વાડી–બંગલાની, વાડી બંગલા કરતાં ભોગ સામગ્રીના અભિમાનની, ભોગ સામગ્રીના અભિમાન કરતાં યે માનપાનની, વાહવાહ સાંભળવાની, અને એ બધાંથી ટપી જાય એવી હું અને મારાને જ હેમખેમ જોવા રાખવા જતાં અન્ય પ્રતિના તિરસ્કાર-ભર્યા સ્વાર્થની જ્યાં હૂંસાતૂંસી હોય ત્યાં–ત્યાં બીજું શું ? ક્લેશ, કલહ, વેરઝેર અને યુદ્ધ.

બધા જીવનનો પાયો છે પરમાત્મા. પરમાત્મા જ બધાનો આધાર, જીવનનો નિત્ય સાથી, સુખશાંતિ અને સંતોષ અપાવનાર જ્ઞાન તથા આનંદનો ભંડાર, પ્રાણનો અધિષ્ઠાતા અને એજ કર્તાહર્તા હોઈ, સંરક્ષક અને સર્વહિતકારી છે. આપણે તો એક ક્ષુદ્રાતિક્ષુદ્ર પૃથ્વીપરનું માનવજંતુ છીએ. આખું બ્રહ્માંડ એનું છે એમાં આપણે અમુક વર્તુલના માલીક બનીને બેઠા છીએ, પણ પરમાત્મા સૌનું ભરણપોષણ કરાવવા માટે જે પ્રેરણા આપે છે, પોતે જ દીન, દુઃખી, કંગાલ, નિષ્કિંચન રૂપે આવીને દાન, ભિક્ષા માગે છે, ત્યાં તન–મન–ધનને સમર્પણ કરાય એ છે આપણું મમત્વ ત્યાગીને બધું એનું છે એમ શીખવવાનો પરમાત્માનો આદેશ. એ આદેશનું યથાર્થ પાલન થાય તો એ જ વ્યક્તિગત સ્વરાજ્ય, અને દેશવ્યાપી સામ્રાજ્ય ! એમ ન ભોગવે એને શ્રીકૃષ્ણે यो भुंक्ते स्तेन एव सः કહ્યો છે.

પરમાત્માનું સ્મરણ, હૃદયમાં સતત ચિંતવન, બાહ્યપ્રદેશમાં પ્રત્યેક નામરૂપે એ જ વ્યાપક છે એવી સમજણભરી દૃષ્ટિ અને પ્રત્યેક કાર્યને પરમાત્માની સેવા માનીએ તો પછી જરાયે અશાંતિ નથી, અસંતોષ નથી, અતૃપ્તિ નથી; આ શિક્ષણ શાળાકોલેજોમાં નહીં, પણ પ્રત્યેક કુટુંબમાં હોવું જોઇએ. શરીરે શરીરે અંતર્યામી

ભગવાન વસ્યા છે તેવું માનવદેહનું આ મંદિર છે. એ આપણી સનાતન ધર્મભરી ભાવના છે. કુટુંબમાં સાત્ત્વિકતા વધે તેવો સાદો નીરોગી ખોરાક લેવાય તથા પરમાત્માના નામસ્મરણ માટે પૂજા, પાઠ, જપ, વ્રત, તપ, વગેરેથી એની સ્મૃતિ સતત સુરક્ષિત રહે એવાં વિધાનોનાં પુસ્તકોનો પાર નથી. સંસ્કૃતમાં વિપુલ ભંડાર છે, તેના અનુવાદો પ્રત્યેક ભાષામાં થયેલા છે, પ્રત્યેક ભાષામાં પણ અવનવાં પુસ્તકો લખાયાં છે અને હજુ યે લખાય છે. જીવન સમસ્તને ભગવાનને ચરણે ધરીને એમનું જ શરણ સેવીને એ પંથે દોરવાનો પ્રયત્ન કરનારા ઉપદેશકો છે, સંતસાધુઓ કયાંક વિચરતા તો કયાંક સ્થાયી રહીને પોતપોતાની શકિતમતિ પ્રમાણે કાર્ય કર્યે જાય છે. પ્રજાગણ એ બધું અપનાવે તો એ જ અત્યારની ધાર્મિક, આર્થિક અને સામાજિક વિકારમય દશાને સુધારશે એવી શ્રદ્ધા રાખવી એ જ પરમાત્માનાં દર્શન માટેના બધા ધર્મસંપ્રદાયોની વાણીની એકવાકયતા છે.

‘ઉત્થાન’ માસિકપત્ર નવ વર્ષ ચાલ્યું તેમાંના ચાર વર્ષના અગ્ર-તંત્રી લેખો લખાયા તે ‘સાધન જયોતિ પ્રથમ દીપ’ નામે છપાયા પછી પાંચ વર્ષે પાંચમા વર્ષના અગ્રલેખો ‘સાધન જયોતિ દ્વિતીય દીપ’ તરીકે પ્રકટ થાય છે. સમુદ્રમાં બિન્દુ જેવડો આ પ્રયત્ન કહેવાય. લેખક પોતે એ રીતે જીવન ગાળવાનો સતત પ્રયત્નશીલ રહેનાર સાધક છે. લેખોની ભાષા કયાંક કઠિન લાગશે, વેદાન્તની શબ્દપ્રક્રિયાના જ્ઞાનને અભાવે, લેખનો ભાવ સમજવામાં મુશ્કેલી લાગશે, છતાં જો એનું પાંચ સાત વખતનું ધૈર્યથી વાચન થશે તો અવશ્ય સહૃદયી સાધકને જીવનમાં અનુભવવા જેવું કૈંકપણ મળશે એવી શ્રદ્ધા છે.

આ લેખો પુસ્તક માટે નહીં પણ માસિકપત્ર માટે લખાયેલા હોઇ જલદી લખાયેલા છે એટલે કયાંક વધુ પડતું સંક્ષિપ્તમાં તો કયાંક વધુ પડતો વિસ્તાર, કયાંક વિચારની અપૂર્ણતા તો કયાંક વિષમતા, એવી ક્ષતિઓ હોવાનો સંભવ છે. તે સૌ ક્ષમ્ય ગણુ એવી વિનંતી છે.

દ્વિતીય દીપના લેખો વિશેષ રીતે અભ્યાસ કરવા જેવા છે એમ માનું છું. જપ, ધ્યાન વગેરેમાં તેમ જ પરમાત્માની, પરમાત્માના એકમાત્ર નામ ૐની સાધનમાર્ગે ઉપયોગિતા સમજવા માટેની એમાં યથાશકિત વિવેચના છે. એમ કરવા જતાં એકની એક વાતનું પુનરાવર્તન પણ થયું હશે, છતાં એ બધાંને વિવેકભરી દૃષ્ટિએ જોવાશે, પુનરાવર્તનથી અભ્યાસની દઢતામાં સહાયતા મળશે એમ મનાશે, વિશદ વિવેચન ચર્વિતચર્વણુ નહીં, પણ સામાન્ય સાધકને પણ સરલતાથી સમજાય એ માટે છે એમ સમજાશે તો લેખકનો હેતુ શુદ્ધ અને નિઃસ્વાર્થ રહેવાનો છે એમ તરતજ ઓળખી લેવાશે. એમાં ક્ષતિ હોય તો ઉદાર થઇને સૌ ક્ષમા કરે, વિશાલ વિવેકી દૃષ્ટિ રાખે, અને જીવનમાં ઉપયોગી સાધન સામગ્રીને હંસક્ષીરનીરની દૃષ્ટિએ ગ્રહણ કરે એવી વિનંતી છે. તથાસ્તુ ૐ!

જ્ઞાન સાધન આશ્રમ
મુક્તમૂપુર, ભરૂચ
આસો સુદ ૧૦, ૨૦૧૬

સ્વા. સ્વયંજયોતિ તીર્થ

# સાધનજ્યોતિ

(દ્વિતીય દીપ)

# ઉત્થાન એટલે ?

'ઉત્થાન' એટલે ઊભા થવું, એ એનો મુખ્ય અર્થ. પાંડવકૌરવના ધર્મયુદ્ધમાં, કર્મભૂમિ જેવા કુરુક્ષેત્રમાં, કૃષ્ણાવતારના ચારેય પુરુષાર્થના સંક્રાંતિકાળમાં, ભગવાનના જમણા હાથ જેવો અર્જુન યુદ્ધના રથમાં હથિયાર મૂકીને ઢગલો થઇ પડયો. પચ્ચીસ વર્ષની અર્જુનની તપશ્ચર્યાનું બલ વરાળની પેઠે ઊડી ગયું. જીવનસખા ભગવાનની મૈત્રીમાંથી મેળવેલું હૃદયબલ હણાઇ ગયું. ભગવાન એટલે તો (૧) ઐશ્વર્ય, (૨) ધર્મ, (૩) યશ, (૪) શ્રી, (૫) જ્ઞાન અને (૬) વૈરાગ્યનો સંપૂર્ણ ભંડાર :—એવા ભગવાનમાંથી એની શ્રદ્ધા ઊડી ગઇ અને સામે બેસીને પોતે શાસ્ત્રજ્ઞ અને વિરક્ત હોય એમ ડાહી ડાહી દલીલો કરીને તેમજ ભિક્ષા માગવાની તૈયારી બતાવીને મૂઢ બની બેઠો !

ભગવાને આવી પામર દશા જોઇને રોકડું પરખાવ્યું :—અણીને વખતે હિમ્મત હારે એ વીર શાનો ! યુદ્ધમાં ઝઝૂમવાનો વારો આવે ત્યારે દુર્બલ બને એ ધર્માત્મા કેમ કહેવાય !—ટૂંકમાં પતાવ્યું કે :—

क्षुद्रंहृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ।

અ. ૨–૩.

**અર્થ** :—હૃદયની ક્ષુદ્ર દુર્બલતા છોડીને **ઊભો થા**, પરંતપ !

\+ + +

પણ એટલેથી ન પત્યું ! અત્યારે એને મન શ્રીકૃષ્ણ ગુરુ નહોતા ! એમનાં યોગૈશ્વર્યને, ધર્મનિષ્ઠાને, યશને, વૈભવને, જ્ઞાન તથા વૈરાગ્યને

એ ભૂલી બેઠો હતો અને પોતેજ જાણે છ એ ઐશ્વર્યનો મહાભંડાર હોય તેમ * પંડિતોની વાણી બોલવા બેઠો છે ! આટલા એક જ મહેણાંથી એ ઊભો થાય તો એનાં અહોભાગ્ય ! ભગવાન એને નપુંસકનું મહેણું મારે છે! દોઢડાહ્યાપણાનો, પોથીપંડિત હોવાનો આક્ષેપ કરે છે; શોક કરવાનું છોડ, એવી આજ્ઞા કરે છે ! પણ એને ધર્મ અધર્મનો વિવેક નહોતો. સ્વધર્મ ભૂલીને ભગવાનના ધર્મોનું પોતાનામાં આરોપણ કર્યું હતું. ચતુર્વિધ પુરુષાર્થની સફળતાને બદલે આ યુદ્ધમાં અધર્મ, અનર્થ, વાસના અને બંધ દેખીને તથાકશું એ કરવું એ મહત્ પાપ છે એમ માનીને "માફ કરો, ભગવાન ! મારે નથી લડવું" એને એણે ધર્મ માની લીધો ! અજ્ઞાનની કેવી પરાકાષ્ટા !

\+ \+ \+

એની અર્ધદગ્ધ દલીલોના ઉત્તર આપીને ભગવાને હવે વિસ્તારથી સમજાવવા માંડયું; આત્માની અમરતા સમજાવી, લોકનિંદાનો ભય બતાવ્યો, ક્ષત્રિય જાતિનો યુદ્ધધર્મ કહી સંભળાવ્યો, પણ એને તો એક જ વાત ! બસ, આ મહાપાપ છે ! જનસંસર્ગ છોડવો, કર્મ જ ન કરવું, બેસી રહેવું, ભિક્ષા માગવી, રાજ્યહીન થવું, વૈભવ છોડવા, સગાંસંબંધી મરે તે નહિ જોવાય, પાપી અને અધર્મીઓ રાજ્ય કરે તો કરવા દેવું, કુલક્ષય ન થવા દેવો, આવી આવી આ સંસારમાં રોજબરોજ સંભળાતી, જૂનવાણી અને અર્થહીન દલીલોનો આધાર લેવા માંડયો એની બુદ્ધિમાં અજ્ઞાન હતું એટલું જ નહિ પણ ઊંધી સમજણ હતી. અજ્ઞાન દૂર કરવું સહેલું છે, પણ ઊંધી સમજણ કૂહાડવી અઘરી છે; આપણે નથી કહેતા કે આ ઊંધી ખોપરીનો છે ! હઠીલો છે !

પણ ભગવાન હારે તો એ ભગવાન શાના ? ખૂબ સમજાવે છે ! યુદ્ધ, ધર્મ, રાજ્ય, પાપ, પુણ્ય વગેરેની ચાલુ લોકમાન્યતાના ભુક્કા

* ભ. ગી. અ. પહેલો

ઉરાડી મૂકે છે! જ્ઞાનવૈરાગ્યની પોકળ લોકમાન્યતાને હસી કહાડે છે; અને એમ સમજાવે છે કે અલ્યા વીર! સમય સમયના રંગ જુદા હોય છે. ધર્મકર્મની વાતો તો દેશકાલ પરત્વે બદલાય છે; એમાં થોડી અક્કલ વાપરવાની જરૂર છે અને તે શુદ્ધ કરેલી. એક જ વાતને તું યાદ રાખીશ તો પણ બસ છે! તું તારે એટલું સમજ કે શરીર, મન, જગત, વ્યવહાર, કર્મ–એ બધાં બદલાતાં રહે છે, એ વાતને બધાય મનુષ્યો એકસરખી રીતે ન સમજી શકે. કેવલ પોતપોતાના પૂર્વ સંસ્કાર પ્રમાણેજ જો સૌ વર્તે, તો ઢોરમાં અને મનુષ્યમાં ફેર શાનો?–તું એટલું સમજીને યાદ રાખ કે–તું સ્વરૂપે, આત્મભાવનાએ નિત્ય અને અમર છે, બીજું બધું કાલધર્મને વશ બનીને બદલાયા કરે છે. નાશ કશાનો છે નહિ ને થતોય નથી. સ્થૂલ શરીર તો પહેરવાનાં નિત્ય બદલાતાં કપડાં જેવું છે અને કર્મ કે ક્રિયામાં તો નામરૂપનો નાશ ને પરિવર્તનજ હોય છે. આત્મા અને આત્મજ્ઞાન જ મહત્ત્વનાં છે. જીવીને રાજ્ય ભોગવવું અથવા ધર્મયુદ્ધ માટે સ્થૂલ શરીરનો ભોગ આપવો એટલે તો ભાવી જન્મમાં સ્વર્ગસુખ–વિશેષ સુખ ભોગવવાનું હોય છે. ધર્મને પંથે દુઃખ જ નથી. બાહ્ય ઐશ્વર્ય તો યુદ્ધવિજેતાના પગમાં આળોટે છે, અને મજા તો એ છે કે ઐશ્વર્યનો એને સ્પર્શ સુદ્ધાં થતો નથી; કારણ કે એનો આનંદ ઐશ્વર્યમાં નહિ પણ ધર્મકર્મદ્વારા મેળવેલા આત્મસુખના અવિરત ચિત્તપ્રવાહમાં છે. સાંભળ :—

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्माद् उत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः ॥

અ. ૨–૩૭.

**અર્થ :**—હણાઈશ તો સ્વર્ગ મેળવીશ, જીતીશ તો પૃથ્વી ભોગવીશ; એટલા માટે કુંતીપુત્ર! યુધ્ધ માટે નિશ્ચય કરીને ઊભો થા.

\+ + +

આટલેથી કાંઇ થોડો પાર આવે એમ હતો? અર્જુનને હૃદય-દુર્બલતાનો રોગ લાગુ પડયો હતો, સારાસારનો વિવેક નહોતો રહ્યો; એ ભાન વિનાનો ઢગલો થઇને પડયો, ત્યારે "હૃદયદૌર્બલ્ય છોડીને ઊભો થા" એટલું હાર્ટ–ડીઝીઝનું જાણે ઇંજેકશન આપ્યું! પણ ભાનમાં આવતાં હજુ અક્કલ અવળી દીઠી; અવળી અક્કલની દલીલો હૃદયના દુર્ભાવ કરતાં વધારે ભયંકર હોય છે. એનો આધાર સાધારણ અહંકાર નહિ પણ મિથ્યાભિમાન અને દંભ હોય છે. દલીલોનો પ્રવાહ અજ્ઞાની દશામાંથી નીકળવા માંડયો ત્યારે ભગવાને એને સ્વર્ગસુખની તથા પૃથ્વીના વૈભવની લાલસા દેખાડી; તે ઉપરાંત એ બન્નેથી પર એવા સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માનું અમૃત સમજાવીને પાવાનો પ્રયત્ન કર્યો અને બુદ્ધિને બળ આપવા 'મરીશ તો સ્વર્ગને જીતીશ તો રાજ્ય ભોગવીશ'નું બીજું ઈંજેકશન આપ્યું.

\+ + +

આત્માના અવર્ણનીય આનંદનો, આત્મવિદ્દની મહત્તાનો, દ્વંદ્વથી પર રહેવાના પરમ સુખનો મહિમા ભગવાને ગાયો, તો પણ એની અવળી અક્કલે તો આંખે ઊંધા જ પાટા બાંધ્યા. એ જ સાચું સુખ હોય તો પછી શા માટે લડવું? શા માટે કાંઈ પણ કર્મ કરવું? આત્માનું ધ્યાન ધરવું, એમાં મસ્ત રહેવું, કામક્રોધને મારવાની આંતરમથામણ કરવી, ઈંદ્રિયોને જડ કરીને બેસી રહેવું, એકાન્તમાં રહેવું અને બસ એની પાછળ જ મંડી પડવું. કશુંએ કરવામાં કશોએ સાર જ નથી.

ભગવાનને એવડી ભીંસ આપવી પડી. એક બાજુ આત્મસુખ અને આત્મવિદ્‌નો મહિમા ગાઇ એને સર્વોચ્ચ સ્થિતિનું પ્રલોભન આપવાનું કામ અને બીજી બાજુ કર્મ તો એક પ્રકારનો યજ્ઞ છે, યજ્ઞનું ચક્ર પણ બ્રહ્મમાંથી આવિર્ભૂત થયેલું છે તેથી બધું બ્રહ્મસ્વરૂપ છે અને ક્રિયા કે કરણ, બ્રહ્મ કે બ્રહ્માંડ—એ બન્નેમાં ચિત્ત રમણ કરે તો પણ બ્રહ્માનંદ જ છે એ સમજાવવાની બીજી દિશા ઉઘાડવી પડી.

અર્જુન મૂંઝાયો. સર્વોચ્ચ સુખ માટે ધ્યાન કરવું, કે ધર્મકર્મ, યજ્ઞકર્મ વ. કર્યા કરવાં? એકાંત સેવવું કે જનસમૂહ? ભાવના મોટી કે ક્રિયા? જ્ઞાન મોટું કે કર્મ? ઇ.ની ભાંજગડ થવા માંડી. એ વધારે અકળાયો. ભગવાને બુદ્ધિને ખોરાક આપવો શરૂ કર્યો. કર્મ, અકર્મ, વિકર્મના ભેદ સમજાવ્યા. આત્મા અકર્તા અને શરીર કર્તા, કર્મ તથા કરણનું ક્ષેત્ર છે; આત્મા અભોકતા, અંતઃકરણ ત્રિવિધ દશાનું ભોકતા—ભોગ્યસ્થાન; આત્મા દ્વંદ્વમુક્ત, શરીર દ્વંદ્વવિહાર—આ બધું સમજાવી આત્મકેન્દ્રે ચિત્ત વાળવાની મહત્તા કહી; જ્ઞાન મોટું કે કર્મની વિગતવાર સ્પષ્ટ વ્યાખ્યા ઉપદેશીને સમતાનો મર્મ સમજાવ્યો; સર્વશ્રેષ્ઠ જ્ઞાન જ છે, જ્ઞાનથી જ શાંતિ મળે છે, કર્મયોગ એમાં અત્યાવશ્યક પૂર્વતૈયારી છે, એના ઉપર ભાર મૂકયો: એટલું જ નહિ પણ શરીરનો ધર્મ અને સ્વભાવ જ કર્મપ્રધાન છે--અરે કર્મ એટલે વ્યકતાવ્યકત દશા, ચંચળતા અને સ્થિરતા—બન્ને ત્રિદેહના સ્વભાવધર્મ;—એ અટલ છે, એ અનિવાર્ય છે, એ બધામાં આત્મભાવે તટસ્થતા કેળવવી એ આત્મજ્ઞાન એમ ચોખ્ખે ચોખ્ખું કહ્યું.

શ્રધ્ધા રાખ, જ્ઞાન મળશે; ઈંદ્રિસંયમ કેળવ, બળ વધશે: તત્ત્વદર્શીઓને શરણે જા, પ્રશ્નો પૂછ, ઊહાપોહ કર, પ્રણિપાત કરીને ઉપદેશ-આદેશ મેળવ, જ્ઞાન મળશે: કર્મમાર્ગમાં પાપનો ભય વ્યર્થ છે, કર્મ-

અકર્મની ભાંજગડમાં ન પડ. કર્મના ફલ જેવું આ શરીર જ મહાપાપ છે. શરીર છું એમ માનવું એજ મહાપાતક છે, અને એ મહાપાતકમાંથી શરીર નહિ પણ હું આત્મા છું એ દૃઢ જ્ઞાન જ તને મુક્ત કરશે–માટે જ્ઞાન સર્વશ્રેષ્ઠ છે; કર્મબંધન આત્મવિદ્‌ને નથી વળગતાં; તું બુદ્ધિમાં આવો જ્ઞાનયોગ કેળવ અને કર્મયોગની સહજાવસ્થા શરીરમાં ઊતરવા દેઃ સંશય ન રાખ; એમ કહીને બુદ્ધિના તર્કકુતર્કને કાપવાનું નસ્તર મૂકવાની તૈયારી કરી. તરત જ કહ્યું કે **ઊભો થા.**

तस्माद् अज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥

અ. ૪–૪૨.

અર્થ:–ભારત ! એટલા માટે અજ્ઞાનથી ઊપજેલા તારા હૃદયમાં રહેલા આ સંશય (કે જ્યાંથી દૌર્બલ્ય આવ્યું છે તે)ને આત્મજ્ઞાનની તલવાર વડે કાપીને નિષ્કામ કર્મયોગ કર અને **ઊભો થા !**

\+ \+ \+

અર્જુનની ગડમથલ વધે છે ! એનું મન ધ્યાન જ્ઞાનની વચ્ચે, કર્મભક્તિની વચ્ચે, બંધમોક્ષના સાધનમાર્ગો વચ્ચે ઝોલાં ખાવા માંડે છે: " उत्तिष्ठ—ઊભો થા " એ આજ્ઞા સમજાતી નથી; ઊભો થઈ હું શું કરું ? આ સાચું કે પેલું ? ધ્યાન કરું કે જ્ઞાન મેળવું ? ઊભા થવામાં ઇન્દ્રિયો ચંચળ કરવી પડે, ધ્યાનમાં ઇંદ્રિયો સંયમી અને અન્તર્મુખ કરવી પડે. આ દેખીતા વિરોધમાં કરવું શું ?–ભારે મૂંઝવણ આવી પડી.

જગદ્‌ગુરુ ભગવાન તો ભારે ચતુર, કુશળશિરોમણિ, ઉપદેશપટુ અને શિષ્યતારક રહ્યા ! એમણે બેઠાંબેઠાં જ જરા શક્તિ આપવાનું શરૂ

કર્યું; યોગશાસ્ત્રમાં યે ધ્યાનયોગનાં રહસ્યો સમજાવવા માંડયાં, કારણ કે ચિત્તને અનેક પદાર્થોમાં ભટકાવવું, એટલે તો એની શક્તિના ભુક્કા નીકળી જાય; એક લક્ષ્યમાં પરોવાય તો એકાગ્ર બનીને શક્તિશાલી થાય, એટલે અર્જુનના ચિત્તને એકાગ્ર કરવાનો પ્રયત્ન કરવા માંડયો. પોતાનાં યોગૈશ્વર્ય અને જ્ઞાનનિષ્ઠામાં શ્રધ્ધા લાવવા માટે લોકપરલોકની સ્વર્ગનરકગતિની, જગતનાં સ્થિતિલયની, અને એથી યે વિશેષ આસન પ્રાણાયામ, ધ્યાનધારણાની વાતો કરવા માંડી; અર્જુનને ધ્યાનનું પ્રલોભન વધવા માંડયું અને ભગવાને પણ તપશ્ચર્યા, જ્ઞાનચર્ચા, કર્મકૌશલ્ય કરતાં પણ ધ્યાનયોગીની વિશેષ મહત્તા સમજાવી. કારણ દેખીતું છે; જ્યાંસુધી ભગવાનમાં, પોતાના ગુરુદેવમાં, એમનાં ઉપદેશ અને સામર્થ્યમાં અર્જુન સંપૂર્ણ સ્વશ્રેય ન જુએ, ત્યાંસુધી એ આજ્ઞા માને કેમ ? આજ્ઞા શિરોધાર્ય ન થાય ત્યાં સુધી શાસ્ત્રવાક્ય ફલીભૂત કેમ થાય ? આત્મતૃપ્તિ રૂપી સર્વોત્તમ સુખ મળે કયાંથી ? અને એ વિના અનેક સંશયોથી ઘેરાયલું ચિત્ત ઠરીઠામ બેસે કયાંથી ? ચિત્ત સ્થિર ન થાય ત્યાં સુધી શાંતિ નહિ, શાંતિ નહિ તો સુખ નહિ; સુખ નહિ તો કર્તવ્યકર્મમાં કુશલતા નહિ, અને ચિત્તની સમવિષમતા ન જાય ત્યાં સુધી અવિવેકી ચિત્ત કયા કર્તવ્યને પાર પાડે ? ભગવાને કહેવા માંડયું કે :—

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद् योगी भवार्जुन ॥

અ. ૬–૪૬.

અર્થ :—તપસ્વીઓ કરતાં યોગી અધિક, જ્ઞાનીઓ કરતા પણ અધિક તથા કર્મનિષ્ઠો કરતાં પણ અધિક માનેલો છે, તેથી હે અર્જુન ! તું **યોગી થા.**

\+ + +

યોગમાં ધ્યાન કોનું કરવું ? લોકલોકાન્તર બધાં એક જ ચિત્તનો વિશ્વભંડાર છે અને એ જાગતાં જોઇએ છીએ તેવો જ છે કે જૂદો ? એની રચના, રક્ષણ અને સંહાર કોણ અને શા માટે કરે છે ? આવી અનેક શંકાઓ એને ઉદ્ભવે એ સહજ છે. ઉઘાડી ઈંદ્રિયોથી અનુભવાતું આ વિશ્વ, બ્રહ્માંડ અને એનાં ઉત્પત્તિ, રક્ષણ, સંહાર શા માટે ચાલે છે ? હેતુ ખરો કાંઇ એમાં ?

ભગવાને ઉત્તર તો આ પહેલાં આપ્યો હતો કે **કામ** (ભોગવાસના) કે સંકલ્પો જ એનું મૂળ છે, કર્મ એમાંથી ઉદ્ભવે છે; પણ એ બધાની મૂંઝવણ કે ઉકેલમાં પડતાં પહેલાં જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી * સંયતેન્દ્રિય અને તત્પર થઇને શ્રદ્ધા વધારીએ તો બધું ય સમજવાની તક સાંપડે. ઈંદ્રિયોમાં સંયમ હોય નહિ, ઇશ્વર પ્રતિ તત્પરતા ન હોય અને શ્રધ્ધાને બદલે વાતવાતમાં, પ્રસંગે પ્રસંગે કુશંકાઓ મનમાં ખદબદયા કરે, ત્યાં સાચી સમજણ ક્યાંથી પમાય ? ગીતાના ૭ અધ્યાય સુધીમાં આ રહસ્ય સમજાવવાનો પ્રયત્ન છે.

(૧) સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા અજર, અમર, અવિનાશી, શાશ્વત, નિત્ય, અહિંસક, અવ્યય, અજન્મા,—આવો પંચતત્ત્વોના ધર્મોથી વિરુધ્ધ સ્વભાવનો છે.

(૨) વિશ્વના આ પૃથ્વી નામના ગ્રહ ઉપર માનવશરીરધારી જીવાત્મા પોતાના અંતઃકરણની વાસના અને પૂર્વ સંસ્કાર પ્રમાણે ઇંદ્રિયો દ્વારા વિષયો મેળવી ભોગ ભોગવવા માટે કર્મો કરે છે અને એને લીધે સુખદુઃખ વગેરે દ્વંદ્વોમાં સપડાય છે.

---

* ભ. ગી. અ. ૪—શ્લો. ૩૯.

(૩) આ વાસના-કર્મ-ભોગની ત્રિપુટીમાં એ એટલા માટે ફસાય છે કે એને સાચી સમજણ નથી. જોઇએ છે સુખ પણ કર્મ કરે છે દુઃખ મળે એવાં, સુખ ક્યાં છે એવું જાણતો જ નથી.

(૪) એ કોઇની સાથે મોહથી મમત્વ બાંધે છે, તો કોઇને દ્વેષથી દૂર કરવા મથે છે, કોઈને અમર જાણીને એના દ્વારા સુખભોગની આશાજાળ વણે છે, તો વિઘ્નકરનો સમૂળો નાશ કરવા માટે ભયંકર હિંસક કર્મો કરે છે.

(૫) બધી વાસનાઓને છોડે ત્યારે એ શાંતિ પામે, પણ એ વાસનાઓ છોડતાં શરીર કાંઇ જડ નથી બની શકતું. વાસના છોડીને શરીરને શાંત રાખવા જાય તો પણ એ નિષ્ક્રિય શરીરના શ્વાસોચ્છ્વાસ તો ચાલવાના જ; પ્રાણઅપાનનું ઘર્ષણ ચાલુ રહે એટલે જઠરાગ્નિમાં સમાન નામનો પ્રાણ પોતાનો જે અગ્નિ પ્રકટાવે એ વૈશ્વાનરને આહુતિ આપવા અન્નજલનો કે એવો બીજો કંઇક આહાર જોઇએ. શરીર અન્નજલ લે એટલે વધઘટ થાય, વ્યાધિઓ આવે, વસ્ત્ર જોઇએ, મકાન, મિલ્કત જોઇએ, અને વાસના ન હોય તો પણ આ આવશ્યક કર્મો તો ચાલુ જ રહે—ત્યારે એણે વાસના મારવી અને કર્મો જે ચાલુ રહેવાનાં જ છે તે કરવાં કે નહિ, એ બે વચ્ચે મેળ કેમ બેસાડવો ?

(૬) આવી સ્થિતિ સંભવી શકે ખરી ? આવો બ્રહ્મવિદ્ કેવી રીતે બોલેચાલે, ખાયપીએ, વ્યવહાર કરતાં છતાં દ્વંદ્વથી છૂટો રહી અકર્તા-અભોક્તા બની, કર્મ-અકર્મની વિધિનિષેધની જાળમાં ન ફસાતાં મુક્તસંગ થઇને નિયતકર્મ ચલાવ્યા કરે—આમ બને ખરું ?

(૭) ઉપર્યુક્ત બ્રાહ્મી મનોદશા કેળવવા સંયમ જોઇએ, મનોબળ જોઇએ, ગુરુશરણ જોઇએ, તત્ત્વવિદો પાસેથી સત્સંગ મેળવવો જોઇએ, ઇશ્વર, ગુરુ અને આત્મામાં અવિચલ વિશ્વાસ જોઇએ. બધા અનાત્મ એવા દશ્ય જગતનું કારણ શોધીને એને નિર્મૂળ કરવું જોઇએ, એ કારણરૂપ મૂળને શોધવનો પ્રખર યત્ન કરવો પડે—આવું બધું કરવું પડે.

(૮) કામ, ક્રોધ, લોભ, મોહ ઇત્યાદિ મૂળ તથા એમાંથી ઊભી થતી સંસારવૃક્ષજાળને નિર્મૂળ કરવાં પડે, અને આનંદ કામવાસના, ભોગપ્રાપ્તિ કે ફલભોગમાં છે એ માન્યતાનો ત્યાગ કરીએ તો સુખ જ કયાં રહે? સુખની શોધ જાતના પુરુષાર્થથી, સ્વતંત્ર બુદ્ધિથી કરવી પડે કે શાસ્ત્રવિદ્, તત્ત્વવિદ્ અને અનુભવીનું વાકય અવિચારે માનવું પડે?

(૯) જગતનો વ્યવહાર એટલે સમસ્ત સૃષ્ટિમાં દ્વંદ્વની જ અવિરત રમત. દ્વંદ્વથી મુકિત મેળવવી એ જ પરમ પુરુષાર્થ. દ્વંદ્વમુકત થયા પછી અનંત સુખી થઇને કેમ જીવવું અને કેમ વ્યવહાર કરવો, આ બધું તો સૃષ્ટિકર્તા ઇશ્વરજ જાણે; ઇશ્વરને ઓળખ્યા-મેળવ્યા વિના એનું સમાધાન કોણ કરે?

(૧૦) શાસ્ત્ર કહે છે કે ઇશ્વર, સદ્ગુરુ અને આત્મા એ એક જ પરમતત્ત્વનો મૂર્તિવિભાગ છે, મૂર્તિ જુદી પણ તત્ત્વ એક; એટલે ત્રણમાંથી એકનું શરણ લઇએ તો બધું સમાધાન થઈ જાય એમ શાસ્ત્રો કહે છે એ સાચું હશે?

(૧૧) શાસ્ત્રો કયાં સાચાં અને કયાં ખોટાં એ સમજાય નહિ; આત્મા એટલે પોતાના અગમ્ય અંતર્યામી સ્વરૂપ સુધી કેમ અને કોણ પહોંચાડે? ગુરુ કોણ હોઇ શકે અને એને ઓળખવા કઇ રીતે,

કારણ કે એમનો દેહ પણ મનુષ્યનો; આપણે પણ મનુષ્ય અને એ પણ મનુષ્ય; ખાનપાન, વસ્ત્રધારણ, વ. વ્યવહાર તો એકસરખો જ બાકી રહ્યાં આંતર મનનાં લક્ષણો એ કેમ સમજાય?

(૧૨) ચંચળ મનને અને ભોગલિપ્ત ઇંદ્રિયોને આત્મા સુધી પહોંચાડવું અઘરું અને અશક્ય થઇ પડેઃ ગુરુમાં ઇશ્વર-બુદ્ધિ થાય નહિ, એટલે બાકી રહ્યું એક અદૃષ્ટ ઇશ્વરનું શરણ કે જેનું ઐશ્વર્ય આ પ્રત્યક્ષ વિશ્વમાં દૃષ્ટિગોચર થાય છે. એ નથી દેખાતો–ઓળખાતો છતાં સૃષ્ટિ (રચના) પ્રત્યક્ષ છે, એટલે સૃષ્ટિકર્તા પણ હોવો જ જોઇએ એ નિયમે—કારણ વિના કાર્ય હોઇ નહિ, બનાવનાર વિના વસ્તુ બને નહિ—એટલે ભલે એ ન દેખાય પણ અનુમાનથી તો સમજાય કે એ હશે, માટે એની ભક્તિ કરો, એમાં મન પરોવો, રડો. આક્રંદ કરો, એને પોકારો, એનું જ શરણ લ્યો, એટલે એ બધું સમજાશે, સદ્‌ગુરુનો ભેટો કરાવશે અને આત્માને ઓળખાવશે. એવી શ્રદ્ધા માટે પ્રારંભમાં વિશ્વાસ ઊભો કરવો પડે.

આવી શંકાઓ, તર્કો અને વિચારો પ્રત્યેક સાધકને આવી પડે છે, તેમ અર્જુનનને પણ થયા છે એમ જાણીને ભગવાન વારંવાર એને પોતાના તરફ વાળે છે. આત્મામાં ઊતરવું અઘરું; શાસ્ત્રમાં શંકાઓ અને રૂઢિગત વિકારોને લીધે શાસ્ત્રરહસ્ય સમજવાની મૂંઝવણ, તત્ત્વવિદ્ અને ગુરુની ઓળખાણનો અટપટો પ્રશ્ન, આ બધું ત્યારે સમજાય કે જ્યારે સાધક કોઇનામાં (૧) ઐશ્વર્ય જુએ, (૨) તત્ત્વજ્ઞાન જુએ, (૩) અને એ ઇશ્વર એને અંતર્મુખ કરીને જાગ્રતનું ભાન ભુલાવી, આત્માના ઐશ્વર્યનાં પ્રત્યક્ષ દર્શન કરાવે. (૧) શ્રી કૃષ્ણ ઐશ્વર્યયુક્ત છે, કારણ કે એ

યોગેશ્વર છે; (૨) એ ગુરુ થવાને યોગ્ય છે. કારણ કે એ તો જગદ્‌ગુરુ થવા માટે પણ યોગ્ય હતા; ભીષ્મ, વિદુર, ઉદ્ધવ, ગોપીવૃન્દ વ. ના એ ગુરુ હતા જ; માત્ર અર્જુન ઓળખતો નહોતો, કારણ કે એમને ગુરુ નહિ પણ સખા, સુહૃદ તથા મિત્ર માનતો હતો: (૩) જગદ્‌ગુરુ યોગ્ય સામર્થ્યથી એને અંતર્મુખ કરી, બાહ્ય જગતથી શૂન્ય બનાવી, આત્મધ્યાનમાં વાળે એમ હતા. તેથી વારંવાર કહે છે કે મારું ચિંતન કર, મારું માન; સાતમા અધ્યાયથી શરૂઆત કરે છે કે:—

मय्यासक्तमनाः पार्थ योगं युंजन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥

અર્થ:—હે પાર્થ! મારામાં આસક્ત મનવાળો, મારે આશ્રયે રહેલો, યોગ કરતો તું જેવી રીતે સર્વ વિભૂતિવાળા મને સંશયરહિત જાણીશ તે સાંભળ*

\+ + +

આત્માનુભવનો નિર્ણયી, સચ્ચિદાનંદમાં અવિરત નિમગ્ન, સાધ્યસાધન અને જ્ઞેયજ્ઞાનમાં નિપુણ, પ્રારબ્ધ પ્રમાણે યશસ્વી, ભાગવાન કે અકિંચન, વ્યવહારકુશળ કે વ્યવહારમાં નિસ્પૃહ, દ્વંદ્વથી મુક્ત છતાં દ્વંદ્વની રમતમાં દેખાય તેવા કોઇ વિરલ જ્ઞાની પાસે જિજ્ઞાસુ જાય અને ઉપર્યુક્ત શંકાઓના પ્રશ્નો પૂછવા માંડે, શ્રદ્ધાના શ્રીગણેશ ભણતાં શીખે, ઇશ્વર, ગુરુ અને આત્માના ભેદ ઉકેલવા ઇચ્છે, ત્યારે એની જે સ્વભાવગત ઉપદેશપ્રણાલી હોય, તે જ ભગવાન અહીં આદર્શરૂપે ગાય છે.

અર્જુન વીર પુરુષ છે, તપસ્વી છે, મિત્ર ભાવે શ્રીકૃષ્ણની સલાહ માનનાર છે, પરન્તુ એનામાં પરમ તત્ત્વનો ઉકેલ નથી, લોકવાયકાને

*અ. ૭. શ્લો. ૧

સહન કરવાની તિતિક્ષા નથી, મમત્વ અને આસક્તિથી ભરેલાં કર્મ તથા નિષ્કામ અને અનાસક્તિનાં કર્મો વચ્ચેનો ભેદ એ સમજતો નથી. પ્રારબ્ધગત સ્વભાવમાં ઊતરેલા શારીરિક કર્માકર્મના કર્તવ્યને ઓળખી શકતો નથી તેથી ગભરાયો છે; ઢીલો પડયો છે: શરીરે પણ કંપ વછૂટે છે, હથિયાર હેઠાં પડે છે, એટલું જ નહિ પણ શરીરથી ય ઢગલો થઇને ઢળી પડયો છે.

ભગવાન કહે છે ઊભો થા અને કર્તવ્યકર્મ કર; આત્માને ઓળખ અને જ્ઞાની બનીને પ્રાપ્તવ્યવહાર નભાવ્યે જા. સ્વભાવનાં કર્મને રોકવાં મિથ્યા છે અને ઉત્પત્તિ, સ્થિતિ, નાશ તો એક લીલા છે! રમત છે! આત્માના એ અજબ ખેલ છે; એની રમતમાં વળી હર્ષશોક શા?

આ બધું સમજાવતાં પહેલાં શાસ્ત્રોની યુક્તિઓ કહી સંભળાવી, છતાં પણ તર્ક તો મિથ્યાજાલ છે એ ભગવાન તો સમજે છે ને! બુદ્ધિ જ્યાં સુધી શુદ્ધ સાત્ત્વિકી ન થાય ત્યાં સુધી ધર્મ કે અધર્મ સમજી શકતી નથી. શુદ્ધબુદ્ધિ માટે નિષ્કામ કર્મ, ઇશ્વરના ધ્યાન માટે નિષ્કામ ભક્તિ, અવિરત મનોબળ માટે ઇશ્વરનું ધ્યાન, ધ્યાનદ્વારા ઇશ્વરનું સામર્થ્ય, સામર્થ્યના મૂળ કારણ–કેન્દ્ર તરીકે અધિષ્ઠાનસ્વરૂપ આત્માની ઓળખાણ અને એ બધું સમજવા માટે ઇશ્વર એ જ ગુરુ અને ગુરુ એ જ ઇશ્વર છે એવો અભેદાનુભવ થાય, ગુરુનું ઐશ્વર્ય અને શિષ્યની અલ્પતા એ બન્ને બાદ કરતાં શેષ રહેતું આત્માનું સામાન્ય સચ્ચિદાનંદ સ્વરૂપ અનુભવાય, ત્યારે દ્વંદ્વમુક્ત જીવન અને જીવનનો વ્યવહાર ઉકેલી શકાય—જીવી શકાય.

ભગવાન હવે મિત્રમાંથી ગુરુ બને છે: "મારામાં આસક્ત થા," એમ કહીને પોતાના ભણી વાળે છે; કારણ સ્પષ્ટ છે. જ્યાં સુધી આ સમસ્ત દૃશ્ય વિશ્વ ક્યાંથી ઉદ્‌ભવ્યું છે? શા માટે ઉદ્‌ભવ્યું છે? ક્યાં

સુધી રહેશે? એમાં દુઃખ જ, દ્વંદ્વ જ શા માટે છે? એવા ગૂઢ પ્રશ્નોનું સમાધાન ન થાય ત્યાં સુધી શાંતિ મળતી નથી. માનવહૃદય શાંતિભૂખ્યું છે. જ્ઞાન વિના શાંતિ નથી; એવા જ્ઞાન માટે એકાગ્ર ચિત્ત અને વિશુદ્ધ વિચાર કરી શકે એવી કુશાગ્ર બુદ્ધિ ધ્યાન વિના સંભવે નહીં.

(૧) સમસ્ત બ્રહ્માંડની ઉત્પત્તિ બ્રહ્મમાંથી છે, બ્રહ્મ અને આત્માનો અભેદ છે, આત્મા અંતર્યામી ઘટઘટવ્યાપી છે, અંતઃકરણ અને ઇંદ્રિયો તથા ત્રિગુણાત્મક અસંખ્ય મનોવૃત્તિઓ સ્થૂલ પ્રપંચથી આવૃત્ત છે, તેથી આત્માની ઓળખાણ અઘરી—બહુ જ અઘરી.

(૨) માનવમન જ્યારે આવડા મોટા વિશ્વ સામે જોઇને વિચાર કરે એટલે એ બધાંની વ્યાપક મહત્તાનું ભાન થતાં પોતાને સામર્થ્યહીન અને અલ્પજ્ઞ માને, દેહભાવે જ વિચાર કરે એટલે આવડું મોટું બ્રહ્માંડ મારામાંથી ઉદ્ભવ્યું છે એમ એ કદી પણ ન માની શકે; આવડા મોટા બ્રહ્માંડનો કર્તા એવડો જ મોટો ઐશ્વર્યવાન કોઈ હશે, એમ માનીને એ ઇશ્વરને જ કર્તાહર્તા માને અને નિરાધાર દશામાં એને જ શરણે જાય એ સ્વાભાવિક છે.

(૩) ઇશ્વર કેવો હશે એ જાણવા માટે પુરુષાર્થ કરે, ભગવદ્ભકતો કે અનુભવીઓની પાસે જાય. ઇશ્વરને શોધનાર આન્તર મનને પહેલાં અધિકારી બનાવવાનું સંતો કહે, મનને અંતર્મુખી બનાવવા ઇશ્વરભકિતનાં સાધન બતાવે, નવધા ( પ્રત્યેક નવ ભકિત પાછી ગુણભેદે નવ પ્રકારની છે ) કે એકાશી પ્રકારની ભકિત કરાવી ચિત્તને કોમળ બનાવે; આવું શિક્ષણ આપનાર સંતને એ ગુરુત્વ અર્પણ કરે, એમની આજ્ઞા માને; પરંતુ એમાં આપત્તિ એ હોય છે કે ધ્યાન કરતાં કરતાં અંતરમાં ભિન્ન ભિન્ન દેવ, દેવીઓ અને બીજાં સૂક્ષ્મ ઇંદ્રિયોથી અનુભવાતાં દશ્યોને ભગવાનના ચમત્કાર માને ત્યારે ઇશ્વરની કૃપા કે ગુરુનો અનુગ્રહ માનીને

મન તથા ઈંદ્રિયોના એ ચમત્કારી બલને લીધે અહંકારમાં, અદૃશ્ય જગતની માયાજાળમાં અજ્ઞાનને લીધે વિશેષ ફસાતો જાય.

(૪) આવી દશામાં જો સકામ સાધના શરૂ થાય તો ગુરુદેવ એમાંથી વારે ! ચમત્કારોનું ક્ષેત્ર એક સૂક્ષ્મ માયાજાળ છે, સ્થૂલ કરતાં પણ વધારે ભયંકર છે. સકામ સાધના કે ધ્યાનનું એ ફલ છે ખરું પણ તારું ધ્યેય એ નથી, એમાં શાંતિ નથી, કારણ કે એ દ્વંદ્વયુક્ત છે. વિચાર કર ! આ ઐશ્વર્ય તો ઈશ્વરનું નહિ પણ વસ્તુતઃ તારા આત્માનું જ છે એમ તત્ત્વોપદેશ આપે.

(૫) સાધક શિષ્ય ગભરાય કે આ ઐશ્વર્ય કોનું ? ઈશ્વરનું, ગુરુનું કે આત્માનું ? એણે શરૂઆત કરી હતી ઈશ્વરનાં વિધવિધ મૂર્તિમાન ગણાતાં દેવદેવીઓની ભક્તિથી; એમાં શક્તિ પૂરનાર, ઈંદ્રિયોને અંતર્મુખ કરી ધ્યેયમાં પ્રેમ ઉપજાવી એકાગ્ર કરનાર તો ગુરુદેવ છે ! ત્યારે ઐશ્વર્ય કોનું ? ઈશ્વરનું ? ગુરુનું ? ઐશ્વર્યની મૂંઝવણમાંથી ઉકેલ એ નીકળે કે ઈશ્વર અને સદ્ગુરુનો અભેદ છે. કારણ કે ઐશ્વર્યનાં દર્શનથી એ મુગ્ધ થાય છે. ઐશ્વર્યદર્શનના નિમિત્ત શ્રી ગુરુદેવ છે. એમનાં સામર્થ્યથી, કૃપાથી, ઉપદેશ અને આજ્ઞાથી આંતર પ્રદેશમાં ઊતરી અંતઃકરણના ઊંડાણમાં ઐશ્વર્યનાં દર્શન કર્યાં હોય છે. બધી અટપટી વાતો જલદી સમજાય નહિ, ગુરુદેવ સમજાવે ને સંશય કાપે.

\+ \+ \+

ભગવાન તો અર્જુનને પોતાના તરફ વાળ્યે જ જાય છે. એના ચિત્તપ્રવાહને, વિચારશક્તિને અને વ્યક્તિત્વને પોતાના તરફ એકાગ્ર કરવા વારંવાર કહે છે કે મારા તરફ લક્ષ કર. અત્યારે, અણીને વખતે, લાંબી ભાંજગડ કર્યા વિના હું કહું તેમ કર, મારામાં મન પરોવ, હું જ

બધું છું એમ માન. વિશ્વ કે બ્રહ્માંડ, વ્યકિત કે સમાજ, વેદ કે વેદોકત સાધન, બધાંનું મૂળ હું જ છું એમ સમજી લે. તને હું અભયવચન આપું છું કે તારું હિત થશે. આમ કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે. શ્રી કૃષ્ણચંદ્ર તત્ત્વવિદ્ છે એટલે આત્મસામર્થ્યના અનુભવી છે. આત્મા, ઇશ્વર અને ગુરુતત્ત્વનો અભેદ એમણે સિદ્ધ કર્યો છે, તેથી અર્જુન ભગવાન પ્રતિ ગુરુબુદ્ધિ કેળવ, એટલે એમનાં ઐશ્વર્યનાં દર્શન થાય. ઐશ્વર્યનાં દર્શન થયા પછી અર્જુનને સમજતાં વાર ન લાગે કે આવા આત્મસ્વરૂપ માટે જે જે સાધન જોઇએ, એ સરલતાથી, શ્રદ્ધાથી, તત્પરતાથી, ઇંદ્રિયસંયમથી અને જ્ઞાનવિજ્ઞાનથી મેળવી કેળવી શકાય. વારંવાર એટલા જ માટે શ્રીકૃષ્ણ શિષ્ય અર્જુનને પોતાના તરફ વાળે છે. નવમા અધ્યાયમાં તો ચોખ્ખેચોખ્ખું કહી નાંખે છે કે :-

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥३४॥

અર્થ:— મારામાં મનવાળો, મારો ભકત, મને પૂજનારો થા, મને નમસ્કાર કર. એ પ્રમાણે શરણ થયેલો મારામાં આત્માને જોડીને મને જ પામીશ.

+ + +

ભગવાનની નિરહંકાર ભાવનાયુકત આત્મશ્રદ્ધાનો આ મહિમા છે. આત્મભાવે, તત્ત્વવિદ્‌ની દૃષ્ટિએ, યોગૈશ્વર્યના પ્રતાપે અને અર્જુનના ગુરુદેવ થવાના સામર્થ્યને લીધે ભગવાન કેવું અભયવચન આપે છે! સાધક, ભૂલ ન ખાતો હોં! આમાં દેહાભિમાન લેશમાત્ર નથી. આ તો પ્રત્યેક સાધકને સામર્થ્યવાન ગુરુએ આપવાનું અભયવચન છે!

પણ ખબરદાર! એ ગુરુગાદી ઉપર બેસનારા પંડિતો અને શાસ્ત્રીઓ! વેષધારીઓ અને બાહ્યાડંબરીઓ! કોઇ ભલાભોળા

જિજ્ઞાસુ, ભક્ત કે સાધકને આવું અભયવચન આપતાં પહેલાં તમારે તમારૂં તત્ત્વસામર્થ્ય બતાવવું પડશે. શિષ્યમાં આવશ્યક ત્યાગ ને વૈરાગ્ય હોય, સમર્પણ હોય, આજ્ઞાકારિત્વ હોય, ગુરુવચન ઉપર પ્રાણાર્પણ કરવાની તૈયારી હોય,—ત્યાં તમે એ બિચારાનાં તન-ધન ન લૂંટી લેતા! મનમાં કોઇ પણ જાતનાં દંભાહંકાર, સિદ્ધિલાભ, વૈભવલોભ કે એવાં તૂત ન ભરાવી મૂકતા. આંધળો આંધળાને દોરે તો બન્ને ખાડામાં પડે!— ખબરદાર! દંભી ગુરુઓ ખબરદાર! ગુરુ થતાં પહેલાં શિષ્ય બની ચૂકયા છો? યાદ રાખજો કે તમે તમારા શિષ્યના ગુરુ થાઓ તે પહેલાં તમે કોઇ સમર્થ ગુરુના શિષ્ય થયેલા જ હોવા જોઇએ, શિષ્ય થયા વિના ગુરુગાદી ન પચાવી પડાય; અસંભવિત છે.

પિતાના પુત્ર થયા વિના, એટલે કે પુત્રરૂપે જન્મ લીધા વિના જ કોઇ પણ પ્રાણધારી પોતાને પિતા તરીકે ઓળખાવી શકતો નથી એ સ્થૂલ ન્યાય જ અહીં લાગુ પડે છે.

તમે તો તમારા ગુરુદેવના શિષ્ય છો એ ન ભૂલશો; ન ભૂલશો, ન ભૂલશો. ગુરુભકિત તમારામાં જ નહિ હોય, સેવા તમે જ નહિ કરી હોય, તમારો અહંકાર જ નહિ ગળ્યો હોય, તો તમે બીજાનો કેવી રીતે ગાળી શકશો? સાવધાન! ૐ.

\+ + +

પ્રસ્તુત વિષય પર આવીએ! ભગવાન દસમા અધ્યાયમાં પોતાની આત્મસ્વરૂપે વ્યાપકતા સમજાવે છે કે દેહધારી છતાં હું અદેહી છું; ઉપરાંત દેહ પણ હું છું, બધું મારામાં છે ને હું બધામાં છું: વળી પાછું કહે છે કે બધું મારામાં છે, પણ હું કશામાં નથી—આવી આ મહાજ્ઞાનીની અવળ વાણી ઉચ્ચારે છે ત્યારે અર્જુનને આત્માનું આશ્ચર્ય, ભગવાનનું ઐશ્વર્ય અને ગુરુદેવનું માહાત્મ્ય કંઇક મંત્રમુગ્ધ કરે છે!

શિષ્ય અર્જુનને એવી તો વિસ્મયતા ઊપજે છે કે એ બેઠો છે કે ઊભો, ક્યાં છે ને કેવો છે, એવી આશ્ચર્યમુગ્ધ દશાને લીધે મનમાં, પ્રાણમાં ચિત્તમાં, રોમરોમમાં બધે જાણે ભગવાન જ ભર્યા હોય એવો ભાવાવેશ આવે છે. ભગવાનને એ શિષ્યભાવે તો અર્પણ થઈ ચૂકયો છે: શિષ્યસ્તેઽહમ્ કહીને પ્રથમથી જ શરણુ સ્વીકારી લીધું હતું. તત્ત્વચર્ચાનાં દ્વાર ઉઘાડી ભગવાને એને યોગ, કર્મ, જ્ઞાન, ભક્તિ એવાં આત્મસ્વરૂપના અનુભવ માટેનાં સાધનની વ્યાખ્યાઓ અનેક રીતે કહી સંભળાવી; એની દલીલો તો હવે ખૂટી ગઈ હતી. અનુભવીની આગળ સાશંક શિષ્ય ક્યાં સુધી ટકી શકે? કેવળ તર્કની જ મથામણ હોય, વાગ્વેદાન્તની જ જીભાજોડી હોય, પ્રશ્નની ખાતર જ પ્રશ્ન પૂછવાના હોય, આજના જમાના જેવી ફુરસદના વખતે સત્સંગ શોધવાની, બાગબગીચામાં ફરવાજવાના મુખ્ય લાભની દૃષ્ટિએ દર્શન કે કથામાં દોડવાનું હોય, અને સામે પણ ધર્મપ્રચાર, લોકકલ્યાણ કે એવાં અવનવાં બહાના નીચે ભાષણો, કથાઓ, વ્યાખ્યાનો, પારાયણો, કીર્તનો, વરઘોડાઓ, પધરામણીઓ, દર્શનો આપવા જવાના આડંબરો કરાવવાની વૃત્તિ હોય કે હાજી હાજી કહી અંદરથી સકામ ભાવના-સંત મહાત્મા કે કોઈ સિદ્ધની કૃપા દ્વારા વૈભવરક્ષાની નીચાતિનીચ વાસના પોષવાની હોય, —ત્યાં બધું પરવડે!

અર્જુન સાચો શિષ્ય છે, એનો વૈરાગ્ય પ્રખર છે! એનો ગુરુભાવ અદ્વિતીય છે, એને નથી રાજ્યનો લોભ કે નથી કીર્તિની લાલસા! એ તો ધર્મઅધર્મ, કર્મઅકર્મ, જન્મમૃત્યુ, લોકલોકાન્તર, વ. સનાતન-શોધ્યા પ્રશ્નનો ઉત્તર મેળવી સ્વધર્મે વેગવંતો બની કર્તવ્યપરાયણ થવા ઇચ્છે છે!

અને ભગવાન—અર્જુનના ગુરુદેવ તો સદાસર્વથા પ્રસન્ન જ છે.

પોતાના તરફ વાળીને કહે છે કે તને "હું"—એટલે આત્મા સર્વવ્યાપક, સર્વસમર્થ, સર્વજ્ઞ, સચ્ચિદાનંદ છે એવું અત્યારે નહિ સમજાય. સાચા અહમ્‌ની—પ્રત્યેક પ્રાણીમાત્રના સ્વરૂપ—અધિષ્ઠાન તરીકેની ઓળખાણ તરત જ નહીં પડે. એ "અહમ્—આત્મા—હું" સર્વવ્યાપક છે; મને એના ઐશ્વર્યનો અનુભવ છે, કારણ કે મેં એની સાથે અભેદ અનુભવ્યો છે. તેં શિષ્યભાવે મારું શરણ સ્વીકાર્યું એટલે તું મારો ભકત થયો. એ દૃષ્ટિએ "હું" ઐશ્વર્યયુકત છું એટલે ઇશ્વર છું; ભગ(ઐશ્વર્ય)વાન છું અને તારો ગુરુ છું:—ઉપરાંત તારો અને મારો આત્મા એક છે: એટલે આત્મા તો છું જ. તું પણ આત્મા જ છે, "તું" પણ "હું" જ છું, પણ તારે જરા તારા આત્મસ્વરૂપને અનુભવવા આ બાહ્ય જગતને ભૂલવું પડશે! અર્જુન! જાગ્રતમાં જોવાય છે તેટલું જ આ જગત નથી, સૂક્ષ્મ વિશ્વ તો વિસ્તૃત—વ્યાપક અને અનંત છે. આ બધું વિશ્વ બાહ્ય દૃષ્ટિએ મહાનથી મહાન છે તેટલું જ ધ્યાનાવસ્થામાં પણ એ મહાન દેખાતાં છતાં સૂક્ષ્મ–અણુ-સમાન હૃદયની અંતર્ગત છે. જાગ્રતદશાની અપેક્ષાએ ધ્યાનાવસ્થા અણુની સમાન છે તેથી એ દૃષ્ટિએ આત્મા અણુમાં પણ અણુ છે. આમ એ અણુ અને મહાન બન્ને છે, અને અણુ મહાન છે કે મહાન અણુ છે—એમ કહીએ ત્યારે તો જાગ્રતની અને ધ્યાનની, સ્થૂલ તથા સૂક્ષ્મ એ બન્ને વ્યક્ત દશાઓ જ્યાં કાલાંતરે અદૃશ્ય થાય, એવી સુષુપ્તિની અવ્યક્ત દશામાં તો અણુ–મહાનના ભેદાભેદ નથી. સ્થૂલ મહાન પદાર્થોમાં જે સૂક્ષ્મ ચેતન સ્વરૂપો છે, તે જ બ્રહ્માંડનાં દેવદેવીઓ છે. પ્રત્યેક અભિભૂત પદાર્થનું અધિદૈવસ્વરૂપ તે જ દેવદેવીઓ, પરંતુ એ બધાં એક જ વિરાટનાં અંગાવયવો છે.

બુદ્ધિથી સમજવું અઘરું છે, પણ અંતરમાં ઊતરીને જોવાય તો દર્પણમાં જેમ આપણું સ્થૂલ સ્વરૂપ દેખાય, તેમ અંતઃકરણરૂપી

દર્પણમાં, આત્માના આભાસમાં, ઐશ્વર્યયુક્ત ભગવદ્ચિત્રમાં આપણે ધ્યાનદ્વારા દૃષ્ટિ કરીએ, તો સમસ્ત વિશ્વ પ્રતિબિંબરૂપે હાજર થાય છે, પ્રત્યક્ષ થાય છે. એમાં સર્જન છે, સંહાર છે, સ્થિતિ છે ! પંચતત્ત્વોનો અને એમાં ચેતન પૂરનાર સચ્ચિદાનંદ પરમ તત્ત્વોનો લીલાવિહાર છે ! તારે એ જોવું પડશે, તે વિના તારી ચિત્તભ્રાન્તિ નહિ જાય ! ફરી પાછું કહું છું કે એ જોવું વિકટ અને વિકરાળ છે, અનેક બ્રહ્માંડોની એમાં અથડામણો છે. તું, હું, જેને તું મારા કે પારકાં માને છે તે આ લડવા-મરવા તૈયાર થયેલાં સગાંસંબંધીઓ, સૂર્યચંદ્ર, નક્ષત્રો અને તારામંડળ, દેવદેવીઓ. રાક્ષસો અને અસુરો ઇત્યાદિની પ્રચંડલીલાને અંતરમાં જોતાં તું ગભરાઇશ કદાચ !—પણ ઊભો રહે ! એ તારે જોવી જ પડશે, એ વિના જન્મમૃત્યુની, સૃષ્ટિસ્થિતિસંહારની અને જીવ, જગત અને ઇશ્વરના વિવિધ:ભેદની આંટીઘૂટીનો ઉકેલ નહિ આવે.

પણ જગત આત્મામાં છે કે આત્મા જગતમાં છે, એ કોયડો જ અઘરો છે: શાસ્ત્ર તો કહે છે કે આત્મામાં જ જગતનો આવિર્ભાવ—તિરોધાન છે; આત્મા એક, અખંડ અને અદ્વિતીય હેવાથી એજ બધે અને નિત્ય વ્યાપક છે, તેથી દેશકાલની સીમાવાળું આ જગત આત્મામાં કેવળ કલ્પનામાત્ર છે. જગતના મૂળને જેવું એટલે આત્મામાં પ્રવેશ કરવો અને મનબુદ્ધિ, ઇંદ્રિયો, વિષયો વગેરે અનેકતાને છોડીને એકમાં ઊંડા ઊતરવું. આને માટે આ જાગ્રત અવસ્થા નકામી છે. ઇંદ્રિયો અને ક્રિયા તો બધાંની સરખી હોતી નથી અને તેથી તેનું જ્ઞાન પણ ઢંગધડા વગરનું કહેવાય. કેવલ ભેદવાળાં મન તથા ઇંદ્રિયોના જ જ્ઞાન ઉપર શ્રદ્ધા ન રખાય.

એટલે એને બંધ કરવાં પડે. સૂક્ષ્મ નેત્રો ઉઘાડવાં પડે અને જય કેવળ ચેતનની જ લીલા છે, એવાં એ દિવ્ય ચક્ષુ ન ઉઘાડે ત્યાં સુધી

આંતરિક દિવ્ય જગતને જુએ કોણ ? દિવ્ય જગતને જોવા માટે દિવ્ય ચક્ષુ જોઈએ; ચાલ ત્યારે, તું જરા શાંત થા, આ સ્થૂલનો મોહ છોડ. તારે પરમપુરુષ આત્માનું ઐશ્વર્ય જોવું છે ને ? ઇંદ્રિયોનાં બાહ્ય ગોલકોને બંધ કર, કર્મેન્દ્રિયોને સ્થિર કર, અને હવે સચરાચર સૂક્ષ્મ જગતને જો ! આ સ્થૂલ નેત્રથી નહિ, સ્થૂલ શરીરથી નહિ, સૂક્ષ્મ—દિવ્ય—પ્રકાશમાન ચક્ષુથી:—

दिव्यं ददामि ते जक्षुः पश्य मे योगमैश्वरम् ॥

અ. ૧૧–૮.

અર્થ :—તને હું દિવ્ય ચક્ષુ આપું છું તે વડે મારા ઐશ્વર્યરૂપ યોગને તું જો.

+ + +

ચમત્કાર ! અર્જુનને અંતરાકાશમાં અદ્દ્ભુત દૃશ્યો દેખાવા માંડયાં. હજારો સૂર્યપ્રકાશના તેજઃપુંજ, અસંખ્ય મુખ તથા ઇન્દ્રિયોવાળાં મૂર્તસ્વરૂપનું દર્શન ! દિગન્તવ્યાપી રૂપ અને કાલાન્તવ્યાપી મહાકાલ સ્વરૂપમાં શું નહિ ને શું છે એનું વર્ણન પણ ન થાય એટએટલાં આન્તર પ્રદેશમાં પાત્રો અને પદાર્થો, સૃષ્ટિસંહારનાં ભયાનક ચિત્રો, દેવ-દેવતાઓ, મૃત્યુમુખી સગાસંબંધીઓ, એવું એવું કેટકેટલું એને દેખાયું ! એ બધું ભ. ગી. ના અગિયારમા અધ્યાયમાં અંશતઃ વર્ણવેલું છે.

અર્જુનને આ વિકરાલ દર્શન અસહ્ય થઇ પડયું. પોતાના સાડા ત્રણ હાથના માપના શરીરમાં, સૂક્ષ્માતિસૂક્ષ્મ અણુપ્રમાણ હૃદય-પ્રદેશમાં, ભગવાનની—ગુરુદેવની અપ્રતિમ મૂર્તિએ એવી તો સંહાર-લીલા દેખાડી કે એણે પોકાર્યું કે ભગવાન ! બંધ કરો આ ખેલ ! ક્ષમા કરો ! આવું વિશ્વ ! આવું ઐશ્વર્ય ! આવું આપનું પરાક્રમ ! કરુણા

કરો, નાથ ! ઓળખ્યા મેં આપને ! અનુભવ્યું આપનું યોગસામર્થ્ય ! આત્મજ્ઞાનના જગદ્દગુરુ ! પરમતત્ત્વના તત્ત્વવિજ્ઞાની ! ક્ષમા કરો મને. મેં આપને નહોતા ઓળખ્યા ! આપને મિત્ર, સખા માનીને અવહેલના કરી હોય તે ભૂલી જાઓ, પ્રભુ ! આપ માનવી દેહથી જ મને દર્શન આપો ! હું આપનો વિનમ્ર શિષ્ય છું, બાલક છું; એ જ પ્રેમાળ, કોમળ, મંદસ્મિત વદને મને મનોહર દર્શન આપો !

\+ \+ \+

કોઇ પણ પદાર્થની રચના અને સ્થિતિ જોતાં આનંદ થાય છે, પણ નાશ જોતાં હૃદયના તાર કંપે છે ! નવજાત બાલક કે યુવાનને જોઇ મુગ્ધ થવાય પણ મૃત્યુમુખી શરીરને જોતાં હૈયું ફાટે છે.

સંહારલીલાનાં ભયંકર દુઃખદશ્યો જોયા વિના વૈરાગ્ય આવે નહિ. પરંતુ વૈરાગ્ય તો કેવલ મોહ છોડાવવા માટે છે; જ્યાં સુધી સૃષ્ટિ અને સંહાર, જન્મ અને મૃત્યુ તેમજ હર્ષ અને શોક જેવાં બધાં દ્વંદ્વોનો અનુભવ ન થાય ત્યાં સુધી વૈરાગ્ય આવે નહિ, અને વૈરાગ્ય વિના મુક્ત થવાની આશા વ્યર્થ છે; એક જ સંસારનાં દ્વંદ્વરૂપ બન્ને પાસાં મિથ્યા અને અનિત્ય છે,—નિત્ય છે માત્ર છઇએ બન્નેથી મુક્ત અને પર, કેવળ, તટસ્થ, ફૂટસ્થ, સાક્ષીમાત્ર સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા.

દ્વંદ્વ એટલે જ આ જગતનાં બે પાસાં. કોઇ પણ વસ્તુ એક જ પાસાની હોતી નથી. પ્રત્યેક ચીજના એક પાસાનો નાશ કરો તો બીજું પાસું નાશ પામે એ સ્વભાવક્રમ છે. જે કાગળ ઉપર આ લખાયું છે, એની એક બાજુ નાશ કરતાં બીજી બાજુ આપોઆપ નાશ પામશે, તેવી જ રીતે જગતનાં ગણી શકાય એટલાં દ્વંદ્વ એક જ જગતનાં બે પાસાં જેવાં છે. એકનો નાશ કર્યા વિના બીજાનો નાશ થઇ શકતો જ નથી.

મૃત્યુમાંથી બચવું હોય તો જન્મના કારણને નિર્મૂળ કરો,

દુઃખ ન જોઈતું હોય તો સંસારના સુખને તિલાંજલિ આપો, અપમાન ન ગમતું હોય તો માનની લાલસાને બાળી મૂકો, હાનિ ન પરવડે તો લાભના લોભને અળગો કરો—આ છે દ્વંદ્વથી મુક્ત થવાની કળા.

બન્નેમાંથી, દ્વંદ્વમાંથી, દ્વૈતમાંથી, ભેદમાંથી છૂટવું હોય તો એ દ્વૈતની મૂળ કારણ અવિદ્યા ( —આત્માના અજ્ઞાન )ને શોધીને, જ્ઞાનાગ્નિની પ્રજ્વલિત જ્વાલાથી બાળી મૂકો.

ભગવાન સંસાર રચે છે, એનું રક્ષણ કરે છે અને એનો સંહાર પણ એ જ કરે છે એ અર્જુન જાણતો નહોતો. આપણે પણ નથી જાણતા, તેથી દ્વંદ્વ સતાવે છે; આનું નામ જ અજ્ઞાન. આ અજ્ઞાનનો સમૂળો નાશ કરવો જોઈએ. એ પરમ ઉપદેશનું શિક્ષણ આપવા જ ભગવાને મહાકાળ સ્વરૂપનું દર્શન કરાવ્યું. અર્જુનને એથી બોધ મળ્યો, એનો મોહ ટળ્યો. તે પ્રમાણે સંસારનું દુઃખ જતાં સુખ પણ નાશ પામે છે, શોક જતાં હર્ષ ઊડી જાય છે —રહે કેવળ બન્નેના અધિષ્ઠાન સ્વરૂપ આત્મા; એ કેવળ શબ્દાતીત છે—બધાં દ્વંદ્વથી પર હોઈ અલક્ષ્ય છે !

આપની આ લીલાનું રહસ્ય શું, એમ પૂછતાં જ ભગવાને કહ્યું કે, હું રક્ષણ કરનાર વિષ્ણુ જ છું એમ ન માનીશ, સંહારશકિત કાલભગવાન પણ હું જ છું : સ્વરૂપે આત્મા એક છતાં ગુણકર્મ તથા સામર્થ્યના ભેદને લીધે જુદો જણાય એ તો અજ્ઞાન છે. જગત તો જગતની અનિર્વચનીય રીતે ચાલ્યા કરશે. એમાં યુદ્ધ તો ચાલ્યા જ કરવાનાં. કોઈ જીતે અને કોઈ હારે ! આ ધર્મયુદ્ધમાં તું નિમિત્ત છે. યશ તારો છે, પૃથ્વીનું ધર્મરાજ્ય તારું છે. તેથી ધર્મયુદ્ધમાં નિમિત્ત થવા ભાગ્યશાળી થા :—

तस्मात् त्वमुत्तिष्ठ यशो लभस्व ।
निमित्तमात्रं भव सव्यसाचिन् ॥

અ. ૧૧—૩૩

અર્થ :—એટલા માટે તું ઊભો થા, યશ મેળવ :......હે અર્જુન, નિમિત્તમાત્ર થા.

+ + +

મહાકાલ સ્વરૂપનાં દિવ્ય નેત્રથી દર્શન કર્યાં પછી અર્જુનને સૌમ્ય સ્વરૂપે દર્શન આપ્યાં, એટલે અર્જુનને શાંતિ વળી ને એ મૂળ સ્વરૂપમાં આવ્યો.* ભગવાન પ્રતિ અપ્રતિમ ભકિતનું ફલ મળ્યું. અનુભવથી સમજાયું કે મારા ગુરુદેવ જ્ઞાની અને તત્ત્વદર્શી છે. એમણે જે જે કહ્યું છે એ બધું શિરોધાર્ય સત્ય છે. એને હિંમત આવી. ક્ષત્રિયધર્મ, યુદ્ધધર્મ, કર્મમર્મ, ભકિતરહસ્ય, જ્ઞાનમહત્તા એના હ્રદયમાં ઊભરાઇ પડયાં અને ભગવાને એનો આ અનુભવ ટકી રહે, એની આત્મભાવના વ્યકત થાય તે માટે ભકિતની કોમળતા, વૈરાગ્યની કઠોરતા, ત્યાગની પ્રખરતા અને પ્રકૃતિના ત્રિગુણાત્મક સ્વભાવની પૂરેપૂરી સમજણ પાડીને વારંવાર સમજાવ્યું કે ભ્રાંતિ કાઢી નાંખ; તપ, કર્તા, કર્મ, દાન, જ્ઞાન, ધૃતિ, બુદ્ધિ, સુખ, વર્ણધર્મ વગેરેનાં ત્રિગુણાત્મક સ્વરૂપ વર્ણવીને કહ્યું કે અંતરમાં સત્ત્વ ગુણ રાખ, શાસ્ત્રવિધિને સમજીને કર્મ કર, નિર્માન-મોહ થા, સંગદોષથી પર થા, દ્વંદ્વથી મુકત થા, હંમેશાં અધ્યાત્મ—(આત્મ) ભાવમાં રહે, આ સંસારવૃક્ષનું મૂળ ઊંચે ને ઊંચે (ઊંડાણમાં) એટલે ઇંદ્રિયો, મન, બુદ્ધિથી એ બધાથી ઊંચે (પર) તારા અંતરમાં છે, તેને અસંગશસ્ત્રથી નિર્મૂળ કર: તને પહેલાં કહ્યું છે તેમ "હું" "આત્મસ્વરૂપથી" તો બધાંનું એક જ છે. તું આત્મા છે, હું આત્મા છું : તું શિષ્ય, હું ગુરુ અને સમગ્ર ઐશ્વર્યવાન આત્મા તે ઇશ્વર-એ

* અ. ૧૧— શ્લો. ૫૧

ત્રણેનું અધિષ્ઠાન સ્વરૂપ—બ્રહ્મચૈતન્ય તો એક જ છે. એમાં નિષ્ઠા કર, એ બ્રહ્મનિષ્ઠા કહેવાય: ત્રણ ગુણ, ત્રણ અવસ્થા, એવી ત્રિપુટીની રમતનાં કર્મો તો કર્યા જ કરશે: એ બધું ય બ્રહ્મ જ છે, વાસુદેવ છે, અને બધું વાસુદેવ છે એ જ્ઞાન જ સર્વોપરિ છે:

અર્જુન ઊભો થયો. મોહ ગયો, સ્વધર્મ સૂઝ્યો, હથિયાર પકડ્યાં અને મૂલ પ્રકૃતિમાં આવ્યો; ભગવાનને, પ્રેમાળ ગુરુદેવરૂપે માનવશરીર ધારી જોયા એટલે સચેત થયો.

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ॥

અ. ૧૧–૫૧.

અર્થ:—હે જનાર્દન! આપનું સૌમ્ય માનવરૂપ જોઈને હવે **સચેતન** થયો છું, સ્વસ્થતાને પામ્યો છું.

\+ + +

અર્જુન કુટુંબવત્સલ જીવાત્મા હતો, યુદ્ધવીર હતો. ધર્મક્ષેત્રમાં પ્રખર કર્મપટુ હતો, વિદ્વાન હતો, શાસ્ત્રનિપુણ હતો, તપસ્વી હતો, ત્યાગતત્પર હતો, શ્રીકૃષ્ણનો મિત્ર હતો...

પણ તત્ત્વજિજ્ઞાસુ નહતો, કોઈનો શિષ્ય ન હતો, દેવદેવતાએ સાથે યુદ્ધ કર્યાં હતાં, ઉપાસના અને મંત્રતંત્રદ્વારા શસ્ત્રાસ્ત્રો મેળવ્યાં હતાં, છતાં અંતર્મુખ બનીને સમગ્ર વિશ્વના સ્થૂલ–સૂક્ષ્મ ભેદાભેદના રહસ્યને જાણતો નહોતો; અને બધા દેવદેવતા, ઉપાસના, મંત્રતંત્ર, સિદ્ધિઓ, ચમત્કાર—બધું એક જ આત્મચૈતન્યના ઐશ્વર્યનાં અંશમાત્ર છે, આત્મવિદ્‌નો, ભગવાનનો આત્મા (બ્રહ્મ) સાથેનો એવો

તો અભેદયોગ છે એમના ઐશ્વર્યમાં એ બધાં ઐશ્વર્યનો સમાવેશ થઈ જાય એમ છે એનું એને ભાન નહોતું.

યુદ્ધે ચડયો ને મોહ વ્યાપ્યો, ગાત્ર શિથિલ થયાં, હથિયાર હેઠાં પડયાં, આડીઅવળી મૂઝાયેલી મતિમાંથી દલીલો નીકળી પડી! હાર્યો એટલે શિષ્યત્વ સ્વીકાર્યું. શ્રીકૃષ્ણચંદ્રે ગુરુત્વ ધારણ કર્યું, યોગૈશ્વર્ય દેખાડી આત્માના ચમત્કાર બતાવ્યા અને પરમ સત્ય સમજાવ્યું કે આ દષ્ટાદષ્ટ બ્રહ્માંડનું, સ્થૂલ-સૂક્ષ્મ વિશ્વનું અધિષ્ઠાન બ્રહ્મ છે. એ જ સૌનું આત્મસ્વરૂપ છે. એમાં ઐશ્વર્ય છે અને ઐશ્વર્યનો મહિમા નિહાળી, એને નિઃસાર સમજી, રાગદ્વેષાદિ દ્વંદ્વોનું ક્ષેમ સમજી ત્યાગીશ ત્યારે તું પરમ અવ્યય પદ પામીશ. જ્ઞાનરૂપી તલવારથી ઐશ્વર્યરૂપ વૃક્ષનો ઉચ્છેદ કર: રહીશ તું માત્ર પરમ તત્ત્વ!

+ + +

તું સ્વભાવે ક્ષત્રિય છે, હું એ ક્ષત્રિય છું, એટલે આવી યુદ્ધપરંપરાઓ આપણી સમક્ષ અવવાની જ; મૃત્યુ કે જન્મના ખેલ આપણને સતાવે એ આપણી અધર્મદૃષ્ટિ! ધર્મનું રક્ષણ એ આપણો સ્વધર્મ! ઊઠ, ઊભો થા, કર્ત્તવ્યપંથે વળ, કલ્યાણ તારા હાથમાં છે: જો, દેવાસુર સંગ્રામની કર્મભૂમિમાં દેવોનો જ વિજય છે, તું વિજેતા છે.

આત્મભાવનો મહિમા જોયો ને? આત્મભાવે બધાં ને બધું ય એક છતાં એ વિજ્ઞાન તો બુદ્ધિમાં ભરવાનું; સ્થૂલના ઇંદ્રિયવ્યવહારમાં તો નાનાંમોટાં રહેવાનાં જ; ભેદભાવ એ ઐશ્વર્યનો મહિમા છે! સર્વશ્રેષ્ઠ ઈશ્વર, તત્ત્વદર્શી ગુરુ અને આત્મરૂપે—તું પોતે, આ રહી વ્યવહારદૃષ્ટિ; પરમાર્થમાં અભેદ અને વ્યવહારમાં જીવનના છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી અધિકારભેદે વિવેક, એ જ સનાતન ધર્મનું રહસ્ય. જો જે,

બુદ્ધિભેદ ન કરતો. ક્રિયાભેદ તો સંસારનો સ્વભાવ છે; બુદ્ધિભેદ એ અજ્ઞાનનું કાર્ય છે. ભેદજ્ઞાનનો અભેદાનુભવથી નાશ કરી, ક્રિયાભેદના કર્મક્ષેત્રમાં વિવેકી વ્યવહાર સાચવી જીવન વિતાવ્યે જા! પ્રસન્ન થા અર્જુન! હું પ્રસન્ન છું! આપણી સનાતન પ્રસન્નતા, ગુરુશિષ્યનો અભેદાનુભવ, એ જ મંગલમય, કલ્યાણપ્રદ સર્વેશ્વરનો પરમ પ્રસાદ! વાચક! વિસ્તાર જરા વધારે થઇ ગયો છે! પણ સાર ખેંચજે કે :—

અજ્ઞાનમાંથી ઊઠવું એ જ ઉત્થાન છે.

ઉત્થાનનું સાધન અધ્યાત્મવિદ્યા છે.

*અધ્યાત્મવિદ્યા જ ભગવાનનું સ્વરૂપ છે.

ભગવાનની પ્રાપ્તિ એટલે જ અધ્યાત્મવિદ્યાનો સ્વાધ્યાય.

\+ + +

એ વિદ્યા માટે શ્રી ગુરૂદેવનું શરણ, ભગવાનની પ્રસન્નતા અને આત્માનો પુરૂષાર્થ—એ ત્રણેયની અભેદભાવે થતી ભાવના અને સાધના સૌને ફલીભૂત હો! ઇતિ ૐ!

**જાને. ૧૯૫૦**

---

* ભ. ગી. અ. ૧૦—શ્લો. ૩૨.

# દક્ષિણામૂર્તિ દર્શન

ભગવાન શ્રી શંકરાચાર્યે કેવલાદ્વૈતના પરંપરાશુદ્ધ સિદ્ધાન્તનું પ્રતિપાદન કરવા માટે ઉપનિષદના સારભૂત બ્રહ્મસૂત્ર (વેદાન્તદર્શન, શારીરક મીમાંસા), ભગવદ્ગીતા, અને મુખ્ય ઉપનિષદો ઉપર ભાષ્ય બાંધી વેદવિહિત ધર્મનું જે રીતે પુનરુદ્ધરણ કર્યું છે, તે જ પ્રમાણે જિજ્ઞાસુ, મુમુક્ષુ, ભક્ત વ. ભિન્ન ભિન્ન પ્રકારના અધિકારીવર્ગ માટે ઉપયોગી થઇ પડે એવા પ્રકરણગ્રન્થો લખ્યા છે: કેવલાદ્વૈત માટેનાં મનન-પ્રકરણો, ઉપાસના માટે શિવ-વિષ્ણુ-દેવીનાં સ્તોત્ર પ્રકરણો અને કર્મકાંડને પણ ઉપકારક થાય તેવાં ગાયત્રી ભાષ્ય વ. લખી એવું તો વિશિષ્ટ બંધારણ બાંધ્યું છે, કે કર્મ, ઉપાસના અને જ્ઞાનના ઉત્તરોત્તર (ક્રમ) સાધન માટેની ભૂમિકા ઉપર ચડતો ચડતો સાધક તત્ત્વજ્ઞાન દ્વારા જીવન્મુક્તિનો વિલક્ષણ આનંદ અનુભવી શકે. એમનો વિરોધ કર્મ અને જ્ઞાનના સમન્વયનો છે, ક્રમનો નથી એટલું વેદાન્તના અભ્યાસીએ ખાસ લક્ષમાં રાખવાનું છે. ફલમાં મનને પરોવ્યા કે ચોંટાડયા વિના કર્મ કરી શકાય, વાસનાનો મેલ ચડાવ્યા વિના ઇશ્વરની વિશુદ્ધ ઉપાસના દ્વારા અનાસકત રહી શકાય તથા ઇશ્વર અને જીવનું દ્વૈતભાન જ્યાં સુધી હોય ત્યાં સુધી ત્રણ ગુણ, સ્વભાવ, કર્મ, ધર્મ, ફલ, દ્વંદ્વ—બધાં જ રહે એટલે એ ત્રણેયના મૂલ સ્વરૂપનું શ્રવણ, મનન, નિદિધ્યાસન દ્વારા પરિપકવ અપરોક્ષ જ્ઞાન પમાય, એટલા માટે પ્રથમ (૧) નિષ્કામ કર્મ, (૨) પછી અહૈતુકી ઉપાસના અને બન્ને સાધન દ્વારા વિશુદ્ધ અને નિરુદ્ધ

થયેલા અંતઃકરણમાં કેવલાદ્વૈતના અનુભવથી જીવન્મુકિતનો બ્રહ્માનુભવ થાય એવું રહસ્ય એમણે એ પ્રકરણગ્રન્થોમાં ગોઠવી આપ્યું છે.

+ + +

ઉપાસનાની સાથે સાથે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય એવાં સ્તોત્રોમાં એક દક્ષિણામૂર્તિ-સ્તોત્ર છે. દસ શ્લોકના એ લલિત પ્રકરણની એટલી બધી મહત્તા છે કે એમના વિદ્વાન શિષ્ય શ્રી સુરેશ્વરાચાર્યે પ્રત્યેક શ્લોક ઉપર એક એક પ્રકરણ લખીને સાડાત્રણસો શ્લોકોનો એક ગ્રન્થ બનાવ્યો છે. શ્રી શંકરાચાર્યનાં ભાષ્ય કે ગ્રન્થ ઉપર એમણે જે કાંઇ લખ્યું છે એને ટીકા ન કહેતાં વાર્ત્તિક નામ અપાય છે. પુસ્તકના અર્થને સ્પષ્ટ કરવા માટે જે કાંઇ લખાય છે તેનાં ભાષ્ય, વાર્ત્તિક, ટીકા, વૃત્તિ તથા વ્યાખ્યાન એવાં નામ છે. સાધારણ રીતે એનું સ્વરૂપ આ પ્રમાણે છે.

**ભાષ્ય** :—સૂત્રરૂપે લખાયેલાં સંક્ષિપ્ત વાકયોના રહસ્યને સ્પષ્ટ કરવા માટે પ્રત્યેક પદનો વિસ્તૃત અર્થ સમજાવાય એ ભાષ્ય કહેવાય છે.

**વાર્ત્તિક** :—કહેલું હોય, ન કહેલું હોય, ખોટી રીતે કહેલું છે એમ લાગતું હોય, એનો વિસ્તૃત વિચાર કરવા માટે જે કાંઇ લખાય તે વાર્ત્તિક કહેવાય છે.

**ટીકા** :—વિષયની તથા પદોની વ્યાખ્યા કરેલી હોય તે ટીકા.

**વૃત્તિ** :—શબ્દનું જ્ઞાન થઇ શકે એવું વિવેચન તે વૃત્તિ.

**વ્યાખ્યા** :—શબ્દનો પદચ્છેદ એટલે પદાર્થને છૂટા કરીને અર્થ કરી બતાવી વાકયની યોજના કરી, આક્ષેપ તથા સમાધાન સમજાવવાં તે વ્યાખ્યા.

શ્રી શંકરભગવાને જે કંઇ લખ્યું તે મૂલ લખાણુનાં ભાષ્યદ્વારા સ્પષ્ટીકરણ કર્યું; એમની આયુષ્યમર્યાદા માત્ર બત્રીસ વર્ષ જેટલી હતી, દરમ્યાન ભારતવર્ષને ખૂણેખાચરે ભ્રમણ કર્યું; જૈન અને બુદ્ધધર્મના અહિંસાપ્રધાન ઉપદેશને લીધે કર્મના અને ખાસ કરીને વેદોક્ત ધર્મના રહસ્યની સમજણમાં કેટલીયે ઊંધી–વિપરીત દૃષ્ટિ થઇ ગઈ હતી. જનસમૂહમાં એ પુરાપ્રાચીન સનાતન સત્યને સમજવામાં એટલો બધો વિરુદ્ધ પ્રચાર થયો હતો કે વર્ણાશ્રમની મર્યાદા ભૂંસાતી જતી હતી, સંસ્કૃત ભાષાના નિરાદરમાં મુખ્ય કારણ હતું, પાલી અને માગધી જેવા એક જ દેશની ભાષાદ્વારા થતો પ્રચાર. સંસ્કાર, જીવન તથા પ્રાણસમી ભારતવ્યાપક સંસ્કૃત ભાષાનું અધ્યયન-અધ્યાપન લુપ્ત થતાં એનાં રહસ્યોનું જ્ઞાન, પાલન, પોષણ તથા જીવનધોરણ નીચે ઊતર્યું. કેવળ લૌકિક ભાષાના પ્રચારને લીધે પરાપૂર્વના ઋષિઓનાં અમૂલ્ય સંશોધનનો વારસો નષ્ટપ્રાય થવા માંડયો, તેથી સનાતન સત્યોને જીવનમાં ઉતારી, ધર્મ, કર્મ અને જ્ઞાનની ગંભીર આચારવિચારની પ્રણાલિકાના રક્ષણનો ભાર એમના ઉપર આવી પડયો.

ટૂંકા આયુષ્યના પ્રમાણમાં ભગીરથ કાર્ય કરવાનું હતું. કહેવાય છે કે એ અવતારી પુરુષે નવમે વર્ષે તો બધાં ભાષ્યો લખી નાખ્યાં હતાં. બારમે વર્ષે ઉજ્જૈન પાસે શ્રી ગોવિંદાચાર્યની પાસે શિષ્યત્વ ગ્રહણ કરી સંન્યસ્તદીક્ષા લીધી; શ્રી ગોવિંદાચાર્યના ગુરુ શ્રી ગૌડપાદાચાર્ય હિમાલયમાં બદરીનારાયણ ક્ષેત્રમાં પ્રખર તપસ્વી બની, વેદોકત સિદ્ધાન્તના પ્રતિપાદન માટે ચિંતવનમનન કરતા હતા; લખાણમાં ટૂંકા તથા રહસ્યમાં ગાંભીર્યવાળા માંડૂક્ય ઉપનિષદ ઉપર એમણે જે વિસ્તૃત કારિકાઓ લખી પ્રબન્ધ બાંધ્યો છે, તે પ્રમાણે જીવનરત બની એકાન્ત નિવાસ કરતા હતા. એમના હિમગિરિનિવાસની ભાળ મેળવી

ભગવાન શંકરાચાર્ય ત્યાં પહોંચ્યા, જાણવા જેટલું જાણ્યું અને શ્રી ગૌડપાદાચાર્યની તીવ્ર ધર્મસમુદ્ધરણની ઇચ્છાને માન આપી, એમની આજ્ઞાથી વેગવાન બની, કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી જગન્નાથ સુધી ભરતખંડની યાત્રા કરી. જ્યાં જાય ત્યાં પોતાનાં પ્રતિભા, ચારિત્ર્ય, વિદ્વતા, જ્ઞાન અને શાસ્ત્રોક્ત આસ્તિક્ય બુદ્ધિવાળી યુક્તિઓ વડે વેદોક્ત ધર્મના પ્રચારનો એવો તો પાયો નાંખ્યો કે બત્રીસ વર્ષ જેટલી વયમાં તો દિગન્ત ડંકો વાગ્યો.

એમના અસંખ્ય શિષ્યોમાં ચાર શિષ્ય મુખ્ય હતા; પદ્મપાદ, હસ્તામલક, ત્રોટક અને સુરેશ્વરાચાર્ય: એમાંના સુરેશ્વરાચાર્ય પૂર્વાશ્રમમાં મંડનમિશ્ર નામે વિદ્વાન પંડિત હતા. એમનાં પત્ની સરસ્વતીદેવી સાક્ષાત્ સરસ્વતીનો અવતાર મનાતાં અને એ એટલાં બધાં વિદુષી તથા તટસ્થ ભાવવાળાં હતાં કે મંડનમિશ્ર અને શંકરાચાર્ય વચ્ચે કર્મથી કે જ્ઞાનથી—શાથી મોક્ષ થાય છે, એ વિષયનો વાદવિવાદ થયો ત્યારે એમણે મધ્યસ્થ બનીને ન્યાય આપ્યો હતો. વિવાદમાં એવી શરત હતી કે મંડનમિશ્ર હારે તો ચતુર્થાશ્રમ સ્વીકારી સંન્યાસી થાય અને શંકરાચાર્ય હારે તો સન્યસ્તનો ત્યાગ કરે. મંડનમિશ્ર કર્મથી મોક્ષ થાય છે એ સિધ્ધાન્તમાં હાર્યા છે, એવો ન્યાય એમનાં જ ધર્મપત્ની સરસ્વતીએ આપ્યો અને શંકરાચાર્યના એ સંન્યાસી શિષ્ય બન્યા, એટલે એમનું નામ સુરેશ્વરાચાર્ય પડ્યું.

\+ \+ \+

ભગવાન શંકરાચાર્યનાં ભાષ્યો કે પ્રકરણગ્રન્થોમાં જ્યાંજ્યાં કહેવાનું અધૂરું રહી ગયું હોય, ન સમજાય એવું હોય, કે ખોટું સમજાય એવું હોય, ત્યાં ત્યાં આ વિદ્વાન મહાત્માએ વાર્ત્તિકો લખ્યાં છે અને ભગવત્-પાદ શંકરનાં ભાષ્યોની જેટલાં જ કેવલાદ્વૈત સંપ્રદાયમાં એ પ્રમાણભૂત

મનાય છે. 'ઉત્થાન'માં નમસ્કારાત્મક ઈશ્વરો ગુરુ. શ્લોક એમની કૃતિ છે.

શ્રી શંકરભગવાનના દક્ષિણામૂર્તિસ્તોત્રમાં આવેલા આ શ્લોકમાં ઇશ્વર, ગુરુ અને આત્મા એક જ પરમ વસ્તુના કેવળ મૂર્તિભેદ છે— આકારભેદ છે; નામ અને રૂપ જુદા છતાં વસ્તુએ ત્રણેય પરબ્રહ્મ એવો અર્થ છે. એવી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપે એવી મૂર્તિને દક્ષિણામૂર્ત્તિ નામ અપાયું છે. દક્ષિણામૂર્તિ શબ્દ વિષે વધારે વિચાર કરતાં પહેલાં એ મૂર્તિનાં આવશ્યકતા, આવિર્ભાવ, ઉપદેશ અને ઉપદેશને ધારણ કરના શિષ્યવર્ગ વિષે નીચે પ્રમાણે એક પુરાણકથા છે.

\+ + +

જેમાંથી આ સમગ્ર વિશ્વનો વિવર્ત્તભાવે આવિર્ભાવ છે એ બ્રહ્મમાં કોઈ પણ જાતનો સ્ત્રીપુરુષવાચક, પુરુષપ્રકૃતિબોધક, કે નપુંસકત્વવાચક લિંગભેદ નથી; પરંતુ વિશ્વરચનાનો વિચાર કરીએ ત્યારે બે સમાનધર્મી તત્ત્વોમાંથી ત્રીજાની ઉત્પત્તિ ન થાય એ નિયમે એકને પુરુષ, ક્ષેત્રજ્ઞ કે ધન (Positive) અને બીજાને પ્રકૃતિ, ક્ષેત્ર કે ઋણ (negative) તરીકે ઓળખવાં પડે છે; બન્ને એક બીજાનાં પૂરક, પ્રેરક અને સહકારી માનીએ ત્યારે સંયોગજન્ય સૃષ્ટિ પ્રતીત થાય. આવી રીતે જે બ્રહ્મને આપણે અલિંગી માનીએ છીએ, તેમાંથી જ્યારે સૃષ્ટિનો વિચાર કરીએ ત્યારે એક બ્રહ્મા અને બીજી બ્રહ્માણી— બ્રહ્મા અને એમાંથી સરી પડતી પ્રકૃતિરૂપિણી સરસ્વતી—એમ બે પુરુષપ્રકૃતિવાચક જોડું માનવું પડે છે.

ત્રણ ગુણમાં સત્ત્વગુણ શાંત અને જ્ઞાનપ્રધાન છે; રજોગુણ ચંચલ અને ક્રિયાપ્રધાન છે. તથા તમોગુણ સ્થિર અને જડતાપ્રધાન છે. એ ત્રણે ગુણોના જોડકાં નીચે પ્રમાણે છે;

સત્ત્વગુણ = વિષ્ણુ-લક્ષ્મી;

રજોગુણ = બ્રહ્મા-સરસ્વતી (સાવિત્રી)

તમોગુણ = શિવ-પાર્વતી.

આ ત્રણેયનો અચિંત્યભેદ એવો છે કે એક વિના બીજાનું અસ્તિત્વ માનવું એ ભ્રાન્તિ છે. સંસારમાં અવિરત ભાવે સૃષ્ટિ—સ્થિતિ—પ્રલય ચાલુ જ રહે છે; કોઇપણ ક્રિયાને તપાસી જોતાં ત્રણેયનો ભાસ અવશ્ય થવાનો જ. દા. ત. પાણીને ઉકાળવા મૂકીએ ત્યારે પાણીનો અભાવ થાય તે (તમોગુણ) સંહાર; તે જ સમયે સમકાલીન વરાળનો (રજોગુણ) આવિર્ભાવ થાય છે અને વરાળ બાહ્ય વાયુમાં એકત્ર થાય એ વળી પાછો સંહાર. આ ત્રણેયમાં પાણી અને વરાળનું જેટલા સમય સુધી અસ્તિત્વ ટકી રહે એ (સત્ત્વગુણ) રક્ષણ છે.

રજોગુણ(સૃષ્ટિ) ને બ્રહ્મા, સત્ત્વગુણ(સ્થિતિ) ને વિષ્ણુ અને તમોગુણ(સંહાર) ને શિવની સંજ્ઞાથી આપણાં શાસ્ત્રકારોએ ઓળખાવ્યા છે. આ ત્રણેયમાં એમની શકિતઓ પણ અંતર્ગત છે. તત્ત્વદૃષ્ટિથી આપણે આટલું જોયું, પરન્તુ બહુજનસમૂહ આવી તત્ત્વદૃષ્ટિ કેળવી કે રાખી શકતો નથી, તેથી માનવહૃદયના ભાવને ઉત્તેજક, અને બુધ્ધિને પોષક બને એવાં ત્રણેય દંપતીને કંઇક માનવી રૂપે તો કંઇક દેવરૂપે ચીતરી-આલેખીને ઉપાસનામાં અનુકૂળતા કરી આપવા માટે ઋષિઓએ એમની જીવનલીલા ગાઇ છે અને પુરાણોમાં આખ્યાયિકારૂપે ગોઠવીને એ દ્વારા ક્રમોપદેશ આપી, તત્ત્વજ્ઞાન તરફ અભિરુચિ ઉપજાવવાના પ્રયત્નો કર્યાં છે. પુરાણોની, રામાયણની, મહાભારતની તેમજ વેદની આખ્યાયિકાઓમાં જેમ આધિભૌતિક રહસ્યો છે, તેટલાં જ બલકે તેથી પણ વિશેષ આધિદૈવિક અને આધ્યાત્મિક

રહસ્ય ગૂંથ્યાં–વણ્યાં છે. સમગ્ર માનવવંશના ધર્મકર્મ અને ગુણ-કર્મનો એમાં ઉપદેશાત્મક વૃત્તાંત છે.

\+ + +

દક્ષિણામૂર્તિ સંબંધે જે કથાનક છે તે સંક્ષેપમાં આવું છે:—

"બ્રહ્માના માનસપુત્રો મુખ્યત્વે સનક, સનંદન, સનત્ કુમાર અને સનાતન તથા બાકીના નારદ વ. ઋષિસમુદાયને લઇને સ્વર્ગના નંદન-વનમાં એકઠા થયા; ત્યાં બ્રહ્મજ્ઞાન માટે કોની પાસે જવું એની વિચારણા ચાલી. નારદજીએ કહ્યું: "આપણે પ્રથમ પરમપિતા બ્રહ્મા પાસે જઇએ."

બધા બ્રહ્મલોકમાં ગયા; બ્રહ્માજીને સરસ્વતીના વીણાનાદમાં રંજિત બની સામગાનમાં હાથથી તાલ દેતા સૌએ જોયા. એમની આવી વિનોદ-ક્રીડા જોઇને સૌને એમ લાગ્યું કે જેઓ પોતે જ આવી રીતે અનુરાગમાં નિમગ્ન છે, સરસ્વતીનો સમાગમ ક્ષણ પણ છોડી શકતા નથી, એની પાસેથી મોક્ષવિદ્યાનું જ્ઞાન ક્યાંથી મળે?—આવી શંકા થઇ.

ચાલો ત્યારે વૈકુંઠમાં જઇએ. ત્યાં પણ શ્રી નારાયણ મૂલ્યવાન શયન ઉપર પોઢ્યા છે; શ્રી લક્ષ્મીજી પગચંપી કરે છે અને જગતનું રક્ષણ કરવાની ચિંતા કરનાર આ વિષ્ણુ આપણને કેવી રીતે મુક્તિદાન આપી શકે?—આવો સંશય થયો.

ચાલ્યા ત્યાંથી કૈલાસમાં; ત્યાં શ્રી શંકર તો પાર્વતીજીને અર્ધાંગી બનાવીને જ બેઠા છે; એક જ અંગમાં બન્નેનો સમાવેશ અને સમાગમ જોઇને ત્યાં તો એમ જ થયું કે અહીં તો હવે જ્ઞાનોપદેશની આશા જ વ્યર્થ છે;—અહીં પણ નિરાશા માની લીધી.

દેવર્ષિઓ તથા નારદ વ. ઉદ્વિગ્ન થયા, અશાંતિ વધી, તત્ત્વોપદેશકના અમુક સ્વરૂપની માટે જ એમની કલ્પના હતી: પુરુષપ્રકૃતિના વિગ્રહ-સ્વરૂપમાં એમને તત્ત્વની નહિ પણ ત્રિગુણનાં બંધનનો ભય લાગ્યો હતો. એમણે પર્યટન ચાલુ રાખ્યું: હિમપ્રદેશમાં શિખરો શોધવા માંડયાં, અને ઊંચે અને ઊંચે ઉત્તર તરફ પ્રયાણ ચાલુ રાખ્યું. એમની જિજ્ઞાસા તીવ્ર હતી; અજ્ઞાન હતું માત્ર આચાર્યનાં લક્ષણ વિષેનું. એમની બહિર્મુખ વૃત્તિ એટલું નહોતી સમજતી કે બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ તો ગુણી હોવા છતાં સ્વયંભૂ છે; લીલાવશ દેવ–માનવ નહીં પણ લીલાતીત પરમતત્ત્વનાં ગુણભેદવાળાં દ્યોતક સ્વરૂપો છે.

+ + +

વસ્તુમાત્રને બે સ્વરૂપ હોય છે; એક આંતર અને બીજું બાહ્ય. આંતરિક હૃદયના ભાવ અને બાહ્ય શરીરની ચેષ્ટા એ બન્ને વચ્ચે હંમેશાં સામ્ય જ હોય એવો સર્વસામાન્ય નિયમ નથી. હૃદયમાં દયા અને પ્રેમ રાખવા છતાં બાલકને બાહ્ય દૃષ્ટિથી રોષ બતાવવો પડે છે; ધીરે અને શાંત બોલનારો માણસ અંદરથી કપટ અને પ્રપંચથી ભરેલો પણ હોય છે; દુર્વાસાના ઉગ્ર સ્વભાવમાં આત્મજ્ઞાનનો સત્ત્વગુણ હૃદયમાં ભર્યો હતો. ભગવાન રામચંદ્ર અને કૃષ્ણચંદ્રના યુદ્ધપ્રસંગોમાં બાહ્ય દર્શને એ બન્ને ક્ષત્રિયધર્મ પ્રમાણે ક્રુદ્ધ અને ઉગ્ર બન્યા હશે; પરન્તુ એમના અંતરમાં દયા અને પરોપકારની વૃત્તિ ભર્યાં હતાં. રાવણ તથા કંસને સદ્‌ગતિ અપાવી છે એ જ સૂચવી આપે છે કે એમના આંતરબાહ્ય ભાવ–વર્તનમાં ભેદ રહ્યો હતો.

આંતરબાહ્ય ભેદ એ વ્યવહારની જબરદસ્ત આંટીઘૂંટી છે; કાયિક-વાચિક અને માનસિક ક્રિયામાં અભેદ વર્તનને પ્રતિપાદન કરનારા અનેક સંતશિરોમણિ થયા છે. રાજદ્વારી અને આર્થિક દૃષ્ટિની એકતા જોનારા

સ્વપ્નવાદીઓનો તોટો નથી. પરન્તુ પ્રકૃતિનો અભ્યાસ કરનારા તત્ત્વવિદો અને અનુભવીઓ તો સતત સાક્ષી આપે છે કે માનવસૃષ્ટિમાં ક્રમવિકાસ છે, સમાજમાં સંસ્કારભેદ છે અને ગુણભેદને લીધે કર્મભેદ થયા જ કરે છે તેથી જેવો જેનો અધિકાર, જે ભૂમિકા સુધી પૂર્વસંસ્કાર પ્રમાણે જે ચઢેલો હોય ત્યાંથી જ એ આગળ વધી શકે. એક જ સમયે અને એક જ દેશમાં બધાના એક જ પ્રકારના સંસ્કારની આશા રાખવી અને એ પ્રમાણે બાહ્ય વ્યવહારમાં સમાનતા લાવવાનો પ્રયત્ન કરવો એ સૃષ્ટિના અધૂરા અભ્યાસ અને અવલોકનનું પરિણામ છે. આ તો વ્યવહારની દૃષ્ટિ થઇ, પરન્તુ પરમાર્થની દૃષ્ટિનો વિચાર કરીએઃ પરમ તત્ત્વના શોધક–સાધક, કે જિજ્ઞાસુમુમુક્ષુની વાત સમજીએ તો ત્યાં પણ એ જ અધિકારભેદ પ્રત્યક્ષ થાય છે. વેદોક્ત ધર્મમાં ગુણકર્મ પ્રમાણે વર્ણ અને આશ્રમની વ્યવસ્થા રાખીને સમાજનું ક્રમ-ઉન્નતિનું ધોરણ બાંધ્યું છે, એમાં સાચી સમજણ એવી છે, કે જેવો જેનો અધિકાર તેવાં તેને માટે—તે વખતને માટે સાધન અને સાધ્યનો વિચાર.

આશ્રમની વ્યવસ્થામાં પણ એ જ ક્રમ છે. પરમતત્ત્વનો અંતઃ-કરણમાં સર્વાંશે અભેદ અનુભવવો હોય તો ચતુર્થ આશ્રમની વ્યવસ્થામાં સંપૂર્ણ અનુકૂળતા સાંપડે છે. ચારિત્રશુદ્ધિ માટે વર્ણનાં બંધનો અને વિધિનિષેધોની આંટીઘૂંટીવાળી કેળવણી એટલા માટે ગોઠવી છે કે એમાં ઘડાતો ઘડાતો માનવી આત્મપ્રેમના વિકાસમાં ઉન્નત બનતો જાય છે અને છેવટે આત્માની એકતાનો અનુભવ કરવા માટે સમસ્ત વાસનાનાં બંધનોને તોડી કાપીને નિર્માન–નિર્મોહી તરીકે જીવન વિતાવી જીવન્મુક્તિનું અનુપમ સુખ ભોગવી શકે છે.

આમાંએ અપવાદ રહ્યા છે. ચતુર્થાશ્રમી જ તત્ત્વવિદ્ હોઇ શકે એવો કડક નિયમ નથી. ચતુર્થાશ્રમી તો તત્ત્વવિદ્ હોવો જ જોઇએ એ

વાતમાં તથ્ય અને સંપૂર્ણ સત્ય છે, કારણ કે એણે એને માટે બધા બાહ્ય સંબંધોનો ત્યાગ કર્યો છે અને જીવનના એક માત્ર પરમધ્યેય માટે જ પ્રખર પુરુષાર્થ આરંભ્યો છે.

છતાં પણ જન્મથી પ્રત્યેક જીવાત્માના એક સરખા સંસ્કાર હોતા નથી. ગૃહસ્થાશ્રમી પણ જીવનમાં સંયમી બનીને, સદ્‌ગુરુશરણ, ઇશ્વર-ભકિત અને અનાસક્ત વ્યવહાર પાળીને અસંખ્ય જીવન્મુક્ત જ્ઞાની થઇ ગયા છે એવાં દૃષ્ટાન્ત છે. ભગવાન બુદ્ધ, શંકર, રામાનુજ, મધ્વ, ચૈતન્યની પ્રણાલિકામાં અસંખ્ય ત્યાગીઓ છે, તો અજાતવાદના પોષક, વેદાન્તના સર્વોત્તમ આચાર્ય શ્રી વસિષ્ઠ ગૃહસ્થાશ્રમી હોવા છતાં તત્ત્વવિદ્‌ હતા; ઉપનિષદ્‌કાળમાં પણ ઘણા રાજર્ષિઓ જ્ઞાની હતા એવું વાંચીએ છીએ. છેલ્લાં ૩૦૦–૪૦૦ વર્ષમાં જોઇએ તો શીખ-સંપ્રદાયના ગુરુઓ, કબીર, નરસિંહ મહેતા, જનાર્દન સ્વામી, એકનાથ વગેરે ભારતવર્ષના પ્રત્યેક ભાગમાં ગૃહસ્થાશ્રમી હોવા છતાં અપૂર્વ જ્ઞાની તરીકે પ્રસિધ્ધિ પામ્યા છે.

તાત્પર્ય એ કે શું ગૃહસ્થાશ્રમી કે શું ચતુર્થાશ્રમી ગણાતા ત્યાગી, બન્નેમાં મુખ્ય શરત તત્ત્વવિદ્‌ હોવાની છે, બાહ્ય વર્તન કે આશ્રમની નથી. ઉપર કહ્યું તેમ ચતુર્થાશ્રમી જ્ઞાની હોવો જ જોઇએ એ નિયમ છે, ત્યારે ગૃહસ્થાશ્રમી પણ જ્ઞાની હોઇ શકે એ અપવાદ છે.

\+ + +

આવી સમદૃષ્ટિ કેળવવી અઘરી છે. બાહ્ય લક્ષણથી જ લક્ષ્યને ઓળખાવવાનો પ્રયત્ન કરનારા કે બાહ્ય લક્ષણમાં જ દૃષ્ટિને રૂંધી રાખનારા વર્ગની સમજણ સાચી કહી શકાય નહિ. મનુષ્યના પ્રત્યેક કર્મની પાછળ એના આંતરિક હેતુ અને ભાવને જ્યાં સુધી જોતાં સમજતાં ન આવડે ત્યાં સુધી શું વ્યવહાર કે શું પરમાર્થ, બન્નેમાં મનુષ્ય અવ્યવસ્થા

કરી મૂકે છે અને પોતે અશાંતિનો ભોકતા બની જગતમાં અશાંતિ વધારવામાં અનાયાસે નિમિત્ત બને છે. આટલા માટે જ વર્ણ અને આશ્રમની યોજનામાં અધિકારભેદ રાખીને હજારો વર્ષથી ચાલી આવતી પ્રણાલિકામાં સનાતન સત્ય ભરેલાં છે. બાહ્ય એકતા કે સમાનતા સ્વીકારવામાં સંસ્કારની સંકરતા થતાં રજોતમોગુણની વૃદ્ધિ થાય છે, વિલાસ અને સ્વચ્છંદ ઉભરાય છે, જર, જમીન અને જોરૂ માટે દેશદેશ વચ્ચે યુદ્ધ થાય છે અને અધર્મ તથા અનર્થની અથડામણો વધે છે.

જગત કેવલ ઉપદેશ આપવાથી, પ્રેમ જેવા દૈવી સંપદ્‌ના પ્રભાવથી કે એકાદ વ્યક્તિના ચારિત્ર્યની સત્તાથી પાંચપચીસ વર્ષ માટે સુધરે કે બગડે એમ દેખાય, પરન્તુ એ મર્યાદા સનાતન ટકતી નથી. જેઓ આ વિશ્વના ત્રિગુણાત્મ સ્વરૂપને સમજતા નથી, તેઓ જ તેમાંના એક જ ગુણના સામ્રાજ્ય માટે મિથ્યા પરિશ્રમ કરે છે. ઉપરાન્ત **સત્ત્વગુણ સામ્રાજ્ય માટે નહિ પણ સ્વરાજ્ય માટે છે એ ખાસ સમજવા જેવું છે. વ્યકિતગત મનોમુક્તિ એટલે સ્વરાજ્ય એવો અર્થ આપણા વેદવેદાન્તશાસ્ત્રોએ કર્યો છે.** મનુષ્યનું પોતાનું સ્વ એટલે આત્મકેન્દ્ર. એનું જ્ઞાન અને ઓળખાણ એટલે જ **સ્વ**-જ્ઞાન ( આત્મજ્ઞાન ); કોઇપણ વ્યકિત આત્મજ્ઞાની થાય એટલે સંસારનાં બંધનથી મુકત થયો કહેવાય અને એવી જીવન્મુકિત એટલે **સ્વરાજ્ય.** સર્વસ્વના ત્યાગ વિના સ્વરાજ્ય મળે નહિ, માનવસમુદાય સર્વત્યાગી બને એ સંભવે નહીં, સત્ત્વગુણના પ્રભાવ વિના સર્વસ્વત્યાગનાં સ્વપ્ન ફળીભૂત થાય નહીં, એટલે સ્વરાજ્ય પ્રાપ્ત કરવું એ બહુ જ ઉત્તમ સંસ્કારી અને ત્યાગપ્રધાન મનુષ્ય માટે જ સંભવી શકે. એવું મોક્ષ-સ્વરૂપ સ્વરાજ્ય સિદ્ધ કરવા માટે આશ્રમની વ્યવસ્થા છે. એક આશ્રમ-માંથી બીજા આશ્રમમાં મનુષ્ય ત્યાગનું વર્તુલ વધારતો જાય છે અને છેવટે ચતુર્થ આશ્રમમાં સંન્યાસી બની સ્વરાટ્ બને છે.

સ્વરાજ્ય અને સામ્રાજ્યનો મૂળભૂત તફાવત સમજવા જેવો છે. સ્વરાજ્ય વ્યકિતગત છે, સામ્રાજ્ય સમૂહ માટે છે. સ્વરાજ્ય માટે પોતાનામાં સત્ત્વગુણની અધિકતા જોઇએ, કારણ કે એમાં પોતાના મન ઉપર રાજ્ય કરવાનું છે; સામ્રાજ્યમાં પ્રજાસમૂહ ઉપર રાજ્ય કરવાનું હોઇ રજોગુણ જોઇએ, કારણ કે એમાં તમોગુણને દબાવી સત્ત્વગુણની રક્ષાનું કર્મપ્રધાન વ્યવહારકાર્ય છે; એમાં સમૂહની ભાવના છે, વ્યકિતની નહીં. જમાડતી વખતે જેમ બધાંયને એક જ જાતનું અને એકસરખું ન જમાડતાં જેવો જેનો જઠરાગ્નિ, તે પ્રમાણે અનુકૂલ અન્નજલ અપાય, અજીર્ણવાળો કે અકરાંતિયો વધારે ખાવા જાય તો જબરદસ્તીથી રોકવો પડે અને શાંતિથી ખાનારના ભાણામાંથી કોઇ ઝૂંટવી જતું હોય તો એકનું રક્ષણ કરીને બીજાને વારવો-મારવો પડે, એવી ક્રિયામાં અહિંસા કે દયાના પ્રવાહને અનધિકારી તરફ વાળીએ તો અધર્મ થાય. તેવી જ રીતે ધાર્મિક, નીતિમાન, પરોપકારી મનુષ્યોને કોઇ અધર્મથી ત્રાસ આપતું હોય તો એનું રક્ષણ કરવા જે કર્મ થાય એનું નામ જ રાજ્ય અને સામ્રાજ્ય, એ સામ્રાજ્ય એટલે રજોગુણદ્વારા સમાજની વ્યવસ્થા કે સમભાવ રાખવાનું સમૂહગત કર્મ: એ વ્યવસ્થામાં સત્ત્વગુણ એકલો અસહાય બને. એકજ ગુણથી જગત પણ ચાલે નહિ, કારણ કે સત્ત્વ, રજસ્, કે તમસ—એ ત્રણેય ગુણની રમત એટલે જ જગત.

\+ + +

દેવર્ષિઓ તો બાહ્ય લક્ષણોની શોધમાં હતા; કોઈ પ્રભાવશાલી, શાંત તથા અતુર્થાશ્રમી જેવો સ્ત્રીવર્જિત હોય, વ્યવહારકર્મથી રહિત હોય, પ્રેમથી સંબોધી સંસારનું અનિત્ય સ્વરૂપ સમજાવી આત્માના પરમ ધનની ખાણ ઉઘાડી આપે,—એવી કોઇ વિરલ વ્યકિતની શોધમાં તેઓ હતા. તત્ત્વવિદ્ કે તત્ત્વનિષ્ઠ કેવો હોય એવું એ જાણતા નહોતા. જન-

સમૂહમાં તો એમને કોઈ એવો જણાયો નહોતો. દેવો પણ પોતપોતાના સાત્વિક સુખનાં બંધન ભોગવતા હતા, અને ઋષિઓ કર્મ-યજ્ઞનાં ચક્રો ફેરવતાં ફેરવતાં હજુ વિરામ–વિશ્રાંતિના જ્ઞાનમણકા સુધી પહેંચ્યા નહતા એટલે એમણે હિમાલય ખૂંદવા માંડયો. બ્રહ્મલોકમાં, વૈકુંઠમાં અને કૈલાસમાં એમને સંસાર દેખાયો, પતિપત્નીરૂપે એ ત્રિપુટીની લીલા જોઇ, તેથી ભ્રમણા એટલી બધી વધી કે હિમાલયના શિખરો ગણવા માંડયાં.

દેવાધિદેવ, જ્ઞાનદાતા, મોક્ષદાયક અને અજ્ઞાનના સંહારક એવા શ્રી મહાદેવે, એમની મનઃકામના માપી લીધી. ઉપર કહ્યું છે તેમ આ વિશ્વમાં પ્રત્યેક–પ્રાણીપદાર્થમાં આંતરબાહ્ય સ્વરૂપમાં ભેદ હોય છે. જ્યાં જ્યાં સમજણ હોય તેટલો અંશ સત્ત્વગુણનો છે; જ્યાં જ્યાં ક્રિયા હોય તે રજોગુણનો અને જ્યાં જ્યાં ઇચ્છા હોય તે તમોગુણનું લક્ષણ અને અંશ છે. શાસ્ત્રોક્ત બ્રહ્મા–વિષ્ણુ–મહેશની ત્રિપુટી એનાં પ્રતીક છે.

બ્રહ્મા સૃષ્ટિના સર્જક છે—બનાવનાર છે. ઇચ્છા વિના કોઇ ક્રિયા થાય નહીં, તમોગુણની વાસના વિના રજોગુણ પ્રવૃત્ત થાય નહીં એટલે બ્રહ્માના આંતર સ્વરૂપમાં જ્ઞાન પૂરતો સત્ત્વગુણ, ઇચ્છા પૂરતો તમોગુણ અને ક્રિયા પૂરતું બાહ્ય સ્વરૂપ રજોગુણનું છે.

વિષ્ણુ સૃષ્ટિના રક્ષક છે—ક્રિયા વિના રક્ષણ બની શકે નહિ એટલે એમની ઇચ્છા પૂરતો તમોગુણ, ક્રિયા પૂરતો રજોગુણ તથા રક્ષણ પૂરતો બાહ્યસ્વરૂપે સત્ત્વગુણ છે. મિતભાષી કે મધુભાષી થયા વિના વિશ્વસમૂહને સમજાવીને શાંતિ સ્થાપી શકાય નહિ એટલે વિષ્ણુનું બાહ્ય સ્વરૂપ સત્ત્વગુણનું છે.

મહેશ્વર શંકર સંહારક છે—બાહ્ય સ્વરૂપ તમોગુણનું છે, કારણ કે સંહારની ક્રિયામાં પ્રખર ક્રિયાશકિત જોઇએ અને અંતરમાં સંહારની

ઇચ્છારૂપ રજોગુણ અને સંહાર થયા પછી જીવોના ઉધ્ધાર પૂરતું જ્ઞાન જોઇએ, એટલે અંતરમાં સત્ત્વગુણ પ્રધાન છે.

આટલું સ્પષ્ટીકરણ કરવા છતાં એક વસ્તુ જરૂર લક્ષ્યમાં રાખવાની છે કે એ ત્રણે ય જુદાં જુદાં વ્યક્ત સ્વરૂપો નથી. એક જ પરમતત્ત્વ જ્ઞાન-ઇચ્છા-ક્રિયાસ્વરૂપે જુદી જુદી રીતે બોલાય એટલું જ; સૃષ્ટિ (રચના) વખતે એ જ પરમતત્ત્વ બ્રહ્મા કહેવાય, સંરક્ષણ વખતે વિષ્ણુ અને સંહાર વખતે શિવ તરીકે ઓળખાય છે.

+ + +

પેલા દેવર્ષિઓ તથા નારદ વગેરે બ્રહ્માના માનસપુત્રોને નિરાશ બનીને ભટકતા દેખી અંતરમાં સત્ત્વગુણથી ભરેલા, કોમળતા અને કૃપાના ક્ષીરસાગર જેવા શ્રી શંકરને કરુણા ઊપજી. એમણે વિચાર્યું કે જેવી રીતે એમને ઉપદેશ મળે, જે સ્વરૂપ પાસેથી એ બધા શ્રધ્ધાપૂર્વક જ્ઞાન ગ્રહણ કરી શકે એવા સ્વરૂપે એમને દર્શન-ઉપદેશ આપવાં જોઇએ.

ત્રણે ય ગુણોમાં સત્ત્વગુણથી જ્ઞાન ઊપજે છે. એજ વિશેષ ઉપકારક અને સહાયક છે; અંતઃકરણમાં સત્ત્વગુણ હોય ત્યારે જ દૈવી સંપદ્‌નો આવિર્ભાવ કહેવાય છે, સત્ત્વગુણની વિશેષતા થાય ત્યારે ઇચ્છા અને ક્રિયારૂપ રજોતમોગુણ પ્રતિ અરુચિ ઊપજે છે, સંસારનાં ઉત્પત્તિ-રક્ષણમાં સુખ નથી એટલું જ નહિ, પણ સુખનાં વિરોધી રાગદ્વેષ આદિ દ્વંદ્વોની સતામણી છે. પરંતુ આ બધું ત્યારે જ સમજાય છે કે અંતઃકરણમાં સત્ત્વગુણના વૃદ્ધિવિકાસ દ્વારા જ્ઞાનવૈરાગ્ય આવે.

+ + +

ભગવાન મહેશ્વરે દયા કરી. જ્ઞાનના ઉપદેશક તો શ્રી શંકર જ છે. પુરાણોમાં અને ઉપાસનામાર્ગમાં બ્રહ્મા-વિષ્ણુ-મહેશની સ્વાભાવિક પધ્ધતિ આ પ્રમાણે છેઃ બ્રહ્મા એટલે સૃષ્ટિકર્તા બ્રહ્મદેવ. સૃષ્ટિની

રચનામાં ક્રિયા અવિરત ચાલ્યા કરે, સૂર્ય, ચંદ્ર નક્ષત્ર, તારામંડળ, ગ્રહમંડળ વગેરે અવિરત ભાવે વિચરે, તેથી શાસ્ત્રમાં એને બ્રહ્મયજ્ઞ કહ્યો છે. એ બ્રહ્મયજ્ઞનું રૂપાન્તર આપણો વેદવિભાગ છે, અને વેદવિભાગમાં પણ જ્યાં યજ્ઞના કર્મકાંડનો વિષય આવે છે એ બધું સાંસારિક પ્રવૃત્તિમય છે. પ્રવૃત્તિપ્રધાન જીવો માટે કર્મકાંડ છે, અને જેઓ મોક્ષના ઇચ્છુક હોય એમને, સંસારની ઇચ્છા શાંત થયેલી હોવાથી બ્રહ્માની પાસેથી મોક્ષોપદેશ મેળવી શકાતો નથી. બ્રહ્માની ઉપાસના એટલે વેદોક્ત કર્મકાંડ.

વિષ્ણુ સંસારનું રક્ષણ કરે છે, રક્ષણકાર્યમાં ધનવૈભવ, પુત્રપરિવાર જોઇએ એટલે વિષ્ણુની આરાધના સકામ, નિષ્કામ ભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે, કર્મકાંડ અને ઉપાસનાની ક્રમપરંપરાથી તત્ત્વજ્ઞાન સુધી પહોંચાડે છે, પરન્તુ જ્ઞાનના સાક્ષાત્ સાધનમાં એનો કશો યે ઉપયોગ નથી, કારણ કે જ્યાંસુધી સંસારના રક્ષકની ઉપાસના કરીએ ત્યાં સુધી સંસાર રહે. સંસાર એટલે તો જન્મમરણનું ભવચક્ર. એમાં બધે જ અનિત્ય નામરૂપની રમત. જ્યાંસુધી એ રમત હોય ત્યાં સુધી મોક્ષસુખની આશા વ્યર્થ છે. વિષ્ણુ અને વિષ્ણુના અવતારોની ઉપાસના એટલે વૈકુંઠપ્રાપ્તિ. વૈકુંઠ એટલે જ્યાં કોઇ પણ જાતનાં વિધિ, બાધા કે અડચણ ન હોય તેવી અકુંઠિત ગતિ. ભગવાનનાં વિગ્રહસ્વરૂપ અને માયા (લીલા) વિલાસ, શરીરધારીનો—દિવ્ય-ચૈતન્યમય શરીરનો પ્રકાશમય આનંદ અને એ જ સ્વર્ગ.

ભગવાન મહેશ્વર સંસારસંહારક ઇષ્ટ છે. સૃષ્ટિનો સંહાર કરે છે, એટલે કે સંસારના મૂલ કારણ આત્મા—પરમતત્ત્વના અજ્ઞાન (અવિદ્યા)નું ઉચ્છેદન કરે છે. અવિદ્યાનું ઉચ્છેદન કરવું એટલે સંસાર-વૃક્ષનું નિર્મૂળ થવું ભગવાન શંકર પાસે તો સંસારથી, જન્મમરણાદિ

દ્વંદ્વનાં સંસરણથી મુકત થવા જવું. તત્ત્વનાં સાધન સાધ્યની સમજણ મેળવવાનો પ્રયત્ન કરનારા જિજ્ઞાસુ કહેવાય, અને સમજણ 'જ્ઞાન' મેળવીને નિત્યને માટે દ્વંદ્વથી છૂટવાનો પ્રયત્ન કરનારા મુમુક્ષુ કહેવાય. ભગવાન શંકર તમોગુણરૂપ અજ્ઞાનનો સંહાર કરે, અને પોતાના અંતરમાં રહેલા સત્ત્વગુણના જ્ઞાન વડે, સાધકના ચિત્તમાં વૈરાગ્ય, ભકિત અને સંવેગ ઉપજાવી તત્ત્વસ્વરૂપ તરફ વાળી, જીવરૂપ સાધકને અનેક યુકિતઓ, અસંખ્ય સાધના, અને અનુભવની કૂંચીઓ વડે આત્મભંડારનાં તાળાં ઉઘાડી આપે. ત્રણેય તત્ત્વનું અધિષ્ઠાન, સગુણનિર્ગુણના ભેદથી પર જે પરમતત્ત્વ સૌનું સ્વરૂપ છે, એ જ જીવાત્માનું પણ છે, એવો અભેદાનુભવ કરાવી જીવ-શિવની એકતા સંબોધી સાધકને નિદિધ્યાસન કરાવે એટલે સાધક પોતે શિવોઽહમ્ એવું અહોનિશ રટણ કરે. આ છે ભગવાન શિવની ઉદારતા.

બ્રહ્માની ઉપાસનામાં યજ્ઞ કરો, કર્મ કરો, ફલ ભોગવો, શરીર ધારણ કરો, વગેરેની ઘટમાળ અને વિશ્વચક્ર ચાલ્યા જ કરવાનું.

વિષ્ણુની ઉપાસનામાં 'હે ભગવાન! હું તમારો દાસ છું, દીન પામર છું, અકિંચન છું'' ઈત્યાદિથી જીવે પામર બનીને, અધમાધમની દશામાં રહીને, વિયોગના દુઃખમાં રડીરડીને, વિરહના અગ્નિમાં બળીઝળીને હંમેશાં પ્રાર્થના જ કર્યા કરવાની રહી; દ્વૈતમાં સંયોગવિયોગના પ્રસંગો ઊભા થાય તથા ભગવાન અને ભકત બન્નેને નિત્ય રહેવા વિહરવા માટે કોઇ લોક (જગત) જોઇએ, એટલે વૈકુંઠ કે સ્વર્ગની મનોમય ભૂમિકાની દિવ્ય લીલાનો આનંદ લેવા શરીર ધારણ કરીને વિષ્ણુને લોકલોકાન્તરમાં પણ કોઇ વાર વિહરવાનું રહે.

ભગવાન શંકરની ઉપાસનામાં દ્વૈતમૂલક કાર્યરૂપ સંસાર અને કારણરૂપ અવિદ્યાનો સંહાર થાય. એટલે જ્યાં દ્વૈત જ ન રહે

ત્યાં જીવ-જગત-ઇશ્વરની ત્રિપુટીનો ભેદ ન રહે; રહે માત્ર એક, કેવલ અદ્વૈત, પરમતત્વ શંકરનું વિશુદ્ધ બ્રહ્મસ્વરૂપ. જીવશિવનો ભેદ જાય, ઉપાધિભેદ ટળે; માયા, અવિદ્યા જેવાં અજ્ઞાનનાં આવરણ ગયાં એટલે રહ્યું અનિર્વચનીય મૌનસ્વરૂપ—શિવોહમ્ ૐ

+ + +

આવા કરૂણાસાગર આદ્યયોગીવર્ય શ્રી શંકરે કોઇ પણ આશ્રમીનાં ચિહ્નોનો બાહ્ય ભાસ ન થાય, એવું વિશુદ્ધ સ્ફટિક જેવું, ચૈતન્યનું પ્રતિબિંબ ઝીલે એવું શરીર ધારણ કર્યું: દેહની અવસ્થા યુવાન રાખીને માનસસરોવરના રમ્યતટ ઉપર વટવૃક્ષની છાયામાં સિદ્ધાસનસ્થ બનીને દક્ષિણ દિશા તરફ મુખ રાખીને બેઠા.

દેવર્ષિઓ ઉત્તરમાં જતા હતા એટલે એમને સન્મુખ થવાય એ એક ઉદ્દેશ અને બીજો, શિષ્ય ઉન્નતગામી છે, ઊંચે ને ઊંચે આરોહણ કરનારો છે, એટલે એમની સન્મુખ થવું એવો ઉત્તર-શબ્દના અર્થમાં ઉચ્ચ દિશામાં જવાનો ભાવ છે. આચાર્ય તો તત્ત્વસ્વરૂપ હોવાથી એમનામાં ઉપરનીચેના ભેદભાવ નથી. ઉન્નતિ-અવનતિનો પ્રશ્ન નથી, કારણ કે પરમતત્વ તો ગતિથી, સ્પંદનથી, પ્રકૃતિનાં કોઇ પણ લક્ષણથી પર છે, એટલે એ દેવાધિદેવ શંકરને તો શિષ્યના ભાવ પ્રમાણે વર્તવાનું હોય છે. સામે મળવા આવનાર યજમાનની પેઠે શિષ્યોનો સત્કાર કરવા તૈયાર થઇને એ પોતે દક્ષિણ તરફ મુખારવિંદ રાખીને બેઠા.

દિવ્ય કાન્તિ, સૌમ્ય મુખારવિંદ, યુવાન અવસ્થા, ડાબા બે હાથમાંથી એકમાં પુસ્તક અને બીજામાં કમંડલું, જમણી તરફના હસ્તદ્વયમાં એકમાં સ્ફટિકની અક્ષમાળા અને બીજા હાથથી જ્ઞાનમુદ્રા ધારણ કરેલા એમને બધાયે જોયા. દર્શનથી વિસ્મિત થયા. પાસે આવીને આનંદમુગ્ધ

બન્યા, ચિત્તમાં સ્વાભાવિક જ શાંતિ વ્યાપી. બધી વાતમાં અગ્રસર થતા નારદજીએ પ્રશ્નો પૂછવા માંડયા. શિષ્યો ઉત્તરાભિમુખ બેઠા, ભગવાન દક્ષિણામૂર્તિ દક્ષિણ દિશાને પ્રકાશતા હતા.

શિષ્યોએ પ્રશ્નો પૂછયા; પરન્તુ ગુરુ તો મૌન જ રહ્યા. જ્ઞાનમુદ્રા રાખીને સ્વસ્થ, શાન્ત બેઠા છે. જમણા હાથના અંગૂઠાની સાથે પહેલી આંગળી જોડવાથી બાકીની ત્રણ આંગળીઓ છૂટી રહે એ જ્ઞાનમુદ્રા કહેવાય છે. મૌન અને જ્ઞાનમુદ્રા, એમાંથી શિષ્યોએ સાર ગ્રહણ કર્યો.

\+ \+ \+

આખ્યાયિકા આટલી જ છે, જેના પર થોડુંક પ્રાસંગિક વિવેચન ઉપર કર્યું છે. બાકીના બીજા મુદ્દા જરા જોઇ લઇએ.

૧ ઉત્તરનો અર્થ ઉચ્ચતર, ઊંચે–વધારે ઊંચે એવો થાય છે, જીવાત્મા પોતે બધી દિશાઓમાં પ્રકૃતિના ત્રણે ગુણો, કર્મો, ધર્મો અને ફલ-બંધનોથી ઘેરાયેલો હોવાથી એમાંથી છૂટીને ઊંચે ઊડવા ઇચ્છે ત્યારે એ ઊર્ધ્વગતિ થયો કહેવાય, તેથી શિષ્યો ઉત્તરાભિમુખ જ ગયા હતા એમ કહ્યું છે.

૨ ગુરુ દક્ષિણામુખ છે; શિષ્યોને ત્રણ ગુણમાં વિરાગ આવ્યો છે; પરબ્રહ્મ ત્રણ ગુણથી પાર છે; બ્રહ્મ અને બ્રહ્મવિદ્ એક છે અને આચાર્ય બ્રહ્મવિદ્ છે, તેથી જ્યાં બ્રહ્મા-વિષ્ણુ-મહેશનાં ત્રિગુણ સ્વરૂપનો અંત આવે ત્યાં ગુણાતીત પરમતત્ત્વ શિષ્યને અભિમુખ થાય છે. શિષ્યો પ્રતિ મુખ રાખવું એટલે જ દક્ષિણામુખ થવું.

૩ નારદ, સનક, સનંદન વગેરે બ્રહ્માના માનસ પુત્રો છે. સૃષ્ટિ બે પ્રકારની છે: એક માનસ એટલે મનઃકલ્પિત અને બીજી

સ્થૂલ એટલે શારીરિક. સંસારમાં કોઇ ગૃહસ્થાશ્રમીને પોતાનાં શરીરસંબંધવાળાં પુત્રપુત્રી હોય તે સ્થૂલ અને બીજાં કોઇને પોતાનાં છોકરાં જેવાં કે એથી પણ વિશેષ પોતાનાં માને તે માનસ પુત્રપુત્રી કહેવાય.

૪ માનસ પુત્ર અને શારીરિક પુત્ર વચ્ચે તફાવત છે: શારીરિક પુત્રપુત્રી સ્થૂલ શરીરની કામવાસનામાંથી જન્મેલાં હોય છે. વાસનાના પ્રેર્યાં પૂર્વજન્મના ઋણાનુબંધથી આવી મળેલાં એવાં પુત્રપુત્રી પોતપોતાના પૂર્વકૃત સંસ્કારો લઇને આવે છે. સંસ્કારનો ગમે તેટલો તફાવત હોય, સારાં સ્વભાવનાં હોય કે ખરાબનાં, પરંતુ એ આજીવન પુત્રપુત્રીજ કહેવાય છે;

૫ માનસ પુત્રમાં મુખ્ય વાત સંસ્કારની એકતા છે. સમાન ગુણ અને સમાન શીલવાળાં હોય તેના પ્રતિ પુત્ર પુત્રી જેવો સદ્ભાવ થાય, એમાં સ્થૂલ શરીરનો સંબંધ હોતો નથી; શારીરિક પ્રજા પુત્રપુત્રીજ કહેવાય ત્યારે માનસ પ્રજા પુત્રપુત્રી **જેવાં** કહેવાય, એ મોટો તફાવત છે.

૬ પ્રવૃત્તિ એટલે સાંસારિક વાસનાવાળાં વૃત્તિ તથા કર્મ અને નિવૃત્તિ એટલે સંસારની વાસનામાંથી પાછા વળી પરમાત્મા તરફનાં મનોવૃત્તિ તથા કર્મ; સૃષ્ટિકર્તા બ્રહ્માની સૃષ્ટિમાં આવાં બે પ્રકારનાં મનુષ્યો હોય છે. એ આદિપિતાના શારીરિક સંબંધમાંથી ઉત્પન્ન થયેલા આદ્ય ઋષિઓ અને એમના ગોત્રજો તથા વંશજોરૂપે સાંસારિક મનોવૃત્તિવાળા જીવાત્માઓ બધા શારીરિક પુત્રો છે.

૭ બ્રહ્માના **માનસ** પુત્રો એટલે બધા નિવૃત્તિના ઇચ્છુક; **સનક સનંદન** તથા નારદ વગેરેનાં ચારિત્રો એટલા જ માટે જ્ઞાનભક્તિ અને વૈરાગ્યપ્રધાન વર્ણવ્યાં છે, કારણ કે એમની મનોવૃત્તિ બ્રહ્માના બ્રહ્મમાનસ જેવી છે.

૮ દક્ષિણામૂર્તિના જેટલા અર્થ કલ્પો એટલા નીકળે. (૧) શિષ્યો ઊર્ધ્વમુખી કે અન્તર્મુખી હોવાથી ઉત્તરપથગામી છે, એટલે આચાર્ય દક્ષિણ દિશા તરફ મુખારવિંદવાળા જ હોય: અન્ય દિશામાં મુખ કલ્પીએ તો ઉપદેશ ન આપી શકાય. (૨) દક્ષ એટલે ચતુર; બુદ્ધિશાલી એટલે બુદ્ધિ (જ્ઞાન) પ્રદાન કરવામાં દક્ષ; દક્ષિણા-મૂર્તિ એટલે બુદ્ધિ — દક્ષિણા વિજ્ઞાન વડે જ જે મૂર્તિનો અનુભવ મેળવી શકાય તે. (૩) પરબ્રહ્મસ્વરૂપ સૃષ્ટિકર્તા શ્રી બ્રહ્માના માનસપુત્રો એટલે બધા તત્ત્વજિજ્ઞાસુ કે મોક્ષેચ્છુને બ્રહ્મજ્ઞાન આપવા માટે જ યુવાન સ્વરૂપ ધારણ કરેલા પરમયોગીવર્ય શંકરના અવતારનું પરમકલ્યાણમય જ્ઞાનમુદ્રાવાળું સ્વરૂપ. (૪) જાગ્રત અવસ્થામાં આત્મચૈતન્ય વિશેષ ભાવે જમણી એટલે દક્ષિણ આંખમાં રહી વ્યવહાર કરે છે; સદ્‌ગુરુ જાગ્રત એટલે સાવધાન રહી સ્થૂલ શરીરે શિષ્યોને ઉપદેશ આપે એટલે એ દક્ષિણચક્ષુ (મૂર્તિ) કહી શકાય.

૯ વ્યાખ્યાનમાં મૌન એટલા માટે વર્ણવ્યું છે કે પરમતત્ત્વ મન-વાણીનો વિષય નથી. બન્નેથી અગોચર હોવાથી શબ્દદ્વારા જેટલું કહી શકાય, મનવડે જેટલું કલ્પી શકાય, બુદ્ધિવડે જેટલું ચિંતવી શકાય એ બધું પરિચ્છિન્ન, મર્યાદિત અને અમુક જ ભાષામાં આવે એટલે અપૂર્ણ કહેવાય. મૌન એ જ પરમતત્વનો અનુભવાત્મક ઉપદેશ છે. ભાષા તો વાણીનો વિકાર છે.

૧૦ શિષ્યો વૃદ્ધ અને ગુરુ યુવાન એટલા માટે કહ્યા છે કે શિષ્યો સંસારની ભાવનાથી વૃદ્ધ છે; એમની શારીરિક અવસ્થા માનસિક વૃદ્ધાવસ્થાની દ્યોતક છે: ભવચક્રમાં ભમીભમીને એ ઘરડા થઇ ગયા છે, જ્યારે ગુરુદેવ નિત્યનિરંતર પરમતત્વનું પોષણ મેળવી બ્રહ્મભાવનું અખંડ યૌવન દીપાવે છે.

૧૧ માનસરોવર એટલે અંતઃકરણનો, સૂક્ષ્મ શરીરનાં કાર્ય-કરણનો પ્રદેશ: એમાં બ્રહ્મજ્ઞાનથી ભરપૂર અને અનુભૂત એવો વિજ્ઞાનમય કોષ ગુરુદેવ છે, જ્યારે સંસારની અસંખ્ય મનોવૃત્તિઓ શિષ્યો છે—એ શિષ્યો નિવૃત્તિની વૃત્તિઓ છે. બ્રહ્મ એક અને અદ્વિતીય છે, માયાબદ્ધ જીવો અસંખ્ય છે.

૧૨ વટવૃક્ષ એ સંસારવૃક્ષનું સ્વરૂપ છે; હિમાલય પ્રદેશ સર્વોચ્ચ સ્થાનનું પ્રતીક છે, એકાન્તનું સૂચક છે અને મહાદેવના શિવલિંગનું દ્યોતક છે.

૧૩ જ્ઞાનમુદ્રામાં અંગૂઠો અને પહેલી આંગળી મેળવતાં બાકીની ત્રણ આંગળી છૂટી રહે તે ત્રણ ગુણનું પ્રદર્શન કરાવે છે; અંગૂઠો અને આંગળીને એક કરતાં અંગૂઠો પુરુષવાચક અને આંગળી પ્રકૃતિ વાચક છે. પુરુષપ્રકૃતિનો અભેદ એટલે અલિંગી બ્રહ્મતત્વ; ત્રિગુણથી મુક્ત અને અસ્પર્શ્ય: મૌન રાખીને જ્ઞાનમુદ્રાદ્વારા આવો ઉપદેશ આપ્યો.

આવા દક્ષિણામૂર્તિ દેવની ઉપાસના માટે ભગવાન શંકરાચાર્યનું સ્તોત્ર અને શ્રી સુરેશ્વરાચાર્યનું વાર્તિક છે. એ વાર્તિક ઉપર બીજી ટીકાઓ પણ છે. ઉપર લખેલો શ્લોક પહેલા શ્લોકના પહેલા પ્રકરણમાં

ઉપરટે નમસ્કારરૂપે લખાયેલો છે જેમાં ઇશ્વર, સદ્ગુરુ અને આત્માનો અભેદ બતાવ્યો છે. ઇશ્વર એટલે મનવાણીથી પર એવા સ્વજ્ઞાન અને સ્વેચ્છાથી માયાને સ્વીકારી, એને વશ રાખી સગુણ બ્રહ્મરૂપે સમસ્ત વિશ્વનાં સૃષ્ટિ-સ્થિતિ-સંહાર નિભાવે તે પરમેશ્વર; એનાં અસંખ્ય સ્વરૂપ, (નામ અને રૂપ) હોઇ શકે; સદ્ગુરુ એટલે માનવશરીરધારી, બ્રહ્મતત્ત્વના અનુભવી, નિઃસ્વાર્થ ભાવે કરુણાસાગર બની જિજ્ઞાસુને પરમ બોધ આપે એ આચાર્ય. આત્મા એટલે પ્રત્યેક પ્રાણીપદાર્થનું પ્રત્યક્ સ્વરૂપ અંતર્યામી ચેતન—એ ત્રણેયનો ઉપાધિનો ભાગ કાઢી નાંખીએ તો બાકી કેવળ પરમ ચેતનતત્ત્વ જ રહે. એ ચૈતન્ય સર્વવ્યાપક અને મહાનથી મહાન છે માટે બ્રહ્મ કહેવાય, બધાનું અધિષ્ઠાન છે માટે આત્મા કહેવાય. બ્રહ્મવિદ્ જે માનવશરીર વડે એનો અભેદભાવે અનુભવ કરે તે વ્યકિતમાં શિષ્ય ગુરુપદ અર્પે, એટલે એ સદ્ગુરુ કહેવાય. ત્રણેય મૂર્તિથી જુદાં, સ્વરૂપે એક.

ઉપાધિભેદ વિકારી અને અનિત્ય છે અને તે ઉપરાંત જ્યાં જ્યાં ઉપાધિભેદ ત્યાં ત્યાં નામરૂપ હોય એ સિદ્ધાન્ત અટલ છે. બધાં નામ ભિન્ન ભિન્ન ભાષાનાં અને રૂપ વર્ણભેદવાળાં હોવાથી એ બધાને માયાનો વિકાર સમજી તથા એનો ત્યાગ કરી પરમતત્ત્વમાં દૃષ્ટિ પરોવવી એ જિજ્ઞાસુ–મુમુક્ષુનું લક્ષ્ય–ધ્યેય.

+ + +

ઉપનિષદ્સમૂહમાં પરમતત્ત્વનું વિશદ વિવેચન છે. આચાર્યોએ ભિન્નમતિ શિષ્યના અધિકાર પરત્વે ઉપદેશ આપી સાધનની કેડીઓ પાડી આપી છે. શ્રી દક્ષિણામૂર્તિની આખ્યાયિકામાં મુખ્ય મુદ્દો

આચાર્યની આવશ્યકતાનો છે. ઋષિઓ, દેવપુરુષો, નારદ, સનક, સનંદન વગેરેનો પણ દૃષ્ટિભ્રમ બતાવી મૌન અને જ્ઞાનમુદ્રા નામનાં બે ઉપદેશરત્નોની આપણને, પરંપરાગત શિષ્યોને ભેટ આપી છે. ભગવાન્ શંકરાચાર્યે અસંખ્ય સ્થાને તત્ત્વને અનિર્વચનીય કહીને સાધકને પ્રથમ વિવેક, વૈરાગ્યાદિ સાધનસંપત્તિ કેળવવા ઉપર ખૂબ ભાર મૂકયો છે. જ્યાં સુધી બુદ્ધિ સાધનશુદ્ધ ન હોય, ત્યાં સુધી પરમતત્ત્વ માટે દ્વૈતાદ્વૈતની તર્કચર્ચા કરવી વ્યર્થ છે, કારણ કે સંસારભ્રષ્ટ બુદ્ધિમાં વિશુદ્ધ તર્ક કરવાનું સામર્થ્ય જ હોતું નથી.

મોક્ષ આત્મજ્ઞાનથી મળે છે એ વાત સોળે આના સાચી, પરંતુ તેવા અધિકારીએ કેટકેટલાં સાધનવડે પોતાનાં નિષ્કામ કર્મથી ચિત શુદ્ધ કરીને કોઇ ઇષ્ટ દેવની ઉપાસના ( યોગ )દ્વારા ચિત્તનો નિરોધ કરવો જોઇએ, એટલાનો જ જો જિજ્ઞાસુ કે મુમુક્ષુ કહેવાતા સાધકો ગંભીરતાથી વિચાર કરે તો ઘણું છે.

ભગવાન્ શંકરાચાર્ય અને એમના મુખ્ય શિષ્યોની વાત કરતાં પહેલાં એમની પ્રણાલિકામાં થયેલા બીજા સંન્યાસીઓનાં ચારિત્ર્ય પર નજર ફેરવીએ તો પણ જણાશે કે એમની અધિકારી બનવાની તૈયારી જબરદસ્ત હતી. ઇષ્ટ દેવને પરમતત્વસ્વરૂપ માની એમની એકભાવે—કે અનન્યભાવે બધાએ ભકિત કરી છે. ઉપરાંત જીવનમાં તત્ત્વવિવેક, ભરીને વૈરાગ્યના અગ્નિવડે ત્રિગુણાત્મ સંસારના મોહને બળીને ભસ્મ કરી નાંખવા નિરંતર તૈયારી રાખી છે.

મૌનમાં જેમ નિર્ગુણ તત્વના ઉપદેશનો સંકેત છે, તેમ જ્ઞાનમુદ્રામાં છૂટી ત્રણ આંગળીઓ વડે સંસારમાં અસંખ્ય ત્રિપુટીની રમત ચાલે છે, એનો નિર્દેશ છે. અંગૂઠો અને પહેલી આંગળીને એક કરી બતાવવામાં

પુરુષપ્રકૃતિના ભેદ ભૂલીને એક માત્ર બ્રહ્મ જ પરમ સત્ય છે એમ ચોખ્ખું દેખાડી આપ્યું છે.

દક્ષિણામૂર્ત્તિને ભગવાન શિવનો આચાર્યસ્વરૂપે આવિર્ભાવ માનીને શ્રી શંકરાચાર્યે એ સ્તોત્રની રચનામાં વિવર્તવાદની પ્રક્રિયા ગોઠવી છે, અને થોડી બિંબપ્રતિબિંબવાદની સહાયતા લીધી છે. એક જ અજાતવાદના શિખર ઉપર પહોંચવા માટે જે પગથિયાં છે, તેમાં વિવર્તવાદ મુખ્ય અને સહાયક નીવડે એવાં દૃષ્ટિસૃષ્ટિવાદ કે પ્રતિબિંબવાદ જેવા વાદોની અધિકાર પરત્વે યોજના છે. સાધકે પોતાની સમજણ પ્રમાણે કોઇ પણ વાદનો સ્વીકાર કરી એ રીતે અદ્વૈત તત્ત્વનો અનુભવ કરવાનો છે, કારણ કે અજાતવાદની દૃષ્ટિએ બધા વાદો સાપેક્ષ છે. વિશુદ્ધ અજાતવાદીને કોઇ પણ વાદની સાથે વિરોધ નથી, ભેદ તો અનેકવાદીઓની વચ્ચે છે. ભગવાન ગૌડપાદાચાર્ય માંડૂક્યોપનિષદની કારિકાના અદ્વૈતપ્રકરણમાં સમાધાન કરે છે કે :—

स्वसिद्धान्तव्यवस्थासु द्वैतिनो निश्चितादृढम् ।
परस्परं विरुध्यन्ते तैरयं न विरुध्यते ।।१७।।

અદ્વૈતપ્રકરણ.

અર્થ :—દ્વૈતવાદીઓ (કેવલાદ્વૈતવાદને ન માનતાં બે, ત્રણ, પાંચ, પચીસ કે તેથી વધારે તત્ત્વોને વિશ્વનું કારણ તેમજ વિશ્વને બ્રહ્મના જેટલું જ નિત્ય (સત્ય) માનનારાઓ) પોતપોતાના સિદ્ધાન્તોની વ્યવસ્થામાં દૃઢ આગ્રહી હોવાને લીધે પરસ્પર વિરોધ દાખવે છે, પરન્તુ આ (અદ્વૈતાત્મદર્શન) એમનાથી વિરોધ નથી કરતું.

અદ્વૈતવાદનો ઢંઢેરો છે કે જીવ એ જ બ્રહ્મ છે; જે દ્વૈતાભાસ થાય છે તે કલ્પના માત્ર છે; માયા (અવિદ્યા, અજ્ઞાન વ.)ને લીધે એ કલ્પના અકારણ ઊભી થાય છે અને તેથી અનેકત્વનું ભાન થાય છે; એનું સ્થાન

(એ માયાનું સ્થાન) દ્વૈતની કલ્પના કરનારના પોતાના અંતઃકરણમાં છે; દ્વૈત જ સમસ્ત ઉપાધિઓ અને દ્વંદ્વોથી પરિપૂર્ણ છે એમ સમજીને એમાંથી જ્યાં સુધી વૈરાગ્ય ન ઊપજે ત્યાં સુધી એ માયાવૃક્ષને નિર્મૂળ કરવાની ઇચ્છા પ્રકટ થતી નથી. કલ્પના કરનાર જીવ, કલ્પેલું દૃશ્યપ્રપંચનું વિશ્વજાલ, અને જીવ, માયા (કલ્પનાનું કારણ) અને દૃશ્યપ્રપંચ—એ બધાં સમકાલીન તથા અન્યોન્ય આશ્રિત અધ્યાસવાળાં હોવાં છતાં બધો દોષભાગ જીવભાવ ઉપર આવે છે. કારણ કે દ્વૈતનું ભાન, અને બંધન દ્રષ્ટાસ્વરૂપ જીવમાં છે; જેણે જે દોષ કર્યો હોય, એ જ એને માટે જવાબદાર હોઇ એ જ એ દોષને કાઢી શકે: અસંખ્ય અધિકારભેદવાળા જીવાત્માઓ દ્વૈતની લીલામાં જાત જાતની વાસ્તવિકતા માને એમાં અભેદદર્શી અનુભવીને કશો વિરોધ નથી, કારણ કે ભેદનો કદી એક જ પ્રકારે નિર્ણય થઇ શકે એમ છે જ નહીં.

અભેદદર્શન કહે છે કે જ્યારે દ્વૈતવાદી સંસારથી વિરક્ત થશે કે થાકશે ત્યારે એની મેળે એ માનશે. ત્યાં સુધી ઉતાવળ શા? આપણે એક દૃષ્ટાન્ત લઇએ: થોડાં વર્ષો ઉપર નજરે જોયેલી એક વાત છે. ઓગણીસ–વીસ વર્ષનો, કોલેજમાં ભણતો, પરણેલો, સારા સંસ્કારી માતાપિતાનો પુત્ર મગજની સમતુલા ગુમાવી બેઠો. શરીર નીરોગી અને સુદૃઢ હોવા છતાં એને કસરતનો શોખ લાગ્યો. કસરત કરવાની ઇચ્છામાં પોતાના હાથપગને બહુ જ પાતળા માને, શરીરને દૂબળું માને અને સવારમાં કસરત કરે તે વખતે આખે શરીરે તેલ ચોળતાં ચોળતાં એમ જ માને કે મારા હાથપગ બહુ પાતળા છે.

છેવટે મગજના જ્ઞાનતંતુઓ નબળા પડયા. એક જ ધૂન માથામાં રમ્યા કરે કે 'બસ, મારા હાથપગ બહુ પાતળા છે.' આવું બોલે અને બેસે કે તરત જ પગ અને જાંઘ ઉપર હાથવતી ચોળતો જાય; કશી

બીમારી નહોતી, હાથપગ સરસ હતા, શરીર સશક્ત હતું, પણ કસરતની ધૂનમાં પોતા હાથપગને દૂબળા માન્યા અને એ ધૂનની હદ એટલે સુધી વધી પડી કે બીજું બધું મૂકીને આખો દિવસ શરીર અને હાથપગ ઉપર જ નજર ને હાથ ફેરવ્યા કરે, અને એમજ બોલે કે "જુઓને હાથપગ કેટલા બધા પાતળા છે!"

આ ભ્રાંતિ હતીઃ શરીર ખરી રીતે સશક્ત હોવાં છતાં પણ ભ્રાન્તિને લીધે પોતાને દુર્બળ માનનારા માણસને માટે શું ઉપાય? વૈદ્ય દાકતરો દવા આપે, સમજુ માણસો એને સમજણ આપે, કોઇ સારવાર કરે, ઉપાયો થાય, પણ એના અંતઃકરણમાં જે ભ્રાન્તિ પેઠી છે એ તો જ્યારે એના જ્ઞાનતંતુઓ પ્રબલ થાય ત્યારે જ નીકળે અને એ પોતે જ કહાડે ત્યારે નીકળે.

એવી જ રીતે જીવભાવની જે ભ્રાન્તિ છે, અંતકરણમાં જે દોષ પેઠો છે, એ જીવનો પોતાનો ભ્રમ છે. એની બુદ્ધિને શુદ્ધ કરવી પડે, હું જીવ નહીં પણ એક અદ્વૈત બ્રહ્મસ્વરૂપ, સચ્ચિદાનન્દઘન છું, એવી જ્ઞાનદૃષ્ટિ મેળવવી પડે. એ જ્ઞાનદૃષ્ટિ દૃઢ ટકી રહે એટલા માટે એનામાં મનોબળ ઊપજે તેવાં સાધન કેળવવાં પડે. ( ૧ ) મનમાંથી ભ્રાન્તિ કહાડવામાં ( ૨ ) તથા મૂળ ભાવ લાવીને ટકી શકે એટલી નિશ્ચયાત્મક બુદ્ધિ બનાવવા માટેનાં સાધનદ્વારા અંતઃકરણ તૈયાર થાય ત્યાં સુધી એને પોતાની મૂલ સ્વરૂપસ્થિતિનું ભાન થતું નથી. શ્રી શંકરાચાર્ય આવા જીવાત્માઓ માટે સાધનક્રમ બતાવે છે. વિશ્વનાં સૂક્ષ્મ તત્વોરૂપી દેવદેવતાનું ઋણ વધારીને વર્તમાન જન્મ સુધી સાધક પહોંચ્યો છે, તે ફેડવા માટે કર્મકાંડ અને ચિત્તને બલવાનબનાવવા માટે ધ્યેયમાં ઈશ્વરભાવ સમર્પી એના પ્રતિ અનન્ય ભકિત વધારવા માટે ઉપાસનાકાંડ, એમ કર્મ-ઉપાસનાનો પ્રારંભ ક્રમ છે.

શ્રી દક્ષિણામૂર્તિસ્તોત્રમાં શ્રી દક્ષિણામૂર્તિનાં જાપાઠ વગેરે કર્મકાંડ તથા ધ્યાનયોગદ્વારા ઉપાસનાકાંડનો સમાવેશ થયો છે. એ બન્ને સાધનો પરિપક્વ થાય તેની સાથેસાથે એમાં જ્ઞાનકાંડનાં પણ રહસ્યો ભર્યાં છે કે જેથી અંતિમ લક્ષ્ય સુધી પહોંચી શકાય. 'ઉત્થાન'ના પહેલાં ચાર વર્ષના અંકોમાં એ સ્તોત્રનું સરહસ્ય ભાષાંતર આવી ગયું છે. અવકાશે જુદી પુસ્તિકારૂપે પ્રકટ થશે.

આવા શ્રી મહેશ્વરના આચાર્યસ્વરૂપ શ્રી દક્ષિણામૂર્તિને અસંખ્ય કોટિ નમસ્કાર ! સૌનું એ શ્રેય કરે એવી મંગલ પ્રાર્થના. ૐ

# ईशावास्यमिदं सर्वम्

આપણાં ઉપનિષદ્ની સંખ્યા બહુ મોટી છે; પરન્તુ એમાં મુખ્ય તો બાર ગણાય છે. સૌથી પ્રથમ આચાર્ય શ્રી શંકરાચાર્યે જે ઉપનિષદો ઉપર ભાષ્ય લખ્યાં એ મહત્ત્વનાં એટલા માટે મનાય છે કે એનાં ભાષા અને ભાવમાં મૌલિકતા છે. ત્યારપછીના લગભગ ૧૧૮ કે તેથી પણ પાંચપંદર વધારે જે છે, એમાં મુખ્ય ઉપનિષદોનો વિસ્તાર અથવા એના એ જ મંત્રોના પુનરુલ્લેખ છે. એમના ઉપર શ્રી શંકરાચાર્યનાં ભાષ્ય નથી.

એ બાર ઉપનિષદ્માં પણ ઇશાવાસ્ય ઉપનિષદ્નું નામ તથા ક્રમ પ્રથમ આવે છે; કારણ કે બીજાં ઉપનિષદ્ વેદના બ્રાહ્મણભાગમાંથી લીધેલાં છે, ત્યારે ઇશાવાસ્ય ઉપનિષદ્ સંહિતાવિભાગનું છે. વેદના બ્રાહ્મણવિભાગ કરતાં સંહિતાવિભાગ પ્રાચીન મનાય છે.

એ ઉપનિષદ્ ઉપર ઘણાં ભાષ્યો છે. આદ્ય શંકરાચાર્યથી માંડીને છેલ્લા આચાર્ય યોગીરાજ અરવિન્દે પણ એના ઉપર પોતાના તત્ત્વ-સિદ્ધાન્તની ઇમારત બાંધી છે. સૌ પોતપોતાનાં દર્શન (અનુભવ) પ્રમાણે એમાંથી સાર તારવી કાઢે એ સૃષ્ટિક્રમ છે. તત્ત્વની એકતા તથા અદ્વિતીયતા સંબંધે બધાની એકવાક્યતા હોવા છતાં પણ તત્ત્વને મૂકીને વિશ્વની તરફ જ્યારે બધા દૃષ્ટિ ફેરવે છે ત્યારે એની સત્યાસત્ય વાસ્તવિકતા માટે મતભેદ ઊભા થાય છે. વિશ્વ પરમતત્ત્વથી ભિન્ન સત્તાવાળું છે કે કેમ, એ મહાપ્રશ્નનો ઉકેલ સૌ પોતપોતાની

દૃષ્ટિ પ્રમાણે કરે છે અને અનુયાયીઓ એમનાં વાક્યોને પ્રમાણ માની એ પ્રમાણે આચારવિચાર સેવે છે.

આ વાત નવી નથી; વેદકાલીન ઋષિઓ પણ એ સમજતા હતા કે મતભેદ હોવા એ માનવીય બુદ્ધિનું સ્વભાવગત લક્ષણ છે, અને તેથી કોઇ પ્રજ્ઞાશીલ ઋષિ ભાખી ગયા છે કે एकं सत् विप्रा बहुधा वदन्ति। સત્ એટલે પરમતત્ત્વ તો એક છે પણ વિપ્રો એને અનેક રીતે ભાખે છે. આ વિપ્રો એટલે વિશ્વ, અને વિશ્વકર્તાનો વિચાર કરી એના મૂળ કારણને શોધવાનો પ્રયત્ન કરનારા જીવનવેત્તાઓ. કાર્યકારણની પરંપરા તપાસતાં જે જેટલા કારણ સુધી પહોંચ્યો હોય તેટલે ઊભો રહીને કાર્યરૂપ વિશ્વની નિત્ય-અનિત્ય સ્થિતિનો દ્રષ્ટા બને; અને એ પ્રમાણે કારણકાર્યને કોયડો ઉકેલવાનો દાવો કરે એ સ્વાભાવિક છે.

\+ + +

સંસ્કૃત ભાષામાં જે શબ્દો છે. એના અર્થો પણ કાળે કરીને અવનવું રૂપ ધારણ કરતા જાય છે, એ પણ વિપ્રોના બુદ્ધિવિકાસનું માપ બતાવે છે. પરમતત્ત્વ માટે બ્રહ્મ શબ્દ બહુધા વપરાય છે; પણ એટલેથી ન પતતાં એ બ્રહ્મ એક જ છે અને એવું કહેનાર તથા સમજનાર પણ એ એક હોવા છતાં ગુણનો ભંડાર છે; એવું ને એવું રહેવા છતાં વિશ્વનું સર્જન કરે છે; વિશ્વ પણ એના જેટલું જ સત્ય છે, વિશ્વની રચના બ્રહ્મનો લીલા-વિલાસ છે; આવી આવી કેટલીએ મોહક દલીલો કરે છે. દૃષ્ટિગોચર થતી આવી યુક્તિઓ સામાન્ય કોટિના ભક્ત સાધક જિજ્ઞાસુ-મુમુક્ષુને ઉપયોગી ન થતાં મતિભ્રમના વમળમાં ફેંકી દે છે. વસ્તુને મેળવતાં પહેલાં વસ્તુનાં શુદ્ધ લક્ષણ અને સ્વરૂપ ઓળખવા માટે બુદ્ધિવડે તર્ક કરવાની આવશ્યકતા છે ખરી, પણ બુદ્ધિ એટલી ઝીણવટ-

ભરી તપાસ માટે તૈયાર હોવી જોઇએ. સંસારના વિષયોમાં ફસાઇને મૂંઝાઇ ગયેલી, રજોગુણના રાગદ્વેષથી રંગાયેલી અને તમોગુણની જડતાથી પથ્થર જેવી બનેલી, તેમજ મોહ, રાગદ્વેષ અને અહંકારથી આંધળી બુદ્ધિ શુદ્ધ વસ્તુનું સંશોધન કરવામાં સમર્થ હોઈ શકતી નથી. શુધ્ધ બુદ્દ્નાત્કં અને નિશ્ચલ ચિત્તનો ભાવ (શ્રધ્ધા) જ્યાં સુધી માનવી-અંતઃકરણમાં સમભાવે જાગ્રત ન થાય, ત્યાં સુધી સાંસારિક મલથી મલિન અને કિલષ્ટ બનેલું અંતઃકરણ સંસારથી વિમુખ બની શકતું નથી. સંસારથી વિમુખ થયા વિના પરમતત્ત્વ તરફ અભિમુખ થવાય નહિ, અને ક્ષણભર થવાય એમ માની લઇએ તો પણ એમાં નિત્યને માટે ટકી શકે નહિ.

ઝેરી પદાર્થથી ખરડાયેલી કડછીથી દૂધ જેવી અમૃતતુલ્ય વસ્તુને હલાવવા જઇએ તો બધું દૂધ ઝેરી અને અખાદ્ય બની જાય છે, તેવું જ આપણા અંતઃકરણનું છે. અંતઃકરણમાં સંસારના રાગદ્વેષ અને અહંમમત્વનાં વિષ ઘોળાતાં હોય, ત્યાં સુધી પરમતત્ત્વની શોધનક્રિયા માટે બુદ્ધિને અધિકારી માની શકાય નહિ.

શાસ્ત્રોનાં વાકયો તથા શબ્દોની વ્યાખ્યામાં પણ આવું જ બને છે. સમસ્ત વિશ્વની નિત્યતા અને પ્રિયતા જ્યાંસુધી અંતઃકરણમાં ચોંટી-વળગી રહેલી હોય, વિષયાનંદની ઝંખનાની આગ મનમાં બળ્યા કરતી હોય, દેહ અને ઈંદ્રિયોના ભોગ વિલાસની દુર્વાસના મનમાં ગંધાતી હોય, ત્યાં સુધી વિશુદ્ધ આનંદની કલ્પના પણ કયાંથી સંભવી શકે ? અને વિશુધ્ધ આનંદની કલ્પના વિના નિર્વિષયી આનન્દકેન્દ્ર સમા પરબ્રહ્મની શોધ માટે જેવી અને જેટલી શુધ્ધ અને સબળ બુધ્ધિ બનાવવી જોઇએ, એ વાત કોટિ કલ્પે પણ એવા વિષયાંધને ગળે ઊતરે નહીં. આ વાત

બધા ધર્મ, સંપ્રદાય, મત તથા પંથના તટસ્થ જ્ઞાની પુરુષોએ એકજ રીતે કહી છે ને કહે છે.

\+ + +

'ઇશ્વર' શબ્દની વ્યાખ્યા માટે આવુંજ બન્યું છે. ભિન્ન ભિન્ન દર્શનકારોએ, પોતપોતાના દ્વૈત-અદ્વૈતના તેમજ પ્રકૃતિનાં તત્ત્વોની સંખ્યામાં મતભેદને લીધે જુદી જુદી વ્યાખ્યા કરી છે. પુરાણોમાં ઇશ્વર, પરમેશ્વર, પરમાત્મા, પરબ્રહ્મ, ભગવાન–આવાં નામ વિભિન્ન અર્થવાચક તરીકે વાપર્યાં છે. આમાં લાભહાનિ બન્ને છે. ભિન્ન લોકરુચિને પોષવા સંતોષવા માટે થતો ઉપયોગ જ્યારે વેદધર્મના ભૂષણરૂપ છે એમ માનીએ, તો સામાન્ય સાધકવર્ગને પોતાને કયો અર્થ ઉપયોગી થઈ પડશે એની પ્રાથમિક ભ્રાન્તિ ઊભી થાય એટલું એમાં દૂષણ પણ કેમ નહિ?

પણ આપણે એ વાત ટૂંકામાં પતાવવી છે. દર્શનકારોએ જ જુદી જુદી વ્યાખ્યાઓ કરી, ત્યાં સામાન્ય મનુષ્યનું શું ગજું? આપણે ઈશાવાસ્ય ઉપનિષદ્‌ના 'ઇશ્વર' શબ્દનો વિચાર કરી જોઇએ અને ભગવાન શંકરાચાર્ય જે રીતે અર્થ કરે છે એટલાથી સંતોષ માનીએ, કારણ કે આપણી દૃષ્ટિ સાધનપૂરતી મર્યાદિત છે. સાધન અને સાધના સાચાં હશે તો લક્ષ્યસ્વરૂપ ઇશ્વરનાં દર્શનમાં અપૂર્ણતા નહિ રહે. સાધકને નિત્યસ્મરણમાં ઉપયોગી થાય, સરળતાથી જપ થઇ શકે અર્થ સમજાય અને સ્વભાવથી જ જેનો જપ ચાલ્યા કરે એટલા માટે 'ઇશ્વર' શબ્દ અને એના ભાવવાચક નામ 'ૐ'નું રહસ્ય સમજવાની ખાસ જરૂર છે.

ઇશ્વરનો શબ્દાર્થ તો ઇશ=શાસન કરવું, સત્તા ચલાવવી એવો છે. સમસ્ત બ્રહ્માંડનાં આવિર્ભાવતિરોધાન જેમાં થતાં હોય, અને એમ થતાં પણ જેના સ્વરૂપધનમાં કશો પણ કલ્પિત વિકાર (ઊણપ, વૃદ્ધિ, પરિવર્તન કે ગુણધર્મ) પણ પ્રવેશી ન શકે એવું પરમતત્ત્વ બ્રહ્મના નામે ઓળખાય છે. એ એક અને અદ્વિતીય હોવાથી એમાં તો જગતની કલ્પના પણ નથી; પરન્તુ એ પરમસિદ્ધાન્ત તો લક્ષ્યસ્વરૂપે છે. જ્ઞાતવ્ય અને પ્રાપ્તવ્ય એ જ હોવા છતાં પણ જગતનો જીવાત્મા જ્યાં સુધી જગતની વચમાં રહ્યો છે ત્યાં સુધી અંત:કરણ તથા ઇંદ્રિયસમૂહથી જેટલું પ્રત્યક્ષ થાય એને જ સત્ય માને એમાં શું આશ્ચર્ય !

જગત પ્રતિ દૃષ્ટિ ફેરવે એટલે જગત્કર્તાની કલ્પના સ્ફુરે; ઉપરાંત જગતના કારણનું પણ અનુમાન બાંધે; બુદ્ધિની દોડ જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી એને ત્રિપુટીનું અસ્તિત્વ સાચું લાગે; (૧) જીવાત્મા પોતે, (૨) દૃશ્યમાન થતું જગત (૩) અને જીવજગતને ઉત્પન્ન કરી એના પર સત્તા ચલાવનાર કોઇ પરમ ચેતન—એવી ત્રિપુટી એ ગોઠવે એ સહજ અને સ્વાભાવિક છે.

સૃષ્ટિની રચનામાં જ્ઞાન જોઇએ માટે એ સર્વજ્ઞ હોય; જ્યાં જ્યાં રચના કરવાની હોય ત્યાં એની હાજરી જોઇએ માટે એ સર્વવ્યાપક હોય. રચના નિત્ય, ત્રિકાલમાં હોય જ માટે એ નિત્ય હોય. બધી વ્યવસ્થા સાચવે માટે એ સર્વશક્તિમાન હોય. આવું આવું સૃષ્ટિના નિયમો તપાસતાં તપાસતાં એને જે સૂઝે તેવાં લક્ષણો એ પરમ ચેતનનાં બાંધે અને જ્યાં જ્યાં પોતાને નિરાધાર, નિરાશ્રય તથા અલ્પજ્ઞ માને ત્યાં ત્યાં એની પ્રાર્થના કરે અને પોતાના કલ્યાણ માટે સ્તુતિ કરે.

આવી પરમચેતનશાલી અદૃષ્ટ શકિતને ઇશ્વર નામ અપાયેલું છે, કારણ કે સત્તા ચલાવવામાં સર્વોત્તમ શકિતશાલી હોય તે ઇશ્વર; પરન્તુ આવા સાદી સમજવાળા શબ્દાર્થને પરમતત્ત્વવિદો, વિદ્વાનો, પારદર્શી ઋષિઓ અને દર્શનકારો માને શાના? શુદ્ધ બુદ્ધિના તર્કની કસોટી ઉપર ચડાવીને જ સિધ્ધ અર્થ દાખવનારા તો એની પ્રત્યેક દિશાને જોઇ તપાસી લે. જ્ઞાનવિજ્ઞાનની દૃષ્ટિએ ઊણપ આવે એવું કહી નાખે એવા કે ઉપલક અટકળ કરે એવા થોડા જ હતા? બ્રહ્માંડના અધિષ્ઠાન તરીકે એક જ પરમતત્ત્વ છે એવી એમણે અમૂલ્ય અનુભવાત્મક શોધ કરીને વિશ્વની ભૂત-ભાવીની બુધ્ધિને પરાકાષ્ટાએ પહોંચાડી. ત્યારપછી જગતના કારણને શોધતાં જે બે કારણો જોઇએ,—એક સૃષ્ટિકર્તા ચેતન, અને બીજું સૃષ્ટિ જેમાંથી બને તે વસ્તુ, એમ નિમિત્ત અને ઉપાદાનરૂપ બન્ને કારણોની પરંપરા શોધીને પણ એમ જ ભાખ્યું કે એ પરમતત્ત્વ જ નિમિત્ત તથા ઉપાદાન કારણ છે; બન્ને કારણરૂપે એ એક જ પરબ્રહ્મ છે.

નિમિત્ત કારણરૂપે જ્યારે એ પોતાને ઓળખાવે છે ત્યારે એનામાં સૃષ્ટિ-સ્થિતિ-સંહારનું ઐશ્વર્ય આવે, એટલે એને ઇશ્વર કહેવાય; અને ઉપાદાન કારણ રૂપે એને જુદું પાડવા જઇએ, ત્યારે ઉપાદાન તો ઇશ્વરને અધીન હોય એટલે એને એ ઇશ્વરનું સામર્થ્ય, બલ, શકિત, એવું કંઇક નામ આપવા જતાં ‘માયા’ એવું વિચિત્ર નામ આપ્યું. એ વિચિત્રતા એટલા માટે કહેવી પડી કે ઉત્પત્તિ-સ્થિતિ-લય તો નિત્ય નથી; નિત્ય તો પેલું પરમતત્ત્વ એક અને અદ્વિતીય જ છે; તેથી ઇશ્વર અને ઇશ્વરની શક્તિ—એ બન્નેની આ સૃષ્ટિ-સ્થિતિ સંહારની એક લીલા-માત્ર છે, અને કઇ શકિતથી, કયા હેતુથી, કયા નિમિત્તથી એ લીલા ભજવાય છે, એનું રહસ્ય માનવી બુધ્ધિથી તો અગમ્ય છે. અનિત્ય જેવું આ બધું ભાસે છે, જડચેતનવાળું અનિર્વચનીય છે, એટલે છે,

નથી, હતું, હશે, હોય જ, ન પણ હોય, આવાં અનેકવિધ કલ્પનાતંત્ર ગોઠવવાં એના કરતાં પરમતત્ત્વની દૃષ્ટિથી મા (નથી) છતાં સૃષ્ટિની દૃષ્ટિથી યા (જે) છે એવું ભાસે છે—માટે એને **માયા** નામ આપો તો ચાલશે.

આમ માયા, માયાપતિ તે ઇશ્વર અને એની અનિર્વચનીય વ્યાખ્યાઓ અસંખ્ય રૂપે શાસ્ત્રોમાં બંધાઇ છે. આપણે તો ઇશ્વરને આ વિશ્વબ્રહ્માંડનાં અધિષ્ઠાનરૂપે કેવી રીતે ઓળખવાનો છે એનો જ વિચાર કરીને વિરમશું.

\+ + +

કર્મને બ્રહ્માર્પણ કરવાના વિધિ વિષેના ભગવદ્ગીતાના ચોથા અધ્યાયમાં કર્મથી અસંગ અને ફલનો ત્યાગ કરીને નિત્યતૃપ્ત રહેવાનો ભગવાનનો આ પ્રમાણે આદેશ છે:—

त्यक्त्वाकर्मफलासंगं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैवकिंचित्करोति सः ॥

અ. ૪ શ્લો. ૨૦.

અર્થ:—કર્મનું અભિમાન તથા ફલની આસક્તિ ત્યજીને સર્વદા સંતુષ્ટ અને આશ્રય વગરનો કર્મમાં મચેલો છતાં પણ તે (જ્ઞાની) કાંઇ જ કરતો નથી.

કર્મ અને કર્મફલમાંથી મુક્ત થવા માટે આટલું કહીને કર્મને યજ્ઞ તરીકે માનવાની, ત્યાર પછીના ૨૩મા શ્લોકમાં આજ્ઞા છે. અહીં એ અધ્યાયનો વિસ્તાર ન કરતાં સાર તપાસી જોઇએ એટલે એટલું સમજાશે કે ત્રીજા અધ્યાયમાં જે કર્મચક્ર સમજાવ્યું છે એની ઉત્પત્તિ બ્રહ્મમાંથી બતાવી છે. આખો ક્રમ આ પ્રમાણે છે:

"અન્ન (ખાનપાન)માંથી પ્રાણીઓ, વરસાદ (જલ)માંથી અન્ન; યજ્ઞ (જઠરાગ્નિના પ્રાણને આહુતિ આપવા માટે થતાં લૌકિક તથા ઇંદ્રિયોને પોષક એવાં દેવદેવતાને અર્પણ—સ્તુતિ માટે કરાતાં કર્મ) માંથી વરસાદ; સમસ્ત બ્રહ્માંડમાં ચાલી રહેલી ગતિના ચિહ્ન સમા કર્મમાંથી યજ્ઞ; કર્મની ઉત્પત્તિ જ્ઞાન અને ઇચ્છામૂલક વેદ (જ્ઞાન)માંથી અને એ જ્ઞાન સાક્ષાત્ પરબ્રહ્મમાંથી ઉદ્ભવ કે આવિર્ભાવ પામે છે." ઊલટી રીતે તપાસીએ એટલે

પરબ્રહ્મમાંથી જ્ઞાન (વેદ)નો આવિર્ભાવ છે.
જ્ઞાન (ઇચ્છાવાળા)માંથી કર્મની ગતિ ઉદ્ભવે છે.
કર્મની સતત ગતિમાંથી યજ્ઞ ઉપજે છે.
યજ્ઞમાંથી વૃષ્ટિ થાય છે.
વૃષ્ટિથી અન્નજલ મળે છે.

અન્નજલ(ના આહાર-પોષણ)થી પ્રાણીઓ જન્મે છે. આમ પરંપરાએ પરબ્રહ્મમાંથી પ્રાણીમાત્રનો આવિર્ભાવ—સ્થિતિ છે. તો પછી એ પ્રાણીઓ પરબ્રહ્મ વિના બીજે ક્યાં જાય? પ્રાણીઓએ પોતે પણ સ્વાભાવિક રીતે જ પ્રકૃતિના ધર્મ પ્રમાણે, પરબ્રહ્મમાં જ ખપી જવું જોઇએ, અને તો જ આ સંસારચક્ર નભે.

આવા પરબ્રહ્મના પ્રવર્તાવેલા સંસારચક્ર પ્રમાણે જે નથી વર્તતો તે પાપી અને વૃથા જીવન ગાળે છે, *એમ ભગવાન કહે છે. જે મનુષ્ય આવી રીતે વૃથા જીવે એ પાપી જ નહિ, પણ પોતાનો નાશ નોતરી લે છે. કુટુંબ, સમાજ, દેશ અથવા રાજ્યમાં જે મનુષ્ય વિપરીત જીવન ગાળે તે બધાનો રોષક્રોધ વહોરાવાનો ભાગી બની નષ્ટપ્રાય: જીવન ગાળે છે; બધાથી બહિષ્કૃત અને તિરસ્કૃત બની દુઃખસાગરમાંજ ડૂબે છે.

---

* ભ. ગી. અ. ૩–૧૬.

તાત્પર્ય કે ઈશ્વરની સૃષ્ટિમાં કર્મચક્ર સતત ગતિમાન રહે છે; પરબ્રહ્મસ્વરૂપ ઈશ્વરમાંથી જ ક્રમ પ્રમાણે મનુષ્યપ્રાણી જન્મે છે, તો એણે પણ એ જ ક્રમ પ્રમાણે આગળ વધીને પરબ્રહ્મ સુધી જ પહોંચવું જોઈએ, એ અબાધિત નિયમ છે. પ્રકૃતિનું એ સહજસ્વભાવવાળું સ્વરૂપ છે.

\+ + +

ત્યારે માનવપ્રાણીએ એ ઈશ્વરના સ્વરૂપમાં કેવી રીતે ભળી જવું —હોમાઈ જવું ? ગીતાના કર્મબ્રહ્માર્પણ નામના ચોથા અધ્યાયમાં 'બ્રહ્માર્પણ' વિધિનો મંત્ર છે. એનું રહસ્ય એ જ છે કે 'અર્પણ (ની ક્રિયા) બ્રહ્મ છે; હોમવાની વસ્તુ બ્રહ્મ છે; જેમાં હોમાય છે તે અગ્નિ (ભસ્મીભૂત કરનાર તત્ત્વ) પણ બ્રહ્મ છે; એટલે બ્રહ્માગ્નિમાં બ્રહ્મરૂપ હોમનારે જે હોમ્યું તે પણ બ્રહ્મ છે. આવી બ્રહ્મબુદ્ધિરૂપ કર્મ-સમાધિવાળાને પ્રાપ્ત થનારું ફળ પણ બ્રહ્મ જ છે. *"

મનુષ્ય પોતે બ્રહ્મમાં પોતાનો અહંકાર હોમી દે, એટલે આહુતિ થનાર અહંકાર બ્રહ્મ બને; અહંકારને હોમવાની ક્રિયા બ્રહ્મ કહેવાય; અને બ્રહ્મજ્ઞાનરૂપ અગ્નિ અહંકારને ભસ્મીભૂત બનાવી બ્રહ્મરૂપે જ અવશેષ રહે, એટલે એ एकमेवाद्वितीयम् બ્રહ્મ જ હતું, છે અને હશે એવું ત્રિકાલાબાધિત જે સમજાય એ જ સર્વોપરિ સત્ય અને એ જ સર્વોપરિ સિધ્ધાન્ત.

આવી રીતે ઈશ્વરમાંથી જગતનો આવિર્ભાવ, એમાં જ સ્થિતિ અને એમાં જ લય થતો હોવાથી ત્રિકાલની કલ્પના દ્વારા જે નામરૂપ ભાસિત સંસારના વિકાર જણાય છે એ મિથ્યા છે અને ઈશ્વર જ પરમ સત્ય છે એમ નક્કી થાય છે.

\+ + +

---

* ભ. ગી. અ. ૪-૨૪.

ઉપર જે શબ્દનો ઉલ્લેખ કર્યો છે, અને જે ઉપનિષદ્‌માં એ વપરાયો છે તે ઇશાવાસ્ય ઉપનિષદ્‌નો પ્રથમ મંત્ર છે:

ईशावास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृध: कस्यस्विद्धनम् ॥

શબ્દાર્થ:–જગત (બ્રહ્માંડભર)માં જે કાંઇ સંસાર (સ્થાવર-જંગમ તથા મનોમય પદાર્થ) છે એ બધું ઇશ્વરથી વ્યાપ્ત છે. તેનો ત્યાગદૃષ્ટિથી ઉપભોગ કર; આકાંક્ષા (આશા, તૃષ્ણા કે વાસના) ન કર; ધન (જડચેતન પદાર્થ) તો કોનું (થયું) છે?

આ મંત્રમાં બધું ઇશ્વરનું છે, માટે ઇશ્વરાર્પણનો ભાવ ભરેલો છે; જગતમાં ઇશ્વર જ ઓતપ્રોત છે; વસ્ત્રમાં સૂતર, ઘડામાં માટી, વીંટીમાં સોનું જેવી રીતે વ્યાપેલાં છે તેમ. વસ્ત્ર, ઘડો અને વીંટીમાંથી સૂતર, માટી કે સોનું લઇ લઇએ તો જેમ વસ્ત્ર, ઘડો અને વીંટીનું અસ્તિત્વ ન રહે, એવું જ આ જગતનું ઇશ્વર સ્વરૂપ છે. આવી રીતે વિચાર અને વિવેક વડે જોતાં તો ઇશ્વર જ દ્રષ્ટા અને દૃશ્ય બની રહે છે. ઋષિ આ વાતનો આદેશ આપે છે કે:—

ईशावास्यम् ईदम् सर्वम् —

આ બધું ઇશ્વરથી વ્યાપ્ય છે: પરન્તુ वास्यम् શબ્દના વિદ્વાનો જુદા જુદા અર્થ કરે છે: (૧) પહેલો અર્થ આચ્છાદન કરવા જેવું છે; ઢાંકવા જેવું છે એવો થાય છે, એટલે કે જ્યાં જ્યાં જગત દેખાય ત્યાં ત્યાં બધું ઇશ્વરથી ઢાંકી દ્યો; જગતને બદલે ઇશ્વર જ જુઓ, એમાં જોનારને પણ ઇશ્વરથી જ આવરી લેવાનો રહ્યો, કારણ કે सर्वम् અને

ઇદમ્‌નો 'આ બધું'' એવો અર્થ થાય છે એટલે अहम्-इदम् બધું ઇશ્વરમય નહીં, પણ ઇશ્વર જ બની રહે છે. सर्वम् खलु इदम् ब्रह्म ''બધું ખરેખર આ બ્રહ્મ છે''–એ સર્વજ્ઞાત વાક્યનું જાણે આ વાક્ય રૂપાન્તર હોય એમ બની જાય છે. (૨) બીજો અર્થ वास्यम्‌નો વસવા-રહેવાના તાત્પર્યનો છે : એમાં પણ એ જ ધ્વનિ નીકળે છે જ્યાં જ્યાં જગતભાવ લાગે ત્યાં ત્યાં ઇશ્વર જ વસેલા છે, એટલે એ દૃષ્ટિએ પણ બધું ઇશ્વર છે; જગત નથી વસ્યું પણ ઇશ્વર જ વસી રહ્યા છે એટલે એ રીતે ઇશ્વર જ છે ને જગત્ નથી એમ નક્કી થાય છે : बासुदेवम् सर्वम् इति બધું વાસુદેવ (જે દેવ બધે વસી રહ્યા છે તે) જ છે, એ ભગવદ્‌ગીતાના વાક્યનું આ મૂળ હોય એમ સ્પષ્ટ જણાય છે. (૩) ત્રીજો અર્થ ઇશ્વરની વાસના એટલે ઇચ્છાથી આ બધું જગત્ ચાલે છે એવો થાય છે; એ પણ ખરું છે; જગત્‌માં યાવત્ જડચેતન પદાર્થ છે, તે બધાનું સંચાલન સર્વનિયંતા ઇશ્વરની ઇચ્છાથી થાય છે. જીવો પોતપોતાની અવિદ્યાને લીધે મલિન ભોગવાસના ઊભી કરે છે; એ પ્રમાણે વિષયપ્રાપ્તિ માટે કર્મો કરે છે, કર્મ પ્રમાણે ફલબંધ ભોગવે છે; ફલભોગ પ્રમાણે પાછી વાસનાની જાળ પોતે જ વણે છે, વાસનાનું મૂળ અવિદ્યા (અજ્ઞાન) છે, એટલે અજ્ઞાનમાંથી કર્મનો ઉદ્‌ભવ થઇ અજ્ઞાનમાં જ એનો લય થાય છે એવી અજ્ઞાન દૃષ્ટિ જ્યાં સુધી જીવ ન ત્યાગે, ત્યાં સુધી અવિદ્યાના સંસારચક્રમાં ભટકયા કરે છે.

વાસનાના બે પ્રકાર છે : વિષયભોગમાં રમણ કરનારી, બહિર્મુખ વૃત્તિવાળી, ફલમાં જ આસક્ત રહેનારી, કર્તાભોકતાવાળા અહંકારને પોષણ આપી જીવની જડતાને વધારનારી વાસના (આત્માના અજ્ઞાન) અવિદ્યામાંથી ઉદ્‌ભવ પામેલી હોઇ મલિન કહેવાય છે; એ મલિન વાસના જીવભાવને ટકાવી રાખી જન્મમરણ, સુખદુઃખ, રાગદ્વેષ, હર્ષશોક વગેરે દ્વંદ્વના સાણસામાં એને બાંધી રાખે છે.

શુદ્ધ વાસના આત્મજ્ઞાનની જિજ્ઞાસાવાળી હોવાથી અવિદ્યાનો નાશ કરતી જાય છે; વિષય અને ફલભોગમાંથી આસક્તિ દૂર કરી વિશુદ્ધ સચ્ચિદાનંદમય ઇશ્વરની પ્રાપ્તિ માટેનાં નિષ્કામ કર્મ, અહૈતુકી ભક્તિ તથા શ્રવણ, મનન, નિદિધ્યાસન માટેની નિવૃત્તિધર્મની પોષક બની મલિન વાસનાનાં બંધનોને કાપી નાખે છે. આમ જીવની વાસના મલિન છે. જ્યારે ઇશ્વરની વાસના શુદ્ધ હોઇ જીવમાત્રને સચ્ચિદાનંદસ્વરૂપની પ્રાપ્તિ કરાવનારી છે. આવી શુદ્ધ વાસનાની પ્રેરણા કરનાર ઇશ્વર છે એવો ત્રીજો ભાવાર્થ છે.

+ + +

(૧) ઇશ્વરથી બધું આચ્છાદન કરવા જેવું છે, (૨) ઇશ્વર જ બધે વસેલા છે, અને (૩) ઇશ્વરની શુદ્ધ વાસનાથી જ જગત ચાલે છે. એ ત્રણે ય અર્થ ઉપલક દૃષ્ટિએ જૂદા જણાતા છતાં ફલિતાર્થમાં એક જ રહસ્ય પ્રતિપાદન કરે છે. કોઇ પણ વસ્તુને એનુ ઢાંકણ ચડે ત્યારે એ વસ્તુ ન દેખાતાં ઢાંકણ જ જોનારની દૃષ્ટિમાં પડે છે. જ્યારે અને જ્યાં જ્યાં જગદ્‌ભાવ નજરે ચડે, ત્યારે અને ત્યાં ત્યાં બધે ઇશ્વરનાં દર્શન થવાં જોઇએ એ પહેલો અર્થ છે.

ઇશ્વર જ બધે વસેલા છે, એટલે કે જ્યાં જ્યાં જગત વસ્યું છે એમ લાગે ત્યાં બધે ઇશ્વરનો જ વાસ છે, જગતનો નથી, એવી રીતે ઇશ્વરની સર્વવ્યાપકતા દૃષ્ટાના અંતઃકરણમાં વસવી જોઇએ એ બીજો અર્થ છે.

ઇશ્વરની ઇચ્છાથી સર્વ પદાર્થ ચાલે છે, એટલે કે ગતિમાન રહેતું જગત પોતાની ઇચ્છાથી નહિ પણ ઇશ્વરની ઇચ્છાથી પ્રવર્તે છે એ ત્રીજો અર્થ. ઇશ્વરની ઇચ્છા પવિત્ર હોય, પ્રાણીમાત્રનું હિત કરનારી અને વિષયમુક્ત સચ્ચિદાનંદ પ્રાપ્તિ કરાવનારી હોય, એટલે જીવાત્માએ

પોતાની મલિન વિષયાસક્ત વાસનાને મારીને ઇશ્વરની ઇચ્છાને અધીન રહી, જીવન વિતાવી ઇશ્વરના સ્વરૂપાનંદમાં જ નિમગ્ન રહેવું જોઇએ, એવું રહસ્ય એમાં શોધવાનું છે.

ત્રણે ય અર્થનો સાર એ કે જગત નથી પણ ઇશ્વર જ છે; જીવમાત્રનું લક્ષ્ય ઇશ્વરપ્રાપ્તિ છે; એમાં વિઘ્નરૂપ જીવભાવ છે; જીવભાવ એટલે દેહાધ્યાસ; 'દેહ છું' એમ માનીને દેહનાં અંગાવયવ જેવાં અહંકારથી માંડી દસે ય ઇંદ્રિય સુધીનાં કરણોનો વિષયપ્રાપ્તિ માટે થતો મલિન વાસનાધીન દુરુપયોગ.

ઇશ્વરનું લક્ષ્ય અને દર્શન ધ્યેયમાં રાખીએ એટલે પ્રત્યેક ક્ષણે, પ્રત્યેક શ્વાસોચ્છવાસે ઇશ્વરનું ચિત્તમાં સ્મરણ રાખવું જોઇએ. સ્મરણ રાખનાર મન પોતાના જ અજ્ઞાનથી પોતાના જ સ્વરૂપભૂત ઇશ્વરને વિસારીને મન–વચન–કર્મથી જીવભાવ ધારણ કરી રાખે છે. મનમાં શરીરભાવના, વચનમાં ઇશ્વરેતર વાક્યોનું ઉચ્ચારણ અને કર્મથી ઇશ્વરપ્રાપ્ત્યર્થ નહીં, પણ દેહભોગને માટે થતાં કર્મ, આ ત્રણે ય ઇશ્વરનાં જ્ઞાન અને સ્મરણમાં મુખ્ય બાધક છે.

ઉપરના ત્રણે ય અર્થને સમર્થન કરે એવો ભગવાનનો પણ આદેશ છે:

ईश्वरस्सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥

ભ. ગી. અ. ૧૮/૬૧.

અર્થ:—યંત્ર ઉપર બેસાડેલાં પૂતળાંની પેઠે સર્વ ભૂતો (પ્રાણીમાત્ર)ને માયા વડે ભ્રમણ કરાવતા ઇશ્વર. હે અર્જુન! સર્વ ભૂતો (પ્રાણીમાત્ર)ના હૃદયદેશમાં વસેલા છે.

ઇશ્વર હૃદયદેશમાં મુખ્યત્વે રહે છે; બધાં પ્રાણીમાત્રોને ક્રિયાશીલ થવાની પ્રેરણા આપે છે, અને એમાં પોતાની માયાશક્તિનો ઉપયોગ કરે છે, પરન્તુ ઉદ્દેશ શું?

માયા એટલે ઇશ્વરની ઇચ્છા; એ ઇચ્છાનો અર્થ આપણે ઉપર જોઇ ગયા. ઇશ્વર પ્રાણીમાત્રને સચ્ચિદાનંદની પ્રાપ્તિ કરાવવા માટે ગતિશીલ કરે છે; એ જ જીવમાત્રનું ધ્યેય અને ઇશ્વરની ઇચ્છા તથા ઉદ્દેશ છે.

પરન્તુ જીવને પોતાનું અજ્ઞાન એમાં આડે આવે છે; એ અજ્ઞાન તો જીવનુ પોતાનું છે એટલે એણે પોતે જ કાઢવું જોઇએ. મધ્યાહ્નના અજવાળામાં ચારે બાજુ ભીંતો કરી મકાન બનાવીએ, તો જેમ એ દીવાલોની ઓથને લીધે જ એમાં પ્રકાશ ન જઇ શકે અને અંધારું ભરાઇ જાય; તેમ ઇશ્વર—પરમાત્મા સર્વત્ર જ્ઞાનપ્રકાશરૂપે વ્યાપક છતાં, જીવ પોતાના દેહાધ્યાસથી હૃદયની દીવાલો બનાવી અંતરમાં અજ્ઞાનરૂપી અંધારું ઊભું કરે છે. ઓરડાનું અંધારું દીવાલોને લીધે થાય છે, અને એ જ દિવાલોને આશ્રયે અને આધારે રહે છે; તેવીજ રીતે જીવનું અજ્ઞાન પોતાના અહંકારની દીવાલોને લીધે ઊભું થય છે અને જીવને આશ્રયે જ રહે છે. ઓરડાની દીવાલો તોડી નાખએ તો પ્રકાશ આપોઆપ પ્રવેશે છે, અને અંધારું પણ એવી જ રીતે વિના-પ્રયત્ને નષ્ટ થાય છે. પ્રકાશને લાવવો અને અંધારાને કાઢવું એ બે જુદી જુદી ક્રિયા નથી; તેવી રીતે જીવભાવની દીવાલો તોડી નાખતાં સર્વ-વ્યાપક સચ્ચિદાનંદસ્વરૂપ ઇશ્વર બધે આપોઆપ વ્યાપી રહે છે અને જીવ-ભાવના અજ્ઞાનરૂપ અસ્તિત્વનો નાશ થાય છે. ઇશ્વર તો સર્વવ્યાપક છે એટલે એને લાવવા-સ્થાપવા માટે જીવભાવને કાઢવા વિના બીજો કશો પ્રયત્ન કરવાનો નથી.

ઓરડાનું દૃષ્ટાન્ત સ્થૂલ કર્મનું છે પણ જીવભાવનું સ્વરૂપ કેવળ જીવની પોતાના દેહાધ્યાસની મનની સૂક્ષ્મ માન્યતાનું છે. એમાં ઇંદ્રિયોનાં કર્મની આવશ્યકતા નથી. કેવળ મનની વૃતિ ફેરવવાની છે. અનાદિકાલથી જીવભાવરૂપ અવિદ્યા વળગી પડી છે, અને ચિત્તમાં "હું જીવ છું, શરીર છું" એવું સતત્ સ્મરણ થયા કરે છે, એનું વિસ્મરણ કરવા માટે ઇશ્વરનું સતત્ સ્મરણ થવું જોઇએ. ઇશ્વર જીવને સ્વરૂપ-પ્રાપ્તિ કરાવવા વિના બીજી કશી પ્રેરણા કરતો જ નથી. કર્તાભાવ, કર્મ, કર્મફલ અને ફલનો સંયોગ, એમાનું કશું ઇશ્વરપ્રેરિત છે જ નહિ, જુઓ :

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥
नादत्ते कस्यचित्पापं नचैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यंति जन्तवः ॥

ભ. ગી. અ. ૫. શ્લો, ૧૪–૧૫

અર્થ : પ્રભુ આ દેહાદિના કર્તાપણાને, કર્મોને અને કર્મફલના સંયોગને સર્જતો નથી, પણ તેમાં માયા ( સ્વભાન ) પ્રવર્તે છે; (૧૪) વિભુ ( સર્વવ્યાપક ઇશ્વર ) કોઇનાં પાપકર્મને લેતો નથી તથા પુણ્યને પણ લેતો નથી; અજ્ઞાનવડે જ્ઞાન ઢંકાયેલું છે તેથી પ્રાણીઓ મોહ પામે છે. ( મૂઝાય છે. )

ઇશ્વરના શુભ ઉદ્દેશનું આ એક વધુ પ્રમાણ છે; જે કાંઇ અજ્ઞાન છે તે જીવનું પોતાનું છે; જીવ પોતાના જ અજ્ઞાનથી મોહ પામી કર્મ કરે છે, કર્તાપણાનો અહંકાર ધારણ કરે છે; કર્મફલ ભોગવે છે, અને આ બધું જીવ પોતાના ( સ્વ )ભાવ ( વાસના ) પ્રમાણે કર્યે જાય છે.

પરમાત્માની પ્રેરણા શુદ્ધ છે, એ સર્વવ્યાપક અને સચ્ચિદાનંદસ્વરૂપ હોવા છતાં જીવ એને જોતો-જાણતો અને પ્રાપ્ત કરી શકતો નથી, એમાં એનો પોતાનો જ ભાવ (સ્વભાવ) જવાબદાર છે. એણે પોતાનો જીવભાવ છોડી દેવો જોઇએ, અને એટલું જ્ઞાન અવશ્ય પાકું કરી લેવું જોઇએ કે "બધું ઇશ્વર જ છે."—એટલે "હું" ભાવથી ઓળખાવાતા શરીરને તથા "મારું" કહી ઓળખાવાતા સાંસારિક પ્રાણીપદાર્થ મેળવવાના "ભાવ"ને સમૂળો નષ્ટ કરવો જોઇએ. ભગવાન ભ. ગી. ૧૮-૬૨માં આજ્ઞા કરે છે કે :—

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥

અર્થ :—હે ભારત ! સર્વભાવથી (જે જે ભાવથી તું રહેતો-વિહરતો કે કર્મ કરતો હોય તે ભાવ)થી તે ઇશ્વરને શરણે જા. તેની પ્રસન્નતાથી પરા (ત્રિગુણાત્મક સ્થાવરજંગમ સંસારથી પર) શાંતિને તથા શાશ્વત (ત્રિકાલથી પર, ભૂતભવિષ્યભાવીના વિકારથી પર) સ્થાન (પરમાત્માના પરમપદ)ને પામીશ.

આ બતાવ્યું ઇશ્વરપ્રાપ્તિનું સ્પષ્ટ અને સહજસાધ્ય સાધન. ઇશ્વરપ્રાપ્તિ જ જીવનું ધ્યેય હોવું જોઇએ, એવી માન્યતામાં બધાં શાસ્ત્રો, સંપ્રદાયો, મતો અને પંથો એકમત છે એ તો નિર્વિવાદ છે. જગત તો અવિદ્યાને લીધે પ્રાપ્ત થયું છે; માની લઇએ કે શુભ કર્મ અને શુભ વિચારથી જીવાત્માને સંપૂર્ણ સુખ જ મળે, પરંતુ જગત નિત્ય પરિવર્તનશીલ છે એટલે સદા એક જ દશા હોવી સંભવિત નથી. જગત શબ્દનો અર્થ જ એ સૂચવે છે કે જે કાંઇ સ્થાવરજંગમ છે તે હંમેશાં ગતિમાં જ રહે; ગતિ એટલે ક્રમ કર્મ; એટલે ત્રણ ગુણના ધર્મ પ્રમાણેના ફેરફાર; ત્રણ ગુણની ક્રિયા એટલે એની પરસ્પરવિરોધી

લીલા, વિરોધી લીલા એટલે યુદ્ધ; યુદ્ધ એટલે અશાંતિ; અશાંતિ એટલે સુખની નિરાશા; સુખની નિરાશા એટલે સત્ ચિત્–આનંદનો અભાવ અને સચ્ચિદાનંદનો અભાવ એટલે ઇશ્વરનાં દર્શનનો અભાવ. આવા ઇશ્વર દર્શનના અભાવવાળા જે જગતમાં જીવ આવી જ પડયો છે, એ જ જગત એનું લક્ષ્ય કઇ રીતે સંભવે ?

જગતમાં જન્મમરણ મેળવવાં, શરીરધારી બનીને લોકલોકાન્તરમાં ફરવું, ત્રણ ગુણના યુધ્ધમાં પક્ષકાર બનવું, અશાંતિના ભવસાગરમાં ડૂબ્યા કરવું, એ તો એના સ્વભાવમાંજ છે; અને એ સ્વભાવ તો અવિદ્યાનું પરિણામ છે. આ લક્ષ્ય કોઇ પણ સમજુ માણસ, જ્ઞાની, સંતમહાત્મા, અવતારો, પેગમ્બર. પીર, પાદરી, ઋષિમુનિ, તીર્થંકર કે અરિહંત—બતાવી શકે જ નહિ; બતાવ્યું જ નથી. જગત ખરાબ છે માટે સુધારવું, જગતમાં ઉન્નતિ સાધવી, જગતમાં શાંતિ સ્થાપવી, એ બધી ભ્રાન્તિજાલ છે: ઇશ્વરનું નામ લઇને ચલાવતાં આવાં આંદોલનો ઇશ્વરનો દ્રોહ કરવા જેવાં છે. એમાં નથી ઇશ્વર કે ઇશ્વરને પ્રાપ્ત કરવાનાં સાધન; શબ્દો અને વાણીનો આડંબર છે; ઇશ્વરસંબંધે કેવળ વાગ્વિલાસ છે: પ્રચંડ અજ્ઞાન છે.

\+ + +

આવા ઇશ્વરનું સતત સ્મરણ રહેવું જોઇએ, શ્વાસોચ્છ્વાસમાં એ ઇશ્વરનો જપ ચાલુ રહેવો જોઇએ. જીવે પોતાનો જીવભાવ એમાં હોમી દેવો જોઇએ. દેહની સ્વભાવગત ક્રિયા ચાલુ રહેશે અને રહેવાની જ; એમાં અન્યથા બની શકે એમ નથી; પરંતુ પ્રત્યેક ક્રિયામાં આંતરિક મનોભાવ તો ઇશ્વરના સતત સ્મરણનો અને જ્ઞાનભાવનો હોવો જોઇએ. ઇશ્વરમાંથી આવિર્ભાવ પામેલો જીવ પોતાના જ અધિષ્ઠાનસ્વરૂપ

ઇશ્વરમાં ન જાય તો બીજે જાય કયાં ? ઇશ્વર જ જો સર્વવ્યાપક છે, સમસ્ત સ્થાવરજંગમ જગતનું અધિષ્ઠાન છે, તો આ જીવનું બીજું અધિષ્ઠાન કયાંથી સંભવી શકે ? એ વિના એને જે મતિગતિ સૂઝે છે, એનો જે સ્વભાવ બની ગયાં છે, એનાં પરિણામ તો એ ભોગવે છે: તલમાત્ર અને ક્ષણભર એમાં એને સુખશાન્તિ મળતાં નથી.

આ સ્વભાવ બધાનો વ્યક્તિગત છે, કારણ કે અધ્યાત્મની વ્યાખ્યા કરતાં ભગવાન ભ. ગી. અ. ૮ શ્લો. ૩માં स्वभावोऽध्यात्ममुच्यते એમ કહે છે. અધ્યાત્મનો સર્વપ્રસિદ્ધ અર્થ "આત્માસંબંધી" એવો થાય છે. એટલે એક વ્યક્તિને આત્મા, અંતઃકરણ, પ્રાણ, ઈંદ્રિયસમૂહદ્વારા જે કાંઇ વિચાર કે ક્રિયા થાય, તથા કર્મફલના ભોગ ભોગવાય એવું પોતાનું શરીર. અધ્યાત્મનો અર્થ એટલા માટે જ સ્વભાવ કર્યો છે કે જીવાત્માના પોતાના પૂરતી સ્વભાવગત માનસિક તથા શારીરિક ક્રિયાની સાથે જે સંબંધ રાખે તેવાં શુભાશુભ કર્મ તથા સુખદુઃખાદિ દ્વંદ્વનું ભોગસ્થાન.

આ સ્વભાવ એટલે જ પ્રકૃતિ. એ પ્રકૃતિ ત્રણ ગુણવાળી છે. ત્રણે ય ગુણનાં લક્ષણ વિસ્તારથી ભ. ગી.ના અ. ૧૪થી ૧૮ સુધીમાં સમજાવ્યાં છે; સત્ત્વગુણના સ્વભાવને દૈવી, રજોગુણને રાક્ષસી તથા તમોગુણને આસુરી કહ્યો છે. અધ્યાય ૯માં શ્લોક ૧૨-૧૩માં એ ત્રણ પ્રકૃતિનું સંકેતરૂપે નામ આપીને ગીતાના ૧૪થી ૧૮ સુધીના અધ્યાયમા ત્રણે ય ગુણદ્વારા એ પ્રકૃતિનું ઓળખાણ કરાવ્યું છે. ભગવાન વારંવાર રાજસી–તામસી પ્રકૃતિનો પરાજય કરીને દૈવી પ્રકૃતિનો આશ્રય લેવાની આજ્ઞા આપે છે; એમ કહો કે દૈવી પ્રકૃતિનો આશ્રય લઇ રાજસી-તામસી પ્રકૃતિને હરાવવાની યુક્તિઓ બતાવે છે. એ દૈવી પ્રકૃતિના આધાર કે

આશ્રય લેવાનું ભગવાન એટલા માટે સમજાવે છે કે ત્રણે ય ગુણો એક જ ઇશ્વરમાંથી અવિર્ભાવ પામેલા હોવા છતાં, સત્ત્વગુણ જ્ઞાનથી ભરેલો છે, એનો આશ્રય લેવાથી સારાસાર અને નિત્યાનિત્યનો વિવેક આવે છે; બુદ્ધિમાં વિવેક આવે તો જ અસાર અને અનિત્યનો વૈરાગ્ય ઊપજે. અનિત્યમાં અનાસક્તિ થાય એટલે અંતકરણનો સમસ્ત વેગ નિત્યસ્વરૂપ ઇશ્વર પ્રતિ વળે, અને ઇશ્વરનું જ સતત સ્મરણ અતઃકરણમાં રહે એટલે એમનાં જ્ઞાન-પ્રકાશવડે રજસતમસનાં બંધનમાંથી મુક્ત થવાનો માર્ગ સૂઝે.

\+ + +

માનવી જીવાત્માને સૌથી વધારે બંધનકારક કર્તાભોક્તાપણાવાળો અહંકાર અને અહંકારને અવલંબીને રહેતું મમત્વ હોય છે. આ ભયંકર અજ્ઞાનમાંથી જ વિષયાનંદની વાસના ઉદ્‌ભવે છે, અને બાળક રમકડાંની ઊથલપાથલ કરે તેમ અસંખ્ય જન્મ ધારણ કરી, ભવાટવીમાં અસંખ્ય વિષયોની ઊથલપાથલ કર્યા કરે છે. આનું મુખ્ય કારણ આનંદ કયાં છે એનું જ એને ભાન નથી. સમસ્ત જગત નામરૂપાત્મક છે; ત્રણ ગુણવાળું છે; એનું અધિષ્ઠાન તો સચ્ચિદાનંદરૂપ ઇશ્વર છે, જો ઇશ્વર (આનંદ) લક્ષ્યમાં રહે તો જગત લક્ષ્યમાંથી નીકળી જવું જોઇએ; જગતમાં વિવિધ અને વિચિત્ર ચિતરામણવાળાં નામરૂપ છે; રંગબેરંગી ભાતવાળાં દશ્યો છે; પોતાના સ્વરૂપભૂત સચ્ચિદાનંદ (ઇશ્વર)ના વિસ્મરણને લીધે પોતે દ્રષ્ટારૂપે સચ્ચિદાનંદ હોવા છતાં દશ્ય જગતને આનંદકેન્દ્ર માની એનાં અસંખ્ય નામરૂપવાળા વિષયોની હેરફેર કરતો હતાશનિરાશ થઇ વધારે ને વધારે દ્વંદ્વમાં ફસાતો જાય છે. વિચાર અને કર્મ બન્નેમાં રાક્ષસી આસુરી સ્વભાવનો એટલો બધો મેલ ચડી ગયો હોય, બુદ્ધિને અજ્ઞાનનો કાટ ચડીને એનો જ્ઞાનપ્રકાશ ઝાંખો

થઇ ગયો હોય એવું બન્યું છે, એટલે આનંદની શોધમાં એ રઘવાયો થઇને ક્રૂર હિંસક બની રાગદ્વેષની લોખંડી સાંકળના આંકડા વધારતો જઇ, એ જ સાંકળથી પોતાને સજ્જડ બાંધતો રહે છે.

ઇશ્વર–પરમાત્મા નિત્ય આનંદસ્વરૂપ છે; સત્ત્વગુણના પારદર્શક દર્પણમાં એનું દર્શન થઇ શકે છે; સર્વવ્યાપક છે એટલે નામરૂપનું વિસ્મરણ થાય ત્યારે જ એનું જ્ઞાન થઈ શકે છે; અધિષ્ઠાનમાં જ ચિત્તને ચોંટાડી રાખવા માટે એના ફરતા મનોમન્થનને શાંત કરવું પડે છે; એકંદરે ગુણકર્મથી મુક્ત બનવાની ચાવી શાસ્ત્ર અને સંતો પાસેથી મેળવી આત્માના અખૂટ ભંડારનું આનંદધન પ્રાપ્ત કરવા માટે અંતઃકરણને અન્તર્મુખ બનાવવાનો પ્રબલ પુરૂષાર્થ કરવો પડે એમ છે. એ વિના જીવાત્માના દુઃખનો અંત નથી–સુખની આછી કલ્પના પણ નથી.

એ ઇશ્વરને જ સતત લક્ષ્યમાં રાખવા એટલે માનવીય બુદ્ધિને જ્ઞાન-ચક્ષુ આપવાં. મનુષ્યની ત્રણ પ્રકારની દૃષ્ટિ ભ. ગી.માં વર્ણવી છે.

(૧) યુદ્ધક્ષેત્રમાં બન્ને પક્ષે લડવા તત્પર થયેલી સગાંસંબંધીવાળી સેનાને જોનારી સ્થૂલ દૃષ્ટિ; આ દૃષ્ટિમાં જાગ્રત અવસ્થા છે, સ્થૂલ શરીરની સત્યતા છે, અને જન્મમરણની ભાવના છે. સ્થૂલ ભોગ ભોગવવાની વાસના પ્રમાણે ભોગ ન દેખાતાં અર્જુનને શરીરે કંપ થયો; ગાત્ર ઢીલાં પડયાં, મોં સુકાવા માંડયું. આ આવ્યું સ્થૂલ ભોગમાં રૂંધાઇ રહેલી દૃષ્ટિનું ફલ. ઇશ્વરદૃષ્ટિ ન કેળવાય, બધાં કર્મ ઇશ્વરને અર્પણ ન થાય અને ફલાસક્તિમાં મન ચોંટેલું હોય તો કેટલું ભયંકર પરિણામ આવે છે એનું આ દૃષ્ટાન્ત છે. ભોગ અને ભોગપ્રાપ્તિ માટે ઐશ્વર્ય વધારવાની આવશ્યકતામાં ફસાયેલી બુદ્ધિ ઇશ્વરદર્શન તરફ વળી જ શકતી નથી.* આ પ્રકૃતિને કનિષ્ઠ પણ કહી છે, કારણ કે આ કેવળ

* ભ. ગી. અ. ૨–૪૪.

જડ દૃષ્ટિ છે;† ઇશ્વરને સ્થૂલ મનુષ્ય તરીકે જોનારને એટલા માટે મૂઢ કહ્યા છે, કારણ કે ઇશ્વર મનુષ્ય જ નથી. ગમે તેવા લીલાવતાર ધારણ કરે તોપણ એ તો મહેશ્વર જ છે.‡ તાત્પર્ય એ કે સ્થૂલ જડ કે નામરૂપે દેખાતા જાગ્રત અવસ્થાના વિષયોની પાછળ અખંડ ચેતન ભર્યું છે એમ જે નથી જાણતો તે કેવલ સ્થૂલદૃષ્ટિ મનુષ્ય કહેવાય છે. ઇશ્વરનું દર્શન આવા જીવાત્માથી કોઈ પણ કાલે થઇ શકતું જ નથી.

(૨) બીજી દૃષ્ટિ સૂક્ષ્મ શરીરની, અંતઃકરણની મનોવૃત્તિની, અંતર્મુખી એટલે ધ્યાનમાં ઉપયોગી થઇ પડતી સ્વપ્ન જેવી અવસ્થાની અને ભાવપ્રદેશની છે. જડમાં ગમે તેવાં રૂપ દેખાય, ગમે તેવાં નામ બદલાય પણ જેવો ભાવ આપણે આરોપીએ તેવો ફલસ્વરૂપ આપણને જેમ બદલો મળે, એ પ્રમાણે મનની વૃત્તિઓ બદલાય અને દ્વંદ્વની ગોઠવણી થયા કરે છે. સ્થૂલ દૃષ્ટિમાં તો પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર તારકમંડળ અને પંચભૂતની સ્થૂલ લીલાનું, સતત જડચેતનનો ભાસ કરાવતું બ્રહ્માંડ છે; ત્યારે આ સૂક્ષ્મ દિવ્ય દૃષ્ટિમાં સ્થૂલ જ્ઞાનેન્દ્રિયોનો નિરોધ કરી, આંતર મનને સક્રિય બનાવી સૂક્ષ્મ બ્રહ્માંડોનાં ચેતન તત્ત્વોની લીલા નિહાળવાનો સૂક્ષ્મ વિષયાનંદ છે. સ્થૂલમાં જડ લાગતું વૃક્ષ કે પશુ સૂક્ષ્મમાં ચેતનરૂપે જુદા જ પ્રકારના આકારવાળું લાગે છે, સ્થૂલ વાયુમાં સ્થૂલ દૃષ્ટિથી કશુંયે દેખાતું નથી. ત્યારે સૂક્ષ્મ વાયુમંડળના સૂક્ષ્મ તન્માત્રવિસ્તારમાં અસંખ્ય તેજોમય શરીરોનાં દર્શન થાય છે. દેવ અને દેવીઓ, પ્રેત અને ભૂતમંડળ, અગ્નિ તત્ત્વનાં અસંખ્ય વિદ્યુતના ચમકારા જેવાં રંગબેરંગી અદ્‌ભુત સ્વરૂપો, તેમજ વિશ્વમાં વિહાર કરતાં સ્થૂલને સત્તામાં રાખતાં એ શક્તિશાલી વ્યક્તિસ્વરૂપો અકલ્પ્ય વેગે વિહરતાં હોય છે. ધ્યાનની અવસ્થામાં આ બધાનાં દર્શન થાય એ સૂક્ષ્મ કે દિવ્ય દૃષ્ટિ છે.

---

† ભ. ગી. અ. ૭–૫. ‡ ભ. ગી. અ. ૯–૧૧.

(૩) ત્રીજી દૃષ્ટિ છે જ્ઞાનચક્ષુની, જેનું વર્ણન ભ. ગી. અ. ૧૩-૩૫ અને અ. ૧૫-૧૦માં આવે છે. આમાં સ્થૂલ દૃષ્ટિવાળું જડચેતનના મિશ્રગુણવાળું, અસંખ્ય નામરૂપવાળું જગત નથી; સૂક્ષ્મ દિવ્ય દૃષ્ટિમાં નામરૂપવાળું ત્રિગુણાત્મ સૂક્ષ્મ તત્ત્વોનું બ્રહ્માંડ છે, ત્યારે આ ત્રીજી દૃષ્ટિમાં એક જ અધિષ્ઠાનસ્વરૂપ અખંડ અદ્વિતીય જડચેતનથી તેમજ બધા દ્વૈતભાવથી પર એવા ઇશ્વરનાં દર્શન કરવાનાં હોય છે. આમાં કશો ભેદભાવ નથી, જન્મમરણ જેવાં ઉત્પત્તિ નાશ નથી, દ્વૈતના રાગદ્વેષ નથી, દેહધારણની વાસના કરનાર અહંભાવ નથી, છે માત્ર આ અધ્યાયનો નિષેધ કરતાં જે અનામી, અરૂપી અલિંગી, અજાતિસ્વરૂપ રહે તેઃ એને જ નેહનાનાસ્તિ किंचन કહ્યું છે: એમાં નાનાત્વ લેશમાત્ર પણ નથી આ દૃષ્ટિમાં કેવળ મનુષ્યની વિવેકભરી વિશુધ્ધ બુધ્ધિ જ કામ કરી શકે છે, જ્ઞાનનો જ એમાં ઉપયોગ છે અને માત્ર સમજીને શાંતિ અનુભવવાની છે. એમાં સ્પંદન વિચારમય હોવાથી એને કર્મ ન કહેતાં કેવળ જ્ઞાન જ કહ્યું છે.

\+ \+ \+

સ્થૂલ દૃષ્ટિવાળાને જડચેતનનું જગત દેખાય અને અસંખ્ય પદાર્થોમાં ઈંદ્રિયો ભમ્યા કરે એટલે મનમાં ચંચલતા રહે; સૂક્ષ્મ દૃષ્ટિવાળાને દેવદેવતાનાં દર્શન થાય અને એક જ દેવમાં ભક્તિ વધારવાથી ધ્યાતા અંતઃકરણ, ધ્યેય ઇષ્ટદેવ અને એ બન્નેનો સંયોગી તાર જોડાવારૂપી જે ધ્યાનની ક્રિયાદ્વારા ચિત્તની એકાગ્ર અવસ્થા પ્રાપ્ત થાય, તેથી મન તથા પ્રાણનો સંયમ વધવાથી સૂક્ષ્મ ઈંદ્રિયોનાં બલવિકાસ થાય.

પરન્તુ આ બન્ને દ્વૈત દૃષ્ટિ રાગદ્વેષયુકત છે, કારણ કે એમાં દ્વંદ્વની રમત છે; પ્રકૃતિના અબાધિત નિયમ પ્રમાણે વિશ્વના સમસ્ત પદાર્થો

નામરૂપાત્મક જ હોય જેજે નામરૂપવાળું હોય તે નિત્યને માટે એક જ આકાર કે ભાવે રહી શકે જ નહિ; અસંખ્ય વર્ગ હોવાથી ઐશ્વર્યની સ્પર્ધા ચાલે અને વર્ગવિગ્રહને લીધે યુદ્ધભૂમિઓ તૈયાર થાય, હારજીતના દાવ ખેલાય અને સંહારનાં આક્રંદરૂદનમાં એ બધુ પરિણામ પામે. પુરાણોમાં દેવોની સભામાં પરસ્પર શાપ આપવાની વાતો આવે છે એ આ સૂક્ષ્મ જગતના રાગદ્વેષને લીધે છે. ઐશ્વર્યની ચડસાચડસીના મિથ્યાભિમાનનાં માન–અપમાનને લીધે આવું બને છે.

(૧) સ્થૂલ એટલે ભૌતિકવાદની દૃષ્ટિમાં સ્થૂલ વિદ્યાનો વિકાસ થાય, સંપત્તિ વધારવાના નિમિત્તે સુખસામગ્રીનાં જડસાધનોની શોધખોળ ચાલે; પંચભૂતોની ઉપર સત્તા મેળવી, એના ગુણધર્મ તપાસી–કેળવી, એમાંથી અવનવીન અસ્ત્ર–શસ્ત્ર બનાવાય અને સ્વરક્ષણને બહાને પરભક્ષણની ક્રિયારૂપ ઘોર યુધ્ધ ચાલે. વર્તમાનયુગના વિજ્ઞાનની પરાકાષ્ટા જેવાં અણુ અને હાયડ્રોજન બોમ્બ આપણી સમક્ષ પ્રત્યક્ષ પુરાવારૂપે મોજૂદ છે. જડ સુખવૈભવનાં સાધનમાં ધનદોલત, જમીનજાગીર, મકાન મિલકત, બાગબગીચા, વાડીબંગલા, ઉદ્યોગધંધા અને રાજ્યસત્તા વગેરેમાં દિનપ્રતિદિન વધારો કરવાનું સૂઝે અને જે સાધનોને સુખકારક માન્યાં હોય એ જ યુધ્ધનાં નિમિત્ત બની ભયંકર ઘોર યુધ્ધો ખેલાય; જડ તત્ત્વો પર પ્રભુત્વ મેળવનાર જડવાદી પોતાનાં જ વિજ્ઞાન સાધનોથી પોતે જ હણાય, 'ખોદે તે જ પડે' અને વિનાશ વિના એનું બીજું કશું પરિણામ અત્યાર સુધી આવ્યું નથી ને આવશે પણ નહીં.

(૨) બીજી સૂક્ષ્મ દૃષ્ટિ એ જડચેતનની મિશ્ર અવસ્થા છે. એમાં ચેતન અંતઃકરણ તથા ઇંદ્રિયોના સામર્થ્યને વધારી જો બહિર્મુખ વૃત્તિનો

ઉમેરો થાય, તો સ્થૂલ જગતની દૃષ્ટિવાળા જેમ સ્થૂલ તત્ત્વો ઉપર સંયમ કેળવી એના ઉપયોગ દ્વારા સંહારતાંડવ ખેલે છે, તેમ પ્રાણ અને મંત્રના સંયમ તથા દેવદેવીઓના અનુગ્રહ દ્વારા ભિન્ન ભિન્ન પ્રકારના સંકલ્પથી સૂક્ષ્મચેતનવાદી યુદ્ધો ખેલે છે. શાપ અભિશાપ આપે છેઃ મનવનચની શકિત કેળવવી, ધ્યાન કે ઉપાસના, મંત્રજપ, તપશ્ચર્યાનાં વ્રતદ્વારા સંકલ્પ વધારી મિથ્યાભિમાન વધે ત્યારે પરસ્પર શાપ કે આશીર્વાદનાં યુદ્ધો રમે છે. દેવોનાં આવાં યુધ્ધો, રામાયણમહાભારતનાં અનેક પ્રકારનાં અસ્ત્રો ( દૂર ફેંકીને શત્રુનો બંહાર કરી શકાય તેવાં આયુધો ) વડે રાગદ્વેષની રમતો રમાય છે. આમાં પણ શાંતિ નથી, કારણ કે એક અદ્વિતીય, ભેદભાવથી પર એવા પરમાત્માનું એમને જ્ઞાન હોતું નથી.

(૩) ત્રીજી દૃષ્ટિ જ્ઞાનદશાની છે. એવા માનવીને સંત. મહાત્મા, ઋષિ મુનિની કોટિમાં મૂકી એમને જ્ઞાનચક્ષુવાળા કહ્યા છે. એમને અખંડ તત્ત્વનું દર્શન હોય છે, ભેદભાવથી મુક્ત હોઇ જ્યાં જ્યાં જડવાદી કે જડચેતન ઉભયભેદવાદીનાં કર્મક્ષેત્રમાં યુધ્ધ ચાલતાં હોય ત્યાં શાંતિ સ્થાપવી એ એમનું કર્તવ્ય હોય છે;—એમનો સ્વભાવ જ શાંતિપ્રિય અને સમતાપ્રધાન હોય છે. પાંડવકૌરવના યુધ્ધમાં ભગવાન શ્રી કૃષ્ણદેવ આનું પ્રત્યક્ષ દૃષ્ટાન્ત છે.

પહેલીચર્મ ચક્ષુની દૃષ્ટિ, બીજી સૂક્ષ્મ નેત્રની દિવ્ય દૃષ્ટિ અને ત્રીજી જ્ઞાનચક્ષુની તત્ત્વદૃષ્ટિ. આત્મદૃષ્ટિના સ્વાભાવિક ભેદનું આવું સંક્ષિપ્ત વિવેચન આપણે કરી જોયું. સમાજના બંધારણમાં આવા બ્રહ્મવેત્તાઓ સ્મૃતિનું બંધારણ બાંધતા, જનસમાજની સમક્ષ ત્રીજી દૃષ્ટિ રાખીને જેઓ વ્યવહાર કરતાકરાવતા, એવા ઋષિવર્યો જે કાયદા બાંધતા તે સ્મૃતિ કહેવાતી. એ કાયદા શ્રુતિજ્ઞાન એટલે ઋષિઓના જ્ઞાનને અનુકૂળ બને એવી રીતે ઘડાતા કે જેથી સમાજનું કલ્યાણ થાય. પહેલી અને બીજી દૃષ્ટિવાળા સામર્થ્ય વધારે, ભૌતિક વિજ્ઞાનમાં ચમત્કાર કરી બતાવે, કે સૂક્ષ્મ

દેવદેવીઓ દ્વારા સામર્થ્ય મેળવે તેની હરકત નહીં, પણ એમ કરતાં પોતાના સામર્થ્યનો જો સમાજધ્વંસમાં ઉપયોગ કરે તો એમને બહિષ્કૃત કરી દંડવિધાન થતાં.

તાત્પર્ય કે પહેલી બે દૃષ્ટિ ત્રીજી દૃષ્ટિ વિના નકામી છે. જ્ઞાનચક્ષુ વિના ચર્મચક્ષુ આંધળાં છે. પ્રથમનાં ચર્મચક્ષુ જ્યારે કેવળ પ્રકૃતિને જડ માની એનાં તત્ત્વો ઉપર આધિપત્ય જમાવવાનો પ્રયત્ન કરનારાં છે, ત્યારે બીજી દિવ્ય દૃષ્ટિ સામાન્ય જનતાને સ્થૂલ જગતથી વિમુખ બનાવી ચમત્કારોથી આંધળાભીંત બનાવી માયાના ગુલામ બનાવે છે. પરલોકના મનોહર ભોગવિલાસની લાલચ દેખાડી વર્તમાન જગતથી વિમુખ બનાવી મૂકે છે: ભારતવર્ષે આ બન્ને દશા અનુભવી છે. આપણે ત્યાં જડવાદીઓનો તોટો નથી, તેવી જ રીતે અદૃશ્ય લોકની ઉપાસનાદ્વારા ચમત્કાર દાખવી ભોળી જનતાને આંધળી બનાવનાર પણ પ્રત્યેક પ્રાન્તમાં ભર્યા પડયા છે. દોરાધાગા, તાવીજ માદળિયાં, ભૂત-પ્રેત આવેશ, ભૂવા, માતાના ભકતો, એવાં એવાં તંત્રમંત્રયંત્રોના ખેલમાં રમનારા સ્વપરના હિતને બહાને જગતનું અકલ્યાણ કરે છે એ નિર્વિવાદ છે.

તેથીજ આ બન્ને દૃષ્ટિ જ્ઞાનદૃષ્ટિને અધીન રહેવી જોઇએ : તત્ત્વદર્શી જ્ઞાનીઓએ તો સ્પષ્ટ ભાખી મૂકયું છે કે—तेन त्यक्तेन भुञ्जीथा આ સ્થાવરજંગમ જે જગત છે તેનો ત્યાગ કર અને પછી બ્રહ્માનંદ ભોગવ. જગતનો જગદ્‌ભાવ મનમાંથી કાઢી નાખ્યા વિના, કર્મમાત્રના ફલની અનાસક્તિ કેળવ્યા વિના તું આનંદ માણવાનો અધિકારી જ નથી બનતો એવી આ મંત્રમાં સ્પષ્ટ આજ્ઞા છે.

સ્થૂલ અને સૂક્ષ્મ લોકલોકાંતરના વિષયોની, ફલભોગોની, કામનાની જ્યાં સુધી અંતરમાં વાસના ભરી હોય ત્યાં સુધી ઈશ્વરની વાસના

અંતરમાં ઊતરે કયાંથી? અને ઇશ્વરની વાસના અંતરમાં ઉતાર્યા વિના જગતના ભોગની વાસના નષ્ટ શી રીતે પામે? એટલા માટે પહેલાં એમ કહી ગયા કે "સ્થાવર (જડ) જંગમ (ચેતન) રૂપ જગતમાં જે કાંઇ છે તેમાં બધે ઇશ્વરનો વાસ છે. એ બધામાં જડચેતન પદાર્થોના, સ્થૂલસૂક્ષ્મના જે ભેદ છે, જ્યાં જ્યાં નાનાત્વ છે–એ બધું દ્વૈત અને દ્વંદ્વમય છે તેથી ત્યાજ્ય છે: તારે આનંદ જોઇએ છીએ ના? તો એનો ત્યાગ કરી નાખ અને ઇશ્વરને અંતરમાં ભરી દે–પછી ભુઞ્જીથા–ભોગ ભોગવ, જો તો ખરો પછી તારી ભોગ બુધ્ધિ કેવી રહે છે? અને ભોગ-બુદ્ધિ નથી જ રહેતી એટલે તો ભુઞ્જીથા શબ્દનો અર્થ ભગવાન શંકરાચાર્ય "પાલન કર" એવો કરે છે.

જગતમાં જે કાંઇ સ્થાવર જંગમ છે તેમાં તો ઇશ્વરદૃષ્ટિ ફરી વળી, દૃષ્ટા અને દૃશ્ય–બધાં ઇશ્વરસ્વરૂપ બન્યાં, જગતભાવનો ત્યાગ કર્યો અને ઇશ્વરને એ બુધ્ધિમાં ભરીને ત્રીજું પ્રજ્ઞાચક્ષુ કેળવ્યું: પછી શું?— પ્રારબ્ધપર્યન્ત શરીર રહેવાનું, પ્રકૃતિ ગુણાનુસાર ક્રિયા કરવાની એટલે જીવનયાપન તો થવાનું જ. એમાં પછી ભોગનો પ્રશ્ન જ ન રહ્યો. રહ્યો માત્ર પ્રશ્ન વ્યવહારના રક્ષણનો; ઇશ્વરદૃષ્ટિની રક્ષા કરવી અને જીવનનું પાલન કરવું એ બન્ને લગભગ સમાન અર્થવાળાં અને સમાનધર્મી વાક્યો બની જાય છે.

વ્યકિતગત વિચાર કરતાં પણ એમ જ સમજાશે કે આપણાથી ભિન્ન इदम्‌રૂપે જણાતું પ્રત્યેક નામરૂપવાળું જગત છે એ જગત પોતાને अहम्‌રૂપ માને તો વ્યકિત પોતે તે વખતે इदम्‌રૂપ બની જતાં अहम् અને इदम् "હું" અને "આ" બધું ईशावास्यम् જ છે. બધું ઇશ્વરમય જ છે; છે માત્ર નામરૂપવાળું જગત. એનાં નામરૂપ ગમે તેટલાં બદલાય, પણ એના અધિષ્ઠાનરૂપ ઇશ્વર પરમાત્માના વેષપલટા

વિના બીજું કશું યે નથી. વેષપલટો કરવામાં જુદા જુદા વેષ બદલવા પડે અને જેવો વેષ તેવો ભાવ ભજવવા એવા ગુણ ધારણ કરી કામ કરવાં પડે, એમાં વેષધારી કાંઇ પોતાનું મૂલ સ્વરૂપ ગુમાવતો નથી. તેવી જ રીતે આ ઇશ્વરપરમાત્મા અસંખ્ય નામરૂપ ધારણ કરી સ્થાવર-જંગમરૂપે વિલસી રહ્યો છે, એટલે સર્વત્ર આનંદ અને આનંદ જ છે. દ્રષ્ટા અને દૃશ્ય બધું ઇશ્વિરમય હોય એટલે "આનંદને ઘેર આનંદ મહેમાન" જેવી લીલા ચાલ્યા જ કરે છે. ત્યાગ કરવાનો છે માત્ર જગતરૂપ દૃષ્ટિનો, ફેરફાર કરાવનો છે અંતઃકરણના મનોભાવનો, મેળવવાની છે સ્થૂલ અને સૂક્ષ્મ, જડ અને ચેતન, વ્યકત અને અવ્યકત દૃષ્ટિ છોડીને પરાત્પર જ્ઞાનદૃષ્ટિ. એ જ છે ભગવાન ત્રિલોચનનું ત્રીજું પ્રજ્ઞાચક્ષુ: એ જ છે યોગીઓની ઋતંભરા પ્રજ્ઞા.

જડ અને ચેતનની બે આંખ તો સૌને છે અને લોકપરલોકના ભોગવિલાસી જગતમાં બધાં ફર્યા કરે છેઃ શુભાશુભ કર્મની ઉપાસના કરે છે ને રાગદ્વેષના તાણાવાણા વડે ભવજાળ ગૂંથી પોતે જ એમાં શિકાર બને છે. રેશમનો કીડો પોતાની જ લાળમાંથી પોતાની ઉપર કોશેટો વણી અંદર પુરાય છે, તેમ આ જીવાત્મા પોતાના જ અજ્ઞાનથી દ્વંદ્વના તાણાવાણા વણી જાળ ગૂંથી દૃશ્યનો શિકાર કરવા જતાં પોતે જ એમાં ફસાય છે અને જન્મમૃત્યુ ભોગવે છે.

ઉપનિષદ્ એને ત્રીજું નેત્ર ખોલી આપે છે, જ્ઞાનચક્ષુનું દાન કરી પુરુષપ્રકૃતિની પર જવાની દિશા બતાવી, જગતનો ત્યાગ શીખવી, નિત્યસ્વરૂપ ઇશ્વરનું દર્શન કરાવી, નિત્યમુકતની પદવી અપાવે છે.

સાધકો એ પદવીદાનના અધિકારી બને એવી શુભેચ્છાઓ સાથે ૐ तत्सत्

★

# ઈશ્વરનું નામ ઓમ્

'ઇશ્વરથી જ આ બધું વાસિત છે;' 'આ બધું ખરેખર બ્રહ્મ છે:' 'આત્મા બ્રહ્મ છે.' 'હું બ્રહ્મ છું;' 'વાસુદેવ જ બધું છે.' આવાં આવાં ઉપનિષદ, ગીતા તેમજ અન્ય શાસ્ત્રોમાં ઇશ્વરની જ સત્યતા અને જગતની અનિત્યતા બતાવી જીવાત્માને એ પરબ્રહ્મ સ્વરૂપ પ્રતિ વાળવા માટેનાં અસંખ્ય વાક્યો પ્રસિદ્ધ છે.

જગત તો ગતિમાન, વિકારી, નામરૂપમય, ઇંદ્રિયગ્રાહ્ય અને વિષય સમૂહવાળું તથા ગુણધર્મકર્મના ભેદવાળું હોવાથી સદાસર્વથા અનિત્ય, બંધનકારક અને ત્રિતાપથી ભરેલું હોઇ ત્યાજ્ય છે એવી સાક્ષી પણ એ જ શાસ્ત્રો આપ્યાં કરે છે.

ઇશ્વર અને જગત્ એ બેની વચ્ચે આ જીવાત્મા ઊભો છે; જગત્ ઇંદ્રિયપ્રત્યક્ષ હોવાથી સહજસાધ્ય અને અલ્પશ્રમથી ભોગવી શકાય એવું છે, એમ પ્રથમ દૃષ્ટિએ સૌને લાગે છે; ત્યારે બીજી બાજુ ઇશ્વર અદૃષ્ટ હોઇ, મન-વાણી તથા ઇંદ્રિયોથી અગમ્ય અને અગોચર છે; કષ્ટપ્રાપ્ય છે; તપશ્ચર્યા, ત્યાગ અને તત્પરતાથી મેળવાય એવા દુષ્કર છે, એવું જણાય છે.

ઉપલક વિચારથી આ કદાચ સાચું લાગે, પણ વિવેક અને વિચાર કરીને તપાસીએ તો ઇશ્વર કે જગતના વિષય એ બન્નેની પ્રાપ્તિમાં પરિશ્રમ તો સરખો જ છે. આર્થિક અને સામાજિક વ્યવહારમાં ઉદર-

નિમિત્ત કે માનઆબરૂ મેળવવા સાચવવામાં કયાં થોડી મહેનતમજૂરી છે! અને એમ છતાંયે મન અને ઈંદ્રિયો સતત એમાં મથ્યાં-મચ્યાં રહે તો યે પરિણામે તો અસંતોષ, અતૃપ્તિ અને અશાંતિ જ! લાખો કે અસંખ્ય જન્મની મહેનતનું સુખરૂપ ફલ જોવાતપાસવા બેસીએ તો નફામાં મોટું બ્રહ્માંડ જેવડું મીંડું! બ્રહ્માંડ બનાવવા જેટલી મહેનત! ઉપરાંત જમા પાસામાં અસંખ્ય બ્રહ્માંડોના ભોગવાસનાઓની બ્રહ્માંડના જેવડી જ ગાંસડી—શી અદ્ભુત અજ્ઞાનની કરામત છે.!

જન્મના જન્મ વીતી જાય, દિવસ આખો શરીરનો પરસેવો ઊતરે, મનમાં આશાઓના મહેલ બંધાય, ક્ષણેક્ષણે વિષયભોગનાં સ્વપ્નાં ગોઠવાય, ઈંદ્રિયોનાં અધૂરાં જ્ઞાનથી મૂઝવણ વધે, કર્મેન્દ્રિયો કર્મ કરતાં કરતાં અંતઃકરણને ભોગ આપીને થાકે, 'કર્યું' ને ભોગવ્યું'ના મનોવૃક્ષને દુઃખનાં જ ફલફૂલ અને કંટક આવ્યા કરે; ત્રિતાપની અગ્નિજ્વાળા દશે દિશામાં બળ્યા કરે, અને આટઆટલી મહેનત પણ કાંઇ હિસાબમાં ન હોય તેમ આ બધાને ઉપયોગી, અમૂલ્ય તથા પ્રાણપ્રિય સુખભંડાર માનીને એ સંસારકાદવમાં આગળ ને આગળ ધપવાની વાસના વધતી જ જાય, એ પરિશ્રમની કોઇ ગણતરી કાઢે છે?—અસંખ્ય જન્મો એટલે બ્રહ્માનું યે ઘડપણ જાણે! બ્રહ્મા ઘરડો થાય, યુદ્ધ અને પ્રલયોનાં હાહાકાર મચે એવાં પ્રચંડ તોફાન થાય, દેવો અને અસુરોનાં યુદ્ધ ખેલાય, એમાં 'ત્રાહિ ત્રાહિ'ના પોકાર વિના બીજું સાંભળવાનું શું છે?

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन।

ગી. અ. ૮-૧૬.

અર્થ:-હે અર્જુન! બ્રહ્મલોકથી માંડીને બધા લોક પુનરાવર્તન પામે છે! એ બ્રહ્મલોક એટલે બ્રહ્માની સૃષ્ટિઓ; અને બ્રહ્મના દિવસો

કેટલા છે એ જાણો છો ? વિષયાન્તર થાય છે પરંતુ એ કાલની થોડી જુગજૂની ગણતરી તપાસીએ.

सहस्रयुगपर्यन्तं अहर्यद्‌ ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्रान्तां तेऽहोरात्रविदो जनाः ॥

ગી. અ. ૮-૧૭.

અર્થ :—બ્રહ્માનો જે એક હજાર યુગ સુધીનો એક દિવસ છે તેને જેઓ જાણે છે તથા હજાર યુગની તેની રાત્રિને જેઓ જાણે છે, તેઓ દિવસ અને રાત્રિને જાણે છે.

બ્રહ્માનાં દિવસરાત્રિની સંખ્યા માનવવર્ષ પ્રમાણે બહુ મોટી થાય છે; એટલા કાલમાં આ જગતમાં અસંખ્ય ઊથલપાથલો થાય; અને ઇશ્વરને ન ઓળખનારો માનવજીવડો તો બ્રહ્માંડમાં ફરતો ફરતો, સંસારચક્રની ધારમાં કપાતો ને છોલાતો કેટલો અને કેવો થઇ જતો હશે! ભગવાન એવાઓને નરાધમ કહેવા સુધીની હદે પહોંચે છે:

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यंते नराधमाः ।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥

ગી. અ. ૭-૧૫

અર્થ :—માયાવડે જેમનું જ્ઞાન હરાઇ ગયું છે, એવા મૂઢ અને કુકર્મી નરાધમો આસુરી સ્વભાવમાં પડવાથી મારે શરણ આવતા નથી.

નરાધમ થવામાં કારણભૂત માયા છે; માયા એટલે જે શકિતનાં કારણો, શોધનારના પોતાનામાં હોય છતાં ખબર ન પડે અને એના કાર્ય-દ્વારા આવી પડતાં સુખદુઃખાદિનાં કારણો પોતાનાથી અન્યત્ર-બીજામાં આરોપણ કર્યા કરાય, એવા ભયંકર અજ્ઞાનને જ માયાના નામથી શાસ્ત્રકારોએ ઓળખાવી છે. બંધનથી મોક્ષ સુધીની વિદ્યારણ્યસ્વામી સાત અવસ્થાઓ સમજાવે છે.

(૧) અજ્ઞાન. (૨) આવરણ, (૩) વિક્ષેપ, (૪) પરોક્ષ જ્ઞાન (૫) અપરોક્ષ જ્ઞાન, (૬) શોકનિવૃત્તિ અને (૭) નિરંકુશ તૃપ્તિ.

આ સાતેય અવસ્થાનું સ્પષ્ટિકરણ કરીએ :—

(૧) **અજ્ઞાન** :—(૧) કોઈપણ વિષય કે વાતના સંબંધે તપાસ ચલાવતાં છતાં પણ જયારે કાંઈ સમજાય નહિ ત્યારે "હું કાંઇ જાણતો નથી" એ જાતનું અજાણપણું; (૨) શું સમજાયું ને શું ન જાયું એવી સ્પષ્ટતાના અભાવે એ સંબંધમાં મૂંગાં જ રહેવું પડે એવા ઉદાસીન વ્યવહારનું કારણ; (૩) અમુક વસ્તુ કે વાત જાણવા–સમજવાનો પહેલાં વિચાર જ ન આવે એવી અવસ્થા. આ ત્રણ અવસ્થાને અજ્ઞાન એવું નામ આપ્યું છે; આનાં જે પરિણામ આવે એ પણ અજ્ઞાનનાં જ કાર્ય કહેવાય છે.

(૨) **આવરણ**:—શાસ્ત્રીય પદ્ધતિને મૂકી દઇને કેવળ તર્કગ્રન્થથી કે કપોલકલ્પિત સ્વતંત્ર વિચાર કરીને 'પરમ વસ્તુ નથી,' 'વસ્તુ દેખાતી નથી' આવો જે તત્ત્વસંબંધે વિપરીત વ્યવહાર થાય અને એમાં મૂળ વસ્તુના આચ્છાદનથી વસ્તુનું દર્શન ન થવાનું જે કારણ તે આવરણ. આ આવરણની બે અવસ્થાઓ છે:—

(અ) 'વસ્તુ છે જ નહિ,' એ રીતે વસ્તુનું અસ્તિત્વ જ ન કબૂલવું એ અસત્ત્વનું આવરણ કહેવાય છે.

(બ) "વસ્તુ તો છે પણ મને દેખાતી નથી," એવા અદર્શનનું કારણ અભાન આવરણ છે.

(૩) **વિક્ષેપ** :—અજ્ઞાન અને આવરણને લીધે "હું શરીર છું, કર્તા ભોકતા છું," એવી દેહને જ આત્મા માનીને વ્યવહાર કરવાવાળી

અવસ્થા વિક્ષેપ કહેવાય છે, કારણ કે આત્માને ભૂલીવિસારીને દેહભાવ સ્વીકાર્યો એટલે ત્રિગુણાત્મક વ્યવહારના ત્રિતાપ દેહમાં અવશ્ય પ્રવેશ કરવાના જ; અને એ ત્રિતાપને લીધે મન ડહોળાય એટલે સ્થિર જલમાં સામાન્ય કાંકરીથી કે પવનના ઝપાટાથી જેમ તરંગ ઊભા થાય, તેમ મનમાં રાગદ્વેષાદિ દ્વંદ્વની અસંખ્ય વૃત્તિઓની ગડમથલ થવા માંડે એ વિક્ષેપ કહેવાય છે.

(૪) **પરોક્ષજ્ઞાન** :—પરમવસ્તુ "બ્રહ્મ છે" એટલું શાસ્ત્રજ્ઞાન કે અનુભવીઓના શબ્દપ્રમાણ વડે સમાજમાં આવે ત્યારે બુદ્ધિમાં એવું જે જ્ઞાન ભરાય એ પરોક્ષ જ્ઞાન કહેવાય છે. શાસ્ત્રવાકયોનો સાવધાનતાપૂર્વક અભ્યાસ કરવાથી ઇશ્વરસંબંધેની નાસ્તિકતા નીકળી જાય છે: શાસ્ત્રમાં શ્રધ્ધા રાખીને તે વિષયનાં પ્રતિપાદક રહસ્યોનો અર્થ સાંભળવાવિચારવાથી આસ્તિકય બુદ્ધિ ઊપજી ઇશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરવો અને એ પ્રમાણે નશ્ચય કરવો એ પરોક્ષ જ્ઞાન છે.

(૫) **અપરોક્ષ જ્ઞાન**:—આસ્તિકય બુધ્ધિવાળું પરોક્ષ જ્ઞાન તો ઇશ્વર છે એટલો જ નિર્ણય કરી આપે, પણ એ ઇશ્વરનો અને હું સ્વરૂપ જીવાત્માનો લક્ષ્યાર્થ એક છે; જીવશિવની એકતા છે; આત્મા અને બ્રહ્મનો અભેદ છે, એવું નિદિધ્યાસનદ્વારા અનુભવાત્મક જ્ઞાન થાય એ અપરોક્ષ જ્ઞાન કહેવાય છે. આ અપરોક્ષ જ્ઞાનને પણ કેટલાએક બે વિભાગમાં વહેંચી નાંખે છે :—

(अ) દ્દઢ **અપરોક્ષ જ્ઞાન** :–વ્યવહારની દશામાં ત્રણ ગુણની લીલા ચાલ્યા કરે, એમાં દ્વંદ્વના ઊભરા આવે, તે વખતે આત્મદૃષ્ટિનું ભાન કોઇ વાર રહે તો કોઇ વાર ન રહે એવો કાચો અનુભવ.

(૫) દૃઢ અપરોક્ષ જ્ઞાનઃ-વ્યવહારમાં રજોગુણ ને તમોગુણનાં ભયંકર તોફાનો થાય, છતાં પણ અંતરમાં આત્મભાવ જાગ્રત રહે, અવિચલ ભાવે અને આત્મદૃષ્ટિએ વ્યવહાર ચાલુ રહે, શંકાકુશંકા કે પરાજયનું નામનિશાન ચિત્તમાં ન રહે; વિક્ષેપ કે ઉપાધિની કલ્પના પણ ન આવતાં જ્યાં જેવી સ્થિતિમાં શરીર હોય ત્યાં ચિત્ત આત્માનંદમાં નિમગ્ન રહી, શકેઃ આત્માની અખંડવૃત્તિ સચવાઇ રહે, અને વ્યવહાર પ્રારબ્ધ પ્રમાણે નિશ્ચલતાથી ચાલ્યા કરે.

(૬) શોકનાશઃ—અજ્ઞાન અને આવરણને લીધે, તેમજ જ્ઞાનની અદૃઢતાને લીધે વારંવાર વિક્ષેપ થતાં, ચિત્તમાં ગ્લાનિ, ખેદ, ઉદાસીનતા, ક્લેશ ઇત્યાદિ દ્વારા સ્તબ્ધ બની જવાના ભાવ ઊપજતા હોય તેનો સદંતર નાશ. દૃઢ અપરોક્ષ જ્ઞાન થતાં આત્માનંદનો સતત ભાવ રહેવાથી અજ્ઞાનના ફલ જેવા આનંદના અભાવરૂપ શોકની સમૂળી નિવૃત્તિ.

(૭) નિરંકુશ તૃપ્તિ :—સંસારરૂપ, દ્વૈતમૂલક અને અજ્ઞાનનું કાર્ય જેવા દ્વંદ્વભર્યા પ્રારબ્ધપ્રાપ્ત વ્યવહારનો શોકનાશ થતાં અંતરમાં શાંતિ અનુભવાય; કશું ચે કરવા જેવું, મેળવવા-જેવું, જાણવા જેવું બાકી ન રહ્યું હોય એવી નિત્યની સંતુષ્ટ-વૃત્તિ તે નિરંકુશ તૃપ્તિ છે.

આ સાત અવસ્થામાં પ્રથમની ત્રણ અવસ્થા અજ્ઞાનને લીધે જ ઉદ્ભવે છે; પરન્તુ અહીં તો એ સાતે અવસ્થાનું વર્ણન એટલા માટે કર્યું છે કે અજ્ઞાનમાંથી ઉત્થાન કરવાનું હોય ત્યારે અધ્યાત્મની ઉન્નતિનાં એ સાતે ય પગથિયાં ગણી બતાવ્યાં છે; એક ચડયા પછી બીજામાં સહજ સ્વભાવે ચડાય એવું એ પગથિયાંના ક્રમનું સ્વરૂપ છે. આત્મસ્વરૂપનું

**અજ્ઞાન** હોય એટલે બધે વિષય અને સંસાર સત્ય દેખાય, તેનાથી આત્મા ઢંકાઇ ગયો હોય એમ લાગે એ **આવરણ**. એવું આવરણ હોય એટલે આત્માનંદને અભાવે અંતકરણમાં વારંવાર **વિક્ષેપ** થાય; વિક્ષેપને લીધે આત્માનું સ્વરૂપ જાણવાની ઇચ્છા તથા પ્રવૃત્તિ થાય એ **પરોક્ષ જ્ઞાનની** પ્રવૃત્તિ કહેવાય. બુદ્ધિથી નિર્ણય થયા પછી અનુભવવાનાં સાધન અને એવી સતત્ સાધનાવડે બ્રહ્માનંદનો અનુભવ થાય એ **અપરોક્ષ જ્ઞાન**; અને એવા આત્મસાક્ષાત્કારરૂપી દૃઢ અપરોક્ષ જ્ઞાનથી શોકનો સમૂળો નાશ થાય તે **શોકનિવૃત્તિ**; શોક ગયો અને અંતરમાં અમૃતનો પાતાળ કૂવો ઊઘડયો હોય અને એના સુધાપાનથી નિત્યતુષ્ટિ થાય એ **નિરંકુશ તૃપ્તિ** કહેવાય. આમ ઉત્તરોઉત્તર એ બધી અવસ્થાઓ છે અને એને માટે સાધન પણ એવાં જ યોજાયેલાં છે.

પરોક્ષ જ્ઞાનથી અંતરંગ સાધના શરૂ થાય છે; કારણ કે પરોક્ષ અને અપરોક્ષ જ્ઞાનથી અજ્ઞાન તથા આવરણનો નાશ થાય છે; અને એ બે મુખ્ય દશાનો બાધ થતાં ફલસ્વરૂપે શોક નિવૃત્તિ અને નિરંકુશ તૃપ્તિ અંતરમાં આવીને સામ્રાજ્ય જમાવે છે.

\+ \+ \+

અજ્ઞાનનું સ્વરૂપ ઓળખાયું; અને એને કાઢવા માટે નિત્યસ્વરૂપ ઇશ્વરનું મનોવૃત્તિમાં સતત ચિંતવન રહેવું જોઇએ એ વાતનો નિર્ણય થયો, એટલે પરોક્ષ જ્ઞાન માટેની તૈયારી થવી જોઇએ એમ પણ નક્કી થાય છે.

પરોક્ષ જ્ઞાન માટે શાસ્ત્રનો સ્વાધ્યાય, સત્સંગ તથા બહિર્મુખ અનાત્મદૃષ્ટિને અન્તર્મુખ કરવા માટે ધ્યાન–ધારણાનો આશ્રય લેવો પડે છે. વેદાન્તમાં એ સાધનને શ્રવણ, મનન અને નિદિધ્યાસન એવાં નામ આપ્યાં છે. પરન્તુ એ શ્રવણાદિ અંતરંગ સાધન માટેની સાધક

તૈયારી કરે તે પહેલાં વિવેકવૈરાગ્યાદિ સાધન પોતાના સ્વભાવમાં, નિત્યના વ્યવહારમાં, જીવનના પ્રત્યેક કાર્યમાં ઓતપ્રોત થઇ જવાં જોઇએ, વિવેકવૈરાગ્યરૂપી બહિરંગ સાધનનો પાકો પાયો નંખાયા વિના અંતરંગ સાધનસ્વરૂપ શ્રવણ, મનન અને નિદિધ્યાસનનું ચણતર નબળું બને છે અને ચિત્તમાં વિક્ષેપ સતાવ્યા કરે છે. સાધનહીન લોકો વેદાન્ત અને આત્મજ્ઞાનની વાતો કરે ખરા, પરંતુ કર્મોપાસના જેવાં આવશ્યક અંગોને એવા વાગ્વેદાન્તીઓ "એ તો અવિદ્યાનાં કાર્યો છે' એમ કહીને ઉતારી પાડે છે. એવા જ્ઞાનદંભીઓ મુખે શિવોઽહમ્ બોલે છે અને વ્યવહારમાં ઓતપ્રોત અને આસક્ત રહી જીવનને એવું તો દંભી બનાવી મૂકે છે કે જેને લીધે નાહક વેદાન્ત વગોવાય છે. ભોંયતળિયે ઊભેલો મનુષ્ય નિસરણીનાં પગથિયાં ન ચડતાં કૂદકો મારીને અગાસી ઉપર ચડવાના વાનરવેડા કરે, એના જેવી દશા મલિન ચિત્તવાળાની વેદાન્તશ્રવણથી થાય છે. કર્મકાંડ અને ઉપાસનામાં એને દ્વૈત ભાસે છે એટલે જપતપ, પાઠપૂજા, આસન, પ્રાણાયામ કે ધ્યાનધારણા બધાનો ઉવેખ કરી એ માટે મિથ્યા તિરસ્કાર ઊભો કરે છે. વ્યવહારનાં દ્વૈત કાર્યો તો શોખથી કરે છે; વ્યવહારમાં તો કામ ક્રોધ કે લોભમોહ રાખવાં પડે એવી મૂર્ખ દલીલો પણ કરે છે: આવા વેદાન્તી (!)ને માટે તો મૌન સેવી ઉપેક્ષાવૃત્તિ રાખવી જ ઠીક છે.

સાચો જિજ્ઞાસુ કે મુમુક્ષુ દ્વૈતના વ્યવહારને ચોખ્ખો કરે છે, નીતિનો ચુસ્ત હિમાયતી અને અનુયાયી બને છે; ધર્મને જ જીવનના ચણતરનો પાયો સમજે છે; વ્યવહારમાં સધાતા કર્મયોગના કરતાં પણ પૂજાપાઠના કર્મકાંડને વિશેષ મહત્તા આપે છે; વેપાર, નોકરી કે કામધંધાના સ્વાર્થપાલનમાં સદ્‌ભાવ બતાવવો પડે એના કરતાં અસંખ્ય ગણી પ્રીતિ દેવદેવતામાં રાખે છે; માલમિલકત અને બાલબચ્ચાં પ્રતિનાં મમતા કે રાગ કરતાં ઇશ્વરના પ્રતિ અસંખ્યગણી ભક્તિ સેવે છે; આવકનો દશાંશ

ભાગ પરોપકારના કાર્યમાં વાપરી યજ્ઞના શેષ ભાગરૂપે પોતાનો આશ્રમ-વ્યવહાર ચલાવે છે; આવું ધાર્મિક, નીતિમય, પરોપકારી જીવન ગાળ્યા વિના અને ઈશ્વરને સતત્ સ્મરણમાં ભર્યા વિના જે મનુષ્ય જીવે છે એને ભગવાને 'નરાધમ' કહ્યો છે. "ભગવાનના આપેલા પદાર્થ એમને દાનમાં—યજ્ઞમાં આપ્યા વિના જેઓ ભોગવે છે એ તો ચોર જ છે. અને યજ્ઞ (દાન)માંથી વધેલું જમનારા શ્રેષ્ઠ જનો બધાં પાપોથી મુક્ત થાય છે. જે પાપીઓ પોતાને માટે જ રાંધે છે (કમાય છે અને ભોગવે છે) તેઓ તો પાપ જ ખાય છે." * આવી ચેતવણી આપવાનો એ હેતુ છે કે મનુષ્ય ત્યાગ તથા ભક્તિને પગથિયે ચડતો ચડતો પરમાત્મરૂપ અગાસીમાં સરળતાથી પહોંચી જાય છે.

\+ \+ \+

પરમાત્માની અગાસી એટલે નિર્ભય અને મુક્ત વિહારભવન ત્યાં સરળતાથી અને સહજ ભાવે પહોંચવા માટે અજ્ઞાન, આવરણ અને વિક્ષેપરૂપ વિઘ્નોને દૂર કરવા માટે માયાપતિ ભગવાનના શરણ વિના બીજો કોઈ પણ સરળ અને સહજસાધ્ય ઉપાય નથી. એ શરણાગત ભાવને આસક્તિમુક્ત કર્મકાંડ, હેતુમુક્ત ભકિત કે વૈરાગ્યયુકત જ્ઞાન —એમાંથી ગમે તે નામ આપો, પણ જો ઈશ્વરનું અનન્ય ભાવે શરણ લેવાય તો ઈશ્વર જ ઉદ્ધારક-તારક નીવડે છે એ સર્વમાન્ય વાત છે.

અજ્ઞાન, આવરણ અને વિક્ષેપમાંથી નીકળી ચોથી પરોક્ષ જ્ઞાનની અધ્યાત્મભૂમિકામાં આરોહણ કરવા માટે પ્રથમ અજ્ઞાનને જ દૂર કરવું જોઈએ. એ અજ્ઞાનને દૂર કરવું એટલે ઈશ્વરનું જ્ઞાન મેળવવું. ઈશ્વરનું જ્ઞાન એટલે એની જ સર્વવ્યાપકતા અને સત્તા સતત સ્મરણમાં

---

*ભ. ગી. ૩-૧૨-૧૩.

રાખવી. એવા સતત સ્મરણને જ નામજપ, જપયજ્ઞ, સ્મરણભક્તિ એવાં ભિન્ન ભિન્ન નામોથી કહી બતાવ્યાં છે.

ત્યારે હવે એ ઇશ્વર–પરમાત્માનું કયું નામ સ્વાભાવિક છે એનો વિચાર કરીએ: ઉપનિષદો તો જાણે ઓમ્કારની પ્રશંસા કરતાં થાકતાં જ નથી. ઓમ્, પ્રણવ, ઉદ્ગીથ એવી ભિન્ન ભિન્ન સંજ્ઞાથી ઓળખાવીને એની એકધારી ઉપાસના કરનારને ઐહિક, પારમાર્થિક લાભ થાય છે એમ મુક્તકંઠે કહે છે. સગુણ કે નિર્ગુણ, સાકાર કે નિરાકાર, સકામ કે નિષ્કામ, એવી બધી ઉપાસનામાં આદિથી અંત સુધી ઓતપ્રોત બની રહે એવા વૈદિક પુરાણોના મંત્રોમાં એનો ઉપયોગ થાય છે, એ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે 'ઓમ્'નો શબ્દાર્થ અને એનો 'ધ્વનિ' બન્ને ચિત્ત અને પ્રાણ ઉપર દિવ્ય પ્રભાવ પાડે છે; આનન્દ અને સ્ફૂર્તિ-દ્વારા આત્મજાગ્રતિ કરાવે છે; પ્રાણમાં ચૈતન્ય પૂરી વિષયપ્રવૃત્તિમાંથી આત્મનિવૃત્તિ તરફ વાળે છે અને બુદ્ધિના જ્ઞાનવનમાંથી કંટકવૃક્ષ કે જાળાંઝાંખરાં કાપી નાંખીને આત્મજ્ઞાનના સદોદિત વૃક્ષને ફૂલફળથી પલ્લવિત કરે છે.

ઇશ્વરના સ્મરણમાં પ્રણવની સાધના સર્વોત્તમ છે, એમ વેદવેદાંગ, પુરાણ, સ્મૃતિ, ગ્રન્થો, બધાં જ સરખો ઉલ્લેખ કરે છે, એટલું જ નહિ પણ ઉપનિષદ્સમૂહ તો એની મહત્તાથી જ ભરેલો છે. ઓમ્નું રહસ્ય એટલે જ જાણે ઉપનિષદ્. મંત્રસંખ્યામાં નાનામાં નાનું પણ અર્થગાંભીર્યથી સર્વશ્રેષ્ઠ એવું માંડૂક્ય-ઉપનિષદ્ તો પ્રણવનુંજ ઉપનિષદ્ છે અને એના બાર મંત્રના વિસ્તાર માટે ભગવાન ગૌડપાદા-ચાર્યે ચાર પ્રકરણ બાંધી ૨૧૫ શ્લોક લખ્યા છે. એક જ ઓમ્ શબ્દની મહત્તા માટે એક નાના એવા ઉપનિષદ્ના અર્થગાંભીર્યની કલ્પના કરી જુઓ. ઇશ્વર અને ઓમ્, એ બેનો સ્વર–વર્ણના ઉચ્ચારમાં ભેદ છે, પણ અર્થમાં ભેદ નથી. જલ અને ઉદક બે શબ્દોમાં સ્વર-વર્ણ જુદા જુદા છે, પણ એ બન્નેનો અર્થ તો પ્રત્યક્ષ અનુભવાતું પાણી છે તેવી જ

રીતે ઇશ્વર બોલો કે ઓમ્-બન્નેનો અર્થ તો સર્વાન્તર્યામી પરબ્રહ્મ—પરમાત્મા જ છે.

ઈશાવાસ્ય ઉપનિષદ્ જેમ ઇશ શબ્દની વ્યાપકતા સમજાવે છે તેમ આ માંડૂકય ઉપનિષદ્ નીચે પ્રમાણે આરંભ કરે છે :—

ॐ इत्येतदक्षरमिदं सर्वम्—

શબ્દો છૂટા પાડીએ તો ॐ इति एतद् अक्षरम् इदम् सर्वम्—આવી રીતે વંચાય છેઃ એનો શબ્દાર્થ આવો છે :—

**ॐ (ઓમ્) આવો આ અક્ષર જ આ બધું છે:**

\+ + +

ઇશ્વર જેમ સર્વવ્યાપક અને બધું જ છે, તેમ ઓમ્ પણ બધું છે. બે વસ્તુ બધું હોઇ શકે જ નહિ, એટલે વસ્તુ તો એક જ છે, પણ એનાં નામાભિધાન બે છે. એ રીતે ઇશ્વર જ ઓમ છે અને ઓમ્ એ જ ઇશ્વર છે. ભગવદ્ગીતામાં જેમ *"ઇશ્વર સર્વના હૃદયપ્રદેશમાં રહે છે," એમ કહ્યું છે, તેમ ભગવાન ગૌડપાદાચાર્યે માંડૂકય-ઉપનિષદ્ ઉપરની કારિકામાં કહ્યું છે કે :—

प्रणवं हीश्वरं विद्यात्सर्वस्यहृदि संस्थितम् ।
सर्वव्यापिनमोंकारं मत्वा धीरो न शोचति ॥

આગમ—પ્રકરણ; શ્લો. ૨૮.

અર્થ :-પ્રણવને જ બધાના હૃદયમાં રહેલો ઇશ્વર સમજો; આ સર્વવ્યાપી ઓમ્કારનું મનન કરીને કોઇ શોક કરતો નથી. ઇશ્વરનું નામ ॐ-ઓમ્ છે એવો નિર્ણય ઋષિઓએ આત્માનુભવ પછી કર્યો છે,

* ભ. ગી. અ. ૧૮-૬૧.

કારણ કે ૐની જ ઉપાસના કરવી, એનું ધ્યાન ધરવું, એનો જ જપ કરવો, એ વાત પ્રત્યેક ઉપનિષદ્‌માં એક યા બીજી રીતે કહી બતાવી છે. પ્રશ્નોપનિષદ્‌માં પાંચમો પ્રશ્ન તો એની સાધના માટે જ ઉદ્‌ભવ્યો છે.

ઉપનિષદ્‌માં ઓમ્‌ની મહત્તા, ઇશ્વર એટલે ઓમ્ અને ઓમ્ એટલે ઇશ્વર એવો એ બન્ને નામનો અભેદ કહ્યો છે, એને જ યોગ–દર્શનકાર ભગવાન પતંજલિ યોગદર્શનમાં પ્રતિપાદન કરે છે:

ચિત્તનિરોધનાં જે સાધનો બતાવ્યાં છે તેમાં આ પ્રમાણે સૂત્ર છે:

ईश्वरप्रणिधानाद् वा । સમાધિપાદ સૂ. ૨૩

અર્થ:—અથવા તો ઇશ્વરના પ્રણિધાન (ભકિત)થી (સમાધિ પ્રાપ્ત થાય છે.)

ઇશ્વરના પ્રણિધાનથી સમાધિલાભ થાય છે, એટલી વાત કહી એટલે ઇશ્વરનું શરણ સ્વીકારવું, ઇશ્વરમાં જ મન-વચન-કર્મને મૂકી દેવાં એવો અર્થ નીકળે છે; મનથી જે ચિંતવન થાય તે ઇશ્વરનું જ સમજવું, શરીરથી કર્મ થાય તે ઇશ્વરાર્પણ કરવાં અને વાણીથી પણ ઇશ્વરનું જ વચન બોલવું એટલે એના નામ (અભિધાન)નો જપ કરવો એવો અર્થ છે. આટલું કહીને ઇશ્વરનું નામ આગળના સૂત્રમાં કહી બતાવે છે.

तस्य वाचकः प्रणवः પાદ ૧, સૂ. ૨૭

અર્થ:—એ (ઇશ્વર)નું વાચક (વાચાથી ઓળખાવી શકાય એવું નામ) પ્રણવ છે.

જુઓ; ઇશ્વર સર્વવ્યાપક છે; તેમ પ્રણવ સર્વવ્યાપક છે; એમ કહીને પતંજલિ ભગવાન ઇશ્વરનું નામ પ્રણવ છે એવી આજ્ઞા કરે છે.

ઇશ્વિરને શરણે જવું એટલે પ્રણવને જ શરણે જવું એમ નક્કી થાય છેઃ પ્રણવનો અર્થ :-प्रकर्षेण नूयते स्तूयते अनेन—એટલે જેનાથી ઉત્તમ પ્રકારે (ઇશ્વરની) સ્તુતિ કરાય તે, એમ થાય છે; ઇશ્વરનું જેના ઉચ્ચારણથી સ્તવન થાય તે નામ એટલે પ્રણવ અર્થાત્ ઓમ્— ૐ છે.

+ + +

ઇશ્વરનું નામ ઓમ્ અર્થાત્ પ્રણવ; એ બન્ને સર્વવ્યાપક હોઇ પ્રાણી માત્રના હૃદયમાં સતત, સ્થાયી અને જાગ્રત છે. એટલે એનું મનથી ચિંતવન, ચિત્તથી સ્મરણ, બુદ્ધિથી જ્ઞાન અને વાણીથી નામસ્મરણ (જપ) એ મનુષ્યનું તો શું પણ પ્રાણીમાત્રનું કર્તવ્ય બને છે. પતંજલિ એનો જપ તથા અર્થની ભાવના કરવાનું કહે છે.

સૂત્ર :-तज्जपस्तदर्थभावनम् । પાદ ૧.૨૫

એ (ઓમ્-પ્રણવ)નો જપ (કરવો અને) એના (ઇશ્વરરૂપ) અર્થની ભાવના (ચિંતવન) કરવી (એ ઇશ્વરપ્રણિધાન છે). ઇશ્વર પ્રાણીમાત્રના સ્મરણમાં રહે અને ઇશ્વર અને ઓમ્નો અભેદ સમજાય એટલે એ જ્ઞાનપ્રકાશવડે જીવાત્મા જ્ઞાન પામે તથા સ્વરૂપભૂત સચ્ચિદાનંદ પ્રકાશનો આવિર્ભાવ થાય એ સ્વાભાવિક છે. આવરણ અને વિક્ષેપનું મૂળ કારણ અજ્ઞાન છે. અજ્ઞાનરૂપ કારણનો નાશ થાય એટલે કાર્યરૂપ આવરણ અને વિક્ષેપ પણ નાશ પામે એ સ્વાભાવિક છે. એ જ છે પ્રાણીમાત્રનું ધ્યેય; પરાપૂર્વથી ઋષિઓએ માનવકલ્યાણ માટે યોજી રાખેલો ધોરી માર્ગ—એ જ રાજયોગ-સીધો અને સરળ ઉપાય.

ઉપનિષદ્‌માં તો વાતવાતમાં ૐનો મહિમા ગાયો છે. 'હા' કહેવામાં, કાર્યની પૂર્ણાહુતિમાં, કાર્યના મંગલ આરંભમાં, એમ પ્રત્યેક વ્યવહારમાં ૐનો ઉપયોગ થયો હોય એમ માલૂમ પડે છે.

'ઓમ્'ના જપની આટલી મહત્તા ઉપનિષદોદ્વારા આપણે જાણી. સ્થળસંકોચને લીધે અવતરણો નથી ટાંકયાં, અને ટાંકીએ તો કેટલાનો ઉલ્લેખ થાય? આખો ઉપનિષદ્સમૂહ ૐના દિવ્ય અને અનાહત ધ્વનિથી ગાજી ઊઠેલો છે. સગુણ કે નિર્ગુણ, સકામ કે નિષ્કામ બન્ને પ્રકારની શુભ પરિણામી ઉપાસનામાં એની એટલી બધી મહત્તા છે કે એ તો એનો અનુભવ કરનાર જ જાણે.

ઇશ્વર જેમ પ્રાણીમાત્રના હૃદયમાં સદાસર્વથા વિરાજમાન છે તેવો જ આ ૐ નો નાદ છે. ૐમાં ઇશ્વરનો, સચ્ચિદાનંદનો, આત્માના સ્વરૂપનો, બ્રહ્મના નિરતિશય આનંદનો ભાવ ભરીને એનો જપ કર્યે જાઓ. એ દ્વારા ચિત્તમાં શાંતિ, પ્રાણમાં બળ, બુદ્ધિમાં જ્ઞાનનો પ્રકાશ અને સમસ્ત ઈંદ્રિયોમાં એવી તો તૃપ્તિ અનુભવશો કે તમારી શંકાકુશંકાઓ કે તર્કવિતર્કો વરાળની પેઠે ઊડી જશે. અનુભવ કરશો એટલે સહેજમાં શ્રદ્ધા વધશે, સાધનામાં વેગ આવશે, અને વ્યવહારમાં દ્વંદ્વોની સામે થઈ એને પરાજિત કરવાનું અદ્ભૂત શૌર્ય આવશે.

તમે ૐ છો, તમે જ ઇશ્વર છો; સગુણ અને નિર્ગુણ બન્ને છો, આકાર અને નિરાકારરૂપે જીવન વિતાવો છો, જડ અને ચૈતન્યના શરીર દ્વારા ક્રિયા કર્યે જાઓ છો, સચ્ચિદાનંદના ઉપાસક છો, એ વાત ન ભૂલશો. જાણેઅજાણે પણ તમે એ જ લક્ષ્ય પ્રતિ ચાલ્યા જાઓ છો એ નિર્વિવાદ છે.

# પ્રાણ અને પ્રણવ

"પ્રણવ (ઓમ્કાર) નિર્ભય બ્રહ્મ છે," એવું શ્રી ગૌડપાદાચાર્ય માંડૂક્ય ઉપનિષદ્‌ની કારિકામાં કહે છે. પ્રણવ, ઓમ્, ઉદ્‌ગીથ—એવાં એક જ બ્રહ્મનાં જુદાં જુદાં વાચક (નામ) છે. જે જે ક્રિયા કે વ્યવહારમાં બ્રહ્મની પ્રતીતિ થાય, એ પ્રમાણે એનાં નામ પડે છે; વેદધર્મના ઋષિઓ નામાભિધાન પાડવામાં જે વસ્તુનું રહસ્ય સમજાવવાનું હોય એના અધ્યાત્મલાભનો વિચાર .અને વિવેક કરીને સ્વભાવસિદ્ધ નામ પાડતા.

પ્રણવનો અર્થ આપણે પાછલા લેખોમાં જોઈ ગયા છીએ; પ્ર=ઉપ-સર્ગની સાથે નુ=સ્તુતિ કરવી એવા ધાતુથી સિદ્ધ થયેલો મંત્ર પ્રણવ છે. પ્રકૃષ્ટ રીતે જેના વડે સ્તુતિ કરી શકાય એ પ્રણવ.

એ પ્રણવ જ ઓમ્ છે; ઓમ્‌ના ધ્વનિસંબંધે વિચાર કરતાં પહેલાં આપણે થોડો માનવશરીર, ઉચ્ચારણ કરનાર પ્રાણ, સ્વર વ્યંજનની ઉત્પત્તિ, શરીરની અંદરનાં ઉત્પત્તિકેન્દ્ર, બોલવામાં શ્વાસ ઉચ્છ્‌વાસની ગતિ, અને એની સ્વાવિકતાનો વિચાર કરવો પડશે.

ૐ નો જ્યાંથી અને જેના વડે ઉચ્ચાર થાય છે, એ એનો વિચાર કરતાં જણાય છે કે એનો ઉચ્ચાર મુખમાંથી અને જીભ વડે થાય છે ખરો, પણ એમાં મૂલ નિમિત્ત કારણ પ્રાણ છે; મનુષ્યના શરીરમાં પ્રાણ ન હોય તો કશી પણ ક્રિયા થતી નથી. એ પ્રાણને સામાન્ય મનુષ્યો જીવ, ચેતન, આત્મા એવાં નામથી ઓળખે છે, અને મૃત્યુસમયે

જીવ ગયો, ખોળિયું રહ્યું, દેવલોક પામ્યા, સ્વર્ગવાસી થયા, શરીર પંચત્વને પામ્યું એવા શબ્દો વપરાય છે. મનુષ્ય પ્રાણધારી છે એટલે પ્રાણી કહેવાય છે, એ પ્રાણને દેવ તરીકે ઓળખાવી પ્રાણ દેવલોકમાં ગયો એવો અર્થ કરાય છે. પંચતત્ત્વના સ્થૂલ-સૂક્ષ્મ શરીરનાં હાડ, માંસ, રુધિર, મજ્જા વગેરેના ખોળિયામાં જ્યાં સુધી પ્રાણદેવ રહે ત્યાં સુધી એ જીવતું કહેવાય છે અને પ્રાણ નીકળી જાય ત્યારે એને મડદું કે શબ કહે છે.

પ્રાણ શરીરમાં હોય ત્યાં સુધી ભૂખતરસ લાગે, અન્ન ખવાય, એનું પાચન થાય અને એમાંથી સ્થૂલ-શરીરની વધઘટ થાય.

જ્ઞાનેન્દ્રિયો વડે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધનું જ્ઞાન મેળવાય, કર્મેન્દ્રિયો વડે ક્રિયા થાય અને લેવડદેવડ, ચાલવું, મલત્યાગ, મૂત્રવિસર્જન અને વાણીનો ઉચ્ચાર થાય.

મનવડે કલ્પના કે ઇચ્છા કરી શકાય, બુદ્ધિવડે વિચાર થઇ શકે, ચિત્ત વડે ચિંતવન કે સ્મરણ થાય, અને અહંકાર વડે પોતાને 'હું' માનીને આખા શરીરને તથા જ્યાં જ્યાં મમતા હોય તે બધાંને 'મારું' એમ માની શકાય.

પ્રાણ નીકળી ગયા પછી કોઇપણ જાતનું જ્ઞાન, ઇચ્છા કે ક્રિયા થઇ શકતાં નથી. આવું હોવાથી આપણે શરીરની રચનાનો થોડો વિચાર કરવો પડશે કે જેથી પ્રાણની મહત્તા સમજાય.

માનવશરીર પાંચ તત્ત્વોનું બન્યું છે; એ પાંચે તત્ત્વો સ્થૂલ છે, સૂક્ષ્મ છે તેમજ ત્રણ ગુણવાળાં છે. સ્થૂલ તત્ત્વોમાંથી સ્થૂલ શરીર બને છે, સૂક્ષ્મમાંથી સૂક્ષ્મ, અને ત્રણ ગુણને લીધે એની જુદી જુદી અસર પ્રમાણે આખું માનવશરીર રચાયેલું છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર,

પાંચ પ્રાણ, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય વગેરે આખું માનવશરીર ભર્યું પડ્યું છે. આ બધાંની રચનામાં એક વસ્તુ ઉપર જરા વધારે વિચાર કરવાનો છે.

જડ અને ચેતન એમ બે રીતે જ્યારે એનો વિચાર કરીએ. સ્થૂલ અને સૂક્ષ્મ રીતે એના વિભાગ પાડતાં પહેલાં ઉપનિષદ્‌માં એને માટે બે શબ્દો વાપર્યા છે; જડને રયિ (Matter) અને ચેતનને પ્રાણ (Energy) એવાં નામ આપીને જ્યાં જ્યાં ગતિ, જ્ઞાન અને ક્રિયા વગેરે સ્વયંભૂ હોય એને પ્રાણી એવું નામ આપ્યું છે. મનુષ્યવર્ગ, પશુવર્ગ, પક્ષીવર્ગ, કીટપતંગવર્ગ, વનસ્પતિવર્ગ એ બધાંમાં પ્રાણ છે. સ્વાભાવિક રીતે જ એ બધાં અન્ન, જલ અને વાયુનો આહાર કરી વધઘટ અનુભવે છે એ ખરું, પણ જે સ્વત: વાણી વડે ઉચ્ચાર કરી પોતાનો ભાવ પ્રકટ કરી શકે એ તો મનુષ્ય અને પશુપક્ષીવર્ગ જ છે જે ભિન્નભિન્ન પ્રકારના ઉચ્ચાર કરી પોતપોતાના વર્ગમાં પરસ્પર ભાવ ઉત્પન્ન કરે છે અને કાર્ય સાધી લે છે. ભાવને પ્રકટ કરવામાં વાણી મુખ્ય સાધન છે, એટલું આ ઉપરથી સમજાય છે. પરંતુ ભાવનું વિશેષ પ્રદર્શન કરવામાં શરીરની અન્ય ક્રિયાઓનો પણ સમાવેશ થાય છે. આનન્દનો આવેશ હોય તો માણસ ખડખડાટ હસે છે, પશુ નાચેકૂદે છે, પક્ષીઓ પણ ગુલતાન કરી આકાશમાં સ્વચ્છંદ વિહાર કરે છે. વાણી અને વર્તન દ્વારા ભાવ પ્રકટ થઇ શકે છે એટલું જ માત્ર આપણે જોવાનું છે.

આપણે માનવી શરીરની રચના ઉપર પાછા આવી જઇએ. કારણ કે માનવેતર પ્રાણીઓ પૂર્વસંસ્કાર પ્રમાણે કર્મ કરે છે; ત્યારે મનુષ્યના હૃદયમાં વિચારશકિતની સ્વતંત્રતા છે કે જેના વડે શુભ-અશુભ વિચારનો વિવેક કરી અનિષ્ટનો ત્યાગ અને ઇષ્ટનું ગ્રહણ કરી શકાય છે. એ જ્ઞાનની સ્વતંત્રતા એનામાં છે, તેથી જ એ ઇષ્ટ ઉન્નતિ સાધી શકે છે,

અને જે દિશામાં ઇચ્છા કરે એમાં અદ્‌ભૂત અને અલૌકિક સામર્થ્ય દાખવી પરમતત્ત્વની પ્રાપ્તિ સુધીની છેલ્લી સીમાએ પહોંચે છે, અથવા અશુભ વાસનાધીન બને તો પ્રચંડ રાક્ષસી સ્વભાવ પ્રમાણે ભયંકર કર્મો કરી માનવવંશનો ધ્વંસ કરી અઘોર પાપી પણ બની બેસે છે. ૐ.

+ + +

મનુષ્ય જે અન્નજલ ખાય છે, એનાથી એનું શરીર પોષાય છે કારણ કે ગર્ભમાં એ શરીરની ઉત્પત્તિ પણ માતાપિતાના અન્નમય શરીરના રસમાંથી ઉદ્‌ભવેલા વીર્ય અને રજસ્‌માંથી થયેલી છે. શરીરમાં અન્નજલ જાય છે, એનું ત્યાં પચન-પાચન થાય છે, અને એનો રસ બની આખા શરીરની રચનામાં જ્યાં જ્યાં એનો ઉપયોગ થવાનો હોય ત્યાં જઇને શરીરની વૃદ્ધિ થયા કરે છે.

પણ અન્નમય શરીર તો જડ છે; દા. ત. મડદું જેમ પાંચ તત્ત્વનું બનેલું છે, તેથી એ પણ અન્નમય કહેવાય, અને તેવુંજ આપણું ઉપરનું સ્થૂલ શરીર હોવા છતાં એમાં જો પ્રાણ ન હોય તો શ્વાસોચ્છ્‌વાસ ન ચાલે, પાચનશક્તિ ન હોય, અન્નજલનો પરિપાક કે વિભાગ ન થાય, રસની ઉત્પત્તિ ન સંભવે; અને સ્વયંભૂ ચૈતન્ય એમાં અહંકાર ધારણ કરી શકે નહિ.

એ સ્થૂલ અન્નમય શરીરની અંદર પ્રાણમય શરીર છે; આવા વિભાગને ઉપનિષદ્‌માં કોષ એટલે ઢાંકણનું નામ આપ્યું છે. શરીરના કેવલ ત્રણ વિભાગ પાડેલા છે, ત્યારે આ કોષના પાંચ વિભાગ પાડયા છે. અન્નમાંથી વધઘટ પામતા સ્થૂલ શરીરને અન્નમય કોષ કહ્યો છે. એની અંદર હૃદયમાં ફેફસામાં, નાડીઓમાં પ્રાણની ગતિ જન્મથી મૃત્યુ પર્યન્ત અવિરત ભાવે ચાલુ રહે છે, અને તેના વડે જ સમસ્ત ક્રિયા થાય છે, એથી એ પ્રાણમય કોષ કહેવાય છે. પરન્તુ એ સ્થૂલ ન હોવાથી સૂક્ષ્મ શરીરનો ભાગ છે.

સ્થૂલમાં ઇંદ્રિયો વગેરેના વિભાગ નજરે પડે છે; શરીરના ભિન્ન ભિન્ન અવયવો આપણને જણાય છે, પણ એ બધામાં જો પ્રાણરૂપ ચૈતન્ય ન હોય તો શરીરમાં જ્ઞાન, ઇચ્છા કે ક્રિયા સંભવી શકતાં નથી, તેમજ અન્નજલ પણ પચીને એમાંથી સ્થૂલ શરીરની વધઘટ માટે રસ આપી શકતાં નથી.

સ્થૂલમાં જે ફેરફાર થાય છે એ કેવળ પ્રાણમય કોષને લીધે છે, એટલું નક્કી થયા પછી એ પ્રાણમય ઉપર મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય નામના ત્રણ કોષ છે એનો વિચાર કરીએ; આનંદમય કોષનું ભાન સુષુપ્તિની અવસ્થામાં સ્પષ્ટ થાય છે; ઊંઘીને ગાઢ નિદ્રામાંથી જાગીને અંતકરણમાં દુઃખના અને દ્વંદ્વના અભાવરૂપ જે આનંદનો અનુભવ થયો હતો એની પ્રત્યેક માનવી સાક્ષી આપે છે. એથી નક્કી થાય છે કે આનન્દમય કોષનો સંબંધ સુષુપ્તિની અવસ્થા સાથે છે; એ અવસ્થાના શરીરને કારણ શરીર કહે છે.

સૂક્ષ્મ શરીરમાં બુદ્ધિમાં જ્ઞાન હોય છે; મનમાં કલ્પના હોય છે; શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચાલ્યા કરે છે, એથી એ ત્રણેય કોષ સૂક્ષ્મ શરીરના કહેવાય છે; બધું તપાસી જોતાં નીચે પ્રમાણે નક્કી થયું છે એમ સમજાશે :—

એ માટે નીચેનું કોષ્ટક યાદ રાખવા જેવું છે.

| શરીર | કોષ | અવસ્થા |
|---|---|---|
| કારણ | આનન્દમય | સુષુપ્તિ |
| સૂક્ષ્મ | વિજ્ઞાનમય | સ્વપ્ન |
| | મનોમય | |
| | પ્રાણમય | |
| સ્થૂલ | અન્નમય | જાગ્રત |

ઉપરના કોષ્ટકમાં જે વિભાગ છે તે, અવસ્થા તથા શરીરના ભેદ-વડે બનેલા છે, પણ એનો ઉપયોગ નીચે પ્રમાણે છે. જે અવસ્થામાં જેટલા કોષનું ભાન થાય છે તેટલા કોષનો એ શરીરમાં સમાવેશ કરેલો છે.

જાગ્રતના વ્યવહાર વખતે અન્નમય કોષની પ્રતીતિ થાય છે; શ્વાસો-ચ્છ્વાસને લીધે પ્રાણમય કોષ ઓળખાય છે; મન કલ્પના કરે છે તથા ઈંદ્રિયોને વ્યવહારમાં યોજી શકે છે તેથી મનોમય કોષ છે એમ સમજાય છે, સમસ્ત વ્યવહાર વખતે બધાની સમજણ, ગેરસમજણ કે અસમજણ હોય છે તેથી વિજ્ઞાનમય કોષ હોવો જ જોઇએ એવી પાકી ખાતરી થાય છે; આનન્દની ક્ષણો પ્રસંગોપાત આવી જાય છે તેથી આનન્દમય કોષની હયાતી છે એમ નક્કી થાય છે.

આ બધાંમાં મુખ્ય વાત એ પકડવાની છે કે બીજા ચારે કોષ પ્રાણમય કોષ વિના નકામા છે. પ્રાણ હોય ત્યાં સુધી બધું બને છે, ઈંદ્રિયોનો વ્યવહાર થાય છે, અને જ્ઞાન, કલ્પના કે ક્રિયા બની શકે છે, પરન્તુ પ્રાણના ઊડી જવા સાથે શરીર મડદું બને છે. ચૈતન્યસ્વરૂપ **શિવ**નો ત્યાગ થતાં શરીર **શવ** બની જાય છે; વાણી શાંત થાય છે; શરીર નિશ્ચેષ્ટ બને છે અને પંચતત્ત્વનું પૂતળું માત્ર સ્થૂલ તત્ત્વોની રચનારૂપે અગ્નિદાહ ન થાય તો સડે છે—એમાં વિકાર થાય છે. કહેવાનો સાર એ છે કે પંચતત્ત્વોના બનેલો જડ, સ્થૂલ શરીરમાં **પ્રાણ** ન હોય તો કોઇપણ ક્રિયા સંભવી શકતી નથી. શરીરમાં જે કાંઇ જ્ઞાન, ઇચ્છા તથા ક્રિયા થાય છે, તેનાં કરણ-સાધનને સ્પષ્ટ કરવા નીચે એક બીજું કોષ્ટક આપ્યું છે:-

| શરીર | કોષ | અવયવ | | સ્થાન | ક્રિયા |
| --- | --- | --- | --- | --- | --- |
| કારણ | આનન્દમય | આનંદ | | ... | ... |
| સૂક્ષ્મ | વિજ્ઞાનમય | બુદ્ધિ | અંતઃકરણ ચતુષ્ટયનાં બે અંગ | મુખ | નિશ્ચય |
| | | અહંકાર | | હૃદય | અભિમાન |
| | મનોમય | શ્રોત્ર | પાંચ જ્ઞાનેન્દ્રિયો | કાન | સાંભળવું |
| | | ત્વચા | | ચામડી | સ્પર્શ જાણવો |
| | | ચક્ષુ | | આંખની કીકી | રૂપ જોવાં |
| | | જિહ્વા | | જીભ | સ્વાદ |
| | | ઘ્રાણ | | નાસિકા | ગંધ |
| | | મન | અંતઃકરણ ચતુષ્ટયનાં બીજાં બે અંગ | કંઠ | સંકલ્પવિકલ્પ |
| | | ચિત્ત | | નાભિ | સ્મરણ |
| | પ્રાણમય | વાચા | પાંચ કર્મેન્દ્રિયો | તાલુ વગેરે | બોલવું |
| | | હસ્ત | | હથેળીઓ | લેવડદેવડ |
| | | ચરણ | | પગનાં તળિયાં | ચાલવું |
| | | મલદ્વાર | | ગુદા | મલત્યાગ |
| | | જનનેન્દ્રિય | | ઉપસ્થ | વિષયાનંદ |
| | | પ્રાણ | પાંચ પ્રાણ | હૃદય | ઉચ્છ્વાસ |
| | | અપાન | | ગુદા | નિઃશ્વાસ |
| | | વ્યાન | | બધાં અંગ | બલ આપવું |
| | | ઉદાન | | કંઠ | ઊંચે જવું |
| | | સમાન | | નાભિ | અન્નપાચન |
| સ્થૂલ | અન્નમય | જડવિભાગ | | ... | જડ |

\+ \+ \+

આ કોષ્ટકનો જરા અભ્યાસ કરી લ્યો એટલે આપણે આગળ વિચાર ચલાવીએ. એમાં અંતઃકરણની મુખ્ય ચાર વૃત્તિઓ, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, તથા પાંચ પ્રાણ મુખ્ય ભાગ ભજવે છે. એ બધાં સ્થૂલ શરીરનાં અંગોમાં રહીને પોતપોતાની ક્રિયા કરે છે, પણ એમાં જો પાંચ પ્રાણુવિભાગ ન હોય તો બીજું કશું સંભવી શકતું નથી, પ્રાણુ હોય ત્યાં સુધી જ એ બધું બની શકે છે.

આટલું વિષયાન્તર પ્રાણુમય કોષની સમજણુ પૂરતું એટલા માટે કર્યું છે કે પ્રાણુની મહત્તા અને એનું મુખ્યપણું સમજાય તો પ્રાણત્વની સમજણ પડે. એ બધાં પ્રાણુની સાથે જ નિકટવર્તી સંબંધ રાખે છે, એટલું જ નહિ પણ પ્રાણુની સાથે જ રહે છે. જ્યાં જ્યાં પ્રાણ ત્યાં આ બધાંની હાજરી. પ્રાણુ ગયો કે બધાં એની સાથે પલાયન. એટલા માટે પ્રાણુ **શિવ**તત્ત્વ છે; અને પ્રાણુ વિનાનું શરીર **શવ** છે.

પ્રાણુના પાંચ વિભાગ એના સ્થાન પરત્વે છે. શરીરના જે જે અવયવમાં રહે, ત્યાં જે જે તત્ત્વની વિશેષતા હોય, ત્યાં ત્યાં એ તત્ત્વોની મિશ્રતા ગ્રહણ કરીને એનો ગુણ ધારણ કરે છે અને એ પ્રમાણે ક્રિયા થાય છે. આમ હોવા છતાં પ્રાણુ કે જેને આપણે મુખ્ય પ્રાણ કહીએ તે તો એક જ છે. પ્રાણુની બીજી મહત્તા છે હંમેશાં ગતિમાં રહેવું. પ્રાણમાં પ્ર+અન્ એમ પ્ર—વિશેષરૂપે અને અન્ એટલે ગતિ કરવી એટલે વિશેષ પ્રકારે જે હંમેશાં ગતિ—ક્રિયા—વેગ—સ્પંદન થયા કે કર્યા જ કરે એ પ્રાણુતત્ત્વ છે.

પ્રાણુ હોય તો જ :—

(૧) બુદ્ધિ વિચાર કરી શકે; કોઈ પણ વિષયનું અંતઃકરણમાં જ્ઞાન સંભવી શકે.

(૨) અહંકાર હોય તો જ હું જ કરું છું, મારે કરવું જોઈએ, એવાં

કર્મધર્મ પ્રમાણેની ક્રિયાનું કર્તાભોક્તાપણું રાખી શકાય.

(૩) કાનથી બધુંય સાંભળી શકાય, ચામડીથી સ્પર્શ અનુભવી શકાય, આંખથી જોઇ શકાય, જીભથી ચાખી શકાય અને નાકથી સૂંઘી શકાય.

(૪) મનથી સંકલ્પ કરવો, વિકલ્પ કરવો, ઇચ્છા કરવી કે ન કરવી એ બધું બની શકે અને ઇન્દ્રિયોને પ્રેરણા આપીને એની પાસેથી કામ કરાવી શકાય.

(૫) ચિત્તથી ચિંતવન કરી શકાય, ભૂતકાલનું સ્મરણ થઇ શકે; ભાવિ માટેની ચિંતા બની શકે.

(૬) વાણીથી બોલી શકાય, હાથથી આપલે કરી શકાય, પગથી ચાલી શકાય, મલમૂત્રદ્વારથી વિસર્જન કરી શકાય કે આનંદ લઇ શકાય.

(૭) પ્રાણથી અંદર શ્વાસ ખેંચી શકાય, અપાનથી બહાર શ્વાસ મૂકી શકાય, વ્યાનથી બધા અવયવો વાળી શકાય, ઉદાનથી મૃત્યુની વખતે સૂક્ષ્મ શરીરને લઇને બીજા શરીરમાં જઇ શકાય, સમાનથી જઠરાગ્નિ પ્રજ્વલિત રહે અને અન્નજલનો આહાર પચાવી શકાય.

ધ્યાન દઇને વિચારી જુઓ કે આ બધી ક્રિયાઓ કેવળ શરીરમાં પ્રાણ હોય તો જ થઇ શકે છે. સુષુપ્તિની અવસ્થામાં પણ શરીરમાં પ્રાણની ક્રિયા ચાલુ હોય તો જ આનંદથી સૂઈ શકાય છે; નહિ તો એ કારણ શરીર પણ નકામું બને છે. સ્થૂલ શરીર પણ પ્રાણવિના મડદું બને છે એ તો પ્રત્યક્ષ વાત છે. એટલે એમાં વિશેષ લખવા જેવું જ નથી.

બૃહદારણ્યક ઉપનિષદ્‌ના અધ્યાય છઠ્ઠાના પહેલા બ્રાહ્મણમાં પ્રાણની સર્વોપરિ, સત્તા બતાવવા માટે એક આખ્યાયિકા મૂકી છે; શરીરની બધી ઇંદ્રિયો અને પ્રાણ વચ્ચે પોતપોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરવા માટે વાદવિવાદ

ગોઠવી એવું બતાવ્યું છે કે બધી ઇંદ્રિયો એક એક વર્ષ શરીરને છોડીને બહાર જઇ આવી, પણ શરીર તો એ વિના પોતાનો વ્યવહાર કરી શક્યું; પણ જ્યારે પ્રાણે ત્યાગ કરવા માંડયો ત્યારે હાહાકાર મચી રહ્યો; બધી ઇંદ્રિયો પ્રાણના આધારે રહેલી હતી એટલે પ્રાણના ત્યાગથી પોતે નિરાધાર બનીને રહી શકે એમ નથી એવું જ્યારે સમજાયું ત્યારે પ્રાણને પ્રાર્થના કરી કે "હે ભગવન્, આપ ન ચાલ્યા જાઓ, આપના વિના અમે અહીં રહી શકીએ એમ નથી."

\+ \+ \+

તાત્પર્ય આપણે સમજી લીધું. લેખના ધ્યેય પૂરતું વિશેષ વિવેચન આગળ ચલાવીએ. આપણે પ્રણવનું સ્થાન, ઇશ્વરનું સ્થાન અને આ પ્રાણનું સ્થાન—ત્રણેયનું સ્થાન હૃદય છે એ જોઇ લીધું. ઇશ્વર સર્વવ્યાપી હોય તો આ ત્રણેય પણ સર્વવ્યાપી છે એમ નક્કી માનવું જોઈએ. પ્રાણ હૃદયમાં રહે છે અને ત્યાંથી ઉચ્છવાસ રૂપે બહાર નીકળે છે. પ્રણવ પણ હૃદયમાં જ રહે છે એટલે એ પણ પોતાનું ત્યાં જ ગુંજન કર્યાં કરે છે. ઇશ્વર પણ હૃદયમાં જ રહે છે એટલે સચ્ચિદાનંદ સ્વરૂપે ત્યાં જ બિરાજમાન છે. ઇશ્વર, પ્રણવ અને પ્રાણ ત્રણેય હૃદયમાં વિરાજમાન હોવા છતાં આપણે બાહ્ય પ્રદેશમાં દૃશ્ય કે ધ્યેયરૂપે શોધવા-મેળવવા બહિર્મુખ રહીએ છીએ એ કેટલું બધું અજ્ઞાન છે?— કોઇ બીજાનું નથી; આપણું પોતાનું જ છે.

હવે એક બીજી રીતે વિચાર કરીએ. પ્રત્યેક કર્મ કરવામાં ત્રણ અવયવની સહાયતા લેવી પડે છે: (૧) વિચાર કરવામાં, કર્મનું જ્ઞાન હોવામાં, અને ફલનો આનંદ સમજવામાં બુદ્ધિવાળા વિજ્ઞાનમય કોષની જરૂર પડે છે. (૨) કર્મ તથા કર્મફલનું જ્ઞાન હોય, પણ એ વિષયની ઇચ્છા કે સંકલ્પ ન હોય તો કશી ક્રિયા બની શકતી નથી, એટલે એ વિષયની

ઇચ્છા જે વડે કરી શકાય છે એ મનોમય કોષની જરૂર છે. (૩) વિષયનું જ્ઞાન હોય, વિષય માટેની ઇચ્છા હોય, પણ એ ક્રિયા કરવાની શક્તિ ન હોય તો ક્રિયા જ થઈ શકતી નથી. એ માટે પ્રાણમય કોષની આવશ્યકતા છે. સ્થૂલ શરીરના અન્નમય કોષની જડતા હોવાથી એ તો કેવળ જડ સાધન છે અને જન્મથી મૃત્યુ સુધી અન્નજલનો આહાર મેળવી વધઘટ કર્યા કરે છે.

(૧) જ્ઞાન, (૨) ઇચ્છા અને (૩) ક્રિયા–એ ત્રણેયની એકતા હોય–એ ત્રિપુટી હોય તો જ કર્મની સફલતા થાય છે. ત્રણેયમાંથી એક ન હોય તો કર્મ થઇ જ શકતું નથી,

આ ત્રણેયની બીજી બે અવસ્થાઓ છે: એક શુદ્ધ અને બીજી અશુદ્ધ, એક દૈવી અને બીજી આસુરી, એક અંતર્મુખવૃત્તિવાળી, બીજી બહિર્મુખ વૃત્તિવાળી.

(૧) પહેલી અવસ્થામાં અશુદ્ધિ ને અજ્ઞાન અથવા શુદ્ધિ અને જ્ઞાન, (૨) બીજી અવસ્થામાં શારીરિક પોષણરક્ષણ પૂરતી મનોવૃત્તિ ને ઇચ્છા, તેમજ મમતા અને મોહથી ભરેલી, વિષયભોગને વધારનારી, રાગદ્વેષથી ભરેલી વૃત્તિ ને વાસના અથવા ઇશ્વરપરાયણ થવાની શુદ્ધ મનોવૃત્તિ એટલે શ્રદ્ધા ભક્તિ. (૩) અને ત્રીજી અવસ્થામાં શુદ્ધ પ્રાણવાળી શક્તિને લીધે બલ અને સામર્થ્ય અથવા અશુદ્ધ અવસ્થાને લીધે અશક્તિ, વ્યાધિ તથા પ્રમાદ જેવાં જડતાસૂચક નામ અપાય છે:

આ ત્રણેયની શુદ્ધિ આવી રીતે થઇ શકે છે:—

(૧) વિજ્ઞાનમય કોષમાંથી અજ્ઞાન કહાડીને જ્ઞાન ભરવું.

(૨) મનોમય કોષમાંથી વાસના કહાડીને શુધ્ધ ઇચ્છા ભરવી;

(૩) પ્રાણમય કોષમાંથી અશક્તિ કહાડીને શક્તિ વધારવી.

આ ત્રણેય ક્રિયામાં મુખ્ય કર્તવ્ય હૃદયસ્થ રહેલા પ્રાણ, પ્રણવ અને ઈશ્વરનું જ્ઞાન મેળવવું એ છે. એવા જ્ઞાનની ઇચ્છા થાય એટલે જ્ઞાનની સાથે જ ઇચ્છા શુધ્ધ થાય છે; અને એ જ્ઞાન-ઇચ્છાના શુધ્ધિકરણ માટે જે ક્રિયા કરાય તેને કર્મ કહેવાય છે; એ કર્મ એવું હોય કે જેથી પ્રાણ-સંચાલિત કર્મેન્દ્રિયો વડે વિશુધ્ધ કર્મ જ થવાં જોઇએ. શાસ્ત્રોક્ત કર્મકાંડ એ એનું મુખ્ય સાધન છે.

જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા એ ત્રણેય વસ્તુરૂપે જુદાં ન હોવા છતાં શરીર માં પ્રાણ જ્યારે વ્યાપીને ભિન્ન ભિન્ન અંગમાં સ્થાન જમાવે છે, ત્યારે તે તે અંગની તત્ત્વોના ભેદની વિચિત્રતા અને ગુણભેદને લીધે એ ત્રણનાં જુદાં જુદાં નામ પડે છે. શરીરના સત્ત્વગુણના અંગમાં વ્યાપે ત્યારે જ્ઞાન, તમોગુણમાં વ્યાપે ત્યારે ઇચ્છા, અને રજોગુણમાં વ્યાપે ત્યારે ક્રિયા કરે છે, એવું બને છે.

આને લીધે એના મૂળ સ્થાન હૃદયને આપણે પકડીએ. એ સ્થાનમાંથી સ્વાભાવિક રીતે શ્વાસ-ઉચ્છ્વાસની અવિરામ ભાવે ક્રિયા થયા કરે છે; અનાયાસે **વાચા** નામની કર્મેન્દ્રિય દ્વારા વાણી બોલાય છે; એ સતત ચાલુ રહેલી ક્રિયાનું જ્ઞાન મેળવી, વાણીનાં મૂળ, વૃક્ષ અને ફળનો વિચાર કરી, એ મૂળને શુધ્ધ બનાવીએ તો સમસ્ત શરીરમાં થતી અજ્ઞાન, વાસના, અને જડતા નિર્મૂળ થઇ શકે છે, અને જ્ઞાન શુભેચ્છા તથા બલની ત્રિપુટી દ્વારા બ્રહ્મયજ્ઞ ચાલે છે. સ્વાર્થને બદલે પરમાર્થ સધાય છે, બંધમાંથી મોક્ષ મળે છે અને અશાંતિમાંથી નીકળીને શાંતિના સામ્રાજ્યનું ભોક્તા બનીને માનવીનું અંતઃકરણ સચ્ચિદાનંદઘન બ્રહ્મનું આસ્વાદન કરી શકે છે.

પ્રાણ અને મનનો ગાઢ સંબંધ છે; શરીરની રચનામાં નીચેથી ઉપર અથવા બહારથી અંદરનો વિચાર કરીએ ત્યારે (૧) અન્નમય, (૨) પ્રાણમય, (૩) મનોમય, (૪) વિજ્ઞાનમય તથા (૫) આનન્દમય એમ

ઉપર ચડતો ક્રમ છે: એનું કારણ એવું નથી કે એ બધા જુદા જુદા ઓરડાઓ છે અથવા એ બધાની વચમાં અભેદ્ય દીવાલો છે. એક જ આત્મતત્ત્વના વિવર્ત સમા મુખ્ય પ્રાણના સ્થાન અને ઉપાધભેદે કરીને એ વિભકત દેખાતા નામભેદ છે. ભારતવર્ષના અત્યારના વેદોક્ત ધર્મના સાધનમાર્ગમાં આ વસ્તુવિવેક કેવી રીતે લુપ્ત થયો છે એ જરા આપણે તપાસીએ :–

(૧) શાંકર–મતના કેવલાદ્વૈતના અંતરંગ સાધન તરીકે 'જ્ઞાન' જ મુખ્ય છે એ વાત સાવ સાચી હોવા છતાં, એનાં પ્રાથમિક સાધન તરીકે વેદોક્ત કર્મકાંડ (સંધ્યા, વંદનાદિ ષટ્કર્મ) ઉપાસનાકાંડ (પંચદેવની ઉપાસનામાંથી કોઇ પણ એક દેવને ઇષ્ટ માની એની અપ્રતિમ ભાવે અનન્ય ભકિત) ને જ્ઞાનના જેટલાં જ મહત્ત્વનાં માન્યાં છે. એનો લોપ થયો છે.

(૨) ઉપાસના અથવા ભકિતકાંડમાં ઇષ્ટદેવનું સતત ચિંતવન રહે એટલા માટે નવધા ભકિત બતાવીને છેલ્લી આત્મનિવેદન (શરણાગતિ) ભકિતને સર્વોત્તમ કહી છે, કે જેથી પ્રત્યેક વ્યવહારકાર્યમાં ઇષ્ટનું સતત સ્મરણ રહી શકે. પરંતુ આમાં વ્યવહારનો નિરાદર થવાની ગંભીર ભુલ થાય છે.

(૩) કર્મકાંડમાં જે નિત્યકર્મનો વિધિ છે એમાં સંધ્યાવંદનને જ મુખ્ય સ્થાન અપાયું છે, પણ એની સાથેનાં બીજાં વૈશ્વદેવાદિ કાર્ય તેમજ નૈમિત્તિક કર્મોની પણ એટલી જ મહત્તા છે. પરંતુ બ્રાહ્મણો વિશેષ ભાગે યજમાનો માટેનાં અનુષ્ઠાન જ્યોતિષકાર્યો તેમજ યજ્ઞ-યાગમાં પડી ગયા છે, અને એમાં પણ આજીવિકા જ મુખ્ય લક્ષ્ય બની ગયું છે. આને લીધે બાહ્ય કર્મપૂજાને જ ધર્મનું અંગ માનવામાં આવ્યું અને સત્ય વગેરે મનુસ્મૃતિપ્રતિપાદિત દશ ધર્મોનો નિરાદર થયો છે.

આ ત્રણેય વિભાગમાં પ્રાણતત્ત્વનો નિરાદર થયો હોય એમ લાગે છે. તેની સાથે હવે આપણે જ વિચાર કરીએ કે એને માટે સાધનોમાં કેટલી વિચિત્ર સેળભેળ થઇ ગઇ છે.

(૧) પ્રાણાયામને મુખ્ય મહત્ત્વ આપવા જતાં, અને કુંભક પ્રાણાયામદ્વારા શ્વાસ-ઉચ્છ્વાસને રોકીને શરીરને નિશ્ચેષ્ટ બનાવી કોઇ પણ એક આસનસ્થ થઇને બેસવું એને જ યોગ માની લેવામાં આવ્યો. આવા કુંભક પ્રાણાયામ દ્વારા સમાધિઓનાં પ્રદર્શન થવા માંડયાં છે.

(૨) જ્ઞાનકાંડવાળાઓ પ્રાણાયામ, ધ્યાન, પાઠપૂજા, ભકિત વગેરેની ઉપેક્ષા કરે છે, એટલું જ નહિ પણ જ્ઞાનશિખર ઉપર પહોંચવાનાં આ પગથિયાંનું શિક્ષણ ન આપતાં જ્ઞાનમહત્તા જ સમજાવ્યા કરે છે અને કેવલ તર્કપ્રધાન ગ્રન્થોના શ્રવણ–વાચનમાં ચડાવી વાગ્વેદાન્તી બનાવી મૂકે છે. આવું વેદાન્ત પણ સમાજમાં એકાન્તસેવન અને ત્યાગને બહાને તામસિક પ્રમાદ અને આળસ પોષે છે.

(૩) ભકિતમાર્ગ વાળાઓએ આત્મવિચાર ન કર્યો, પરન્તુ ભગવાન અને એની લીલાના વર્ણનવિભાગ ઉપર ખાસ જોર મૂકી યોગ અને એનાં સાધન પ્રતિ નિરાદર કેળવતાં પ્રાણતત્ત્વ તો સર્વવ્યાપક હોવા છતાં એની ઉપેક્ષા કરી; એણે પણ વ્યવહારનો ત્યાગ, ભગવદ્નાં સેવા-પૂજાને બહાને મંદિરના વૈભવવિલાસ અને રાજભોગ ઊભા કર્યા છે.

(૪) કર્મકાંડીઓએ સંધ્યાવંદન કરતાં છતાં પણ પ્રાણાયામની ઉપેક્ષા કરી: સામાન્ય રીતે ડાબા–જમણા નસકોરા ઉપર આંગળીઓ ફેરવીને જ પ્રાણાયામ માની લીધા; અને કર્મકાંડ માત્ર બાહ્ય દેખાવ પૂરતું જ રહ્યું, એને જ ધર્મ માનીને કનિષ્ઠ યજમાનવૃત્તિની શૂદ્ર સેવાવૃત્તિ સ્વીકારી.

(૫) સાધન, સાધના અને સાધ્ય એ ત્રિપુટીમાં ત્રણેયની એક-

સરખી મહત્તા જોઇએ. ત્રણેયની પાકી સમજણ, સાધન પ્રમાણે સાધના અને સાધનાનું અનુષ્ઠાન કરતાં સાધ્યની સમીપ કેટલી હદે પહોંચી ગયા છીએ એવી આત્મપરીક્ષા સતત ચાલુ રહેવી જોઇએ. એ પરીક્ષામાં બાહ્ય લક્ષણ નકામાં છે. વેશપલટો, ટીલાંટપકાં કે માળાપૂજાના દેખાવ અર્થહીન છે.

(૬) પરિણામે, સાધનમાં ગરબડ, સાધનામાં દંભ વધી પડયાં, અને સાધ્ય માટે તો વિતંડાવાદ જ વ્યાપી બેઠો. જ્યાં જુઓ ત્યાં (૧) કેવલાદ્વૈત, (૨) વિશિષ્ઠાદ્વૈત, (૩) દ્વૈત (૪) શુદ્ધાદ્વૈત. (૫) વિભાગાદ્વૈત, (૬) અચિંત્ય ભેદાભેદ—ઇત્યાદિ નામ આપીને જીવ, જગત, અને ઇશ્વર સંબંધે જે સામાન્ય માણસ ત્રણેયના અસ્તિત્વની ગૂચવણમાં મૂંઝાય છે, એને એટલી બધી વધારી મૂકી છે કે એ સાધ્યની ચર્ચા અને નિર્ણય-માંથી એ ઊંચો જ આવતો નથી—નવરો જ પડતો નથી.

(૭) ઠોઠ નિશાળિયાનાં વતરણાંની પેઠે પોથી-પુસ્તકોનો પાર નથી; વાંચવું, સમજવું, પ્રશ્ન પૂછવા, કોઇ યોગી, તપસ્વી, વિદ્વાન, વિજ્ઞાનીના અમુક સિદ્ધાન્તો વિષેની વિતંડા, અને આવી કડાકૂટ, જીભાજોડી, માથાકૂટ, લમણાઝીકમાંથી જ કોઇ પરવારતા નથી; અને કદાચ પરવારે તો સાધનાના કરતાં સાધ્યરૂપ ભગવાનની મહત્તા ગાતાં જ થાકતા નથી.

(૮) સાચી વાત છે સાધનાને ચીલે ચડવાની. સાધના વિના સાધન કે સાધ્યનાં જ્ઞાન-ભાન નકામાં છે, અને ગન્તવ્યસ્થાને પહોંચી શકાતું જ નથી, એ વાત ખાસ ગોખી રાખવાની છે.

\+ \+ \+

શાસ્ત્રોએ એટલા માટે જ દ્વિજ માટે સંધ્યાવંદનાદિ ષટ્કર્મ ઉપર, (વગર સમજ્યે પણ એ કરવાની આજ્ઞા કરી રાખીને) ભાર મૂકયો છે

કારણ કે એ (૧) બહુ જ નિર્દોષ છે, (૨) સાધ્યમાં સગુણ-નિર્ગુણનું અધિકારપરત્વે લક્ષ્ય કરાવી આપે છે (૩) પ્રાણમાં, બુદ્ધિમાં અને હૃદયમાં શુદ્ધિ, સંયમ અને શકિત અપાવે છે. (૪) એની સાથે જ પાઠમાં ઉપયોગી થાય તેવાં સ્તોત્રો કે ભજનોનો સમાવેશ કર્યો છે કે જેથી ચિત્ત ભાવપ્રદેશમાં ચડે અને વૃત્તિ સહજસ્વભાવે અંતર્મુખી બની અંતર્યામી ચૈતન્યનો નિર્દોષ આનંદ માણી શકાય.

પ્રણવની બ્રહ્મ તરીકે, હૃદયમાં વ્યાપક તરીકે, સમસ્ત શબ્દવિસ્તારના મૂલસ્થાન તરીકે, અને જ્ઞાન, ઇચ્છા, ક્રિયાના કેન્દ્ર તરીકે જે મહત્તા છે, એટલી જ મહત્તા પ્રાણની છે; પ્રાણ અને પ્રણવ કારણકાર્ય જેવાં છે. પ્રાણને શાસ્ત્રમાં બ્રહ્મા તરીકે ઓળખાવ્યા છે, તો પ્રણવરૂપ શબ્દને, વાચામાંથી ભાવજાગ્રતિના પ્રવાહરૂપે સરી પડતી વાણીરૂપ દેવતાને, એમનાં પુત્રી તરીકે સરસ્વતી નામ આપ્યું છે: બ્રહ્મા અને સરસ્વતી જુદાં ન પડી શકે એવાં છે, કારણ કે બ્રહ્મા ન હોય તો સરસ્વતીનો ઉદ્‌ભવ જ સંભવિત નથી. અને બ્રહ્માને છોડીને સરસ્વતી જાય કયાં ? એ વિકટ પ્રશ્નનો ઉત્તર એ છે કે એને હંમેશાં કુમારિકા તરીકે વર્ણવ્યાં છે; કુમારિકા એટલે એની સાથે જ એનું સંલગ્ન.

આમ પ્રાણ અને પ્રણવની આપણે એકતા તપાસી. એ પ્રણવ જ ૐ અને ૐ જ પ્રણવ છે, એ પ્રસિદ્ધ છે. એટલે પ્રાણ અને ૐનો અભેદ છે.

અંતકરણ સુષુપ્ત દશામાં જાય છે; અને શરીરની જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિયો ક્રિયાહીન બને, તોપણ પ્રાણ તો સદાસર્વદા જાગ્રત જ હોય છે. અંતઃકરણ પોતાનો સુષુપ્ત દશામાં જ્ઞાનસંબંધ એની સાથેથી છોડી દઇને પોતાના મૂલ કારણ અવિદ્યા-અજ્ઞાનમાં લય પામે છે. પરન્તુ પ્રાણ તો હંમેશાં ચેતન છે; શ્વાસ અને ઉચ્છ્વાસરૂપે એ પોતાનો ધ્વનિ

કર્યાં જ કરે છે. હૃદયમાં રહેલા પ્રાણબ્રહ્મની આ સતત્ ક્રિયાશીલતાને લીધે જ એને રજોગુણપ્રદર્શક બ્રહ્મા, હિરણ્યગર્ભ, તૈજસ્ એવાં વ્યષ્ટિ-સમષ્ટિભેદે ભિન્ન ભિન્ન નામો આપ્યાં છે. ઉત્પત્તિ સ્થિતિ, લયમાં હંમેશાં ગતિ જોઇએ, કારણ કે એ વિના સૃષ્ટિ, સ્થિતિ, સંહાર બની શકે નહિ, એટલે પ્રાણ તે બ્રહ્મા અને બ્રહ્મા એ પ્રાણ છે.

\+ \+ \+

પ્રાણનું હૃદયમાં કેન્દ્ર છે: ત્યાં હંમેશાં એનું સ્પંદન થયા કરે છે; અને એ સ્પંદન જે થાય છે તેના ધ્વનિને યોગિક ભાષામાં અનાહત કહે છે. અનાહત એટલે કોઇપણ રીતે ન રોકાય એવો, તેમજ ઘોષપ્રતિઘોષની ક્રિયાથી પરિવર્તન ન પામે એવો એ નાદ છે. એને જ નાદબ્રહ્મ, શબ્દ-બ્રહ્મ, અક્ષરબ્રહ્મ તરીકે શાસ્ત્રમાં ઓળખાવ્યો છે.

જાગ્રત અને સ્વપ્નદશાના બોલતાસંભળાતા ધ્વનિનો વિચાર કરો. સ્વપ્નદશામાં સૂક્ષ્મ ઈંદ્રિયો કામ કરે છે. જાગ્રત અવસ્થાની રીતે જ એમા શબ્દો બોલાયસંભળાય છે. શ્રવણેન્દ્રિય વિ. કામ કરતાં હોવાથી, એ જ આગળ વધીને ભાષા, વાક્ય, શબ્દ, અને વાદરૂપે સંભળાય છે. એ દશામાં સૂક્ષ્મ તત્ત્વો કામ કરે છે એથી એનાં ગોલકો પણ સૂક્ષ્મ છે. જાગ્રતમાં આપણે સૂક્ષ્મ શરીર અને સ્વપ્નની અવસ્થાનો વિચાર કરીએ છીએ એટલે એ આપણને અપૂર્ણ અથવાં સૂક્ષ્મ લાગે છે, પરન્તુ સ્વપ્નની અવસ્થામાં તો આપણને એ બધું પરિપૂર્ણ સત્ય તેમજ જાગ્રતના જેવું જ વ્યાવહારિક જગત લાગે છે.

આ અંકમાં આપણે પ્રાણની સમસ્ત શરીરોમાં વ્યાપકતા, મુખ્ય પ્રાણનું સ્થાન, અને વાચા-સરસ્વતીદેવીનું એ ઉદ્ગમસ્થાન છે એટલું જ જોવાનું છે. પ્રાણમય કોષની ઉપર મનોમય, વિજ્ઞાનમય તથા આનન્દ-મય કોષ છે એ ખરું, પણ પ્રાણ વિના એ ત્રણેયની હયાતી શરીરમાં

સંભવિત નથી. પ્રાણમયકોષનો મુખ્ય ધર્મ તો ક્રિયાશીલ રહેવાનો છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિની ત્રણે દશામાં શ્વાસોચ્છ્વાસરૂપે અસ્તિત્વ સિદ્ધ થાય છે. એની સ્વાભાવિક ક્રિયા જન્મથી મૃત્યુપર્યન્ત ચાલુ રહે છે; પ્રાણ હૃદયમાં રહી ઉચ્છ્વાસ બહાર ફેંકે છે, અપાન મલદ્વારની અધોદિશામાં રહી મલમૂત્ર વિસર્જન કરાવે છે, વ્યાન અંગપ્રત્યંગમાં રહી અવયવોને વાળે અને બળ આપે છે. ઉદાન કંઠમાં રહી સ્વપ્ન દેખાડે છે, તેમજ આ શરીરનો ત્યાગ કર્યા પછી અન્ય શરીરમાં કે લોકલોકાન્તરમાં ગમન કરાવે છે અને સમાન નાભિપ્રદેશમાં રહી જઠરાગ્નિ પ્રદીપ્ત રાખી, ખાધેલાં અન્નજલનો પરિપાક કરી, શરીરનાં બધાં અંગોમાં રસસિંચન કરે છે. આ બધી એની સ્વાભાવિક ક્રિયા છે. એમાં મનોમય, વિજ્ઞાનમય કે આનન્દમય કોષની પ્રેરણાની આવશ્યકતા નથી. કુંભક પ્રાણાયામ કરવાથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા બંધ થાય ત્યારે મનની ગતિ પ્રાણની નિશ્ચલતાની સાથે જ બંધ પડે છે, પણ એથી કાંઇ એનું અસ્તિત્વ મટી જતું નથી, મન અને બુદ્ધિ બન્ને બીજરૂપે એમાં રહે છે, અને પ્રાણની ક્રિયાશીલ દશા થતાં પોતાનાં કલ્પના અને જ્ઞાનને ચંચલ બનાવે છે.

આ પ્રાણની બે અવસ્થાઓ છે; એક બહિર્મુખી અને બીજી અંતર્મુખી; શરીરના જન્મ પછી પૂર્વ સંસ્કાર પ્રમાણે મનબુદ્ધિ તથા ઈંદ્રિયોને એ વિષયો પ્રતિ દોરે છે; વિષયોના ભોગ અપાવે છે; સુખદુઃખનાં સંવેદનો અપાવે છે, વિષયવાસના, કર્મ તથા ભોગ અપાવી પુનઃ પુનઃ વાસના-કર્મભોગના ચક્રમાં મનુષ્યને ભટકાવે છે. પરન્તુ એની બીજી અંતર્મુખી દિશામાં જો એ પોતાનાં દ્વાર તથા વેગ ઉઘાડે તો પ્રાણની સાથે મન તથા બુદ્ધિ અંતર્મુખી બને છે. પ્રાણના આ ઉર્ધ્વીકરણની સાથે જ મન-બુદ્ધિ ઉન્નત અને અંતર્મુખ બને છે. કર્મકાંડના વિધાનમાં જે પ્રાણાયામની સાધનાનો વિધિ છે એનું કારણ એટલું જ છે કે

પ્રાણાયામ થાય ત્યારે સૂક્ષ્મ પ્રાણની ગતિ અંતર્મુખ થાય છે; ઇંદ્રિયોનો બહિર્મુખ વેગ શાંત થાય છે; ઇંદ્રિયો શાંત અને સ્થિર થતાં એક જ આસન ઉપર સ્થિર બેસવાની વૃત્તિ થાય છે; પ્રાણની ચંચલતા ઓછી થતાં મન શાંત થાય છે, અને કોઇ સરોવરમાંથી નીકળતી નદીઓનાં બહારનાં વહેણને બહાર ન જવા દેતાં એ મૂળને બંધ કરીએ તો જેમ એ સરોવર શાંત થાય છે, તેવી જ રીતે ઇંદ્રિયો અને વૃત્તિઓ બહિર્મુખ ન રહેતાં, પોતાના હૃદય કેન્દ્રમાં મુખ્ય પ્રાણના અનાહત ધ્વનિનું શ્રવણ થતાં ત્યાં અંતર્મુખ વૃત્તિના અનુસંધાન વડે સચ્ચિદાનંદ સ્વરૂપનું ચિત્ત આસ્વાદન કરે છે.

આ પ્રાણને અંતર્મુખી બનાવવાની કેટલીક ક્રિયાઓ તથા સાધન-પ્રણાલિકાઓ છે જેનો આપણે આગળ ઉપર વિચાર કરીશું. આ લેખમાં તો પ્રાણની મહત્તા સમજાવવાના ઉદ્દેશ તથા કારણ તરીકે જે વિવેચન કર્યું છે એના સાર જેવા મુદ્દાઓ નીચે પ્રમાણે છે.

(૧) પ્રાણ એ ક્રિયાશીલ થયેલું પરમતત્ત્વનું જ વિવર્તરૂપ છે. સગુણબ્રહ્મનું એ મુખ્ય સર્જનકાર્ય છે; એને જ ઇશ્વરના હિરણ્ય–ગર્ભ સ્વરૂપે ઓળખાવાય છે. બ્રહ્માંડમાં એને હિરણ્યગર્ભ કે બ્રહ્મા તરીકે વર્ણવ્યો છે; પિંડમાં એ તૈજસ તરીકે ઓળખાય છે.

(૨) પ્રાણમાંથી જ સમસ્ત વાચા ઉદ્ભવે છે. પ્રાણનું સ્થાન હૃદયમાં કહીને ઓમ્–પ્રણવનું સ્થાન પણ ત્યાં જ એટલા માટે બતાવ્યું છે, કે હૃદયમાં એની અવિરત સ્પંદનરૂપ જે ક્રિયાશીલતા રહે છે એ અનાહત ધ્વનિ કહેવાય છે.

(૩) એ પ્રાણ કંઠ, તાલુ, ઓષ્ટ વગેરે સ્પર્શ વ્યંજનો अ, उ, म् એ ત્રણ અક્ષરો, य, र, ल, व,–એ ચાર અંતઃસ્થ, श, ष, स, ह–એ ચાર ઉષ્માક્ષર અને હ્રસ્વ, દીર્ઘ તથા પ્લુત રૂપે અક્ષરોનો સમુદાય ઉત્પન્ન કરે છે.

(૪) ઉચ્ચાર વખતે હોઠનું ઉઘડવું અને બીડાવું એ બે મુખ્ય ક્રિયાઓ થાય છે, એમાં જ अ, उ, म्‌ની સ્વાભાવિક ઉચ્ચાર ક્રિયાઓ છે: છે; એ ओऽम् છે; એજ પ્રણવ છે.

(૫) પ્રાણ, પ્રણવ, અને ઇશ્વર—એ ત્રણેયનું મુખ્ય સ્થાન હૃદય છે; હૃદયના અંતર્યામી ક્ષેત્રજ્ઞનો મુખ્ય વિહારપ્રદેશ; જ્ઞાન, ઇચ્છા, ક્રિયાની ત્રિપુટીરૂપે વ્યકત–પ્રકટ થતાં પહેલાં સચ્ચિદાનંદરૂપે એ ત્યાં વિરાજમાન છે.

(૬) સાધક એ વેગને બહિર્મુખ જ રહેવા દે તો ઇંદ્રિયો વિષયપ્રાપ્તિ માટે જ કર્મ કરે, વિષયોની ઇચ્છા કરે અને વિષયો મેળવવાનું વ્યાવહારિક જ્ઞાન મેળવવાની વિદ્યાઓ ભણે. એ ચક્રને જ સંસાર અથવા ભવચક્ર કહ્યું છે.

(૭) પ્રાણને અંતર્મુખ કરવો, પ્રણવની સહાયતા લેવી, અને અંતઃસ્થ, પ્રત્યક્ ચૈતન્યરૂપ ઇશ્વરનો હૃદયમાં અનુભવ કરવો એ સાધકનું પ્રથમ પગથિયું છે.

(૮) પ્રણવનું સતત્ સ્પંદન હૃદયમાં થયા કરે છે, છતાં એનું જ્ઞાન કે ચિત્તથી અનુસંધાન જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી ઉર્ધ્વગામી સાધના બની શકે નહિ. અંતર્મુખી ન થવાય ત્યાં સુધી વિષયવાસના મટે નહીં, અને અંતર્યામી સચ્ચિદાનંદના આસ્વાદન વિના વિષયવાસના શમે નહિ. વિષયબંધનથી છૂટવા માટે પ્રણવનું જ્ઞાન અને પ્રણવના ધ્વનિનું સતત્ અનુસંધાન રાખવું આવશ્યક છે.

(૯) વાણીના સ્વર-વ્યંજનના અક્ષર વિભાગમાં મૂળ સ્થાને પ્રણવ અથવા ॐ–ओ—म्—છે, એ 'ઓમ્'ની સ્વાભાવિકતા સમજીને જો જપ થાય તો એ સર્વોત્તમ સાધનની મહત્તા, સરલતા, સહજ ભાવે થતી સાધનાનો લાભ શીઘ્ર થાય છે.

(૧૦) ઉપનિષદ્‌સમૂહ, વેદોક્ત કર્મકાંડવિભાગ, પૌરાણિક કે તંત્ર ગ્રન્થોની સાધનભક્તિની વિધિઓ, બધામાં ॐ–ओम् જ સર્વોપરિ સ્થાને છે એ શાસ્ત્રસિદ્ધ હકીકત છે.

(૧૧) મંત્રરહસ્યમાં અસંખ્ય વાકયમંત્રો, શબ્દમંત્રો અને અક્ષર (બીજ) મંત્રો છે, એમાં ઓમ્– ॐओम् સ્વાભાવિક હોઈ સર્વોપરિ સ્થાને વિરાજે છે.

(૧૨) એના જપમાં કશો વિધિ નિષેધ નથી, અધિકાર ભેદ નથી, વર્ણ આશ્રમના અધિકારની આંટીઘૂંટી નથી, કારણ કે એ તો પ્રત્યેક પ્રાણધારીના શ્વાસોચ્છ્વાસથી થતી સ્વાભાવિક ક્રિયા છે. ॐનો જપ સ્ત્રીઓથી, શૂદ્રોથી કે અન્યથી ન થાય એમ કહેનારાઓએ સૌ વિચાર કરવો જોઈએ કે પ્રાણીમાત્ર વગર પ્રયત્ને ॐ બોલે જ છે: એ સ્વાભાવિક ઉચ્ચારને કોઈ રોકી શકે એમ છે જ નહિ; કારણ કે એને રોકવા જતાં તો શરીર નિષ્પ્રાણ થાય, મૃત્યુ થાય.

+ + +

પ્રાણની આટલી મહત્તા લક્ષ્યમાં રાખજો. ઈશ્વરનું સ્થાન, પ્રાણનું સ્થાન, અને પ્રણવ ( ओऽम् )નું સ્થાન હૃદય છે એ સમજી રાખજો. પહેલેથી પાંચમા અંક સુધીના અગ્રલેખમાં ઈશ્વર, ગુરુ અને આત્માની જે એકવાકયતા સમજાવી છે એ ભૂલશો નહિ; બધું ઈશ્વર જ છે, અને એ પરમ સત્યને અનુભવવાનું છે એ ખાસ ધ્યાનમાં રાખશો; ઈશ્વર જ ॐછે. અને ॐ ઈશ્વર છે એ અભેદવાચી નામ તમારૂં પોતાનું છે એનો વિચાર કરી રાખજો. આવતા લેખમાં આપણે ॐ– પ્રત્યેક ક્ષણે આપણા પ્રાણપરમાત્મા કેવી રીતે ओऽम् બોલ્યા જ કરે છે, જિહ્વા જપ કર્યાં જ કરે છે, એનો થોડો વિચાર કરીશું. પ્રાણીમાત્ર ॐ ॐ ॐનો

સતત્ ઉચ્ચાર કરે છે, એટલે એ સૌનું વાસ્તવિક નામ છે. બીજાં બધાં નામ તો માનવીય કલ્પનામાંથી ઉપજાવી કહાડેલાં છે એટલે સત્ય નથી. નામ અને નામી (નામધારી)નો કેવો અભેદ છે, એ દૃષ્ટિએ યથાશક્તિ વિચાર કરીએ ત્યાં સુધી એટલી વિનંતી કે :—

(૧) ૐ—ઓSમ્‌નો જપ તમે કર્યાંજ કરો છો અને તમે એ રોકી શકો એમ નથી.

(૨) તમે એને જાણતા નથી એનું કારણ એ છે કે તમારી બુધ્ધિ અને મનોવૃત્તિને એ તરફ તમે વાળ્યાં નથી.

(૩) તમારા શ્વાસોચ્છ્વાસ ૐ—ૐ—ૐ જપ્યા કરે છે. એ અજપા જપ કહેવાય છે. એ જપના ધ્વનિમાં તમારે તમારાં જ્ઞાનને વાળી, કર્ણેન્દ્રિય વડે એનું શ્રવણ કરવાનું છે.

(૪) રાત અને દિવસના ચોવીસ કલાકમાં ૨૧૬૦૦—ઓSમ્ તમારો પ્રાણમય કોષ બોલ્યા જ કરે છે. અને છતાં તમે કહો છો કે ભગવાનનું નામ લેવાની તમને ફુરસદ નથી મળતી !!

(૫) તમારૂં મન તમને કેવું ઠગે છે એ જુઓ, એ જપનો ખ્યાલ ન રાખતાં, એ સર્વેશ્વર, પ્રાણાધાર, હૃદયસ્થ ૐ પ્રણવરૂપ પરમાત્માને ભૂલીને સંસારની વિદ્યાઓ, વિષયપ્રાપ્તિનાં સાધનો, બહિર્મુખ જગતની ગડમથલો, પ્રપંચીય અસત્ય વાણીવિલાસોમાં તમારું ઠગ મન તમને રખડાવી રઝળાવી દુઃખી કરે છેઃ એ તમારું શત્રુ છે.

(૬) આટલું સમજી લ્યો કે તમારા પ્રાણપતિ પરમેશ્વર હૃદયમાં બેસીને ૐ—ૐ—ૐ બોલે છે; એને તમે નથી સાંભળતા, માટે છતે કાને બહેરા છો; છતી અક્કલે મૂર્ખ છો, છતી આંખે આંધળા છો,

છની વિદ્યાએ અજ્ઞાની છો. તમારાજ અજ્ઞાનથી તમારા વાસ્તવિક પ્રાણધન—પ્રણવબ્રહ્મને તમે ભૂલીને દુઃખી થાઓ છો.

(૭) એ અંતઃસ્થ પરમાત્માને તમે બહાર શોધો છો; તીર્થોમાં, મંદિરોમાં દેવળોમાં, મસ્જિદોમાં, પાણી પત્થરમાં મેળવવા ભટકયા કરો છે અને આ સદાપ્રાપ્ત, સહજ પ્રાપ્તવ્ય, અને અનાયાસ સાધ્યને વિસારી મૂકો છો.

(૮) મંદિરોમાં, દેવાલયમાં, તીર્થોમાં, ક્રિયાકાંડમાં, ઉપાસનામાં, ભજન કીર્તનમાં, અવતારપૂજામાં, આચાર્યોપાસનામાં, દેવ દેવીઓનાં સ્તવન પ્રાર્થનામાં—એ બધામાં ઉપાસના કરીને જે રહસ્ય—ઉત્તમ રહસ્ય શોધી કહાડવાનું છે, તે તમારા અંતર્યામી શબ્દબ્રહ્મને ઓળખવાનું છે. એ પરમતત્ત્વને અનુભવવાનાં એ બધાં ઉપયોગી સાધનો છે. એ ખોટાં કે, નિરુપયોગી છે એમ નથી પણ એ બધી સાધનાનું અંતિમ લક્ષ્ય અને ફલ જો અંતર્યામી ચેતનનો સાક્ષાત્કાર થવામાં ન આવે, તો ખરેખર પરિશ્રમ વ્યર્થ છે.

(૯) લક્ષ્યનો નિર્ણય બાંધીને લક્ષણની સેવા કરો, ધ્યેયનું જ્ઞાન મેળવીને પછી ઇષ્ટનું ધ્યાન ધરો, જ્ઞેયને બુદ્ધિથી ઓળખીને જ્ઞાનસ્વરૂપ આત્માને પામો. સાધ્યનો વિચાર કરીનેજ પછી સાધન તથા સાધનાને સિદ્ધ કરો.

(૧૦) આ બધાનો આધાર છે શુધ્ધ શાસ્ત્રજ્ઞાન, શાસ્ત્રીય સાધન, વિવેક-ભરેલી સાધના, અંતર્મુખી જીવનવ્યવહાર, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની દૃઢતા તથા સદાચાર અને નીતિમય જીવન. એ જ પરમકલ્યાણનો પંથ છે; नान्यः पन्था विद्यते अयनाय એ ઉપ-નિષદ્‌ની ઘોષણા છે. એને માન આપો અને તમારો વિજય છે. એનો હૃદયમાં સ્વીકાર કરો અને તમારો જન્મ સફલ છે. આ સત્યનો અનુભવ કરો, કૃતકૃત્ય થાઓ ! ॐ तत्सत्

# ॐ खं ब्रह्म

આપણે ॐ એવા ધ્વનિવાળા શબ્દબ્રહ્મનો વિચાર કરવાનો છે. બીજું કાંઈ વિચારીએ તે પહેલાં बृहद् आरण्यक उपनिषद्ना પાંચમા અધ્યાયના પહેલા બ્રાહ્મણમાં એની જે મહત્તા વર્ણવી છે અને એની ઉપાસના વિશે ભાષ્યકાર શ્રી શંકરાચાર્ય શું સમજાવે છે એ અક્ષરે-અક્ષર વાંચી જઈએ. પાંચમા અધ્યાયનું આ પહેલું બ્રાહ્મણ खं ब्रह्मના નામથી પ્રસિદ્ધ છે. ઉપાસના વિશે એમાં એટલું સુંદર અને સ્પષ્ટ વિવેચન છે કે એ સર્વાંશે અહીં ઉતારવાનું યોગ્ય લાગે છે. મંત્ર નીચે પ્રમાણે છે:-

ॐ खं ब्रह्म । खं पुराणं वायुरं खमिति ह स्माह कौरव्यायणीपुत्रो वेदोऽयं ब्राह्मणा विदुर् वैदेनेन यद् वेदितव्यम् ॥१॥

**અર્થ** :-ॐ આકાશ બ્રહ્મ છે. (આ) આકાશ (જડ નથી) પણ સનાતન (પ્રાચીન, પુરાણ, પરમાત્મા) છે. જેમાં વાયુ રહે છે, એ આકાશ જ ख છે." આમ (ઋષિવર્ય) કૌરવ્યાયણી પુત્રે કહ્યું છે. આ (ॐ) વેદ (જ્ઞાન) છે, એમ બ્રાહ્મણો જાણે છે, કારણ કે જે (પરમતત્ત્વ) જાણવા યોગ્ય (જ્ઞાતવ્ય) છે એનું એનાથી જ્ઞાન થાય છે.

ભગવાન શંકરાચાર્ય આ મંત્રસંબંધે વિસ્તારથી જે કહે છે એનો સારાંશ હવે તપાસીએ. તેઓ લખે છે કે:-

"ॐ खं ब्रह्म" આ મુખ્ય મંત્ર છે: આનો ઉપયોગ બીજે કોઈ કર્મકાંડમાં નથી થતો, પણ બ્રાહ્મણો ધ્યાનના કર્મમાં એટલે ઉપાસનામાં

એનો ઉપયોગ કરે છે, એમાં '**બ્રહ્મ**' વિશેષ્ય (વિશેષણથી ઓળખાય એવું) નામ છે, '**ખમ્**' વિશેષણ છે. દૃષ્ટાંત તરીકે, પીળી હળદરમાં જેમ પીળી વિશેષણ અને હળદર વિશેષ્ય કહેવાય છે, તેમ આકાશ વિશેષણ અને બ્રહ્મ વિશેષ્ય છે. કોઇ પણ વિશેષણ ન હોય તો બ્રહ્મ શબ્દ બૃહત્ (મહાન્) વસ્તુમાત્રનો વાચક બને છે તેથી અહીં खं ब्रह्म એમ ઉપાસનાને માટે કહ્યું છે.

આ खं ब्रह्म છે તે જ ૐ શબ્દથી ઓળખાય છે—કહેવાય છે—વાણીથી સમજાવાય છે. બ્રહ્મની ઉપાસનાની સાધના માટેનું એ મુખ્ય કારણ (સાધન) હોવાથી અહીં ૐ શબ્દનો પ્રયોગ કર્યો છે. (તાત્પર્ય કે બ્રહ્મની ઉપાસના કરવામાં ૐ એના વાચક (નામ) તરીકે અને खम् એના વિશેષણ તરીકે સમજવાનું છે.)"

બીજાં ઉપનિષદોમાં પણ ૐનો મહિમા વર્ણવ્યો છે. કઠોપનિષદ્‌માં "આ (ૐ) જ શ્રેષ્ઠ આલંબન છે, આ જ ઉત્કૃષ્ટ આલમ્બન છે" એમ કહ્યું છે. "ૐ એવો ઉચ્ચાર કરીને ચિત્તને સંયમમાં લાવે" એવું મહાનારાયણ ઉપનિષદ્‌માં કહ્યું છે. "ૐએ અક્ષરવડે જ પર-બ્રહ્મનું ધ્યાન કરે" એવું પ્રશ્ન ઉપનિષદ્‌નું વાક્ય છે. (ૐ) ઉચ્ચારણ" એવી રીતે આત્માનું ધ્યાન કરો" એવું મુંડક ઉપનિષદ્‌નું વિધાન છે. આવી અનેક શ્રુતિઓથી સિદ્ધ થાય છે કે ૐ શબ્દ જ બ્રહ્મ (આત્મા)-ધ્યાન માટે સર્વોત્તમ સાધન છે. આ મંત્રનો બીજો કોઇ પણ રીતે ઉપયોગ કરવાની આજ્ઞા નથી એથી પણ સમજાય છે કે ૐ ઉપાસના માટે જ છે. "ૐ એમ બોલીને શાસ્ત્રપાઠ કરવો, ૐ એમ બોલીને ઉદ્‌ગાન કરવું," આવું વિધાન સ્વાધ્યાયના આરંભ અને અંતમાં પ્રયોગદ્વારા બતાવ્યું છે, એથી પણ એમ સમજાય છે કે એથી કાંઇ એના અર્થમાં પરિવર્તન નથી થતું.

"બ્રહ્મ" અને "આત્મા" બન્ને શબ્દ બ્રહ્મનાજ વાચક છે. (બન્ને શબ્દ વડે બ્રહ્મનો જ સંકેત સમજવાનો છે) છતાં પણ શ્રુતિના પ્રમાણથી બ્રહ્મનું અત્યંત સમીપવર્તી નામ ૐકાર છે, એટલા જ માટે બ્રહ્મની પ્રાપ્તિ (સાક્ષાત્કાર—અનુભવ)માં એ પરમ (શ્રેષ્ઠ—મહાન્—એકમાત્ર) સાધન છે.

એ સાધન બે પ્રકારનું છે: (૧) એક પ્રતીકથી અને (૨) બીજું નામ વડે. વિષ્ણુ વગેરેની પ્રતિમાઓમાં વિષ્ણુ વગેરેનો અભેદ માનીને ચિંતવન થાય તે પ્રતીક-ઉપાસના છે. તેવીજ રીતે 'ૐકાર જ બ્રહ્મ છે' એવું ચિંતવન કરવું એ બ્રહ્મની પ્રતીક-ઉપાસના છે. આવી રીતે ૐ જેનું આલમ્બન છે, તેનાથી બ્રહ્મ પ્રસન્ન થાય છે. (બ્રહ્મ અને આત્મા એક હોવાથી આત્મામાં પ્રસન્નતા—આનંદ ઉદ્ભવે છે). કઠોપનિષદ્માં કહ્યું છે કે "આ (ૐ) શ્રેષ્ઠ આલંબન છે, આ પરમ આલંબન છે, આ આલંબનને જાણીને ઉપાસક બ્રહ્મલોકમાં મહિમાવાન થાય છે.

હવે ખમ્ શબ્દનો વિચાર કરીએ ખમ્નો સામાન્ય અર્થ આકાશ થાય છે. પરંતુ અહીં સ્થૂલ, ભૌતિક આકાશના અર્થમાં એ શબ્દ લેવાનો નથી. એટલા જ માટે ખમ્ ને પુરાણ તરીકે વર્ણવ્યું છે. પુરાણ એટલે સનાતન આકાશ, એટલે પરમાત્માસ્વરૂપ આકાશ; (ભ. ગી. અ. ૨ શ્લો. ૨૦માં આત્માને પુરાણ કહ્યો છે. એટલે પુરાણ વિશેષણ આપીને ખમ્ને નિત્ય, શાશ્વત, સનાતન, અજર, અમર આત્મા તરીકે ઓળખાવ્યું છે. હૃદયસ્થ આકાશને અહીં શબ્દબ્રહ્મ એવા ૐ તરીકે સમજાવવાનો આશય છે.) આ પરમાત્મસ્વરૂપ આકાશ ચક્ષુ વગેરે સ્થૂલ ઈંદ્રિયોનો વિષય ન હોવાથી એને નિરાલમ્બ કહ્યું છે, એટલે કે એનું ઈંદ્રિયોથી ગ્રહણ થઈ શકતું નથી. એટલા જ માટે શ્રુતિ કહે છે કે શ્રદ્ધા અને ભક્તિપૂર્વક આ ૐ માં સમાવેશ કરાય છે. વિષ્ણુ વગેરે દેવોનાં અંગ

પ્રત્યંગવાળાં શરીરો—મૂર્તિઓનો જેમ શિલાશાલિગ્રામમાં આવેશ કરાય છે, તેવી જ રીતે ॐને સગુણ સ્વરૂપ વ્યષ્ટિસમષ્ટિનું પ્રતીક સમજવાનું છે—ॐમાં એનો આવેશ કરવાનો છે.

"આ ॐકાર જ વેદ છે. જે વેદિતવ્ય છે—જાણવા જેવું છે એનુ જેના વડે જ્ઞાન થાય એ વેદ કહેવાય છે. એટલા માટે ॐ વેદવાચક અર્થાત્ ॐ બ્રહ્મજ્ઞાનવાચક—નામ છે. સાધક એને જાણે છે એટલે કે અનુભવ—સાક્ષાત્કાર કરે છે." જેવી રીતે શંકુ વડે બધાં પાન વ્યાપ્ત છે "એમ છાંદોગ્યનું વાકય છે;" તેવી જ રીતે ॐકાર વડે વેદ છે. ॐ ॐ એ જ વેદ, ॐ એ જ બ્રહ્મ, ॐએ જ હૃદયાકાશસ્થ પરમાત્મા અને ॐ એ જ પિંડ બ્રહ્માંડરૂપ વૃક્ષ. આવો વિશિષ્ટસ્વરૂપ જે ॐ છે, તેને સાધનરૂપે જાણવો જોઇએ."—ભગવાન્ શંકરાચાર્ય.

આવો મહિમા છે ॐકારનો, ॐકારને જ બ્રહ્મસ્વરૂપ—બ્રહ્મનું પ્રતીક માનીને ઉપાસના કરવાનો, અને ॐ, બ્રહ્મ, અને હૃદયાકાશસ્થ ચૈતન્યને અભેદ માનવાનો. વિશેષ વિચાર કરતાં પહેલાં આપણે ઉપાસના વિશે થોડું વિચારીએ.

ઉપાસના બે પ્રકારની છે :—

(૧) પ્રતીક : અને (૨) અહંગ્રહ.

**પ્રતીક** :—શિવ તથા વિષ્ણુને લિંગ તથા શિલારૂપે પૂજવાં એ પ્રતીક ઉપાસના છે. શિવ-વિષ્ણુને સ્થૂલ શરીર, ઇંદ્રિયસમૂહવાળી મૂર્તિઓ તરીકે પૂજવાં, એ પ્રતિમા–ઉપાસના છે, જ્યારે એમના અંગપ્રત્યંગનો પણ શિવલિંગ કે શાલિગ્રામમાં ભાવ–આવેશ કરી ઉપાસના કરવી, એ પ્રતીક ઉપાસના છે.

**અહંગ્રહ** :—હૃદયસ્થ અહમ્—હુંપણા વડે જેને આપણે ઓળખીએ છીએ, હું શરીર વગેરે એમ અજ્ઞાનવશાત માનીએ છીએ, એ

અહમ્‌નું ગ્રહણ કરીને–એને શબ્દ વડે પકડીને, એને જ ૐ રૂપે માનીને, ૐમાં એનો ભાવ ભરીને, એના સ્વાધ્યાય—જપદ્વારા ઉપાસના કરવી એ અહંગ્રહ ઉપાસના છે. બીજી રીતે કહીએ તો અહમ્‌ને પકડીને એને બ્રહ્મસ્વરૂપ જાણવું અને અનુભવવું એ અહંગ્રહ ઉપાસના છે.

આ અહંગ્રહ ઉપાસના વડે જે સમાધિલાભ થાય છે તેનો વિસ્તાર તપાસીએ. વાક્યસુધા અથવા દૃગ્દૃશ્યવિવેક નામના પ્રકરણગ્રન્થમાં એ સ્પષ્ટતાથી સમજાવેલું છે. અહીં સંક્ષેપમાં ઉતારી લઈએ.

હૃદયમાં બે પ્રકારનો સમાધિ સંભવે છે: (૧) એક સવિકલ્પ અને (૨) બીજો નિર્વિકલ્પ.

(૧) દૃશ્યાનુવિદ્ધ અને (૨) શબ્દાનુવિદ્ધ એમ સવિકલ્પ સમાધિના બીજા બે પ્રકાર છે. એકંદરે છ પ્રકારની સમાધિ કહેવાય છે.

(૧) દૃશ્યાનુવિદ્ધ સવિકલ્પસમાધિ.
(૨) શબ્દાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ.
(૩) નિર્વિકલ્પ સમાધિ.

આ ત્રણેય આન્તર અને બાહ્ય એમ બે પ્રકારની બને છે. હવે આપણે ક્રમવાર વિચાર કરીએ. પહેલાં આંતર સમાધિ લઈએ.

(૧) ઇંદ્રિયોને શાંત—સંયત કરીને હૃદયમાં જે જે વૃત્તિઓ ઊઠે, તે બધાં મારાથી—અહમ્‌ થી પૃથક્ છે, અહમ્‌ દૃષ્ટા છે અને વૃત્તિઓ દૃશ્ય છે. એમ વિચાર કરી એના દૃષ્ટારૂપે ચિત્તને સ્થિર કરવું, એટલે વૃત્તિઓને દૃશ્ય માની એમાં ચિત્તને પરોવવું, દૃશ્યોને સાક્ષી બનીને વીંધી નાંખવાં, એ **દૃશ્યાનુવિદ્ધ સમાધિ** છે.

(૨) દૃષ્ટાસ્વરૂપ અહમ્–હું અસંગ, સચ્ચિદાનંદ, સ્વપ્રકાશ અને દ્વૈતરહિત છું, દૃશ્યો અસંખ્ય છે તેથી દ્વૈતજાલ છે, હું દ્વૈતમુક્ત

છું, એવી ભાવના વડે આંતરિક અહમ્ રૂપે પ્રતીત થતા, અનુભવાતા સૂક્ષ્માતિસૂક્ષ્મ શબ્દમાં—ધ્વનિમાં ચિત્તને પરોવવું એ **શબ્દાનુવિદ્ધ સમાધિ** છે.

( ૩ ) આ બે પ્રકારની સમાધિનો પ્રયત્ન કરતાં કરતાં દશ્ય કે શબ્દ એ બેમાંથી એકેયનું આસ્તિત્વ ન રહે, ચિત્ત નિર્વાત દીપકની પેઠે શાંત, સ્વરૂપસ્થ, આનંદમગ્ન, ત્રિપુટીરહિત થઇ જાય અને એમાંથી વ્યુત્થાન થયા પછી એ અવસ્થા ત્રિપુટીરહિત અનુભવની હતી એમ ચિત્ત સાક્ષી પૂરે, એ **નિર્વિકલ્પ સમાધિ** છે.

દ્રષ્ટા કલ્પના કરનાર છે, અને દશ્ય બધાં કલ્પના છે; એથી જ્યાં સુધી દ્રષ્ટા, દશ્ય અને દર્શન, ધ્યાતા, ધ્યેય અને ધ્યાન—જેવાં ત્રિપુટી રહે એવી બધી અવસ્થામાં ચિત્ત કલ્પનાવાળું છે તેથી એ અવસ્થા **સવિકલ્પ** કહેવાય છે. જ્યાં સમસ્ત ત્રિપુટીનો અભવા અનુભવાય એ **નિર્વિકલ્પ સમાધિ** કહેવાય છે; સવિકલ્પ સમાધિમાં ચિત્તને પ્રયત્ન કરવાનો હોય છે, ત્યારે એ પ્રયત્નના પરિપાકને અંતે નિર્વિકલ્પ સમાધિ સ્વાભાવિક રીતે જ ફલસ્વરૂપ પ્રત્યક્ષ થાય છે.

હૃદયાકાશમાં આ બે સમાધિ થાય તે આંતર સમાધિ કહેવાય છે, તેમ બાહ્ય પ્રદેશમાં ચક્ષુ આદિ ઇન્દ્રિયોને પ્રવૃત્ત રાખી દશ્યમાં સાક્ષીભાવ રાખવો તે બાહ્ય દશ્યાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ છે, અને દશ્યથી પોતાને ભિન્ન માની અહમ્ ને વિશુદ્ધ આત્મસ્વરૂપે ભાવના કરવી એ બાહ્ય શબ્દાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ છે.

આવી બાહ્ય સમાધિનો અભ્યાસ કરતાં કરતાં કોઇ ધન્ય પળે, ઇંદ્રિયો ઉઘાડી હોય, પ્રાણ ચાલતા હોય છતાં દશ્ય કે શબ્દ બન્ને ભાવનાની શાંતિ થતાં કોઇ અવર્ણનીય અવસ્થા આવી ચડે, એ બાહ્ય નિર્વિકલ્પ સમાધિ છે.*

---

* વાંચો વાકયસુધા અથવા દગ્દશ્ય વિવેક :

આ સમાધિની એટલે જીવનમુક્ત જ્ઞાનીની દશાનું વર્ણન મુખ્યત્વે યોગવાસિષ્ઠ મહારામાયણમાં, નાનાં ઉપનિષદોમાં, ત્રિપુરારહસ્ય જ્ઞાન-ખંડમાં, તેમજ ઉપદેશસાહસ્રીના પદ્યવિભાગમાં વિસ્તાર પૂર્વક આવે છે. જ્ઞાનયોગની આ પરિસીમા છે; બ્રહ્મજ્ઞાનને અવધિ છે; આત્મ-સાક્ષાત્કારની સર્વોત્તમ ભૂમિકા છે. વેદાન્તમાં આ સાધનને અંતરંગ વિભાગમાં લીધેલું છે, કારણ કે વિવેક, વૈરાગ્ય વગેરે બહિરંગ સાધનની ભૂમિકા પાર કર્યા વિના, અંતરંગ સાધનના અધિકારી બની શકાતું નથી. સાધન પ્રમાણે સાધના કર્યા વિના, આત્માના અપરોક્ષ અનુભવ વિના વેદાન્તનાં અભેદવાકયો બોલવાં, ઉચ્ચારવાં કે સ્વચ્છંદી માયાબદ્ધ જીવો પ્રમાણે વર્તન કરવું, એ ભયંકર શાસ્ત્રદ્રોહ છે; ઋષિઓના આશીર્વાદ તો એના જ ઉપર ઊતરે કે જેઓ પધ્ધતિપુર:સર અભ્યાસ કરે, અંતઃકરણને વાસનાથી મુક્ત કરી, હૃદયમાં કેવળ આત્મસાક્ષાત્કારની ઉત્કટ જિજ્ઞાસા ભરી, ચિત્તને ૐકારસ્વરૂપ પરબ્રહ્મમાં એકાગ્ર કરી અંતર્મુખવૃત્તિવડે આત્માભિમુખ બની, એ પ્રમાણે શીલ, સદાચાર અને સંયમથી સાધના કર્યે જાય.

આ ૐ કવી રીતે હૃદયમાં સતત શબ્દરૂપે વ્યાપ્ત છે, તેમ જ પ્રાણના ઉચ્છ્વાસ-પ્રશ્વાસદ્વારા મુખ-નાસિકનાં દ્વારવડે કવી રીતે પોતાનું સ્વરૂપ અને અસ્તિત્વ પ્રકટ કરી રહ્યો છે એ જોઇએ

હૃદયમાં રહેલો પ્રાણ, ત્યાંના આકાશમાં એટલે કે ખલી જગ્યામાં રહ્યો હોય છે. પંચતત્વોના સ્વરૂપમાં પ્રથમ આકાશનું નામ આવે છે. એનું સ્વરૂપ સમજવા જેવું છે. આકાશ એટલે અવકાશ, પોલાણ, ખાલી સ્થાન એવો અર્થ થાય છે. એ જગ્યા ખાલી એટલા માટે કહેવાય કે ત્યાં પહેલાં તથા પછી કાંઇક હોવું કે આવી શકે એમ હોવું એઇએ.

ઉપનિષદ્કાર કહે છે કે પ્રથમ, એટલે કે આ દશ્યમાન વિશ્વનો આભાસ થાય તે પહેલાં આ બધું—વ્યક્ત કે અવ્યક્તની પ્રથમ સત્ હતું. ખરી રીતે જોતાં સત્નો અર્થ જે હંમેશાં હોય, હોય અને હોય જ એવો થાય છે: એટલે સત્ હતું એમ કહેવું એના કરતાં એમજ કહેવું યોગ્ય છે કે ત્યાં અનામી, અલિંગી, એક, અદ્વિતીય, અભેદ્ય, અરૂપી તત્ત્વ હતું—એના વિના બીજું કાંઈ નહોતું. એમાં અનિર્વચનીય રીતે કૈંક પોલાણ પડયું; એમાંથી સત્નો અભાવ થયો; ખરી રીતે જોતાં એમાં સત્નો અભાવ થતો નથી, પણ કોઈ અચિંત્ય શકિત—માયાના પ્રભાવથી એકમાંથી અનેકનો આભાસ થયો, તેથી અસંખ્યમાંનો એક પોતાને દ્રષ્ટા માને, ત્યારે અને પોતાનાથી ભિન્ન અસંખ્યને દશ્ય માને, અને પોતાનાથી ભિન્ન અસંખ્યને જ્યારે एक अद्वितीय—ब्रह्मनो એને અભાવ લાગે, એ અભાવનું માયાવશ ભાન થાય એ જ બ્રહ્મનું પોલાણ—બ્રહ્મ વિનાનું ખાલી સ્થાન, એટલે આકાશ.

એ આકાશ તત્ત્વ સ્થિર અને ચંચલ, અવ્યક્ત અને વ્યકત બે રીતે રહે છે. જ્યારે એ સ્થિર અને અવ્યકતરૂપે રહે, ત્યારે એ પણ કેવલ એક તથા કારણરૂપે માયાના નામથી ઓળખાય, પણ જ્યારે એમાં વ્યકત થવાની ચંચલતા વ્યાપે, સ્પંદન થવા માંડે, હિલચાલ થાય, પ્રવાહો ચાલવા માંડે ત્યારે એને મુખ્ય પ્રાણની ઉપમા અપાય છે, અને એને વાયુ નામ આપીએ એટલે એના પ્રવાહોના ઘર્ષણથી ધ્વનિ ઉત્પન્ન થાય અને ત્યાં જે મુખ્ય સ્પંદન ચાલે, એનો ધ્વનિ તે ॐ છે.

હૃદયાકાશમાં જે પ્રાણનું સ્પંદન તે સૂક્ષ્માતિસૂક્ષ્મ ધ્વનિરૂપે ॐ ओम् છે. પરંતુ જાગ્રત અવસ્થામાં શ્વાસ-ઉચ્છ્વાસરૂપે મુખ અને નાસિકાનાં કંઠ વગેરે દ્વારો ભેદીને તથા ઘસાઇને બહાર નીકળે ત્યારે એનો ધ્વનિ सोहऽमू શબ્દરૂપ બને છે.

શ્વાસ (અંદર શ્વાસ લેવા)માં સઃએવો ઉચ્ચાર થાય છે. ઉચ્છ્વાસ (બહાર શ્વાસ કાઢવા)માં अहम् એવું સંભળાય છે. શાસ્ત્રમાં જે सोऽहम् એવો મંત્ર આવે છે, એ सः+अहम्‌નો બનેલો છે. એટલે કે હૃદયસ્થ પ્રાણ શ્વાસ-ઉચ્છ્વાસદ્વારા એ સતત બોલ્યા જ કરે છે. એને ઊલટી રીતે જોઇએ એટલે કે ઉચ્છ્વાસને પહેલો અને શ્વાસને પાછળ રાખીએ તો हम्+सः=हंसः એમ બને છે : શાસ્ત્રોમાં જીવને એટલા જ માટે **હંસ** કીધેલો છે, કારણ કે सोऽहम्—हंसએ ધ્વનિથી (નામથી) એ નિત્ય ઉચ્ચાર કરીને પોતાના સ્વરૂપને પ્રકટ કરે છે અને એ સ્વાભાવિક ઉચ્ચાર હોવાથી પ્રત્યેક પ્રાણીમાત્રનું સ્વાભાવિક નામ છે; પરન્તુ એક જ નામથી બધાંનો ભેદ ઓળખાય નહીં અને એક જ નામથી વ્યવહાર બની શકે નહીં, તેથી મનુષ્યોએ પાછળથી પ્રત્યેક પ્રાણીપદાર્થનાં જુદાં જુદાં નામ પાડયાં છે.

શ્વેતાશ્વતર ઉપનિષદ્ કહે છે કેઃ—

नवद्वारे पुरे देही हंसो लेलायते बहिर् ।
वशी सर्वस्य लोकस्य स्थावरस्य चरस्य च ॥ ३. १८

**શબ્દાર્થ** :—(બે નેત્રનાં છિદ્ર, બે નાસિકાનાં છિદ્ર, બે કાનનાં છિદ્ર, મુખ, જનનેન્દ્રિય અને મલદ્વાર એ નવ છિદ્રોરૂપ) નવ દ્વારવાળા (શરીર રૂપ) નગરમાં હંસ (ઉપાસના અને જ્ઞાનવડે અવિદ્યાનું હનન કરનાર એટલે હંસ=પરમાત્મા) જીવ (થઇને) બહાર જાય છે, (વિષય-ગ્રહણ માટે ચલાયમાન થાય છે.) (તે પરમાત્મા) સ્થાવરના તથા જંગમના (ને) સર્વ લોકના નિયામક છે.

આ છે આપણા હૃદયસ્થ આકાશમાં રહેલા પ્રાણરૂપ હંસદેવનું ધ્વનિ–શબ્દ–નામ અને ઉચ્ચારણ. सोऽहम्-हंसः એમ એ જપ

સતત ચાલ્યા કરે છે; એમાં કશો પણ પરિશ્રમ કરવો પડતો નથી; એ નામોચ્ચાર રોકયો રોકાય એમ નથી, તેથી એ અજપા જપ કહેવાય છે.

+ + +

પિંડસ્થ પ્રાણ જ્યારે બ્રહ્માંડમાં વ્યાપી રહેલા પ્રાણને શ્વાસદ્વારા અંદર ખેંચે છે ત્યારે સઃ એવો ઉચ્ચાર થાય છેઃ બ્રહ્મવિદ્યાનો સિદ્ધાન્ત છે કે પિંડમાં જે પ્રાણતત્ત્વ છે, તે જ બ્રહ્માંડમાં સૂર્ય છે, સૂર્ય વિશ્વ-પ્રાણનો ભંડાર છે: એમ કહો કે એ શરીરમાં રહેલી પ્રાણ—ચૈતન્ય—શક્તિ—Energy—વગેરેનું શક્તિધામ છે—Power House છે. બ્રહ્માંડમાં પાંચ તત્વોની ગતિમાં જે વિકાર ઉત્પન્ન થાય, તેને બધાને આ પ્રાણ ભસ્મીભૂત કરીને પોતાનાં પ્રકાશ અને ઉષ્માવડે વિશુદ્ધ બનાવે છે; એ પવિત્ર છે, નિત્ય ગતિશીલ છે, પ્રકાશક છે, ચૈતન્યમય છે, નિર્વિકાર છે, અને વ્યાપક તથા સર્વશક્તિમાન હોવાથી એ જ પરમાત્મા છે.

માનવદેહ જ્યારે એ બાહ્ય પરમાત્મા એટલે કે સૂર્યપ્રાણને અંદર આકર્ષે છે ત્યારે એનો ઉચ્ચાર સઃ એમ થાય છે. (સંસ્કૃત વ્યાકરણમાં સઃનો અર્થ 'તે' થાય છે), એ બાહ્ય પ્રાણ અંદર જાય એટલે શરીરમાં પ્રવેશ કરી, પોતાની પવિત્રતાથી પિંડસ્થ પ્રાણના દોષ ભસ્મીભૂત કરી જેટલું મલિન તત્ત્વ હોય એને ઉચ્છ્વાસદ્વારા हम् ઉચ્ચારવડે બહાર કાઢે છે, એમાં જીવાત્માનો ત્રિગુણાત્મક સ્વભાવનો મલાંશ રહેલો હોય છે તેથી એને अहम् કહે છે.

ઉચ્છ્વાસમાં हम् એટલું જ સંભળાય છે, છતાં જ્યારે કંઠમાંથી એ નીકળે છે ત્યારે એની પહેલાં કંઠમાંથી નીકળતો સ્વર अ સહજ સ્વભાવે બોલાય છે, તેથી અંદરથી નીકળતા ધ્વનિનો अहम्—હું એવો અર્થ થાય છે. પ્રત્યેક પ્રાણી અહોરાત્રના—૨૪ કલાકમાં ૨૧૬૦૦ શ્વાસો-ચ્છ્વાસ દ્વારા सोहम्=हंसનો જપ કર્યા જ કરે છે. આ છે આપણો

નિત્યપ્રતિ, અનાયાસે સતત ચાલુ રહેતો પરમાત્માની સાથે અભેદ અનુભવાતો મહામંત્ર.

સોऽहम् અને ॐ—ओऽम् વચ્ચેનો તફાવત હવે જોઈએ. આપણે આપણી બન્ને હાથની હથેળીઓને સામસામી રાખીને ધીમેધીમે ઘસીએ તો જરાય અવાજ સંભળાતો નથી. હથેળીને ઘસવાથી—બહુ જ ધીમેથી એક ઉપર બીજીને ફેરવવાથી એમાં કંઈક ધ્વનિ—અવાજ તો જરૂર થતો હોવો જોઈએ, પણ એ એટલો બધો મંદ—ધીમો હોય છે કે કર્ણગોચર થતો નથી. જેમ જેમ જોરથી ઘસવા માંડીએ તેમ અવાજ તીવ્ર થતો જાય છે: આવી જ રીતે सोहम् અને ओऽम् નું છે,

શ્વાસોચ્છ્વાસના અત્યંત મંદ ઘર્ષણની ગતિનો ધ્વનિ ॐ છે, જ્યારે જાગ્રત અવસ્થામાં અત્યંત તીવ્ર ઘર્ષણ થતી વખતે સંભળાતો નાદ सोहम् —છે. આમ ओम् ॐ અને सोहम् એક જ ધ્વનિનાં મંદ-તીવ્ર ઘર્ષણની દૃષ્ટિએ સૂક્ષ્મ-સ્થૂલ રૂપાન્તર છે.

सोहम् મંત્રમાં सः=તે અને ओहम् હું એવા બે શબ્દો છે. સંસ્કૃત ભાષામાં સ્વરવ્યંજનની રચના વિશે બહુ ઊંડાણમાં ઊતરવાનું આ સ્થાન નથી. એમ કરવા જતાં પ્રત્યેક સ્વરવ્યંજનનું મૂલ ઉદ્ભવ સ્થાન કે જેને યોગની ભાષામાં ચક્રો કહે છે, એનો વિચાર કરવો પડે એમ છે. પ્રાણમય કોષ, શરીરની મુખ્ય તથા ગૌણ નાડીઓમાં એની ગતિ, એ પ્રમાણે સ્થાનભેદે ઉદ્ભવ પામતા સ્વરવ્યંજન, અને એ સ્વર-વ્યંજનના ધ્વનિની સાથે ચિત્તના પૃથક્ પૃથક્ ભાવો—વૃત્તિઓની મીમાંસા કરવા જતાં તો ગ્રન્થોના ગ્રન્થો ભરાય એમ છે. એ વિશે સંસ્કૃતમાં કર્મ અને ઉપાસનાના તંત્રગ્રંથોનાં વિધવિધ પુસ્તકો છે, જેનો વિસ્તાર અહીં અસ્થાને છે. સાધકને શ્રદ્ધા અને ભક્તિદ્વારા ॐકારનું ચિંતન, સ્વાધ્યાય અને ધ્યાન થઈ શકે, એનું જ્ઞાન મેળવી

અહંગ્રહની ઉપાસના દ્વારા ચિત્તને સંયમમાં લાવી આત્મસાક્ષાત્કાર સુધી પહોંચી, બ્રહ્માંનંદનો અનુપમ લાભ મેળવી જીવનમુક્તિ માણી શકાય એ ઉદ્દેશથી આ સંક્ષિપ્ત લેખો લખાય છે. વિશેષ વિદ્વતાના ઇચ્છુકોએ તો મૂલ ગ્રન્થોના અધ્યયનથી જ સંતોષ મેળવવો જોઇએ. ઉપાસના વિશેનું રહસ્ય જાણવા-અનુભવવા માટેની માત્ર જિજ્ઞાસા જાગ્રત થાય તોપણ અમને સંતોષ થશે.

\+ \+ \+

सोहम् अने ओऽम् ॐ બન્નેનો અભેદ છે: હવે ओऽम्‌ની રચના તપાસીએઃ ॐ માં अ, उ અને म् એમ ત્રણ અક્ષરો છે. દીર્ઘથી પણ આગળ લંબાવી શકાય એવા-શ્વાસ જયાં સુધી ચલાવી શકાય ત્યાં સુધી થતા ઉચ્ચારનો વિચાર કરીએ ત્યારે કંઠથી ઉચ્ચાર કરતાં પ્રથમ હોઠનું ઊઘડવું, ગોળાકાર થવું અને બિડાવું-એમ ત્રણ ક્રિયા થાય છે. મુખ બંધ થયા પછી પણ ઉચ્ચારને ચાલુ રાખીએ ત્યારે નાસિકામાંથી જે ઉચ્ચાર થાય એ અનુનાસિક ધ્વનિ કહેવાય છે. તેથી એ અનુસ્વારને પણ ॐમાં સમાવી લીધેલો છે. કંઠમાંથી અને જિહ્વાના મૂળમાંથી અખંડ નાદ નીકળે અને હોઠ ઊઘાડા હોય ત્યારે अ સ્વર બહાર નીકળે છે: શબ્દની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો વિચાર કરીએ ત્યારે ઉત્પત્તિ અને લયની વચ્ચેની સંધિનો આકાર નીચે પ્રમાણે બની શકે :— म्




કંઠમાંથી अ સ્વરનો ઉચ્ચાર થાય { अ=કંઠ म्=નાસિકા / उ=હોઠ } ત્યારે

બન્ને હોઠ ઉઘાડા હોય છે; ત્યાર પછી શ્વાસનો નિરોધ પૂરો થતાં મુખ બંધ કરવાનો વખત આવે ત્યારે હોઠ ગોળ બને છે, અને अ ને બદલે उ નો

ઉચ્ચાર થાય છે, અને હોઠ બંધ કરીને ઓડમ્‌નો ઉચ્ચાર થાય ત્યારે अ નો उ બનીને એ સ્વર ઊંચે જતાં કંઠ અને ઓષ્ઠના સ્થાનમાંથી બંધ થઇ નાસિકામાંથી અનુનાસિક म् નીકળે છે.

આવી રીતે अવડે શબ્દની ઉત્પત્તિ, હોઠ બંધ કરવા જતાં હોઠવડે બોલતા उ દ્વારા રક્ષણ (ઉચ્ચારની ચાલુ સ્થિતિ) અને હોઠ બંધ થતાં નાસિકામાંથી म्‌નો ઉચ્ચાર થાય ત્યારે જે શબ્દની ઉત્પત્તિ હૃદયસ્થ પ્રાણમાંથી થઇ હતી તેમાં જ એનો લય થઈ જાય છે. આમ अ, उ, म् દ્વારા ઉત્પત્તિ, સ્થિતિ, લયનો સંકેત સમજવાનો છે.

ૐકાર સંબંધે સંસ્કૃત ભાષામાં મુખ્યત્વે, અને ભારતની અન્ય ભાષાઓમાં ગૌણ રીતે ખૂબ જ લખાયેલું છે. अ, उ, म् એ ત્રણેય શબ્દબ્રહ્મની મુખ્ય ત્રિપુટી માનીએ તો એની સાથે, અસંખ્ય ત્રિપુટી-ઓની સાંકળ જોડીને એટલાં બધાં વર્ણનો કરેલાં છે કે પિંડ કે બ્રહ્માંડ —બન્નેનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયનાં વિશ્વરહસ્યો એમાં ગૂંથી લીધેલાં છે.

સાધકે વિશ્વનાં રહસ્યો શોધતાં કે સમજતાં પહેલાં પિંડસ્થ રહસ્યનું જ્ઞાન એટલા માટે મેળવવું જોઇએ, કે હૃદયસ્થ આકાશમાં ભરેલો, એમાંથી બહાર વ્યક્ત થતો માનવપ્રાણીને શબ્દબ્રહ્મ તરીકે ઓળખાવતો અને હૃદયસ્થ આકાશનો સંયમદ્વારા મન તથા ઇંદ્રિયોના સંયમમાં અદ્‌ભૂત સહાયતા મેળવવાનો એ જ એક અને અદ્વિતીય ઉપાય છે એમ સમજવું જોઇએ. ઉપનિષદ્‌ અને વેદકાલના ઋષિઓ ૐ નો મહિમા ગાતાં થાકતા નથી. 'હા' કહેવાની અનુમતિ આપવામાં, પ્રત્યેક મંગલ પ્રસંગના આરંભમાં, મંત્રમાત્રની શરૂઆતમાં, સગુણ તથા નિર્ગુણ સાધનમાં, ૐની સાધનાને જ સર્વોત્તમ માનેલી છે.

ૐ—ओऽम् એ અંતસ્થ, આકાશમાંથી નીકળીને ઉઘાડબંધ થતા શ્વાસોચ્છ્‌વાસ અને ઉચ્ચારનું શાસ્ત્રીય નામ છે; પ્રાણધારી મનુષ્ય

છેલ્લા શ્વાસ સુધી એનું રટણ કર્યા કરે છે; એ રીતે એ સર્વવ્યાપક છે.

अ, उ અને म् માં પ્રથમના બે સ્વર છે ત્યારે છેલ્લો વ્યંજન છે. સ્વરને બોલવામાં એકલો કંઠનો ઉપયોગ કરવો પડે છે, ત્યારે क થી શરૂ થઇ ह સુધીના બધા વ્યંજનનો ઉચ્ચાર કરવામાં તાલુ, જિહ્વામૂલ, દંત તથા ઓષ્ઠની સહાયતા લેવી પડે છે. म् અનુનાસિક છે, એટલે બંધ મુખ રાખીને નાસિકામાંથી એનો ધ્વનિ થઇ શકે છે. આવી રીતે શબ્દની ઉત્પત્તિ, સ્થિતિ લયમાં ૐનું સમસ્ત રહસ્ય આવી જાય છે.

\+ + +

બ્રહ્મનાં બે લક્ષણ કહ્યાં છે :—(૧) સ્વરૂપલક્ષણ અને તટસ્થ લક્ષણ; બ્રહ્મની જેટલી વ્યાખ્યા થાય એટલી બધી આ બ્રહ્માંડની અપેક્ષાએ થાય છે; બ્રહ્મ એક, અને અદ્વિતીય હોવાથી એમાં વાણીનો પ્રવેશ નથી એટલે એ તો અવર્ણનીય છે, પરન્તુ વિશ્વરચનાનો વિચાર કરીએ ત્યારે પ્રત્યેક પદાર્થમાં પાંચ લક્ષણ જોવામાં આવે છે: (૧) સત્ (૨) ચિત્ત (૩) આનંદ (૪) નામ અને (૫) રૂપ.

કોઇપણ પદાર્થને આપણે ઇંદ્રિયોથી તપાસીએ તો એનો રૂપ એટલે આકાર તથા નામ જણાય છે, પરન્તુ દરેક વસ્તુ છે એટલે (૧) સત્; પ્રતીત થાય છે, જણાય છે એટલે (૨) ચિત્; અને જેમાં જે પ્રિયતા કે ઉપયોગિતાનો અંશ છે એ (૩)આનંદ છે. આ ત્રણ સ્વરૂપલક્ષણ છે. પરન્તુ નામ અને રૂપ વસ્તુના પરિવર્તન કે વિકારની સાથે બદલાય છે. તેથી એ ઉપાધી કહેવાય છે: અને એ બે નો તટસ્થ લક્ષણમાં સમાવેશ થાય છે. આપણે જેના ઉપર આ છપાય છે એ કાગળનું દૃષ્ટાન્ત લઇએ:

કાગળનો અમુક આકાર છે એનું (૧) રૂપ છે, અને કાગળ એવું (૨) નામ છે. પરન્તુ એ નામરૂપના ઉપાધિની પાછળ અતીન્દ્રિય

એવા (૧) સત્ (૨) ચિત્ અને (૩) આનંદ છે, જે નિર્વિકારી, સર્વનું અધિષ્ઠાન અને સ્વરૂપ છે. કાગળ છે એ સત્, કાગળ જણાય છે એ ચિત્ અને કાગળના ઉપયોગ ને લીધે જે પ્રિયતા છે એ આનંદ; કાગળ એવા પદાર્થમાં (૧) સત્, (૨) ચિત્, (૩) આનંદ, (૪) નામ અને (૫) રૂપ છે, એમાંનાં પહેલાં ત્રણ એનાં સ્વરૂપલક્ષણ છે, બીજાં બે તટસ્થ લક્ષણ એટલે પરિવર્તન પામે એવાં છે.

જેમ 'કાગળ' નાં પાંચ લક્ષણમાં ત્રણ સ્વરૂપનાં અને બે તટસ્થ લક્ષણ જોયાં, તેવું બ્રહ્માંડના પ્રત્યેક પદાર્થ માટે છે. આવી જ રીતે હૃદયસ્થ આકાશમાં રહેલાં ૐનાં પણ સમજી લેવાનાં છે. સ્વરૂપ લક્ષણ નિર્વિકારી છે; અને તટસ્થ લક્ષણ વારંવાર લય પામે એવાં છે. લય પામે ત્યારે એ વ્યક્ત દશા કહેવાય છે.

બ્રહ્મ શબ્દનો એવો સંકેત છે કે આ બધા પરિચ્છિન્ન નામરૂપવાળા વિશ્વમાં વ્યાપી રહેલું હોય, એ ઉપરાંત પણ જ્યાં જ્યાં કલ્પના દોડે ત્યાં બધે જ એની વ્યાપકતા હોય, એવું મહાન્થી મહાન્ અને વ્યાપકથી વ્યાપક હોય તે બ્રહ્મ છે. પરન્તુ એ તો એક જ છે, અદ્વિતીય છે, એટલે એમાં કોઇ પણ જાતના નામનો, વર્ણનનો, વિશેષણનો કે ઉપાધિનો લેશ માત્ર નથી. બ્રહ્મનામ પણ આ વિશ્વની મર્યાદિત વ્યાપકતાની અપેક્ષાએ આપવામાં આવ્યું છે. એવું જ સત્, ચિત્ અને આનંદના સંબંધમાં છે. વિશ્વ અસત્ જેવું અનિત્ય અને પરિવર્તનશીલ જણાય છે તેથી એની અપેક્ષાએ બ્રહ્મને સત્ એટલે નિત્ય કહ્યું છે. જડ જેવું લાગે છે તેથી એને ચિત્ એટલે જ્ઞાન અને પ્રકાશસ્વરૂપ વર્ણવ્યું છે, તથા વિશ્વ દુઃખમય છે તેથી એને આનંદસંજ્ઞા આપી છે. નામ અને રૂપ તો પ્રત્યક્ષ છે. અને વિકારી છે, એટલે એની અપેક્ષાએ એને અનામી અને અરૂપી એમ કહ્યું છે.

એ બ્રહ્મ સર્વવ્યાપી અને એક હોવા છતાં, કોઇ અચિંત્ય શક્તિના

પ્રભાવથી ભાસમાન થતા બ્રહ્માંડમાં જ્યાં બ્રહ્મનો અભાવ લાગે એ અભાવ અને અભાનને અજ્ઞાન એવું નામ આપી તથા શકિતને માયા કહીને એમાં પ્રથમ આકાશ એટલે પોલાણની કલ્પના કરી છે; એમાં હલનચલન થાય એટલે એ પ્રવાહસ્વરૂપ આકાશને વાયુ એમ કહ્યું છે. વાયુના વહેતા પ્રવાહોના ઘર્ષણથી એમાં ગરમી—ઉષ્મા પ્રકટ થાય એને અગ્નિતત્ત્વ કહ્યું છે. એ ગરમીના પ્રવાહ જેમ જેમ શીતળ થવા માંડે તેને જલતત્ત્વ અને એમાં કઠિનતા આવે એટલે પૃથ્વી નામનું કેવળ જડ જણાતું તત્ત્વ નામ અપાયું છે.

આ પૃથ્વીગ્રહ ઉપર આપણે વસીએ છીએ એટલે એ સ્થૂલ પાંચ તત્ત્વોનું આ વિશ્વ છે, એમ ઈંદ્રિયગોચર પ્રમાણથી પ્રત્યક્ષ અનુભવ થાય છે. મનુષ્યશરીર પણ પૃથ્વી ઉપરનું છે, તેથી એમાં પણ એ પાંચ તત્ત્વો છે; પરન્તુ એ પાંચે તત્ત્વોની બીજી સૂક્ષ્મ અવસ્થા પણ શરીરમાં છે, કારણ કે ઈંદ્રિયો તથા મનબુદ્ધિ વગેરેમાં રહેલું ચૈતન્ય એ સૂક્ષ્મ તત્ત્વનો વિભાગ છે.

શરીરમાં પાંચ પ્રાણ છેઃ એમાં મુખ્ય પ્રાણમાં એક અંશ છે ગતિ, ચૈતન્ય, પ્રકાશ, જ્ઞાન વગેરે સમજણનો, અને બીજો છે ગરમી એટલે ઉષ્માનો. સૂર્ય કે જે વિશ્વપ્રાણનો ભંડાર છે, એમાં પણ ઉષ્મા અને પ્રકાશ બે ધર્મો આપણને જણાય છે. એ જ પ્રાણ પિંડસ્થ થાય ત્યારે શરીરમાં ગરમી જણાય છે અને અંતકરણ તથા ઈંદ્રિયોમાં જ્ઞાન તથા ચૈતન્ય જણાય છે એવા બે ધર્મ છે. પિંડમાં પ્રકાશ અથવા જ્ઞાન અને ઉષ્મા અથવા ગરમી રહેલાં છે.

શુદ્ધ પ્રાણનાં ઉષ્મા અને પ્રકાશ ધર્મની સાથે શરીરમાં જળ તથા પૃથ્વી નામનાં બીજાં બે તત્ત્વો છે, એ એના જ્ઞાનને શીતલ તથા જડ બનાવવામાં નિમિત્ત બને છે; મુખ્ય પ્રાણ નસ તથા નાડીઓમાં

વહ્યા કરે છે, છતાં એનું મુખ્ય સ્થાન હૃદયમાં છે એમ આપણે પ્રાણ અને પ્રણવ નામના લેખમાં જોઇ ગયા છીએ. એ પ્રાણ હૃદયસ્થ આકાશમાં રહે છે, જ્યાં ૐનો સૂક્ષ્મ ધ્વનિ સતત ચાલ્યા કરે છે. હઠયોગની નાદશ્રવણની એક પ્રક્રિયા નીચે પ્રમાણે છે :–

જ્ઞાનેન્દ્રિયોનાં બધાં દ્વાર બંધ કરવાનાં હોય છે; આંખ બંધ કરવામાં તો પોપચાંની મદદ મળે છે, પણ નાસિકા તથા કાનને બંધ કરવામાં હાથની આંગળીઓ અને અંગૂઠાથી અથવા રૂના પૂમડાથી બંધ કરાય, એટલે સૂક્ષ્મ ઈંદ્રિયો અંદરના પ્રાણની ગતિના શબ્દને સાંભળી શકે છે. એ ધ્વનિમાં ભિન્ન ભિન્ન પ્રકારના નાદનું શ્રવણ થાય છે; વીણા, મૃદંગ વગેરે વાજિંત્રોના મંદમધુર કે કઠોર, કર્કશ અવાજ સંભળાય છે અને અંતે એ બધા નાદ બંધ થતાં ૐનો સૂક્ષ્મ ગુંજારવ હૃદયમાં ગુંજ્યાં કરે છે. આવી હઠયોગની પ્રક્રિયામાં નાદશ્રવણની જે અનુકૂળતા થાય તે અનાહત ધ્વનિ તરીકે ઓળખાય છે. ૐના જપ–ધ્યાનમાં અનુભવ કરવાની એક બીજી પણ પદ્ધતિ છે.

એકાંતમાં એટલા માટે બેસવું કે જ્યાં બહારના પદાર્થો જોવા ન મળે, તેમજ કાનમાં બહારનો અવાજ ન સંભળાય. નેત્ર બંધ કરવાં; ૐનો પ્લુત ઉચ્ચાર કરીને જપ શરૂ કરવાથી ધીરે ધીરે એના નાદમાં ચિત્ત પ્રસન્નતાપૂર્વક એકાગ્ર થવા માંડે છે. ૐના જપમાં એક ખાસ વાત લક્ષ્યમાં રાખવાની છે; એક શ્વાસે જ્યાં સુધી બોલાય ત્યાં સુધી મુખ ખુલ્લું રાખીને એનો દીર્ઘ જપ કરતાં કરતાં જ્યારે શ્વાસ વધારે લંબાવવાની શકિત ન રહે, ત્યારે મુખ બંધ કરીને નાસિકાદ્વારા એનો ઉચ્ચાર ચાલુ રાખવાનો છે. આવું થશે એટલે મુખ ખુલ્લું રાખીને જપ કરતાં ઓऽમ્ એમ બોલાતું હશે તો મુખ જ બંધ થતાં ઓऽમ્નો અકાર બંધ પડશે અને કેવલ ઉમ્ એવો ઉચ્ચાર થશે. એ ઉચ્ચાર જેમ જેમ ઊંડો ઊતરતો જશે તેમ તેમ પાછળથી બંધ થતાં નાસિકામાં કેવલ અનુનાસિક મ્ જ

બોલાશે. આવી છે ૐના જપની પ્રણાલિકા. છેવટે અ ઉ અને મ્નો ક્રમશઃ અંતરસ્થ આકાશમાં લય થવા માંડે છે.

+ + +

હવે જરા અનુભવની વાત ઉપર આવીએ: ૐનો જપ શરૂ કરીએ ત્યારે આપણને સ્થૂલ શરીરનું ભાન હોય છે. શ્વાસની દીર્ઘ ગતિની સાથે એની એકતા જાળવવાની કાળજી હોય છે; પણ જેમ જેમ એ જપ વધતો જાય છે, તેમ તેમ સ્થૂલ શરીરમાંથી ચિત્ત અંતર્મુખ બનીને ઊંડે ઊતરતું જાય છે. સ્થૂલ શરીરની વિસ્મૃતિ થતાં, ૐના નાદની સાથે સૂક્ષ્મ કર્ણેન્દ્રિયદ્વારા ચિત્તની એકાગ્રતા તથા બાહ્ય ભાનનો અભાવ થતાં, કેવળ ધ્યાતા કે જાપક ચિત્ત અને અવલંબનરૂપે લીધેલો ૐનો સૂક્ષ્મ નાદ એ એવાં તો ( જાપક, જપ, અને મંત્રની ત્રિપુટી ) તલ્લીન થઇ જશે કે અંતઃસ્થ આકાશમાં સચ્ચિદાનંદની ભરતી ઊભરાશે; રોમાંચ, હર્ષ, કંપ, આનંદનાં અશ્રુ વગેરે સાત્ત્વિક ભાવો સૂક્ષ્મ-સ્થૂલ શરીરને ભક્તિમાં તરબોળ કરશે, અને છેવટે અ, ઉ અને મ્ એ ત્રણેયનો હૃદયસ્થ આકાશમાં લય થશે. નાદાનુસંધાનના નામથી ઓળખાતો લયયોગનો આ સર્વમાન્ય અને સામાન્ય ક્રમ છે. જાગ્રત અવસ્થાનું ભાન રહે ત્યાં સુધી ૐઓડમ્ પૂરેપૂરો બોલાય ઃ અને અંતરમાં ચિત્ત ઊતરવા માંડે છે ત્યાં અનો ઉચ્ચાર બંધ થાય છે; એથી પણ વધારે ચિત્ત અંદર ઊતરે છે ત્યારે કેવળ નાદમાં ચિત્તનો લય થવા માંડે છે અને ઉનો ઉચ્ચાર પણ અટકી પડે છે ત્યારે મ્ કેવળ એકલો જ રહે છે; આ ત્રણેય સવિકલ્પ દશા સુધી રહે છે, પણ ત્રિપુટી પણ જ્યાં બંધ થઇ, એટલે ચિત્ત વાયુ વગરના દીપકની પેઠે પોતાના અધિષ્ઠાનસ્વરૂપ પરબ્રહ્મના સચ્ચિદાનંદ સ્વરૂપમાં તરબોળ થાય છે; તથા બ્રહ્માંડમાં અસંખ્ય જન્મો સુધી પરિશ્રમ કરીને જે થાક અને મેલ ચડયો હોય તે

ઉતારીને "પોતે પોતાના"માં મસ્ત બનીને પડયું હોય છે; એ દશામાં એ ત્રણેયનો અભાવ થાય છે.

આ ઉપરથી નીચે પ્રમાણે સિદ્ધાંત તારવી શકાય છે. :-

(૧) અકાર જાગ્રત અવસ્થા અને સ્થૂલ શરીર: ઉકાર સ્વપ્નાવસ્થા અને સૂક્ષ્મ શરીર છે. મ્કાર સુષુપ્તિની અવસ્થા અને કારણ શરીર છે, અને એ ત્રણેયનો લય થતાં ૐ શબ્દના ધ્વનિનું હૃદયસ્થ આકાશમાં અવ્યક્ત મૂલ રહે, એ અર્ધમાત્રા કહેવાય છે.

(૨) બ્રહ્મનાં સ્વરૂપ તથા તટસ્થ લક્ષણ કહ્યાં એ જ આ ૐસ્વરૂપ શબ્દબ્રહ્મનાં છે; નિર્વિકલ્પ અવસ્થામાં એ કેવળ સચ્ચિદાનંદસ્વરૂપ પડયું રહે છે, અને સવિકલ્પ અવસ્થામાં એ નામરૂપ ( શબ્દ અને એનો આકાર ) સાથે તટસ્થ લક્ષણ તરીકે ઓળખાય છે.

(૩) એકને નિર્ગુણ, નિરાકાર કહ્યું છે તો બીજાને સગુણ તથા સાકાર કહ્યું છે.

(૪) હૃદયસ્થ खम् એ શબ્દમાત્રના અધિષ્ઠાનરૂપે રહેલો ૐની અર્ધ તન્માત્રાનો સૂક્ષ્માતિસૂક્ષ્મ—કારણસ્વરૂપ અવ્યક્ત અંશ છે.

(૫) એ જ અવ્યકત નાદ (અંશ) કારણ, સક્ષ્મ અને સ્થૂલ એવાં ત્રણ શરીરને ભેદીને પ્રકટ થાય છે, ત્યારે સોઽहम् એવા નામ અને રૂપ સાથે મુખ–નાસિકાદ્વારા બોલાય છે.

(૬) એ શબ્દ જાગ્રત અવસ્થામાં શ્વાસ-ઉચ્છ્વાસદ્વારા દિવસ અને રાત્રિના ચોવીસ કલાકમાં ૨૧૬૦૦ વાર સહજ સ્વભાવે ચાલુ રહે છે. એમાં કશો પ્રયત્ન કરવો પડતો નથી, એટલું જ નહિ પણ એ રોકવા જતાં તો મૃત્યુ આવી ભેટે છે.

(૭) સોऽहम्=सः अहम् એ શ્વાસને અંદર-બહાર ખેંચવા કાઢવાનો ધ્વનિ છે. બહાર વિશ્વપ્રાણ પરમાત્મારૂપે વિજરાજમાન છે માટે એનો सः એટલે તે એવો અર્થ કરીને અંદરથી વ્યકિતગત બહાર નીકળતા શબ્દને अहम्-એટલે "હું" એમ કહ્યું છે.

(૮) જીવાત્મા દિવસ અને રાતના ચોવીસ કલાક તે "હું" સોहम् એમ બોલ્યા જ કરે છે. એટલે કે આ વિશ્વપ્રાણરૂપ પરમાત્મા જ હું છું એવો અભેદ સિદ્ધ કરે છે.

(૯) अहम् રૂપે બહાર નીકળેલો પ્રાણ બહારના વિશ્વપ્રાણમાં મળી જાય છે. શરીરના પંચતત્ત્વના પૂતળામાં પુરાઇને એ બહાર નીકળે તેથી જીવાત્માની અવિદ્યાથી એ અજ્ઞાની બને છે, અને સોऽहम् બોલવા છતાં પણ પોતાને પરત્મામાથી જુદો માને છે.

(૧૦) પરમાત્માથી પોતાને સ્વરૂપે જુદો માને છે તેથી પોતાનાં સ્વરૂપ-લક્ષણ—સચ્ચિદાનંદને ભૂલીને કેવળ તટસ્થ-લક્ષણ નામરૂપ (શરીરના ધર્મો)માં ફસાઇને પોતાને સત્‌ને બદલે અસત્‌, ચિત્‌ને બદલે અચિત્‌ અને આનંદને બદલે દુઃખસ્વરૂપ માને છે. આનું નામ જ માયા, અવિદ્યા, અજ્ઞાન વગેરે જે કહો તે, કે જેને લીધે હું શરીર છું, એમ માનીને "હુ" અને "મારા" પણાથી સંકુચિત દૃષ્ટિ-વાળો બની વિષયભોગમાં ફસાઇબધાઇ જન્મજન્માંતરમાં કલેશ ભોગવે છે.

(૧૧) પોતાના સ્વરૂપને ભૂલવું. એટલે સચ્ચિદાનંદ છું એમ ન માનતાં હું અસત્‌ ( અનિત્ય, મરણશીલ ) જડ ( અજ્ઞાની, મૂર્ખ ) તથા દુઃખ (કલેશથી ભરેલો)નો ભંડાર માની—સચ્ચિદાનંદની શોધમાં પોતાના અજ્ઞાનમાંથી ઊભા કરેલા अहम्—ભાવને પોષણ આપી, અનેક જન્મોમાં ટકાવી રાખવાની અસંખ્ય પ્રકારની મમત્વની જાળ ગૂંથ્યા કરવી.

(૧૨) ધ્યાનની આવશ્યકતા જ્ઞાનયોગમાં પણ માનેલી છે. શ્રવણ, મનન અને નિદિધ્યાસનના ક્રમમાં એની અપૂર્વ આસશ્યકના છે. વેદાન્ત કેવળ પુસ્તકપઠનનો, વાદવિવાદનો, ચર્ચાનો, કે જીભાજોડીનો નહીં, પણ અનુભવનો અને જીવનમાં સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાનો વિષય છે. ચારિત્ર્યની શુદ્ધિ અને જીવનના અધ્યાત્મવિકાસનો સર્વોત્તમ રાજમાર્ગ ( યોગ ) છે.

(૧૩) જપમાં માળાનો ઉપયોગ પણ એટલા જ માટે કરવાનો હોય છે, કે એની સહાયતાથી જ્ઞાન–ઈંદ્રિયો બંધ હોય છતાં હાથ જે કર્મેન્દ્રિય છે એના વડે ૨૧૬૦૦ ૐકારનો જપ રોજ સરળતાથી થઇ શકે.

(૧૪) ૨૧૬૦૦, જપ તો અજપા રીતે ચાલુ જ રહે છે, પણ અનાદિ કાલથી માનવ પ્રાણી એને ભૂલી બેઠો છે. અજ્ઞાન અને વિસ્મૃતિ એટલાં બધાં વધી ગયાં છે કે ચોવીસે કલાક એના સ્વરૂપની જાગ્રતિ—સ્મૃતિ રહેતી નથી. એ યાદ કરાવવા માટે માળાદ્વારા જપની સહાયતા લેવાનું શાસ્ત્ર ફરમાન કરે છે.

(૧૫) જપની સહાયતા માટે જ ૐરૂપ બ્રહ્મ પ્રતીકની, તથા શિવવિષ્ણુના પ્રતીક જેવાં શિવલિંગ કે શાલિગ્રામની પૂજાપદ્ધતિની તેમજ અન્ય કર્મકાંડની સહાયતા લેવાની આવશ્યકતા હોય છે.

(૧૬) અંતરના રાગદ્વેષ બહુ બલવાન શત્રુઓ છે. ડગલે ને પગલે એ આપણને ફસાવે છે. સંસારનાં પ્રાણી અને પદાર્થોના રાગદ્વેષથી શરૂ થઇ, અન્ય દેવદેવતા અને સંતસાધુપ્રતિના રાગદ્વેષ સુધી આપને અથડાવી— ભમાવી અધોગતિ તરફ વાળે છે; અને અમુક જ સંપ્રદાય, મત, પંથ, આચાર્ય, સંત, ગુરુપ્રતિ ભકિતને બહાને

રાગ ઉપજાવી અન્ય પ્રતિ દ્વેષ શીખવે છે. માટે સાવધાન! એ દ્વંદ્વથી સાધકે શીઘ્ર મુક્ત થવું જોઇએ.

(૧૭) બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે, અથવા જગત્ પણ બ્રહ્મ જેટલું જ સત્ય છે, કે એવા પરમતત્ત્વના નિર્ણય માટેના વિકલ્પોમાં અથડાયા કે અટવાયા વિના પ્રથમ ચિત્તમાં એ પરમ તત્ત્વની શોધન–બોધન માટેની ભૂમિકા તૈયાર કરવી જોઇએ.

(૧૮) આંતર શુદ્ધિ એ સૌથી પહેલી આવશ્યક ભૂમિકા છે. રાગદ્વેષ, મિથ્યાભિમાન, દંભ, સ્વાર્થ, પ્રપંચ, અસત્ય, માનલાલસા વગેરેને નિર્મૂળ કરવાનાં કર્મો કરો, અને એટલું થયા પછી પરમ તત્ત્વ સર્વવ્યાપી અને સર્વનું અધિષ્ઠાન છે, તેથી તમારા શરીર અને હુંનું પણ એ જ અધિષ્ઠાન હોવું જોઈએ એવો નિશ્ચય બાંધો.

(૧૯) શરીરને વૃક્ષની ઉપમા અપાય છે. ઇંદ્રિયો, પ્રાણ, વૃત્તિઓ સ્થૂલ અંગ–અવયવો–એ બધાં શાખાઓ છે, તો એનું મૂળ અંદર હોવું જોઇએ. મૂલ તો અંતરના ઊંડાણમાં જ્યાં શાખા, ડાળ, પાંદડાં ન હોય ત્યાં જ હોય, તેથી ચિત્તવૃત્તિને સ્થૂલ સૂક્ષ્મશરીરનાં મન–ઇંદ્રિયોમાંથી ખેંચીને હૃદયસ્થ खम् ॐ રૂપ મૂળમાં ઉતારો–અંતર્મુખ કરો. ઝાડને જેમ મૂલમાંથી રસસિંચન થાય છે, તેમ તમારા શરીરમાં, નસનાડીઓમાં, ઇંદ્રિયોમાં, હૃદયના પ્રત્યેક ભાવાવેશમાં એ મૂલ રસ જ—આનંદ રેડે છે. આનંદ બહારથી નથી આવતો એમ અવશ્ય માની રાખો અને બહિર્મુખ–અનાત્મવૃત્તિ છોડો.

(૨૦) મૂલને ભૂલીને તમે ડાળપાંખડાંને પાણી પાઓ છો; હૃદયમાં આનંદ છે, એને બદલે તમે ઇંદ્રિયોને વિષયોના ભોગનો સંયોગ કરાવી વિષયાનંદનું મલિન પાણી પાવાનો પ્રયત્ન કરો છો; પરિણામે,

મૂલ સુકાય છે, એટલે કે તમારો આનંદ નાશ પામે છે, શોક, મોહ, ખેદ, ક્લેશ વધે છે, અને દુઃખસાગર જેવા ભવોદધિમાં ડૂબ્યા છો તેમાં તરવાની આશાએ, વિષયતરણાંની સહાયતા શોધવાની મિથ્યા ગડમથલ કરો છો. આજ છે **અજ્ઞાન**.

(૨૧) ધ્યાન અને જપ દ્વારા આંતરિક આનંદ મેળવશો એટલે તમારા પ્રાણ વિશુદ્ધ થશે, શક્તિ વધશે, હઠીલી અને તોફાની ઈંદ્રિયો ઉપર સંયમ આવશે, વિષયોના રસાભાસમાં મન ન ફસાતાં વ્યવહારમાં સાદાઈ અને સહનશીલતા પ્રાપ્ત થશે. વિશુદ્ધ વ્યવહારમાં સારાં-નરસાનો વિવેકસૂર્ય ઊગશે; બુદ્ધિમાં ઝીણવટ ભરાતાં સત્ય વ્યવહાર અને સત્યંધર્મનું વલણ વધશે; અરે, જરા અનુભવ કરી તો જુઓ! જીવન જ બદલાઇ જશે.

(૨૨) આને માટે નિયતરૂપે કાર્યક્રમ બાંધો; પ્રમાદ કે આળસ છોડવા માટે યોગ્ય સાત્ત્વિક ભોજન અને સ્વલ્પ નિદ્રાનો ખાસ ખ્યાલ રાખો. યાદ રાખો, જેવું તમારું ભોજન, અને જેટલી નિદ્રા, એટલી જ તમારા મનની ચંચલતા, તથા આધિ, ઉપાધિ, વ્યાધિથી ઊભરાતી અવસ્થા હશે. જીવનમાં પરિવર્તન કરો, રહેણી, કહેણી અને કરણીમાં સાદાઇ, ભોજનમાં સાત્ત્વિતા, અને વ્યવહારમાં સરલતા, સ્પષ્ટતા તથા વાણીમાં સત્યભરી નીડરતા લાવો.

(૨૩) સોઽહમ્ અને ૐ ઓઽમ્ તમારા પ્રાણરૂપ પરમાત્મા ચોવીસે કલાક જપ્યા કરે છે. એમાં સ્ત્રી કે પુરુષ બ્રાહ્મણ કે શૂદ્ર એવા જરાયે ભેદ એ પરમાત્મા રાખતા નથી : પરમાત્માએ પ્રત્યેક પ્રાણધારીને એ મંત્ર જપવાની પ્રાકૃતિક સગવડ કરી આપી છે એ જ મોટામાં મોટો સૌને ભેદભાવ વિનાનો ૐના જપનો અધિકાર છે. માત્ર તમને એનું જ્ઞાન નથી, એનુ ધ્યાન નથી રાખતા એ જ તમારી

ભૂલ છે. ભૂલ જલદી સુધારો અને તમારું પોતાનું જ પરમાત્માએ તમારી પાસે જ બોલાવેલું, સ્વાભાવિક જે નામ છે—એ બોલ્યા કરો છો, પરંતુ વારંવાર ભૂલી જાઓ છો, માટે સવાર અને સાંજ એવો નિત્યક્રમ ગોઠવવો કે ૨૧૬૦૦, ૐ તમે જપી શકો–( એટલા મંત્રની બધી મળીને ૧૦૮ મણકાની ૨૦૦ માળા થાય.)

(૨૪) ૨૦૦ માળા ફેરવવાથી ૨૧૬૦૦ વાર ૐ બોલાય, એથી એવી શરૂઆત થઇ કહેવાય કે શ્વાસેશ્વાસે માનસહંસ જે ૐ બોલ્યા કરે છે, એનું સતત સ્મરણ કરવાનું છે. માળા ફેરવવામાં તો ૐનો હ્રસ્વ ઉચ્ચાર થાય એટલે વધારેમાં વધારે ૨૦૦ માળા ફેરવતાં ત્રણ કલાકનો વખત લાગે છે.

(૨૫) ધ્યાન અને જપમાં એટલા માટે ચોક્કસ થવાની જરૂર છે કે ધ્યાનની એકાગ્રતા માટે જપ એ પ્રથમ સાધન છે. માળાને હાથમાં રાખી, મનને અંતરથી બોલાતા ૐના ધ્વનિમાં પરોવી એકાગ્રતા સાધવી જોઇએ. તેની સાથે સાથે ૐ એ હૃદયસ્થ આકાશ—બ્રહ્મ છે, એ જ પરમાત્મા છે, એનાં પ્રેરણા અને પ્રકાશથી જ કલ્યાણપંથે ચડેલો જીવ જીવન્મુકિતનું મહાસુખ માણી શકે છે, તેથી જપની સાથે ૐ એ બ્રહ્મ છે, અને બ્રહ્મ એ જ ૐ છે, તેથી હું ૐ બ્રહ્મ છું એવું ભાવનાશીલ હૃદય રાખી તન્મયતા અને તલ્લીનતા સાધવી જોઈએ.

(૨૬) આ છ લેખ સુધીમાં ઇશ્વર, સદ્‌ગુરુ અને આત્માનાં સ્વરૂપની એકતાનો અભ્યાસ કર્યો; આત્મા, પ્રણવ અને પ્રાણનું હૃદયમાં સ્થાન છે એમ સમજ્યા; એ બધાંનું હૃદયમાં મુખ્ય સ્થાન છે તેથી શરીરવૃક્ષનું એ મૂલ છે અને મૂલમાંથી વૃક્ષને રસસિંચન

થાય છે, તેથી હૃદયસ્થ પરમાત્મા શરીરરૂપ વૃક્ષને સચ્ચિદાનંદમય જીવનનું સિંચન—પોષણ કરે છે, તેથી એ મૂલમાં ચિત્તનો લય થાય તો પછી મૂલ સાચું કે વૃક્ષ, બ્રહ્મ સાચું કે જગત્,—આવા સનાતન પ્રશ્નોનાં સમાધાન કરવાનું સામર્થ્ય સહજ સ્વભાવે આવે એ જોયું.

\+ \+ \+

કાગળ ઉપર જેટલું સમજાવી શકાય એટલું લખ્યું છે: અને છતાં આ અનુભવનો માર્ગ તો પ્રત્યક્ષ શિક્ષણનો છે, તેથી ગુરુગમ્ય છે. વેદકાલના ઋષિઓથી માંડીને અત્યારના સંતમહન્ત કે સાધકવર્ગ એમજ કહે છે કે વાંચો કે સાંભળો તેના કરતાં દસ ગણું શુદ્ધ બુદ્ધિવડે એનું મનન કરો, એટલે કે વિચાર કરીને એને ઊંડું ઉતારો; જેટલું વિચારો એના કરતાં દસ ગણું નિદિધ્યાસન કરો. એટલે કે જેટલું વાંચ્યું હોય, અનુભવવા જેવું સમજાયું હોય, તે પ્રમાણે જીવનમાં ઉતારો:— તો જ શાંતિ છે, તો શાસ્ત્ર સાચાં છે એમ લાગશે. ભ્રાન્તિ શાસ્ત્રોમાં નથી. આપણા મનમાં છે. અનુભવીએ તો બધું નિઃશંક ભાવે કહી ચૂકયા છે. અનુભવમંદિરનાં પગથિયાં ઉપર તો લખ્યાં છે શ્રદ્ધા, ભકિત અને ધ્યાન :—શ્વેતાશ્વતર ઉપનિષદ્ કહે છે કે :—

श्रद्धाभक्तिध्यानयोगात् अवेहि ।

**અર્થ**:—શ્રદ્ધા, ભકિત અને ધ્યાનયોગવડે એને જાણો.

જૂન–૧૯૫૦

# વસ્તુવિચાર

પ્રાણીમાત્રની અશાંતિનું કારણ શોધવા જેવું છે. પ્રત્યેકને જીવનમાં પળે પળે કંઈક કોઇ પણ વસ્તુની ઊણપ–ખામી–અપૂર્ણતા લાગ્યા કરે છે. શ્વાસે શ્વાસે કલ્પના કર્યા કરે, શરીર થાકે ત્યાં સુધી મહેનત કરે, તો યે કંઇક ઊણપ અંદર લાગ્યા જ કરે. કરવું છે, કરવું જ જોઇએ, કર્યા વિના છૂટકો નથી, એ વિના જિવાય એમ નથી, આટલું કર્યું, અને આટલું મેળવવાનું બાકી રહ્યું છે, એવી ગડમથલ ચાલુ જ રહે છે. વર્તમાન અવસ્થામાં જે આવી અશાંતિ રહે છે એનું જ બીજું સ્વરૂપ છે અસંતોષ અને અતૃપ્તિ.

આ અતૃપ્તિ, અસંતોષ અને અશાંતિનો નાશ કરવા માટે છેલ્લા શ્વાસ સુધી શરીરને ઘસી નાખે છે, અને છેવટની ઘડીએ હાથપગ ન ચાલતા હોય તોપણ મન વાણી દ્વારા એ જ અસંતોષ દાખવ્યા કરે છે કે આટલું મારી જિંદગીમાં બાકી રહી ગયું. અરે ! એટલું જ નહિ પણ વંશવારસને સંદેશો કે આજ્ઞા આપી જાય છે કે, "આટલું અધૂરું રહ્યું છે તે તમે જરૂર પૂરું કરજો. મારી આટલી ઇચ્છા રહી ગઇ છે. એટલું થશે તો જ મારી સદ્‌ગતિ થશે," સગાંસંબંધી પણ એની મૃત્યુ-શય્યા પાસે બેસી એને વાસનામુકત કરવા માટે એવા જ સંકલ્પો કરે છે. સંબંધ સાચો હોય, મરનારના પ્રતિ મમતા કે ભકિત હોય, તો તે પ્રમાણે પાછળથી એની વાસના પ્રમાણેનાં કર્મ પણ કરે છે. આવી છે આ અશાંતિની માનવીય મન ઉપરની સત્તા. એક કામ પૂરું થતાં બીજી ઇચ્છા અંતરમાંથી રાક્ષસી જોરથી કૂદી પડે છે અને ભૂતની પેઠે મનુષ્ય

એની પ્રેરણાનો માર્યો અવનવાં કર્મો આદરીને પૂરાં કરવા માટે યોજનાઓ ઘડયા કરે છે: એક કામ પૂરું થતાં પહેલાં બીજાં હજારો કામની યોજનાઓ ઘડે છે; અને આવી રીતે કર્મ તથા વાસનાનો વિસ્તાર વધારી મૂકીને એની જ ગડમથલમાં રાતદિવસ 'આ કરવું છે ને પેલું બાકી છે' એવી માળા મનમાં ફેરવ્યા કરે છે.

કર્મના પણ પ્રકાર છે: શુભ કર્મ અને અશુભ કર્મ એમ મુખ્યત્વે બે વિભાગ પાડી શકાય છે. કોઇ પણ પ્રાણી ક્ષણભર પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી એ પ્રકૃતિનો અટલ નિયમ છે. હાથપગ ચાલતા હોય કે વાણી બોલતી હોય એ જ માત્ર કર્મ નથી; બેસી રહેવું કે ઊંઘી જવું એ પણ કર્મ જ છે. માત્ર એકમાં સ્થિરતા અને બીજામાં અસ્થિરતા—ચંચલતા છે, એટલો તફાવત બાહ્ય દૃષ્ટિએ આપણને જણાય છે. કામ કરનાર શકિત પ્રમાણે કર્મ કરે છે, ત્યારે એ જેમ શરીરનું કર્મ કહેવાય છે, તેવી જ રીતે શરીરને પરિશ્રમ પડતાં થાક લાગે ત્યારે વિરામ અને વિશ્રાંતિ લેવા માટે બેસી જાય કે સૂઇ–ઊંઘી જાય, એ પણ કર્મની એક અવસ્થા છે. બેસી જવા કે સૂઇ–ઊંઘવાથી શરીરનો થાક ઊતરે છે અને કામ કરવાની શકિત મેળવાય છે. એ શકિત ઊભરાતાં જ પોતાની વાસનાનો માર્યો પાછો કામ કરવા મંડી પડે છે: આવી રીતે કર્મ તો સતત રીતે ચાલુ રહે છે. પણ કર્મ કાંઈ એક જ થોડું છે! એની સંખ્યા અગણિત છે. એક પૂરું થતાં બીજું શરૂ થાય છે; એ બેની વચ્ચે જરાયે સમય જતો નથી, એક શાંત અને બીજી ચંચલ અવસ્થા વારાફરથી ચાલુ જ રહે છે. સૂતા પછી જાગવું અને જાગ્યા પછી સૂવું. કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોની કર્મ કરવામાં ચંચલતા અને થાકે ત્યારે શકિત મેળવવા પાછી સ્થિર અવસ્થા, આમ એ બન્ને પ્રકારની અવસ્થામાં કર્મ તો સતત ચાલુ જ રહે છે. એમાં ક્ષણભરમાં અંતર પડતું નથી. આપણે કર્મના વિભાગ તપાસીએ :—

(૧) શુભ કર્મ :—જેમાં પોતાનું તથા પારકાનું, એટલે સ્વ-પરનું કલ્યાણ થતું હોય તેવાં કર્મ—વર્તમાનમાં કે ભવિષ્યમાં.

(૨) અશુભ કર્મ:—જેમાં પોતાનું અને પારકાનું અકલ્યાણ જ થાય એવાં કર્મ—અત્યારે કે પછીથી.

એક ત્રીજો મિશ્રકર્મનો પ્રકાર છે, પણ અહીં તો કેવલ કર્મનો ચંચલ અને સ્થિર એમ બે રીતે જ વિચાર કરવાનો છે.

આ બે પ્રકારના પાછા બે વિભાગ થાય છે. શરીરની સ્થિતિની દૃષ્ટિએ આ વિભાગ વર્ણવ્યા છે, તેથી એને શારીરિક અવસ્થાઓ કહીએ તોપણ ખોટું નથી.

(૧) શાન્ત દશા :—શાન્ત કર્મ : જેમાં શરીર સુષુપ્તિની દશામાં હોય, અથવા જાગ્રત અવસ્થામાં આરામને નિમિત્તે બેઠું કે આડું પડયું હોય, જ્ઞાનેન્દ્રિયો ઉઘાડી કે બંધ પણ હોય.

(૨) ચંચલ દશા :—ચંચલ કર્મ :આમાં હાથપગ વગેરે કર્મેન્દ્રિયો, આંખ, કાન વગેરે જ્ઞાનેન્દ્રિયો, પંચ પ્રાણ અને અંતઃકરણના કલ્પના, વિચાર, અહંકાર તથા વિષયનું ચિંતવન—બધું ચાલ્યા કરતું હોય: ક્રિયાશીલ હોય.

આ બધાં કર્મની એવી તો પરંપરા ચાલુ રહે છે કે એમાં વચ્ચે અવકાશ નથી પડતો. દૃષ્ટાન્ત તરીકે, ક્ષુધાનિવૃતિ માટે ભોજનની ઇચ્છા થઇ; મન ચંચલ થયું એટલે પ્રાણ ચંચલ થઇને શરીર શાંત હશે ત્યાંથી ઊભું થશે. ભોજનની સામગ્રી એકઠી કરવામાં જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો ચંચલ બનશે, ત્યાર પછી રસોઇ બનશે, ખવાશે, અને ખાધા પછી વિરામ માટે શરીર બેસશે કે સૂઇ જશે, એમાં વચમાં ક્ષણનો યે વિરામ નહીં પડે. ભોજનને આપણે ભોગમાં ગણીએ, છતાં એ પણ એક

જાતની ક્રિયા જ છે. ઇંદ્રિયોને વિષયની તૃપ્તિ અને મનને ભોગની તૃપ્તિ થાય છે, પણ એ તૃપ્તિ થતાંવેંત જ શરીરમાં સ્વાભાવિક આરામનો વેગ, વાસના—ઇચ્છારૂપે સ્ફુરે છે, એટલે પલંગ, પથારી કે ખાટલો શોધવા માંડે છે, એ પણ કર્મ જ છે.

આ કર્મની પ્રેરણા થવાનું શું કારણ છે, એનો વિચાર કરવો જોઇએ. સામાન્ય દૃષ્ટિથી વિચાર કરીએ તો મનુષ્યને પોતાના દેહનું રક્ષણ-પોષણ અને જીવન ટકાવવાની સ્વાભાવિક પ્રેરણા અંદરથી થાય છે. શરીરના ધર્મમાં જન્મ, સ્થિતિ અને મૃત્યુની ત્રણ મુખ્ય અવસ્થાઓ છે. એની સાથે વૃદ્ધિ અને ક્ષીણતાની જે દશાઓ આવે છે, તેનાથી બચવા માટે એને અન્ન-જલના પોષણની જરૂર પડે છે.

શરીરને નિભાવવામાં એના પોષણ માટે અન્નજલનો આહાર જોઇએ અને બીજું એનો સુખપૂર્વક શ્વાસોચ્છ્વાસ ચાલવો જોઇએ. એ બેમાંથી અન્નજલ વિના તો થોડા દિવસો નીકળી શકે, પણ શ્વાસપ્રશ્વાસ વિના તો એક ક્ષણ પણ જીવી શકાતું નથી. એ શ્વાસ-પ્રશ્વાસની ક્રિયા શરીરની નાડીઓમાં અંતરાય વિના થઇ શકે, એની નાડીઓમાં કશો પણ અવરોધ ન થાય, એટલા માટે અન્નજલના આહારપાનમાં વિશુદ્ધ અન્નજલ તથા નિયમિત મિતાહારપણું સાચવવાનું હોય છે, કારણ કે અનિયમિત અને અશુદ્ધ ખાનપાનથી વ્યાધિ થાય, અને રોગી શરીરની નાડીઓમાં વાત-પિત્ત-કફની વિષમતા ઊભી થાય એટલે એ વ્યાધિગ્રસ્ત બને. શરીર વ્યાધિગ્રસ્ત થતાં મનની ઇચ્છા પ્રમાણે કર્મ થઇ શકતાં નથી: ઇષ્ટ કર્મ ન થતાં ઇષ્ટ ભોગ પ્રાપ્ત થતા નથી. અને આમ ઇષ્ટ ભોગની અપ્રાપ્તિમાંથી મનમાં અતૃપ્તિ, અસંતોષ અને અશાંતિ ઊભરાય છે. વ્યાધિને લીધે શરીરમાં અશક્તિ હોય, પણ મનમાં તો અતૃપ્ત વાસના સતાવ્યા કરે છે, ત્યારે મનમાં અશાંતિ તથા શરીરમાં વ્યાધિ—એવી બે દુઃખમય દશામાં માનવી મન ઝૂલ્યા કરે છે.

આરામ માટેની નિદ્રા પણ એવા અભાગિયાના કર્મમાં હોતી નથી, કારણ કે શરીર ગમે તેટલું થાકે, પરન્તુ જ્યાં સુધી મન અતૃપ્ત વાસના તથા અપ્રાપ્ત ભોગને લીધે સતત ચંચલ રહે ત્યાં સુધી નિદ્રાના અભાવને લીધે વ્યાધિ તથા વાસના બન્ને વધે છે. આ છે માનનીય જીવનનો પરંપરાથી ચાલ્યો આવતો જીવનકર્મનો વિસ્તાર.

\+ + +

સ્વપ્ન વગરની ગાઢ નિદ્રાનું નામ સુષુપ્તિ છે તેથી એ શાંત ક્રિયા છે, અને સ્વપ્ન તથા જાગ્રતમાં મનની હયાતી રહે છે, તેની સાથે એના ડાળપાંખડાં જેવાં જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિયપંચક પોતપોતાની ચંચલતા ચાલુ રાખે છે. જાગ્રત તથા સ્વપ્નમાં કર્મ થાય છે, ભોગ ભોગવાય છે, અને અવનવી વાસનાઓ મનમાંથી ઊભી થઇને એની સંખ્યા વધતી જાય છે. કર્મની પ્રત્યેક ક્રિયાની પાછળ પ્રાણરૂપી પરમાત્માના જઠરમાં ચાલતા સમાનરૂપ યજ્ઞમાં અન્નજલની આહુતિ આપવા માટે સ્વાભાવિક પ્રેરણા થાય છે એ તો કેવલ નિર્દોષ છે. એમાં વાસના નહીં, પણ શરીર-પોષણની સ્વાભાવિક ઇચ્છા કારણભૂત છે.

એકલી દેહપોષણની ઇચ્છાથી જ મન અટકતું નથી, મનની એવી વ છે કે, પાંચે ઇંદ્રિયોના પાંચ વિષયોની પ્રાપ્તિ તથા ભોગ માટે એ સતત ચિંતવન અને કલ્પના કર્યા કરે છે. સુષુપ્તિની અવસ્થા સિવાય સ્વપ્નજાગ્રતમાં એ કલ્પના કર્યા જ કરે છે. ચંચલતાને શાસ્ત્રમાં રજોગુણ કહ્યો છે; પરન્તુ એમાં જે વિશેષ રંગ પુરાય, ઇચ્છાના વિષયોમાં વિવિધતા આવે, "હું" જ કરું અને ભોગવું એવો અહંકાર વધે, "મારી" સમજણમાં—બુદ્ધિમાં સમજાય એ જ સાચું આવી જે વિપરીત દૃષ્ટિ હોય છે, એ પાંચ વિષયોને માટે જ નહિ, પણ વિષયોનાં અમુક જાતનાં રૂપરંગમાં આગ્રહ રાખે છે. મન તથા શરીર ક્ષણ પણ નિષ્ક્રિય રહી શકે

નહિ, એ સિદ્ધાન્ત જેટલો સાચો છે એટલો જ નિર્દોષ છે, પરન્તુ ક્રિયામાત્રમાં જે હેતુ છે એ જ દુષ્ટ અને અજ્ઞાનજન્ય છે, આવા સદોષ મનને ભ. ગી ના સોળમા અધ્યાયમાં નરકગામી કહ્યું છે. શ્લોક. ૧૦થી ૧૬ સુધીનું વર્ણન આ રહ્યું :—

"લંબાયા કરીને તથા એક પછી એક વધ્યા કરીને કદી પૂરી જ ન થાય એવી એ ભોગેચ્છાઓ, તેને દિવસાનુદિવસ અધીન થતા ચાલી દંભ, માન તથા મદથી ભરેલા દુરાચારીઓ મોહને લીધે ભળતા જ વિચારો પકડી લે છે અને તેથી પછી અપવિત્ર કાર્યોમાં પ્રવૃત્ત થાય છે. (૧૦) ભોગવિલાસ જ સર્વશ્રેષ્ઠ વસ્તુ છે એવા નિશ્ચયવાળા હોવાથી તેઓ મરતાં સુધી તેને લગતી જ અપાર ચિંતાઓમાં ડૂબ્યા રહે છે. (૧૧) આશાઓના સેંકડો પાશથી બંધાઇને તથા કામક્રોધપરાયણ રહીને તેઓ યથેચ્છ ભોગોને માટે અન્યાયથી ધન ભેગું કરવા મથે છે. (૧૨) આજે મેં આ મેળવ્યું; હવે આ મનોરથ પૂરા કરીશ; આટલું ધન તો છે ને વળી બીજું આટલું પ્રાપ્ત થશે : આ શત્રુને તો મેં હણ્યો; હવે બીજાને હણીશ; હું ઇશ્વર, હું ભોગી, હું સિદ્ધ, હું બળવાન, હું સુખી, હું ધનવાન, હું માણુસોવાળો, મારા સમાન બીજો કોણ છે? આટલું એકઠું કરી લઉં એટલે પછી હું અમુક યજ્ઞ કરીશ, દાન કરીશ, મોજશોખ કરીશ : આવા આવા અજ્ઞાનમય તરંગોમાં મોહી પડેલા તથા ચિત્તની અનેક ભ્રમણાઓથી ભ્રમિત બનીને મોહજાળમાં ફસાઇ ગયેલા તે કામભોગમાં અતિ આસક્તિવાળા આસુરી લોકો અંતે ગંદા નરકમાં જ પડે છે. (૧૩–૧૬)"

આવું આવું વર્ણન વેદ, ઉપનિષદ્, ગીતા, પુરાણ, સ્મૃતિ, વ. બધાં ધર્મ તથા મોક્ષશાસ્ત્રોમાં ભર્યું પડયું છે. વિષયવૃત્તિનાં કર્મોમાં અટવાઇ પડેલા જીવને એક ક્ષણની પણ નિરાંત નથી. ચંચલ અને સ્થિર

થતી શારીરિક અવસ્થાઓની ભીંસમાં કૂવા ઉપરના ઘડાની પેઠે 'ખાલી થવું અને ભરાવું' ચાલ્યા જ કરે છે. સ્થિર થઇને બળ મેળવે, ચંચલ બનીને બલથી ખાલી થાય. આવી કર્મની સતત ગતિમાન દશામાં મનની અસ્વસ્થતા વધતી જાય છે. કર્મથી મળતા ભોગ અને વિષયસંયોગ-જન્ય સુખાભાસથી એની અશાંતિ અને અતૃપ્તિ મર્યાદા વટાવી જાય છે, અને ભોગની અપૂર્ણતાની–ઊણપની એ બળતરા વધતાં વધતાં વાસનાનાં ઇન્ધન અંતઃકરણના ભંડારમાં ખડકાતાં જાય છે.

ક્રિયામાત્રમાં નિર્દોષ અને નિત્ય સુખનો હેતુ નથી એ જ મોટી ખામી છે. એ દોષને લીધે બુદ્ધિ જડ બનીને જડને જ સત્ય માને છે, અને સુખવસ્તુનો વિચાર કરવાની શકિત રહેતી નથી. સ્થૂલ શરીર કરતાં તો સૂક્ષ્મ શરીર એટલે મન વધારે ભયંકર છે. સ્થૂલ શરીરની આવશ્યકતા માટે તો અન્નજલ, વસ્ત્ર અને નિવાસસ્થાન જ પૂરતાં છે, પણ મનની દોડ બહુ મોટી છે; એને આવશ્યકતાના વિષયોમાં વિવિધતા અને વિચિત્રતા જોઇએ એટલું જ નહિ, પણ અનન્તકાલ સુધી શરીર જીવવાનું છે એમ માનીને પરિગ્રહવૃત્તિ વધતી જાય છે. "હું અને મારાં" ના દેહરક્ષણની ચિંતામાં એ અમરપણાની ગણતરી બાંધે છે; જીવવું છે સો વર્ષ પણ હજારો વર્ષ ટકે એવાં મકાનો બાંધે છે. ખાવું છે એક ટંક પણ વર્ષો સુધી ચાલે એટલા અન્નભંડાર ભરે છે. જોઇએ છે એક વસ્ત્ર પણ બબ્બે અવતાર સુધી પહોંચે એટલાં વસ્ત્ર અને અલંકારની પેટીઓ અને તિજોરીઓ ભરે છે.—આનું વર્ણન વધારે નથી લંબાવતા કારણ કે વર્તમાન સમયમાં વૈભવ અને વિલાસની જે અમર્યાદિત પ્રવૃત્તિ ચાલુ છે, તેને લીધે બધે રાગદ્વેષ, રંગદ્વેષ, જાતિદ્વેષ, વર્ણદ્વેષ, આશ્રમદ્વેષ, વર્ગદ્વેષ, દેશદ્વેષ, સંસ્કારદ્વેષ, વગેરે ઊભાં થયાં છે, એ પ્રત્યક્ષ સાક્ષીરૂપ છે. નવીન સુધારણાને બહાને જૂની સંસ્કૃતિ પ્રતિ દ્વેષ ઊપજ્યો છે, ધર્મ-દ્વેષ વધી પડયો છે; વાતો બોલાય છે બધે એકતા અને સમતા સ્થા-

થવાની, પણ સમાજ, ધર્મ, અર્થ, રાજ્ય, નીતિ—એ બધામાં એવો શંભુમેળો થઇ ગયો છે કે કોઇ પણ વિશિષ્ટ સંસ્કૃતિનું સાચું સ્વરૂપ વર્તમાનકાળમાં ઓળખી કે પારખી શકાતું નથી.

\+ + +

(૧) કર્મ કરવામાં એટલે કર્મની સતત ગતિમાન અવસ્થામાં શક્તિની ક્ષીણુતા જ છે, એટલે એમાં વિશ્રાંતિ નથી. (૨) કર્મની પાછળનો હેતુ શાંતિનો છે પરન્તુ ઉલટું એનાથી અશાંતિ, અતૃપ્તિ અને અસંતોષ વધતાં જાય છે. (૩) અશાંતિનું કારણ છે સુખની શોધ અને એની અપ્રાપ્તિ. (૪) કર્મની પાછળ ભોગવિલાસની પ્રબલ વાસના ભયંકર જોરથી કૂદતીનાચતી હોય છે.

આટલો વિવેક કર્મ અને વાસના વિષેનો કરી જોયા પછી આપણે વાસનાનું પૃથક્કરણ કરી જોવું જોઇએ. વાસના શબ્દનો અર્થ (૧) ગંધ અને (૨) નિવાસ એમ બે રીતે થાય છેઃ અનાદિ કાલથી-અનેક જન્મોથી જીવાત્મા ભોગને માટે કર્મ કર્યા કરે છે, અને કર્મને માટે વાસના અંઃતકરણમાં ઉદ્‌ભવ્યા કરે છે. એ વાસનાની ગંધ જેને આપણે પૂર્વસંસ્કાર અથવા ટેવ કહીએ છીએ તે અંતઃકરણમાં રહી જાય છે, અને જૂની ટેવ પુનઃ પુનઃ એવા જ પ્રકારનાં કર્મ કરાવવાની પ્રેરણા કરે છે. એ સંસ્કાર ચિત્તમાં રહે છે— નિવાસ કરે છે તેથી પણ એ વાસના કહેવાય છે.

કર્મ જો વૃક્ષ છે તો વાસના બીજ છે; એટલે કે વાસના કારણ છે તો કર્મ કાર્ય છે. બીજવૃક્ષન્યાયે—કારણકાર્યન્યાયે જે સ્વરૂપ કર્મનું છે, તે જ વાસનાનું છે. કર્મમાં કર્મફલ અને ફલભોગ એમ વિભાગ પડે છે. તો વાસનામાં કર્મપ્રેરણા અને ભોગાસક્તિ બે વિભાગ પડે છે. આમ વાસનામાંથી કર્મ અને કર્મભોગમાંથી પછી સંસ્કારરૂપ વાસનાની સંખ્યા અંતઃકરણમાં ઉમેરાતી જાય છે.

પ્રાણીમાત્ર સચ્ચિદાનંદની ઇચ્છાથી પ્રેરાઇ, અંતકરણથી બહિર્મુખ બની, ઈંદ્રિયોદ્વારા વિષયોના પ્રાપ્તિ માટે મથે છે, કારણ કે બધાંની માન્યતા એવી છે કે ઈંદ્રિયો જ્યારે અનુકૂળ વિષયોની પ્રાપ્તિ કરી શકે છે ત્યારે વિષયોમાંથી એમને ભોગદ્વારા આનંદ મળે છે.

વિષયોમાંથી નહિ, પણ અંતરાત્મામાંથી આનંદ મળે એ આપણે આ પહેલાંના લેખોમાં જોઇ ગયા છીએ. તે ઉપરાંત આનંદની માન્યતા પ્રત્યેકના પોતપોતાના માનસિક સંસ્કાર અને ભાવના ઉપર આધાર રાખે છે, કોઇ પણ વ્યકિતના મૃત્યુથી એના શત્રુને આનંદ થાય છે તો મિત્ર-સંબધીને દુઃખ થાય છે. નરસિંહ મહેતાની પેઠે વિરક્ત ગૃહસ્થાશ્રમીને પત્નીનું મૃત્યુ "ભલું થયું ભાંગી જંજાળ" લાગે છે, તો કેટલાએક મૃતપત્નીની પાછળ જીવનભર ઝૂર્યા કરે છે. ધનનો વિયોગ લોભીને પ્રાણહાનિ જેટલું દુઃખ અપાવે છે તો વિરક્ત કે ઉદારને એથી ઊલટું ચિંતામુક્ત થયાનું કારણ બને છે. આમ સુખ કે હર્ષનું કારણ દરેક વ્યકિતની પોતાની દૃષ્ટિ ઉપર આધાર રાખે છે; અને આમ છતાં પણ સુખ કે દુઃખ ઈંદ્રિયો તથા વિષયોના સંયોગ-વિયોગમાં નથી, પણ સચ્ચિદાનંદ સ્વરૂપનું અજ્ઞાન અને એની વિસ્મૃતિમાં છે, એવું પ્રત્યેક મોક્ષશાસ્ત્રોનું સનાતનશોધ્યું સત્ય છે.

આવી વિચારપરંપરા શરૂ થવી, એ જ માનવીય ઉન્નતિનું પ્રારંભિક અને મંગલમય શુભચિહ્ન છે. પોતપોતાના પૂર્વસંસ્કાર પ્રમાણે—પછી તે સારા હોય કે ખરાબ—પણ એની જ પ્રેરણાથી કર્મ કર્યે જવાં, વાસનાઓ વધારતાં જવી, અને એ દ્વારા પ્રાપ્ત થતાં સુખદુઃખનાં દ્વંદ્વોમાં બંધાતાં જવું એ જ છે અવિચાર અને અવિવેકનું સ્વરૂપ. અનેક જન્મોને અંતે જ્યારે જગતની આ ઘટમાળથી મનુષ્ય થાકે; કર્મ, વાસના અને અજ્ઞાન (અવિદ્યા)ની ત્રિપુટીનો અંત જ નથી આવતો એમ એને સમજાવવા માંડે, ત્યારે એને વિશ્વરહસ્ય શોધવાની પ્રેરણા

થાય છે. આવી પ્રેરણા થાય એને શાસ્ત્રમાં શુભ વાસના કે શુભેચ્છા કહે છે. તત્ત્વજ્ઞાનની ભાષામાં અજ્ઞાનબંધમાંથી છૂટવાના પ્રથમ સાધન તરીકેની "શુભેચ્છા" નામની એ પ્રથમ ભૂમિકા કહેવાય છે. એને એમ લાગે કે કર્મનું ચક્ર તો અનાદિ–અનંત ચાલ્યા જ કરવાનું. અવિદ્યાને લીધે વાસના, વાસનાને લીધે કર્મ અને કર્મને લીધે પાછી સચ્ચિદાનંદ સ્વરૂપના અજ્ઞાન સ્વરૂપ અવિદ્યા—એ ત્રણેયનો અંત આવવાનો નથી, અને જ્યાં સુધી હું કર્મ જ કરતો રહીશ ત્યાં સુધી એમાંથી ઊભાં થતાં દ્વંદ્વમાંથી છૂટી શકું એમ નથી. ભગવાન શંકરાચાર્ય કહે છે કે :—

वस्तुसिद्धिर्विचारेण न किंचित्कर्मकोटिभिः ॥

-વિવેકચૂડામણિ—૧૧.

**અર્થ** :—વસ્તુની પ્રાપ્તિ વિચારવડે થાય છે; કરોડો કર્મોથી લેશ પણ થતી નથી.

અજ્ઞાન કે અવિદ્યાનું સ્વરૂપ જ એવું છે કે મનુષ્યને સાચી વાત, સત્ય વસ્તુનું સ્વરૂપ અને એને પ્રાપ્ત કરવામાં સાધનની સમજણ જ પડે નહિ. અહીં એમ કહેલું છે કે "વસ્તુની પ્રાપ્તિ વિચારથી થાય છે, કરોડો કર્મથી લેશ માત્ર પણ નહીં." આમાં બે વાત વિચારવાની છે: (૧) મનુષ્યે કયી વસ્તુ મેળવવાની છે, (૨) અને એ મેળવવાનાં સાધન શું છે? આ બન્ને જાતના અજ્ઞાનથી મનુષ્ય મૂંઝાયા કરે છે: ઋષિઓ અને સંતો કહે છે કે જે વસ્તુ મેળવવાની છે, તે સચ્ચિદાનંદ-સ્વરૂપ પરબ્રહ્મથી અભિન્ન એવું આત્મતત્ત્વ છે. આવી સ્પષ્ટ અનુભવ-વાણી હોવા છતાં મનુષ્ય વિષય મેળવવા માટેની વાસના સેવે છે. કયાં પરમાત્મા અને કયાં વિષય–એ બન્નેનો મેળ જ ખાય એમ નથી. એક રીતે કહીએ તો બન્ને મેળવવાની વાસના એના હૃદયમાં છે; પણ બન્નેનાં સ્વરૂપો જાણતો નથી, તેથી વિષયને જ પરમાત્માનું સ્વરૂપ અને વિષયના જેવાં જ એનાં લક્ષણ માનીને એ મેળવવાની વાસના વધારતો

જાય છે. તે ઉપરાંત એ મેળવવા માટે રાતદિવસ શરીરને ક્રિયાશીલ રાખીને જન્મથી મૃત્યુપર્યન્ત કર્મો કર્યા કરે છે.

કર્મથી જો પરમાત્માની પ્રાપ્તિ થતી હોય તો અનેક જન્મોથી કર્મો કરતો આવ્યો છે, છતાં એ સચ્ચિદાનંદસ્વરૂપથી દૂર, પૃથક્ અને હીન રહ્યો છે. ઉપરાંત કર્મો કાંઇ એક પ્રકારનાં નથી; અસંખ્ય જન્મોમાં સારાં-માઠાં અસંખ્ય કર્મો કર્યાં હશે, પણ એમાંનું એક પણ કર્મ જો પરમતત્ત્વની પ્રાપ્તિ કરી આપવામાં ફલીભૂત થયું હોત તો એને અશાંતિ, અતૃપ્તિ અથવા અસંતોષ રહ્યાં જ ન હોત! અરે, એની આવી દીનહીન દુર્દશા જ ન હોત!

વિષયભોગની પ્રાપ્તિ માટે એણે અસંખ્ય રાક્ષસી–આસુરી સ્વભાવનાં હિંસક કર્મો કર્યાં હશે. જગત ઉપર હાહાકાર પ્રવર્તે એવાં સ્વાર્થની અહંકારી મનોદશા ઊભી કરી હશે. દુષ્ટ કર્મમાં જ્યારે દુઃખભોગની જ પરંપરા જોઇ એટલે એમાંથી પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત-કર્મ કરી, શુભ કર્મની શરૂઆત કરી હશે; લોકકલ્યાણનાં તેમજ બીજાં પરોપકારી કર્મો કરી અનેકના આશીર્વાદથી મન શુદ્ધ કર્યું હશે. ઇશ્વરને રીઝવવાને બહાને જપ, તપ, પાઠ, પૂજા, યજ્ઞ તથા બીજાં અસંખ્ય વહેમ કે શ્રદ્ધાનાં કર્મો કર્યાં હશે, છતાં જો કર્મથી જ એને શાંતિ મળવાની હોત તો અત્યાર સુધીમાં મળી ગઇ હોત. અસંખ્ય જન્મોને અંતે, શુભાશુભ કર્મોના પરિપાક પછી પણ જ્યારે માનવી મનનાં બંધનો વધતાં જાય છે, ત્યારે ચોક્કસ માનવું જોઇએ, કે કરોડો કર્મવડે પણ બંધનથી છૂટી શકાતું નથી. એનું કારણ શાસ્ત્રકારો, ઋષિમુનિઓ, સંતસાધુઓ, તત્ત્વના અનુભવીઓ બતાવે છે કે આ બધું વિચાર વગરનું થયું છે. જે રીતે વિચાર કરવો જોઇએ એ રીતે થયો નથી, એટલે એ બધો પરિશ્રમ નિષ્ફળ ગયો છે—બધું ધૂળ ઉપર લીંપણ જેવું છે; એટલું જ નહિ પણ એ દાઝયા ઉપર ડામ જેવું છે, કારણ કે

કર્મના પરિશ્રમથી થાકેલા કે કંટાળેલાને જન્મજન્માન્તરમાં કર્મ કર્યા છતાં પણ અશાંતિ વધતી જાય છે.

મનુષ્યશરીરમાં બીજાં પ્રાણીના કરતાં જે એક વિશિષ્ટ શકિત મળી છે તે છે એની બુદ્ધિ અને એની વિચારશકિત. સામાન્ય રીતે તો જ્યાં સુધી એ બુદ્ધિ એના વાસનાયુક્ત મનને અધીન રહીને વિચાર કરે, ત્યાં સુધી એ શુદ્ધ વિચાર કરી શકતી નથી. એવી બુદ્ધિ વિષયાન્ધ તથા બહિર્મુખ કહેવાય છે. પ્રત્યેક વસ્તુના નામરૂપને જ નિત્ય માનીને ઈંદ્રિયોને વિષયલોલુપ રાખી એમાં જ રમાડયા–ભમાવ્યા કરે, એવી આંધળી બુદ્ધિ પૂર્વસંસ્કારને જૂને ચીલે જ ઈંદ્રિયોને લઇ જાય, અને મનમાં અશાંતિ ન વધારે તો બીજું શુભ કરે પણ શું? કર્મ વગર એક ક્ષણ પણ આ શરીર રહી શકતું નથી. જેમ જેમ કર્મની સંખ્યા વધતી જાય તેમ તેમ વાસના એના કરતાં પણ અસંખ્ય ગણી વધીને જોર કરતી જાય છે; એનું પરિણામ અશાંતિમાં જ આવે. ક્ષણભર પણ એવા મનુષ્યનું મન શાંત બેસી શકતું નથી. આવી બુદ્ધિ વિચાર કરે તોપણ વિષયોના જ વિચાર કરે છે. અમુક કર્મ કરીશ તો સુખ–શાંતિ મળશે એમ માને છે. તેથી એ અવિવેકી તથા વિચારહીન નહીં, પણ વિપરીત એટલે ઊલટી દિશામાં વિચાર કરનારી બુદ્ધિ કહેવાય છે. પરિણામે જીવનના બધા વ્યવહારમાં અવ્યવસ્થા, મનમાં અશાંતિ, અને આસપાસના જગતમાં વર્ગવિગ્રહ ઊભા કરે છે.

\+ \+ \+

શાસ્ત્રો શુધ્ધ વિચાર કરવાની પધ્ધતિ સમજાવે છે; શાંતિ મેળવવી હોય, અસંતોષ ટાળવો હોય, માનવમન જેની ઝંખના કર્યા કરે છે એ સચ્ચિદાનંદ વસ્તુની શોધ કરવી હોય તો કઇ રીતે વિચાર કરવો જોઇએ એની સમજણ પાડવા શ્રી શંકરાચાર્ય અપરોક્ષાનુભૂતિ નામના ગ્રન્થમાં વિચારનું સ્વરૂપ આ પ્રમાણે સમજાવે છે:—

कोऽहं कथमिदं जातं को वै कर्ताऽस्य विद्यते ।
उपादानं किमस्तीह विचारः सोयमीदृशः ॥१२॥

**અર્થ**:—હું કોણ ? આ કેમ ઊપજ્યું છે ? આનો કર્તા કોણ છે ? અને અહીં ઉપાદાન ( જેમાંથી આ જગત બન્યું છે તે વસ્તુ ) શું છે ? આવા પ્રકારનો વિચાર ( તે વિચાર ) છે.

આ વિચારપધ્ધતિમાં ચાર પ્રશ્નો ગોઠવ્યા છે :—

(૧) હું કોણ છું ? સમસ્ત શરીરને 'મારુ" માનીને એમાં કર્તાભોક્તા તરીકે અભિમાન ધારણ કરનાર "હુ" એ કોણ છે અને એનું સ્વરૂપ શું છે ?

(૨) આ બધી વિશ્વરચનાની પાછળ ઉદ્દેશ કે હેતુ શું હશે ? જગતમાં સર્વત્ર જો હાહાકાર જ વર્તતો હોય તો આવું જગત બનાવવાનો હેતુ શું હોય ?

(૩) આવા વિચિત્ર દુઃખસુખ વગેરે અનેક દ્વંદ્વોથી ભરેલા જગતનો રચનાર કોણ હશે ?

(૪) અને આ બધું કયી વસ્તુમાંથી બન્યું કે બનાવ્યું હશે ?

આ ચાર જાતના પ્રશ્ન શ્રી શંકરાચાર્યે શુધ્ધ વિચાર માટે ગોઠવી આપ્યા છે. એ વિચારને આગળ કેવી રીતે વધારવા અને વિચારનો નિર્ણયાત્મક અંત આવે ત્યાં સુધી જીવનની રહેણીકરણી કેવી કરવી એની પણ સાધનપધ્ધતિ ગોઠવી આપી છે.

પ્રથમ પ્રશ્ન—"હું" કોણ છું એ લીધો છે; ઉત્થાનના વાચકોને અત્યાર સુધીની લેખસામગ્રીમાંથી એટલું સમજાઇ ગયું હશે કે પ્રાણીમાત્રનું સામાન્ય રીતે, અને મનુષ્યનું વિશેષરૂપે ઓળખાતું ને અનુભવાતું અહમ્—'હું પણું' એ હૃદયસ્થ આકાશનો ગુણ છે, કારણ

કે એ અંતરમંથી ઉદ્‌ભવતો શબ્દ છે. પરંતુ એ "હું" માં જે ચૈતન્ય છે, એ તો સર્વવ્યાપક છે. બધાં શરીરમાં એ જ "હું" તરીકે ઓળખાય છે, સ્વપ્ન અને જાગ્રત અવસ્થામાં જ "હું"ની સ્ફુરણા થાય છે, પરન્તુ એ "હું" એકલું, વિચાર, કલ્પના, મમત્વ, મોહવિનાનું રહેતું હોય એવો અનુભવ કોઇને થતો નથી. "હું" એકલું તો નિર્દોષ છે, પણ જ્યારે પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત, ઈંદ્રિયો, શરીર, તેમજ બહારનાં ધનવૈભવ, માલમિલકત, સગાંસંબંધી વ. ઉપર મમત્વ બાધીને એ બધાં "મારાં" છે એમ માની "મારાપણું" ઊભું કરે છે, ત્યારે એમ સમજાય છે કે એ બધાંને પોતાની સુખસામગ્રી માને છે. સુખસામગ્રી માને એટલે એની રક્ષા માટેની યોજનાઓ ઘડે, એમા સહાયતા કરનાર સાથે મમતા કે પ્રીતિ બાંધે; વિઘ્ન કરવા આવે એના પ્રતિ દ્વેષ દાખવી લડવા તૈયાર થાય. પ્રત્યેક માનવી આવી રીતે "હું" અને "મારા" માટેના વિષયોનાં પ્રાપ્તિ તથા રક્ષણ માટે વાસનાઓ ઊભી કરે, કર્મો કરે, કર્તાપણા તથા ભોક્તાપણાનું અભિમાન વધારે અને પરિણામે આ દ્વંદ્વમય જગતમાં અશાંતિ ભોગવે. એમાં મમત્વ ઊભું થાય છે એટલે જગતના અસંખ્ય વિષયો સાથે સંબંધ બાંધી—**સંબંધ** એટલે જ **બંધ**—એ મોહનાં દોરડાં વડે પોતાની મેળે જ બંધાઇ જાય છે. "હું" એ થાંભલો હોય તો મોહના વિષયોની હારમાળા એની આસપાસ બાંધવાની સાંકળ છે. એ સાંકળ જ્યાં સુધી ન તૂટે ત્યાં સુધી "હું" ને આરામ મળતો નથી. "હું" રૂપ કરોળિયો પોતે જ જાળરૂપ સાંકળ તૈયાર કરીને એમાં બંધાયો છે.

આ "હું"માં જ્ઞાન છે, પણ વિષયોનું, પોતાના સ્વરૂપનું નહીં. મારાપણાનું, વિષયોનું, રાગદ્વેષ વગેરે દ્વંદ્વનું જેટલું વ્યાવહારિક જ્ઞાન છે, એમાંથી એ બધા વિષયોને કાઢી નાંખીએ તો જ્ઞાનસ્વરૂપ "હું" જ બાકી રહે છે. વિષયો, સંબંધીઓ, શરીરો, જગતનાં દશ્યો વ.

મોહ-મમત્વના પદાર્થો બદલાય છે, પણ "હું" બદલાતો નથી. સારો કે માઠો, સુખી કે દુ:ખી, સંસારી કે વિરક્ત એવો "હું" એના સંબંધોને લીધે જ બને છે; એ એકલો તો પરમ પવિત્ર, નિત્ય, ચૈતન્ય અને આનંદ-સ્વરૂપ જ છે; પણ "હું"માં રહેલું વ્યાવહારિક જ્ઞાન કે જેને આપણે બુદ્ધિ કહીએ છીએ, એ "હું"ના શુદ્ધ સ્વરૂપનો વિચાર ન કરતાં "હું"ને વળગેલા વિષયોનાં જ્ઞાન અને નામરૂપનો વિચાર કરી, એને વિદ્યાભ્યાસ, કેળવણી વ. નામ આપી, એના યોગભોગમાં જ અટવાઇ રહે છે, ત્યાં સુધી "હું"ના સ્વરૂપનું જ્ઞાન મેળવવાની વાત સૂઝતી નથી.

\+ \+ \+

બીજો પ્રશ્ન છે જે "હું"રૂપ દ્રષ્ટા, કર્તા, ભોક્તાનો સમસ્ત બ્રહ્માંડનાં દૃશ્યો સાથેનો સંબંધોનો છે. "હું"ના સ્વરૂપનો વિચાર કર્યા વિના દૃશ્યોનાં પૃથક્કરણ કરીને, એના ભાગવિભાગ તથા ગુણધર્મ સમજીને વિદ્યા મેળવવી એ તો બધાં ભોગવિલાસનાં બહિર્મુખ સાધનોમાં વૃદ્ધિ કરનારી અવિદ્યા છે–વિદ્યા નથી. જીવનના નિર્વાહકાર્યમાં એ વિદ્યાનો ઉપયોગ કરવો જોઇએ, એટલી વ્યવહારની દૃષ્ટિએ એની ઉપયોગિતા અને અગત્ય સ્વીકારીએ; છતાં પણ એનો અતિરેક થાય ત્યારે એ વિદ્યા વિલાસ, વૈભવ, અને વર્ગવિગ્રહમાં ઘસડી જઇ વિજ્ઞાનને બહાને જડવાદ અને જડવિદ્યા ન વધારે એની ખાસ કાળજી રાખવી જોઇએ.

વિષયોની સંખ્યા ગણી ન શકાય, પરંતુ એના ગુણધર્મ પ્રમાણે વિભાગ પાડી શકાય છે. એનું પૃથક્કરણ કરતાં કરતાં એનાં મૂળ તત્ત્વોની શોધમાં પશ્ચિમના વિજ્ઞાનીઓએ સોએક જેટલી સંખ્યા કરી મૂકી છે, પરંતુ પૂર્વની પદ્ધતિ એના કરતાં તદ્દન જુદી છે. વિષયોનું અસ્તિત્વ સમજનાર પ્રથમ દૃષ્ટિએ પાંચ જ્ઞાનેન્દ્રિયો કે જે પાંચ તત્ત્વોની બનેલી છે

તે, તથા ત્યાર પછી એ જ્ઞાનેન્દ્રિ દ્વારા જ્ઞાન મેળવનાર અંતઃકરણ છે. એના દ્વારા જેટલું જ્ઞાન મેળવાય એ જ ખરું એમ પ્રત્યક્ષ પ્રમાણવાદીઓ માને છે, અને ઇન્દ્રિયોવડે દશ્યસ્વરૂપ તત્ત્વોનું પૃથક્કરણ કરી એક એક તત્ત્વના અસંખ્ય વિભાગ કરી જુદા જુદા ગુણધર્મ પ્રમાણે અવનવાં નામ આપતા જાય છે. પૂર્વના સિદ્ધાંતીઓ દષ્ટા તરીકે રહેનારી જ્ઞાનેન્દ્રિયોનું પૃથક્કરણ પહેલાં કરે છે. પ્રમાણ સાચું ન હોય ત્યાં સુધી પ્રમાણસિદ્ધ વસ્તુ સત્ય છે એમ કહી શકાતું નથી. ઇન્દ્રિયો પાંચ છે, તથા પાંચ તત્ત્વની બનેલી છે. વેદકાલીન ઋષિઓ જ્ઞાનેન્દ્રિયોનું જ્ઞાન અંતઃકરણના ભાવને વશ રહીને એની સિદ્ધિ કરી બતાવે છે એમ કહે છે. ઉપરાંત, ઇન્દ્રિયોમાં વૃદ્ધિક્ષીણતાનો દોષ છે. પ્રત્યેકની ઇન્દ્રિયો એક જ માપની હોતી નથી તેથી કેટલા ધર્મ અને કેવા માપવાળી ઇન્દ્રિયોને પ્રમાણભૂત માનવી એ પણ પ્રશ્ન ઊભો થાય એમ છે.

એક બીજી મુશ્કેલી એ છે કે પ્રત્યક્ષ જણાનાં પાંચ તત્ત્વો પણ પોતાનું રૂપાન્તર કર્યાં કરે છે; જ્યાં આકાશ હોય ત્યાં વાયુ બની જાય છે; વાયુ હોય ત્યાં અગ્નિના તણખા ઊભા થાય છે; અગ્નિ હોય ત્યાં કાળાન્તરે જલના પ્રવાહો વહેતા થાય છે, અને પ્રવાહી તત્ત્વસ્વરૂપ જલ નક્કર રૂપ ધારણ કરી પૃથ્વીરૂપે જણાય છે. તત્ત્વોની આ વારંવાર એકમાંથી બીજા રૂપમાં પરિવર્તન પામતી એટલે કે બદલાતી સ્થિતિને જોતાં કયા તત્ત્વને એક જ રૂપનું માનવું, નિત્ય માનવું, અને ગણતરી કઈ રીતે કરવી એ પ્રશ્ન પણ મૂંઝવે એવો છે.

વળી, એ તત્ત્વો એકબીજામાં લય પામે છે ત્યારે વિશ્વનો પણ લય થાય, એની સાક્ષી આપનાર માનવપ્રાણીનું પણ અસ્તિત્વ ન રહે. ત્યારે જે અવસ્થા રહે, એમાં કોઇ પણ જાતનો આકાર ન હોય, એને નામ આપનાર કોઇ ન હોય, એટલે અનેક નામરૂપવાળી, પંચતત્ત્વોવાળી

અસંખ્ય જડચેતન પદાર્થોના સંગ્રહસ્થાનવાળી, આ વ્યકત દશાની અપેક્ષાએ એને અવ્યકત કહેવી પડે છે. આમ વ્યકત અને અવ્યકત બનતાં તત્ત્વોનાં ગુણધર્મ કે સંખ્યા ગણી કાઢવાં એ અસંભવિત છે.

અને આ ઉત્પત્તિ, સ્થિતિ લય ભોગવતી પંચતત્વની બ્રહ્માંડલીલામાં કેવી જાતનો હેતુ હશે એ સમજવું પણ મુશ્કેલ છે. વિશ્વરચનાના હેતુની સમીક્ષા-પરીક્ષા કરનાર માનવીય મન છે, એટલે માનવીય મનની પરીક્ષા થાય, ત્યારે જ હેતુ સમજાય. માનવીય હેતુ સચ્ચિદાનંદની પ્રાપ્તિનો છે. એ સચ્ચિદાનંદ વ્યકત-અવ્યકત દશાનાં પ્રાણી પદાર્થોનાં પ્રાપ્તિ અને ભોગમાંથી પૂરો પાડી શકતો નથી. માનવની પ્રત્યેક ક્રિયાની પાછળ સચ્ચિદાનંદની પ્રાપ્તિનો હેતુ છતાં પણ વારંવાર નિષ્ફળ જતાં, જ્યારે માનવબુધ્ધિ આગળ વધીને એમાંથી ઉપરામ પામે છે, અન્તર્મુખ, સ્થિર તથા શુધ્ધ બને છે, ત્યારે સંશોધનનો સાર એ નીકળે છે કે વિશ્વરચનામાં હેતુ છે સચ્ચિદાનંદનો, પણ એમાં એ હેતુ બર આવતો નથી. માનવીય હેતુમાં ભૂલ નથી પણ એની સંશોધનપધ્ધતિમાં ભૂલ હોવાનો સંભવછે. એ ભૂલનું જ બીજું નામ અણઆવડત, અણસમજ કે જેને સંસ્કૃત કે શાસ્ત્રીય ભાષામાં અજ્ઞાન, અવિદ્યા કે માયા કહ્યું છે એ છે. એ અજ્ઞાન તથા હેતુ આવી રીતે મિથ્યા સિધ્ધ થતાં જ્ઞાનદ્વારા ઊડી જાય છે; જો કે કોઈ કોઇ તત્વવિદો એને ઇશ્વરનાં વિલાસ, લીલા, ખેલ, રમત એવાં નામ આપે છે, પણ એને સત્ય માનવા જતાં વ્યકિત-ગત જીવનની કર્મગતિ અને શકિતની અવગણના થાય છે જે તર્કથી વિરુધ્ધ છે એમ લાગે છે.

વ્યવહારમાં પણ પ્રત્યેક કાર્યમાં હેતુ હોય છે; કારણ વિના કાર્ય સંભવી શકતું નથી એ દૃષ્ટિએ વિશ્વરચનામાં પણ કંઇક કારણ હોવું જોઇએ એમ માનવા જતાં, અને હેતુ–ઉદ્દેશ કારણની સમીક્ષા કરતાં તો

ઉત્તર આવી પડે છે સચ્ચિદાનંદની પ્રાપ્તિનો. એ હેતુ પણ ખોટો છે–કારણ કે અજ્ઞાન આડે આવીને ઊભું રહે છે. એનો તત્વજ્ઞાનવડે નાશ થાય છે, ત્યારે શોધનારનું શુદ્ધ સ્વરૂપ જ સચ્ચિદાનંદ છે એમ નિર્ણય થાય છે. તેથી શોધનાર, શોધ અને ક્રિયાનો હેતુ, તથા વિશ્વનું કારણ એ બધા પ્રશ્નોનું નિષ્કારણ માયા છે; તેથી માયાને મિથ્યા તથા અનિર્વચનીય કહી છે, અને એક માત્ર પરમતત્વને જ નિરપેક્ષ તત્ત્વ કહ્યું છે. જેમાં કોઇ પણ જાતનો સાંસારિક હેતુ જ નથી.

\+ + +

ત્રીજો પ્રશ્ન છે આવી બ્રહ્માંડમાળનો રચનાર કોણ હશે તે. આમાં પણ જવાબ એ જ આવે છે કે બ્રહ્માંડની રચના અને રચનારની શોધ કરનાર મનુષ્ય, મન તથા ઇન્દ્રિયો વડે શોધની પરિસીમા સુધી પહોંચે ત્યાં સુધી એને વિશ્વસ્રષ્ટાનાં ભિન્ન ભિન્ન ત્રિગુણાત્મક સ્વરૂપ દેખાય છે જેને એ ઇશ્વર કે દેવદેવતાને નામે ઓળખાવે છે. એક પણ નિશ્ચિત સ્વરૂપ દેખાતું કે ઓળખાતું નથી–માત્ર કોયડો જ રહ્યો છે; અને જ્યાં વિશ્વની દેશકાળની પરિસીમાને ઓળંગીને આગળ જવાનો યત્ન થાય છે ત્યાં શોધનાર પોતે જ ગુમ થઇ જાય છે. પરિસીમાને ઓળંગીને આગળ જનાર જે પરિચ્છિન્ન હતો, તે પોતે જ ત્યાં અપરિચ્છિન્ન અપરિમિતમાં ટકી–નભી શકતો નથી, એટલે એમાંથી પાછો વળી એ પરિચ્છિન્ન મન તથા ઇન્દ્રિયો વડે અપરિચ્છિન્નની વાતો કરે છે, ત્યારે એને કોઇ અવર્ણનીય તત્ત્વ તરીકે ઓળખાવે છે.

\+ + +

આવું જ ચોથા પ્રશ્ન વિશે છે. માનવીય અંતઃકરણમાં ‘હું’ તરીકે ઓળખાતો અહંભાવ પોતાને, જગતની રચનાના હેતુને, વિશ્વના કર્તાને–એમ ત્રણેયને શોધવા જતાં પોતે જ રહેતો નથી, એટલે શોધનાર

"હું" શોધવાનો હેતુ, વિશ્વના રચનારની શોધખોળ, અને વિશ્વ જેમાંથી બન્યું છે, એ પદાર્થો કે પદાર્થ—એ બધાં કયાંક એવી રીતે લોપ થતાં એક જ મોટો પ્રશ્ન ઊભો થાય છે કે, "શોધનારને જ શોધવો જોઇએ." એ એક જ કર્તવ્ય, ધર્મ અને પ્રશ્ન બાકી રહે છે. "હું"-ની શોધ તથા સમાધાનમાં જ બધા મહાપ્રશ્નોનાં સમાધાન સાંપડે એમ છે, અને એ સમાધાન થાય તો જ જીવાત્માની અનાદિ કાલથી ચાલી આવતી ભ્રાન્તિ નિર્મૂળ થાય છે, અશાંતિ ટળે છે, સંતોષ અને તૃપ્તિ-નિરંકુશ તૃપ્તિ પ્રાપ્ત થાય છે.

(૧) "હું," (૨) વિશ્વરચનાનો હેતુ, (૩) વિશ્વકર્તા, (૪) અને વિશ્વનું સ્વરૂપ—એ ચાર પ્રશ્નોને ઉપાડીને પ્રત્યેક વસ્તુનો બધી દિશાથી, સાચા પ્રમાણ વડે વિચાર કરવો એને જ શાસ્ત્રમાં 'વસ્તુવિચાર' કહ્યો છે. આવો વસ્તુવિચાર પરાપૂર્વથી થતો આવ્યો છે; એમ કહો કે માનવસમુદાયની એ અત્યાવશ્યક પ્રવૃત્તિ છે. જીવાત્માની એ સ્વભાવગત પ્રકૃતિ છે: સુખની શોધ જો આવશ્યક હોય તો સુખ વસ્તુની શોધ પણ થવી જ જોઇએ. સુખ જોઇએ છીએ એટલે સુખ કયાં છે, એમ જાણ્યા વિના જે પ્રવૃત્તિ થાય તે બધીમાં ભૂલ થવાનો સંભવ છે. આવી ભૂલ થાય છે તેથી જ સુખની શોધ તથા પ્રવૃત્તિ હોવા છતાં પણ અજ્ઞાનને લીધે દુઃખ આવી પડે છે. એનું કારણ એ છે કે સુખ આપે એવી વસ્તુ કયી છે? કયે સ્થાને છે? વિશ્વમાં દૂર દૂર છે કે પાસે જ? ઇંદ્રિયોની બાહ્ય પ્રવૃત્તિમાં છે કે એનાં આંતરસુખ અંતઃકરણમાં? અહીં કે ત્યાં, અત્યારે કે ભવિષ્યમાં, જાતે મેળવી લેવાય એમ છે કે કોઇની સહાયતા લેવી પડે એમ છે? જાતે મેળવી લેવું હોય તો એ માટેની શી શી તૈયારી કરવી પડે, પોતે પોતાનામાં કેવા અને કેટલા ફેરફાર કરવા પડે, કોઇની સહાયતા લેવી પડે એમ હોય તો સહાયકની યોગ્યતા કેવી હોય? પૃથ્વી

ઉપરના કયા દેશમાં, ઘરમાં કે વનમાં, નદીકિનારે કે રેતીના રણમાં, સમુદ્રતટે કે પર્વતનાં શિખર ઉપર, માનવશરીરમાં કે કોઇ બીજા શરીરમાં—આવા આવા અસંખ્ય પ્રશ્નો—જેટલાં ભેજાં એટલા સવાલો—ઊઠયા જ કરે છે.

\+ \+ \+

(૧) "હું," (૨) વિશ્વહેતુ (૩) વિશ્વકર્તા, (૪) વિશ્વસ્વરૂપ,—એ ચારેય પરસ્પર નિત્યને માટે જુદાં હોય, ગુણધર્મભેદે સ્વતંત્ર સત્તાવાળાં હોય તો હંમેશાં વિગ્રહ રહે, એટલે એમાં પણ એકને સ્વતંત્ર અને બીજાને પરાધીન માનવાં પડે; સ્વતંત્ર અને પરાધીન—એમ બે વિભાગ માનવા જતાં એ બન્ને નિત્યને માટે સ્વતંત્ર અને પરાધીન જ રહેવાનાં કે એમની સત્તામાં ફેરફાર થતો હશે એવો પ્રશ્ન ઊઠે; આપણે અત્યારે જ આવા પ્રશ્ન ઉપાડીએ છીએ એમ નથી. આપણી પહેલાંના પૂર્વજોએ એ પ્રશ્નોના સુખદ નિરાકરણ માટે તપશ્ચર્યા કરી છે, મનોમન્થન સેવ્યાં છે, ઊહાપોહ કર્યા છે, પરિષદો ભરી છે અને અનેક પ્રકારના પ્રયોગ કરીને કંઇક નિર્ણય કર્યો છે, એમ અત્યાર સુધીનાં શાસ્ત્રો જોતાં આપણને સમજાય છે.

શાસ્ત્રો એટલે પૂર્વજોના પ્રયોગો અને અનુભવોની નોંધવહી. એમના પ્રયોગ અને અનુભવની આપણે સહાયતા મેળવીએ એટલે એવી જ જાતના પ્રયોગો કરવાની આપણને મહેનત ન પડે. જેને આપણે પ્રયોગ કહીએ છીએ એને જ શાસ્ત્રમાં સાધના કહે છે; એ સાધનાવડે સનાતન પ્રશ્નોના ઉકેલ માટે જે પ્રયત્નો થાય એ સાધના, અને સાધનાને અંતે સફલ મનોરથ થાય, એ છે એમના અનુભવનાં સચોટ નોંધ અને પ્રમાણ. પૂર્વ અનુભવ-પ્રમાણની અવગણના કરીને માણસમાત્ર પોતાના જીવનમાં અવનવા પ્રયોગ કરે તો એ પ્રયોગનો મૃત્યુપર્યન્ત અંત આવે નહિ

અને અંત આવ્યા વિના એના સારાસાર સાધનનો નિર્ણય બની શકે નહિ.

આ પ્રશ્નોના સમાધાન માટે પૂર્વના ઋષિમુનીઓ, આચાર્યો, સંત-સાધુઓ અને બીજા અનુભવીઓ શું કહી ગયા છે, એ આપણે જોઇએ એટલે આપણા માર્ગમાં સરલતા થાય છે. વિચાર કરવાની પદ્ધતિ, ભાષા કે શબ્દોની ગૂંથણી જુદા પ્રકારની હોય તેથી કાંઇ વસ્તુના સ્વરૂપમાં ફેરફાર પડતો નથી. દેશકાળ પ્રમાણે ભાષાનાં રૂપાંતર થાય છે, પણ વસ્તુ અને ભાવ એમાં પરિવર્તન થઈ શકતું નથી.

વસ્તુના દૃષ્ટાન્ત તરીકે આપણે પાણીને લઇએ. એને ભાષાદ્વારા ઓળખવામાં સંસ્કૃતમાં અપ, જલ, વારિ, ઉદક, અંબુ, અર્ણસ્, તોય, નીર, પયસ્, પાનિય, સલિલ વગેરે ભિન્ન ભિન્ન નામો છે, પણ એ બધાંનો સંકેત એક જ વસ્તુ વિશે છે, કે જેનાથી તરસ છીપે, પ્રવાહી હોય, વગેરે એના ઉપયોગથી જે એવી કોઇ વસ્તુનો નિર્ણય થાય, તેમાં જરાયે ફેરફાર થયો નથી ને થવાનો સંભવ નથી.

એવી જ રીતે ભાવને માટે છે. દીનદુ:ખીને જોઇને એના પ્રતિ સહાનુભવ થાય, એનાં દુઃખ નિવારણ કરવાનો મનમાં આવેશ કે ઊભરો આવે, કોમળતા એટલી બધી વધે કે આંખમાં અશ્રુ આવે કે રડી પણ જવાય, એ ભાવને દયા, કરુણા, અનુકંપા કે એવાં ગમે તે નામ અપાય, પણ અંતરનાં એ કોમળ પરોપકારી **ભાવ**માં ભાષાભેદને લીધે કશો ફેરફાર થતો નથી.

આ તો એક જ ભાષાની વાત કહી, પણ પૃથ્વી ઉપરની પ્રચલિત ગમે તે ભાષાને લઇએ તોપણ નામભેદથી વસ્તુભેદ કે ભાવભેદ થતો નથી.

એવું જ આપણાં પ્રાચીન શાસ્ત્રો વિશે છે. પરમ વસ્તુનું સંશોધન કરવામાં ભાષાની, તર્કની, સાધનની, સાધનાની જે જે પધ્ધતિ ગ્રહણ કરી છે, તેના કરતાં અત્યારે આપણે વર્તમાન ભાષા કે તર્કની પધ્ધતિ પ્રમાણે વિચાર કરીએ એથી મૂલ વસ્તુ બદલાઇ જવાની નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે ઉપર જે પ્રશ્ન ઉદ્‌ભવ્યા છે, એ સનાતન પ્રશ્નો છે. પ્રત્યેક જિજ્ઞાસુને એ આવી ભેટે છે તેથી એનું સમાધાન મેળવવા માટે જે પ્રાચીન શાસ્ત્રપધ્ધતિ છે એનો આધાર અને સહાયતા લઇને, એ જ રીતે વિચાર કરીએ તો વસ્તુપ્રાપ્તિ સહજસાધ્ય બને છે, અને એનાથી વિપરીત પધ્ધતિ ગ્રહણ કરીએ તો વસ્તુ મળતી નથી, ને જૂનાનો નિરાદર કરી નવા પ્રયોગો કરવામાં તો જન્મના જન્મ વીતી જાય એમ છે.

ઉપર જે શ્લોક ઉતાર્યો છે, તે ભગવાન શંકરાચાર્યના અપરોક્ષાનુભૂતિ નામના ગ્રન્થનો છે. વેદાન્તના અભ્યાસીઓને સાધનસાધ્યના વિચારમાં ઉપયોગી થાય તેવા શ્રી શંકરાચાર્યના ઘણા પ્રકરણગ્રન્થો છે. ગુજરાતી, હિન્દી વગેરે ભાષાઓમાં સુંદર ટીકા તથા ટીપ્પણ સાથે એના અનુવાદ થયેલા છે. સ્વતંત્ર લેખકોનાં બીજાં પુસ્તકો વાંચ્યા પહેલાં, તેમજ ઉપનિષદ્‌ જેવાં પ્રસ્થાનત્રયીનાં કે બીજાં તર્કગ્રન્થોનાં અવલોકન કે અધ્યયન કર્યા પહેલાં એનો ક્રમવાર અભ્યાસ કર્યો હોય તો સરલતા થાય છે. બુધ્ધિ શુધ્ધ તર્ક કરતાં શીખે છે, સાધન પ્રમાણે સાધ્ય મેળવવામાં તત્પરતા ઉપજે છે, અને બ્રહ્મવિદોની કથા, વ્યાખ્યાન, પ્રવચન કે સત્સંગ શ્રવણમાંથી સાચો સાર ગ્રહણ કરવાની શકિત આવે છે.

સરલતા થાય એટલા માટે થોડો અભ્યાસક્રમ આપીએ છીએ :-

**પ્રથમ વર્ગ** :-ભ. શંકરાચાર્યપ્રણીત :—

(૧) તત્ત્વબોધ, (૨) આત્મબોધ, (૩) સાધનપંચક, (૪) ચર્પટમંજરિકા, (૫) મોહમુદ્‌ગર, (૬) હરિમીડેસ્તોત્ર.

**દ્વિતીય વર્ગ** :–(૧) વિવેકચૂડામણિ, (૨) વાક્યસુધા, (૩) સદાચાર-સ્તોત્ર, (૪) વાક્યવૃત્તિ, (૫) સિદ્ધાન્તબિન્દુ, (૬) મનુસ્મૃતિ.

**તૃતીય વર્ગ** :–(૧) અપરોક્ષાનુભૂતિ, (૨) ઉપદેશસાહસ્ત્રી, (૩) શતશ્લોકી, (૪) વિજ્ઞાનનૌકા, (૫) સ્વાત્મનિરૂપણ.

આટલો અભ્યાસ થયા પછી નીચેનાં પુસ્તકોનો અભ્યાસ શરૂ કરવો જોઇએ.

**ચતુર્થ વર્ગ** :–(૧) સદાનંદકૃત વેદાન્તસાર, (૨) લઘુ વાસુદેવમનન, (૩) શંકરાનંદકૃત ગીતા, (૪) ભાગવત એકાદશ સ્કંધ.

**પંચમ વર્ગ** :–(૧) અદ્વૈતમકરન્દ, (૨) મધુસૂદનીય ગીતા, (૩) વિદ્યારણ્યકૃત પંચદશી, (૪) જીવનમુક્તિવિવેક.

– આની સાથે સાથે પ્રારંભિક સહાયક તરીકે (૧) પ્રાતઃસ્મરણ-સ્તોત્ર, (૨) ષટ્પદી, (૩) દક્ષિણામૂર્તિ સ્તોત્ર, (૪) અન્નપૂર્ણાસ્તોત્ર (૫) નર્મદાષ્ટક, (૬) યમુનાષ્ટક ઇત્યાદિ ઉપાસનાનાં સ્તોત્રોની યોજના રાખવી જોઇએ.

**ઉત્તમ વર્ગ** :–(૧) શાંકરભાષ્ય સમેત ભગવદ્ગીતા, (૨) ઉપનિષદ્, (૩) બ્રહ્મસૂત્ર, (૪) શંકરાનંદકૃત આત્મપુરાણ, (૫) યોગવાસિષ્ઠ-મહારામાયણ.

**સહાયક** :–ભાષ્યો ઉપરની ટીકાઓ તેમજ ભાષ્યકારના મુખ્ય ચાર શિષ્યોનાં લખેલાં પુસ્તકો તથા અન્ય પ્રમાણનાં ગ્રન્થોનું અવલોકન.

ઉપરનાં બધાં પુસ્તકોના ગુજરાતી તથા સરલતાથી સમજાય એવા હિન્દી અનુવાદો પ્રકટ થઇ ચૂકયા છે. માતૃભાષા ગુજરાતીમાં પણ બીજાં

સહાયક પુસ્તકો છે જેની સહાયતા મેળવી શકાય એમ છે. એમાં કેટલાં-એક હિન્દી પુસ્તકોમાં ભાષાન્તર હશે તો કેટલાંએક સ્વતંત્ર રીતે અનુભવીનાં લખેલાં પુસ્તકો હશે.

ઉપર જે ક્રમ ગોઠવ્યો છે તેમાં પોતપોતાના ગુરુ, અથવા નિષ્પક્ષ સંતસાધુઓની સલાહથી યોગ્ય ફેરફાર કરી લેવો જોઇએ, તે ઉપરાન્ત પદ્ય સાહિત્ય પણ એટલુંજ વાંચવા વિચારવાનું છે.

(૧) પ્રીતમની વાણી, (૨) છોટમની વાણી અને, (૩) અખાની વાણી—આ વાણીત્રય વેદાન્તના સાધક-જિજ્ઞાસુઓ માટે બહુ જ ઉપયોગી સાહિત્ય છે. કંઠસ્થ કરીને જો એ ભજનો તથા વાણીને વિચાર્યાં હોય તો ડગલે ને પગલે, વ્યવહારની પ્રત્યેક આંટીઘૂંટીની મુશ્કેલીમાં એ સુંદર સમાધાન કરી આપે એવાં છે.

પણ મુશ્કેલી એ વધી પડી છે કે કહેવાતો પ્રત્યેક વેદાન્તી પોતાને ઉત્તમ અધિકારી માને છે, અને પ્રાથમિક અભ્યાસના ગ્રન્થો વાંચ્યા વિચાર્યા વિના ઉપનિષદ્ અને બ્રહ્મસૂત્રના તાંતણાની ગૂંચ ઉકેલવાની જ માથાકૂટ કરે છે. પરિણામે કોકડું વધારે ગૂંચવાતું જાય છે, એવા શ્રોતાઓની શ્રવણની ભૂમિકા પૂરીજ થતી નથી, મનન અને નિદિધ્યાસનની વાતજ સૂઝતી નથી, અને જીવનભર દ્વૈત સાચું કે અદ્વૈત; એકાન્ત માટે આ તીર્થ સારું કે બીજું ? આ મંડલેશ્વરની કથા સારી કે પેલાની ? કોની સમજાવવાની પધ્ધતિ સારી ? કોનો સ્વભાવ સારો ? કોણ વધારે વિવેકી તથા મિષ્ટ ભાષાથી સત્કાર કરે છે ? કોની સાથે યાત્રા કરવાથી વધારે સગવડો સચવાશે—આવી આવી અસંખ્ય વ્યવહારની વાતોથી પરમાર્થરૂપ સત્યને રંગ્યા કરે છે. સંતો કહે છે કે, "અમે શું કરીએ ? અમારી પાસે શ્રવણ કરવા આવે એને અમે તો શ્રવણ કરાવીએ, કેટલું કોણ ગ્રહણ કરી શકે એ એમના પૂર્વ

સંસ્કાર અને પ્રારબ્ધની વાત છે.'' આવી નિસ્પૃહતા વક્તાઓની છે. શ્રોતાઓને તો બાહ્ય લક્ષણવડે સંતોનાં સ્તુતિનિંદામાં જ સંતોષ માનવો છે, સરખામણી કરવામાં જ વખત ગુમાવવો છે, કથાશ્રવણ તો માત્ર બહાનું છે; વ્યવહારનો કંટાળો કે અણગમો ટાળવાનું સત્સંગ કે કીર્ત-નનું સ્થાન એક પરમધામ બની ગયું છે. અંતર્યામી પરમાત્મા સૌને સન્માર્ગે દોરે !

\+ \+ \+

'વસ્તુવિચાર' વસ્તુની શોધ માટે છે; વસ્તુ જેવી હોય તેવી જ ઓળખાય અને અનુભવાય એટલા માટે વિચાર વસ્તુપ્રાપ્તિને અનુકૂળ હોવો જોઇએ. અનુકૂળ વિચાર એટલે શાસ્ત્ર અને સંતોની પ્રમાણભૂત વાણીને અનુકૂળ, એથી અન્યથા હોય તો વિપરીત પરિણામ લાવે. આચાર્યશ્રીની સારગર્ભિત વાણી, પ્રાસાદિક પ્રતિભા, શિષ્યહિતની તત્પરતા, આત્મકલ્યાણની ઓજસ્વિતા અને જનસમૂહ માટેની મંગલ કામના—એ બધાં એમના ગ્રન્થભંડારમાં અલૌકિક અને અદ્‌ભુત ભાવે અને રીતે ભરેલાં છે. અમે તો એટલું જ કહીએ છીએ કે :—

(૧) વેદાન્તનો અભ્યાસ ક્રમપુરઃસર કરો.
(૨) વિવેકવૈરાગ્યાદિ બહિરંગ સાધનને જીવનમાં ઉતારો.
(૩) શ્રવણ, મનન અને નિદિધ્યાસનરૂપ અંતરંગ સાધનને પોષક એવાં ધ્યાન–ધારણા તથા સ્વાધ્યાયમાં સાવધાન થઇને સંવેગ વધારો.
(૪) મહાવાક્યના લક્ષ્યાર્થનો શાંત, ગંભીર, વિવેકી પ્રજ્ઞાવડે અનુભવ કરો.

આત્મજ્ઞાન સૌના પોતપોતાના સાવધાનીભર્યા સ્વપરિશ્રમનું તાત્કાલિક અને સ્વસંવેદ્ય ફલ છે. ૐ શાંતિ : શાંતિ શાંતિ :

(જુલાઇ–૧૯૫૦)

# ગુરુપૂર્ણિમા

इह आचार्यवान् पुरुषो वेद–આચાર્યવાળો પુરુષ આ લોક (દેહ)માં જ ( સત્‌ને ) જાણે છે, એવું છાંદોગ્ય ઉપનિષદ્‌ના છઠ્ઠા અધ્યાયના ચૌદમા ખંડમાં કહ્યું છે. આ છઠ્ઠા અધ્યાયની આખ્યાયિકા પિતાપુત્રના શારીરિક સંબંધવાળા ઉદ્દાલક અને શ્વેતકેતુના સંવાદરૂપે છે. વિદ્વાન શ્વેતકેતુ વિદ્યામદાંધ બની ગુરુકુલમાંથી સ્નાતક બનીને ઘેર આવે છે, ત્યારે બ્રહ્મવિદ્ પિતા એને એક, અદ્વૈતતત્ત્વના જ્ઞાનસંબંધે પ્રશ્ન પૂછે છે; પુત્રે સમસ્ત સાંસારિક વિદ્યાઓનો, શાપવરદાન આપી શકાય તેવાં મંત્ર-તંત્રનાં અનુષ્ઠાનોનો, ચિત્તનો નિરોધ કરી શકાય એવા યોગશાસ્ત્રનો, તત્ત્વોના ગુણવિભાગ જણાવી શકાય એવા સાંખ્યશાસ્ત્રનો, તથા તર્કથી પ્રમાણિત થાય એવાં ન્યાયશાસ્ત્રનો અભ્યાસ પૂરો કર્યો હતો. તદુપરાન્ત યજ્ઞયાગાદિ કર્મકાંડ, દેવદેવતાના ઉપાસના-કાંડ તથા યજમાનવૃત્તિની અન્ય પોષક વિદ્યામાં એ પારંગત થયો હતો અને તેથી પોતે મહાવિદ્વાન હોવાના અહંકારથી અનુચિત અહંકારી બન્યો હતો

*જ્ઞાનનિષ્ઠ પિતાને આ ન રુચ્યું. એ બધી વિદ્યાઓ એમને અવિદ્યા લાગી, તેથી એનાં જ્ઞાનવિજ્ઞાનને કસોટીએ ચડાવવા પરમતત્ત્વ-સંબંધી પ્રશ્ન પૂછ્યો. પરિણામે શ્વેતકેતુ આવા અશ્રુત પ્રશ્નથી મૂઢ બન્યો, અને પિતાએ જ્યારે કહ્યું કે એ એકના જ્ઞાન વિના બીજા

* આ આખ્યાયિકા તથા તત્ત્વોપદેશના વિસ્તૃત વિવેચનરૂપે જુઓ “આત્મસાક્ષાત્કારની કસોટી”—પ્રકાશક: સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ. કિંમત રૂ. ૧-૪-૦.

અનેક વિષયોનું જ્ઞાન નિરર્થક છે, એકડા વિનાની મીંડાની માળા જેવું છે, ત્યારે એણે વિનમ્ર બનીને શિષ્યત્વ સ્વીકર્યું. પિતાએ જ્ઞાન આપ્યુ અને શ્વેતકેતુ આ રીતે દ્વિજ બન્યો; પિતાના સ્થૂલ શરીરદ્વારા પ્રાપ્ત થયેલું માનવશરીર એ એક જન્મ અને વિદ્યાધ્યયનદ્વારા શિષ્યત્વ ગ્રહણ કરી માનસપુત્ર થયો એ બીજો જન્મ એટલે દ્વિજ. શ્વેતકેતુ જે સાચો દ્વિજ બન્યો એ કેવલ શિષ્યત્વના પ્રતાપે. આ સંવાદમાં જ સામવેદના પ્રસિદ્ધ મહાકાવ્ય "तत्त्वमसि— તે તું છે"નો સમાવેશ થાય છે. બ્રહ્મવિદ્ ઉદ્દાલક એક એક દૃષ્ટાન્ત આપીને, પ્રત્યેક વસ્તુનો પ્રત્યક્ષ પદાર્થપાઠ શીખવીને સિદ્ધ કરી આપે છે કે જે સત -અસ્તિત્વ (Existence) બધાં નામરૂપમાં અધિષ્ઠાનરૂપે છે, તે જ તું છે—તારું વાસ્તવિક સ્વરૂપ છે.

\+ \+ \+

પુત્ર અને શિષ્ય એ બે અવસ્થામાં સ્થૂલ અને સૂક્ષ્મ અવસ્થનો પ્રસિદ્ધ અને પ્રકટ ભેદ છે. પુત્ર સ્થૂલ શરીરદ્વારા, પુત્રૈષણાની પ્રેરણાથી પત્નીના ગર્ભમાંથી ઉત્પન્ન થયેલ શરીર છે; એમાં કામવાસનાની પ્રેરણા છે; ગૃહસ્થાશ્રમના ધર્મોમાં પ્રજાસંતતિને આવશ્યક ધર્મ સ્વીકારીએ તોપણ કામવાસના વિના સ્ત્રી-પુરુષની જાતીય ભોગવૃત્તિનો ઉદય કે આવેશ સંભવતો નથી. જ્યારે શિષ્યભાવમાં સ્થૂલ શરીરનો જરાય સંબંધ નથી; બ્રહ્મવિદ્ ગુરુના મનોભાવને ઝીલનાર મનુષ્ય પોતાની શુભેચ્છાથી પ્રેરાઇ, પરમતત્ત્વનો ઉપદેશ ગ્રહણ-ધારણ કરે ત્યરે એ બ્રહ્મવૃત્તિરૂપ બીજને શિષ્ય પોતાના ચિત્તક્ષેત્રમાં રોપે છે, અને પરિણામે એ જ્ઞાનબીજ પ્રચંડ બ્રહ્મવૃક્ષમાં પલ્લવિત થઈ બ્રહ્માનંદનાં ફલ ચખાડે છે. * આવી રીતે ગુરુશિષ્યનું દ્વંદ્વ પિતાપુત્ર જેવું, સ્થૂલ શરીરના

* વિશેષ વિવેચન માટે જુઓ દક્ષિણામૂર્તિદર્શન નામનો આ પહેલાંનો લેખ.

સંબંધવાળું, મકાનમિલકતના રાજકીય વારસાહક ભોગવતું સાંસારિક દ્વંદ્વ નથી. પરન્તુ સ્થૂલ શરીરના સંબંધથી મુકત, બ્રહ્માનંદયુકત દિવ્ય દ્વંદ્વ છે. ગુરુની બ્રહ્મવિદ્ અને બ્રહ્મનિષ્ઠાની યોગ્યતાવાળું, બ્રહ્માનંદની ભરતી ભરેલું, જિજ્ઞાસુ કે મુમુક્ષુ શરણાગતપ્રતિ વાત્સલ્ય દાખવી એને અન્તર્મુખ કરી દેનારું સાત્ત્વિક સમજાવટ, રાજસિક ભય અને તામસિક વાકયપ્રહારદ્વારા કોમળ, રોચક અને કઠોર શિક્ષણ આપી શકે એવું, સંસારના સમસ્ત ભોગવિલાસમાં આગ ચાંપીને વિરકત બનાવનારું, કેવલ એક, અખંડ, અદ્વિતીય આત્મ–બ્રહ્મ તરફ જ વાળનારું અંતઃકરણ હોય છે. શિષ્યના અધિકારપરત્વે પણ શરણાગતિ, એકનિષ્ઠ ભકિત, અવિચારે આજ્ઞાપાલન, તનમનધનના ત્યાગપૂર્વક એક માત્ર પરમતત્ત્વની તીવ્ર જિજ્ઞાસા અને મોક્ષેચ્છા, ઐશ્વર્ય અને વિભૂતિને તિલાંજલિ, સમસ્ત વાસનાને બ્રહ્માગ્નિમાં હોમીને ભસ્મલેપન કરવાની ઉત્સુકતા, તથા ગુરુમુખવાકયને બ્રહ્મવાકય માનીને એ પ્રમાણે આચરણઅનુભવ કરવાની તીવ્ર ઉત્કંઠાવાળું ચિત્ત શિષ્ય થવાને અધિકારી મનાય છે.

શિષ્યની આ વ્યાખ્યા નવી નથી. પરમતત્ત્વના અનુભવ માટેની તીવ્ર ઝંખના કે જેને યોગાચાર્ય પતંજલિ સંવેગને નામે ઓળખાવે છે, એ એનું પ્રથમ સાધન છે; અનેકવિધ લોકલોકાન્તરના વિષયોમાંથી મનને ખેંચી લેવાય અને બીજા બધા વસ્તુસમૂહની ઝંખનાનો સામટો પ્રવાહ એક પરમવસ્તુ તરફ વાળવામાં આવે, ત્યારે એ એકધારો ચિત્તવૃત્તિનો પ્રવાહ પૂર્ણવેગે પરમપદાર્થમાં પહોંચવાને શકિતશાલી થાય છે. બધામાંથી ચિત્તને ઉપાડી લેવું એ વૈરાગ્ય; એક જ પરમ ઇષ્ટ પ્રતિ એને વાળવું એ છે ભકિત; અને જે પરમતત્ત્વની જિજ્ઞાસા છે એનું પરિપૂર્ણ રહસ્ય ઓળખવું એ જ્ઞાન છે. ભકિતરૂપ પક્ષીને જ્ઞાન અને વૈરાગ્યરૂપ બે પાંખો છે. અખાજી પોતાની અનોખી શૈલીમાં કહે છે :—“ભાઇ ભકિત એવી પંખિણી, જેને જ્ઞાનવૈરાગ્ય બે પાંખ છે.”

આ જ્ઞાનવૈરાગ્યરૂપ ભક્તિ એ જ પતંજલિ ઋષિનો સંવેગ; तीव्र संवेगानाम् आसन्नः—એમ કહીને યોગદર્શનકાર સ્પષ્ટતા કરે છે કે ચિતનો તીવ્ર સંવેગ હોય તો જ વસ્તુ આસન્ન અને નિકટવર્તી બને છે—મેળવાય અને અનુભવાય છે.

+ + +

બ્રહ્મવિદ્‌નાં લક્ષણોસંબંધે ચર્ચા કરીએ તે પહેલાં આપણે શિષ્યત્વની વ્યાખ્યા બાંધવી જોઇએ. જેને આજની ભાષામાં સાધક તરીકે ઓળખવાની રૂઢિ થઇ ગઇ છે, એ જિજ્ઞાસુ, મુમુક્ષુ કે સાધક શિષ્ય થયા પછી જ્યારે અનુભવની ત્રીજી આંખ મેળવે, બ્રહ્મની ઝાંખી કરે, આત્મસાક્ષાત્કારની તૃપ્તિ મેળવે એટલે એ જ બ્રહ્મવિદ્‌ બને છે. કોઇ પણ ગુરુ પ્રથમ શિષ્યત્વ ધારણ કર્યા વિના ગુરુપદનો અધિકારી થઇ શકતો નથી. સાધકે ગુરુની પરીક્ષા કરતાં પહેલાં શિષ્યનાં લક્ષણો પોતાના જીવનમાં કેળવવાં જોઇએ. લક્ષણો પોતાનામાં ન હોય, જે અધિકાર પોતે ન કેળવ્યો હોય, તો એવો અધિકારી ગુરુની શોધમાં નીકળે તોપણ કોણ બ્રહ્મવિદ્‌ છે, એનાં લક્ષણો કેવાં હોવાં જોઇએ, એનો નિર્ણય કરી શકે નહિ. એ વિશે એણે શાસ્ત્ર ગોખીને લક્ષણો જિહ્‌વાગ્રે કર્યાં હોય, પણ એથી કાંઇ એ ગુરુનો પરીક્ષક બની શકતો નથી. બીજાની પરીક્ષા કરનાર હમેશાં એનાથી ચડિયાતા વર્ગનો, વિશેષ વિદ્યાવાન, બધાં લક્ષણથી યુક્ત અથવા પર તેમજ તટસ્થ હોવો જોઇએ. બન્ને પક્ષે પૂરી યોગ્યતા વિના શાસ્ત્રોક્ત સિદ્ધાન્ત ફલીભૂત થતો નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે જેટલી જવાબદારી ગુરુની છે તેથી વિશેષ શિષ્યની છે. ગુરુ શિષ્યને શિષ્ય બનાવતો કે સ્વીકારતો નથી, પણ શિષ્ય પોતે શિષ્ય બનવા માટે કોઇ બ્રહ્મવિદ્‌ની પાસે જાય છે. સાચો જ્ઞાની કે બ્રહ્મવિદ્‌ શિષ્યત્વની મમતા વગરનો હોય છે. પુત્રૈષણા

વગેરે એષણાનો ત્યાગ કર્યા વિના આત્માનુભવ થાય નહીં. ગુરુપરત્વે આપણે વિચાર કરીએ તો શિષ્યની ઝંખના કે વાસના પણ પુત્રૈષણામાં આવી જાય છે. શિષ્યની વાસના રાખીને જે કોઇ દ્વૈત ઊભું કરે એ બ્રહ્મવિદ્ છે એમ કહી શકાય જ નહિ. બ્રહ્મવિદ્‌ની સાચી યોગ્યતા છે, કામિનીકાંચનનો યથાસ્થાન સદુપયોગ, લોભમોહથી પર, અને જિજ્ઞાસુ કે મુમુક્ષુપ્રતિ પ્રસંગપરત્વે કોમળ અને કઠોર. વજ્રથી પણ કઠોર થવાના પ્રસંગો એને સાંપડે છે; વૈરાગ્યના પ્રચંડ અગ્નિને જે પોતાના ચિત્તમાં પ્રજ્વલિત રાખતો હોય, એ બ્રહ્મવિદ્ મોહમમતાના, આસક્તિના, વિષયસેવનના કે એવા પદાર્થો કે વ્યક્તિઓનાં એના ઉપર આક્રમણ થાય ત્યારે એ ભગવાન રુદ્રનું રૂપ ધારણ કરી કઠોર થઇ શકે છે—થવું જ જોઇએ. એટલી કઠોરતા ન હોય તો પ્રસંગે પ્રસંગે એ આસક્તિમાં લપટાતો જાય; અને મમત્વનાં બંધન બાંધી જ્ઞાનવૈરાગ્યનાં કેવળ વેદાન્ત-વાક્યો બોલી દંભ અને કપટ દ્વારા મિથ્યા મીઠી—મધુર વાણી બોલીને આત્મવંચના કરે છે એમજ કહેવાય.

પરન્તુ એની સાથે એ એટલો જ કોમળ હોવો જોઇએ. જિજ્ઞાસુ પોતાના આર્ત્ત હૃદયથી શરણાગત થાય, પોતાની થયેલી ભૂલો માટે પશ્ચાત્તાપ કરી દયા કે કરુણા માટે પ્રાર્થના કરે, સન્માર્ગે વાળવા માટે વિનંતિ કરે, ભવસાગરનાં દ્વંદ્વથી સળગતો આવીને એ અગ્નિને બુઝાવવા માટે આશ્વાસન વચનની આશા કરતો આવે, ત્યારે એવા શિષ્ય પ્રતિ એ પુષ્પથી પણ વિશેષ કોમલ બને છે.

તાત્પર્ય એ કે કઠોરતા અને કોમલતાનો સદુપયોગ કરવાનો એનામાં વિવેક હોવો જોઇએ. આવી રીતે પોતાની ત્રિગુણાત્મક પ્રકૃતિને ઓળખીને કયા ગુણનો કયા પ્રસંગે ઉપયોગ કરવાનો છે, એની ઊંડી સમજણ હોય તો જ આ ત્રિગુણાત્મક સંસારમાં આત્મજ્ઞાનની રક્ષા કરી શકાય છે.

સંસાર ત્રણ ગુણનો બનેલો, ત્રણ ગુણથી ભરેલો અને ત્રણેય ગુણના

પરસ્પર સંયોગથી ચાલે છે. એની વચમાં રહેલું જ્ઞાનીનું શરીર પણ ત્રણ ગુણનું બનેલું, ત્રણ ગુણથી ભરેલું અને ત્રણેય ગુણના ઉપયોગદ્વારા વ્યવહાર કરે છે. ગુણો ગુણોની સાથે વ્યવહાર કરે છે, હું આત્મસ્વરૂપે અખંડ, અસંગ, અકર્તા, અભોકતા તથા નિર્લેપ અને નિસ્પૃહ છું એવી અખંડ આત્મજાગ્રતિ એણે રાખવી જોઇએ. જ્યાં જ્યાં શરીર ત્યાં ત્યાં વ્યવહાર એ સર્વસામાન્ય નિયમ છે. મૌન ધારણ કરવું, દિગંબર બની નગ્ન રહેવું, વૃક્ષની છાયાની નીચે નિવાસ રાખવો, દસેય ઈંદ્રિયોને નિશ્ચલ કરી પ્રાણાપાનની ગતિનો નિરોધ કરી પાંચ, પંદર, પચાસ, સો, કે હજારો વર્ષ સુધી એકાસને બેસી ધ્યાનમગ્ન રહેવું એ પણ એક જાતનો વ્યવહાર જ છે.

અથવા શરીરને સાદાં અન્નવસ્ત્રનું પોષણ આપી, પોતાનાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિદ્વારા આચરણ કરી બતાવી, સમાજના ભકત, જિજ્ઞાસુ કે મુમુક્ષુઓના સંસર્ગમાં આવી તપોબળ અને યોગનિષ્ઠાવડે વ્યવહારપરાયણ રહેવું, નિવૃત્તિમાર્ગનાં પોષણ એવાં ધાર્મિક સ્થળો, તીર્થો, સ્થાનો, કે વિહારમઠોની યોગ્ય દોરવણીકેળવણી કરવી કે એના રક્ષાર્થ જીવન વિતાવવું, એવું પણ બને છે.

આવું બધું પ્રત્યેક આચાર્ય તો શું પણ અવતારોની જીવનકથા વાંચતાંવિચારતાં સ્પષ્ટ થાય છે. ब्रह्म सत्यं जगन्मिथ्यानी ઘોષણા કરનાર, અદ્વૈતના સિદ્ધાન્તના પ્રખર આચાર્ય, નિવૃત્તિધર્મના જ પોષક એવા ભગવાન શંકરાચાર્યની જીવનલીલા તપાસીએ તો તેઓ પ્રખર કર્મવીર જણાય છે. કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી જગન્નાથપુરી સુધીની પગપાળા યાત્રાઓ કરી, દેવસ્થાનોનો જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠિત પ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા કરી પુનરુદ્ધાર કર્યો છે. ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર અને ભગવદ્‌ગીતાનાં સિદ્ધાન્તબદ્ધ ભાષ્યો લખવા ઉપરાન્ત નાનાંમોટાં બીજાં બસો અઢીસો પુસ્તકો લખ્યાં છે. નાસ્તિક કે પાખંડી મતોનાં ખંડન

કરી જ્યાં જ્યાં પગ મૂકયો છે ત્યાં વેદોક્ત ધર્મનું શુદ્ધિકરણ અને સંગઠન કર્યું છે.

હિમાલયની એકાન્ત ગુહામાં આસનસ્થ બની આજકાલની પતંજલિના યોગદર્શનની સમાધિમાં બેસતાં એમને નહિ આવડતું હોય એવી કલ્પના પણ થઇ શકે એમ નથી. અત્યારે તો સમાધિ અને ધ્યાન વિશે એટલું બધું અજ્ઞાન અને વિપરીત જ્ઞાન પ્રવર્તે છે કે પ્રત્યેક કહેવાતો સાધક વ્યવહારનો ત્યાગ કરી એકાન્તનો ખૂણો શોધે છે; ખાનપાન અને સ્વદેહના પોષણ ઉપરાન્ત કાંઇ ક્રિયા કરવાની હોય તેને અવિદ્યા, અજ્ઞાન, માયા, મોહ—એવાં ભ્રમયુકત નામ આપે છે. કોઇ સંત કે આચાર્ય જ્ઞાનપ્રધાન જીવન વ્યતીત કરી અંતરમાં વૈરાગ્ય, ભક્તિ અને નિર્મોહીપણાનો અગ્નિ ભરી રાખી, સર્વત્ર આત્મદર્શનમાં અવિરત ભાવે આનંદ કેળવી, પ્રારબ્ધવશાત્ કે કરુણાવશાત્ ભગવાન શંકરાચાર્યની પુણ્યપાવક સ્મૃતિમાં કે ભક્તિના આર્દ્રતાભર્યા વિવેકમાં વ્યવહારરત રહેતો હોય, લોકોપકારક સેવાનાં કાર્યો કે અધ્યાત્મમાર્ગનાં પોષક એવાં જ્ઞાનવિજ્ઞાનનાં પ્રચારક કર્મો એના સ્વભાવસિદ્ધ શરીરદ્વારા થતાં હોય, તો એ માયાબધ્ધ છે; ચતુર્થાશ્રમની વિધિમર્યાદાથી વિરુધ્ધ છે, આવાં અજ્ઞાનકટાક્ષ અત્યારના જનસમૂહમાં અને નવીન સાધકમાં હાડોહાડ પેસી ગયાં છે.

\+ \+ \+

બધા અવતારોની જીવનલીલા તપાસો; રામાયણ, મહાભારત, ભાગવત, વિષ્ણુપુરાણ, દેવીભાગવત વગેરે વાંચો અને તપાસો કે અવતારો અને એમની સાથે વિહરનારા ભક્તજનો કયા હિમાલયના ખૂણામાં અપ્રકટ અને અપ્રસિદ્ધરૂપે કોઇનું પણ મુખદર્શન કર્યા વિના દેહને જડ બનાવી બેસી રહ્યા હતા!

ભગવાન શંકરાચાર્યથી માંડી છેવટના શ્રી વલ્લભાચાર્ય સુધીના

આચાર્યોનાં જીવન જોઇ વળો; વાહનવ્યવહારના અભાવના એ યુગમાં એમણે હજારો ગાઉની પગપાળા યાત્રા કરી હશે: જ્યાં જ્યાં પદારોપણ કર્યું છે ત્યાં ત્યાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિપોષક સિદ્ધાન્તોનો પ્રચાર કરી અવિરત કર્મવીર તરીકે જીવી ગયા છે.

પરન્તુ અત્યારે તો એકાન્તસેવનના શાસ્ત્રીય કથનનો અતિરેક થયો છે—અને પ્રત્યેક વસ્તુનો અતિરેક—હદ કરતાં વધારે વપરાશ તો નુકસાન જ કરે; વિવેક વિનાના વર્તનમાં બે વાતનો ભય હોય છે:—

(૧) વસ્તુને ન ઓળખવાનો,
(૨) ઓળખ્યા પછી એ વસ્તુનો યથાસ્થાન અને યથાસમય ઉપયોગ ન કરવાનો.

અને આવું જ બધે બને છે. દા. ત. આપણે ઘીના આહારનું દૃષ્ટાન્ત લઇએ: ઘી સાત્વિક, જીવનને પોષક અને શરીરને સંવર્દ્ધક માનીને અત્યંત ઉપયોગી વસ્તુ તરીકે વૈદક શાસ્ત્ર જણાવે છે; અરે વૈદક શાસ્ત્ર તો "आयुर्वै घृतम् ઘી જ જીવન છે," એમ કહે છે; પણ એમ કહેવાનો અર્થ એ નથી કે એકલું ઘી ખાઇને જ રહેવું, એનો દુરુપયોગ આવી રીતે થાય:—

(૧) ઘી સારું કે ખોરું, ચોખ્ખું કે સેળભેળવાળું છે એનું જ્ઞાન ન હોય.

(૨) શરીરની પ્રકૃતિ પ્રમાણે ન ખાતાં એનો અતિરેક થાય—માપ કરતાં વધારે ખવાય.

આ બન્ને વિષયમાં વિવેક ન હોય તો, કાં તો માણસ ગમે તેવા ઘી જેવા લાગતા પદાર્થને ખાય, અથવા પ્રકૃતિનો વિચાર કર્યા વિના, પચે છે કે નહિ એ જોયા કે તપાસ્યા વિના હદ કરતાં વધારે ખાય;

બન્નેમાં પરિણામ એ આવે કે શરીર અસ્વસ્થ થાય, માંદગી આવે અને વ્યાધિ–ભગવાન હંમેશાંને માટે શરીરમાં નિવાસ કરીને आयुर्वैघृतम् ને બદલે मरणं वैघृतम्—મરણ જ ઘી છે'' એવું નવું બ્રહ્મવાક્ય બનાવતાં શીખે.

\+ + +

વર્તમાન યુગમાં આપણી અધોદશા થવાનું મુખ્ય કારણ છે શાસ્ત્રીય આજ્ઞાનું અજ્ઞાન અને જેને સાધન કહ્યાં છે એનો યથાસમય તથા યથાસ્થાને સદુપયોગ ન થતાં યદ્વાતદ્વા બોલાતો અને વગરવિચાર્યે થતો દુરુપયોગ. કોઇ પણ એક જ સાધનનો વિચાર કરી જુઓ એટલે તરત જ સમજાશે કે આપણે કહીએ છીએ કંઇ ને કરાય છે જુદું.

આપણે "ત્યાગ"નું સ્વરૂપ તથા એનો મૂલભૂત હેતુ તપાસીએ.

(૧) જેને આપણે કર્ત્તા, ભોક્તા અભિમાની તરીકે ઓળખીએ છીએ એ આપણો પરિચ્છિન્ન જીવભાવ છે; પરંતુ શાસ્ત્રાજ્ઞા તો 'सर्वं खलु इदम् ब्रह्म—ખરે જ બધું બ્રહ્મ છે'' એવી છે, એટલે એ જીવ-ભાવનો ત્યાગ કરી,બ્રહ્મભાવ ધારણ કરવો એ ત્યાગનું સર્વોત્તમ લક્ષ્ય અને સાધનની સર્વોત્તમ અંતિમ ભૂમિકા.

(૨) એ ત્યાગ ક્રમશઃ થઇ શકે એવો છે એટલે બ્રહ્મભાવના અંતરમાં સતત જાગ્રત રાખી શકાય એટલા માટે એનો ક્રમશઃ અભ્યાસ કરવો જોઇએ.

(૩) એ બ્રહ્મભાવનાં એટલે કે જ્ઞાનયોગનાં સાધન તરીકે ચિત્ત માંથી બીજા બધા ભાવનો ત્યાગ કરવો જોઇએ.

(૪) જીવભાવનો ત્યાગ થાય તે પહેલાં ઇશ્વરભાવનો સ્વીકાર કરવો જોઇએ; જે કાંઇ છે તે મારું નથી, અને ઇશ્વરનું છે એવી આપણા

શરીરની તેમજ પ્રત્યેક વસ્તુની મમતા મૂકીને એ બધું ઇશ્વરનું છે એમ માનવા માટે વ્યવહારનું સ્વરૂપ બદલવું જોઇએ.

( ૫ ) વ્યવહારનું સ્વરૂપ બદલવામાં પણ જો વ્યવહાર વધારે અને વ્યાપક હોય તો વસ્તુ તથા વ્યક્તિના ગુણદોષમાં વધારે સમય જાય તેથી ઇશ્વરને બદલે ગુણદોષ જ આપણી દૃષ્ટિમાં ભરાયા કરે, અને તેથી મનમાં વારંવાર વિક્ષેપ થાય.

( ૬ ) વ્યવહાર વિશાલ હોય તો વિઘ્નકર્તા થાય એટલે વ્યવહારને ઓછો કરવાનો માર્ગ ગ્રહણ કરવો પડે.

( ૭ ) અભ્યાસની જેટલી તીવ્રતા અને પ્રખરતા એટલો અન્ય વ્યવહારનો ત્યાગ કરવો પડે. વ્યવહારનો ત્યાગ એટલા માટે કરવાનો છે કે ( अ ) ગુણદોષ ભુલાય અને (ब) અભ્યાસમાં વધારે વખત ગાળી શકાય.

( ૮ ) આને માટે પહેલાં બાહ્ય ત્યાગની આવશ્યકતા સ્વીકારવી પડે, કે જેને શાસ્ત્રમાં નિવૃત્તિ અને નિવૃત્તિપોષક ધર્મ કહ્યો છે. ચતુર્થાશ્રમની યોજના પણ એટલા જ માટે ઘડી કાઢી છે.

( ૯ ) આ 'ત્યાગ'ને જીવનમાં ઉતારવા માટે સૂક્ષ્મ સાત્વિક બુદ્ધિ અને ભાવયુક્ત હૃદયની આવશ્યકતા છે.

( ૧૦ ) ટૂંકામાં આન્તરિક અભ્યાસરૂપ પ્રવૃત્તિ ( નિવૃત્તિમય સાધના )માં વધારે સમય રોકવો પડે તેથી બાહ્ય વ્યવહારનું ક્ષેત્ર ટૂંકાવવું પડે. આ છે નિવૃત્તિમાર્ગ પાછળની ભાવના.

પરંતુ આમાં વિઘ્નો આવી પડે. પૂર્વસંસ્કારના દોષો રહી ગયા હોય અને તેની જો સાવધાનતાથી તકેદારી ન રાખી હોય તો શું પરિણામ આવે એ આપણે જોઇએ:—

( ૧ ) નિવૃત્તિને બહાને સમજણ વગરનો બાહ્ય ત્યાગ થાય.

( ૨ ) ત્યાગનું અભિમાન, અને બાહ્ય ત્યાગને જ મહત્ત્વ અપાય તો જેઓ ખડતલ શરીરના સમાજની નીચલી કોટિના શ્રમજીવીઓ કે દુર્બલો જેઓ વસ્તુઓના અભાવને કારણે, નિર્ધનતા, કુટુંબકલેશ કે એવાં વ્યવહારનાં વિઘ્નો આવતાંવેંત નિવૃત્તિને બહાને ત્યાગી થવાનો દંભ વધારે.

( ૩ ) વૈરાગ્યનો જ ઉપદેશ વધી પડે અને તેથી કાચા મંદ વિરાગવાળા, વ્યવહાર ચલાવવામાં અકુશળ એવા મનુષ્યથી એ માર્ગ ઊભરાઈ જાય. બાહ્ય ત્યાગીઓની—ત્યાગના દંભીઓની સંખ્યા વધી પડે.

( ૪ ) આંતરિક વિકાસ હોય નહિ અને વ્યવહારનો ત્યાગ કરી બેસે, એટલે કાળક્રમે આવો સમૂહ પતિત થાય, જ્ઞાનવૈરાગ્ય અને ભકિતમાં પણ આડંબર પેસે, પ્રસંગ સાંપડતાં સ્ખલન થાય, ઇશ્વર, ધર્મ, મોક્ષ કે જ્ઞાનભક્તિને બહાને યથેષ્ટ ગુપ્ત આચરણ થતાં સમાજની સર્વ દિશામાં અધોગતિ થાય.

( ૫ ) ધ્યાન, સમાધિ, મંત્રજપ, યંત્રવિધાન, કે એથી પણ હલકી કોટિનાં ભુતભવિષ્યનાં વચનો, આશીર્વાદો, શાપો તથા વૈદ્યક કે જ્યોતિષ જેવી લૌકિક વિદ્યાઓનો આશ્રય રાખી સમાજને વહેમ અને અંધશ્રદ્ધાને પંથે વાળવાનું પાપ વહોરાય.

( ૬ ) ઇશ્વરપ્રાપ્તિ, સમાધિ, આત્મસાક્ષાત્કારને લોકસમૂહ બહુ સહેલું માની લે છે, કારણ કે અનધિકારી–નિવૃત્તિમાર્ગવાળા સાધકોની સંખ્યા કાલધર્મને લીધે બહુ વધી ગઈ છે.

( ૭ ) ઈશ્વરપ્રાપ્તિમાં અક્ષરજ્ઞાનની, ભણતરની, તર્કની કશી જરૂર નથી, એમાં તો શુદ્ધ પ્રેમલક્ષણા ભક્તિ જ જોઇએ. એનો

અવળો અર્થ કરતાં અભણપણું વધી પડયું. લોકરૂઢિનું જોર વધ્યું. બાહ્યચિહ્નની મહત્તા વધી અને બાહ્ય સ્વાંગ તથા લોકવાયકાને પ્રધાનતા મળી; આશીર્વાદની લાલસા અને શાપના ભયને લીધે સમાજ એમના સંબંધમાં વિશેષ આવતો ગયો.

(૮) સકામ ઉપાસના વધી પડી; ચમત્કાર ન કરે એ સાધુ નહિ એવી લોકરૂઢિ જામી અને એ બહાને અંધશ્રદ્ધાળુ ટોળાંથી વીંટળાઇ પડેલા વેષધારીઓ વધી પડયા.

(૯) પ્રત્યેક સંપ્રદાયના અસંખ્ય પેટાવિભાગ પડયા. પ્રત્યેક નવો આચાર્ય કે નવો સંત નવો વાડો બાંધીને પોતાના જ ગુરુને ભગવાન કે ઇશ્વિર મનાવવાને બહાને એમનાં ચરિત્રમાં ચમત્કાર, અલૌકિકતા અને ઐશ્વર્યની વાતો મેળવી એમની વાણીને વેદ-સંદેશ ગણાવતાં એનાં મંદિરો, મઠો અને પૂજાઆરતી વધી પડયાં.

(૧૦) સકામ જનસમૂહની પામર કહીને ઉપેક્ષા થઇ. ત્યાગી જ સર્વોત્તમ અને અન્ય સમૂહ વિષયાસકત ગણાવા માંડયા, એટલે વેષધારી આચાર્યોની કિંમત વધી; વૈભવો વધ્યા, પૂજન વધ્યાં અને શિષ્યપરંપરા તેમજ પ્રશંસકોથી ઘેરાયેલા, માનપાન અને પૂજનથી સત્કાર સેવતા એ આચાર્યો કે મહન્તોની રાજામહા-રાજા જેવી સ્થિતિ થઇ. એમને માટે સિંહાસનો, છત્રચમર, પાલખી અને શૃંગારનાં સાધનોની હદ જામી. રાજામહારાજા-ઓના કરતાં પણ ચડી જાય એવી એમની સવારીઓ નીકળે અને ઐશ્વર્યને જ મહત્તા અપાય.

\+ \+ \+

ફરી ફરીને એ જ કહેવું પડે છે કે જનસમૂહ વિવેકભ્રષ્ટ થાય ત્યારે જ અધર્મ વધે છે. ધર્મ અને અધર્મની પ્રવૃત્તિ કે નિવૃત્તિનો જ્યારે ભેદ ન

સમજાય એટલું જ નહિ પણ એકને બદલે બીજાને યોગ્ય માનવામાં આવે, ત્યારે એ બુદ્ધિ રજોતમોગુણી કહેવાય છે એમ ભગવાન સ્વમુખે ગીતામાં કહે છે.

બુદ્ધિ ( એટલે વિવેકશક્તિ ) નાં ત્રણ ગુણ પ્રમાણે લક્ષણ નીચે પ્રમાણે છેઃ—

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्विकी ॥
यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेवच ।
अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ॥
अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।
सर्वार्थान् विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ॥

ભ. ગી. અ. ૧૮/૩૦-૩૨.

**ભાવાર્થ**:—જે બુદ્ધિ પ્રવૃત્તિ શું ને નિવૃત્તિ શું, કાર્ય શું અને અકાર્ય શું, ભય શેમાં અને અભય શેમાં, તથા બંધ શું અને મોક્ષ શું, એ યથાવત્ જાણે છે તે બુદ્ધિ, હે પાર્થ ! સાત્વિકી છે. ( ૩૦ )

જે બુદ્ધિવડે ધર્મને તથા અધર્મને અને કાર્યને તથા અકાર્યને યથાવત્ જાણી શકાય નહિ તે બુદ્ધ, હે પાર્થ ! રાજસી છે. ( ૩૧)

જે બુદ્ધિ અજ્ઞાનમય હોઇ અધર્મને ધર્મ માને અને સર્વ અર્થ હોય તેથી ઊલટા જ માને તે બુદ્ધિ, હે પાર્થ ! તામસી છે. ( ૩૨ )

આ છે બુદ્ધિની ત્રિગુણાત્મક સ્વભાવમાં અટવાઇ પડવાની ટેવ. ક્ષણે ક્ષણે સાવધાન ન રહેવાય, તો રાજસીતામસી વૃત્તિઓ સાધકની આંખે પાટા બાંધીને એને આંધળો બનાવે. નિવૃત્તિને બહાને પ્રમાદ, દોષદષ્ટિ, મિથ્યાવાદ, માયાવાદ, ત્યાગ તથા શાસ્ત્રજ્ઞાનનું અભિમાન, માનપૂજાની

લાલસા, અન્ય પાસેથી પોતાના શરીરની સેવા લેવાની વૃત્તિ, સંપ્રદાય તથા મત-મતાંતરની લોકરૂઢિ પ્રમાણેની રહેણી કરણીવાળું દંભી વર્તન, વગેરે રાજસી-તામસી વ્યવહારમાં એવું તો ફસાઇ પડાય છે કે એનો અંત જ આવતો નથી. ગિરિશિખરનાં આરોહણ જેટલાં અઘરાં છે તેના કરતાં ઉપરથી નીચે ઊતરવું, લપસવું કે પડવું લાખોગણું સહેલું અને અકસ્માત્ છે. સાવધાન ! આવું જ પ્રવૃત્તિને માટે છે, પ્રવૃત્તિમાં રચ્યા-પચ્યા રહી, રામાવતાર, કૃષ્ણાવતાર, કે એક માત્ર ગૃહસ્થાશ્રમી જ્ઞાનીનું શાસ્ત્રમાં જે ઉદાહરણ મળે છે એવા માત્ર જનકનાં દૃષ્ટાંત દેખાડી, તથા ગુજરાતમાં કોઇ ગૃહસ્થાશ્રમાસકતનું બોલેલું--"સંસારમાં સરસો રહે ને મન મારી પાસ" વારંવાર ઉચ્ચારીને સ્ત્રી, પુત્ર અને ધનની વાસના તથા પરિગ્રહમાં રુંધાઇ રહેવાય, અને એને ભગવદ્‌ભકિતનો ઓપ અપાય એ એથી વધારે ભયંકર છે. નાહવું, ટીલાંટપકાં કરવાં, માળા ફેરવવી, નિત્ય મંદિરમૂર્તિનાં દર્શન કરવાં, પોતાની નાતજાત કે પંથની માન્યતા પ્રમાણે કોઇને સ્પર્શ ન કરવો કે કોઇનું રાંધેલું ન ખાવું એવો ચોકાધર્મ પાળવો—ઇત્યાદિ આડંબર ઇશ્વરભકિતને બહાને ચાલુ રાખી ભગવાન પણ સંસારી હતા એવું ભગવાનને પણ ભાંડવું—બસ ! શી શી લીલા આ ભકતોની વર્ણવીએ ! ૐ !

\+ + +

આપણે વિવેકદૃષ્ટિથી યથાશકિત વિચાર કરીએ. ઇશ્વર, આત્મા કે બ્રહ્મને સ્થૂલ શરીર, જાગ્રત અવસ્થા તથા ઇંદ્રિયોથી ભેટવા-જોવાનું નથી. એ વસ્તુ તો છે અંતઃકરણમાં ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન ને પ્રેમપૂર્વક ભકિતના સંવેગની. ઇંદ્રિયો સ્થૂલ નથી પણ સૂક્ષ્મ છે. સ્થૂલનો અનુભવ તો મિથ્યા છે, અનિત્ય છે, એટલું જ નહિ પણ સ્થૂલ અને સૂક્ષ્મના અનુભવમાં ઘણી વાર ભેદભાવ તથા વિરોધ હોય છે. પ્રત્યક્ષ આંખોએ

જોવાતી વસ્તુ બુદ્ધિવડે વિચાર કરી જોતાં વિપરીત જણાય છે. જાગ્રત અવસ્થામાં પાસે જ બેસીને વિનોદ કરાવતો અને મિત્ર જેવો લાગતો મનુષ્ય અંતરથી તપાસી જોતાં શત્રુ, કપટી, દંભી કે અહિતકર જણાય છે. એટલે સ્થૂલની તો કશી કિંમત જ નથી. એટલા જ માટે શાસ્ત્રકારો ભકત કે જ્ઞાનીનાં લક્ષણો વર્ણવતાં બધે હૃદયના ભાવો કહી બતાવે છે. ત્યાગ, વૈરાગ્ય, ભકિત, દયા, પ્રેમ, સમભાવ વગેરે બધું અંતરમાં હોવું જોઇએ એ સ્પષ્ટ વાત છે. અંતરમાં અભાવ હોય તો બાહ્ય આચરણ દંભ કહેવાય છે.

( ૧ ) સાચા ત્યાગમાં બધે ઇશ્વરદૃષ્ટિ કરવાની છે. 'હું' અને 'મારું' જે કાંઇ માન્યું હોય તે બધું ભગવાનનું છે એમ સમજીને ભગવાનના એકનિષ્ઠ સેવક તરીકે વ્યવહાર કરવાનો છે.

( ૨ ) આ અભ્યાસ માટે જેટલો વ્યવહાર વિઘ્નકર્તા જણાય એટલાનો બાહ્ય ત્યાગ કરવો જોઇએ.

( ૩ ) જિજ્ઞાસા તીવ્ર હોય તો સમસ્ત વ્યવહારનો ત્યાગ કરીને કેવળ ઇશ્વરપ્રીત્યર્થે જીવન વિતાવવા માટે ચતુર્થાશ્રમનો સ્વીકાર કરવો, અથવા બીજી રીતે અનુકૂળતા કરી લઇ એકાન્તસેવનની સગવડ કરવી: અને એ રીતે નિવૃતિ સેવવી.

( ૪ ) બાહ્ય વ્યવહારનો ત્યાગ કર્યો એટલે આંતરિક અભ્યાસ માટે બહુ સમય મળે; પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરવો; વૃથા વાતચીત કે કર્મ ન કરવાં. શ્રવણ, મનન, નિદિધ્યાસન–સ્વાધ્યાયમાં જ વધારેમાં વધારે વખત ગાળવો અને જ્યાં સુધી આત્મતૃપ્તિ ન થાય ત્યાં સુધી એ એકાન્તમાર્ગ કાળજીપૂર્વક ચાલુ રાખવો.

( ૫ ) બાહ્ય નિવૃત્તિની સગવડ કર્યા પછી આન્તરિક સાધનામાં વ્યવસ્થા ગોઠવવી જોઇએ. દ્વૈત કે અદ્વૈતનો નિર્ણય કરી લેવો જોઇએ.

ઇશ્વરના સગુણનિર્ગુણ સ્વરૂપનો, શિવવિષ્ણુ જેવા દેવોનો, કાલી-અંબા જેવી દેવીઓનો, હનુમાન આદિ ભક્ત કોટિના દેવોનો અને કેવલાદ્વૈતના અદ્વૈતનો મેળ સમજી તથા સાધી લેવો જોઇએ. ઉપાસના કે ભકિતમાં વિધિનિષેધની સાવધાનતા રાખવી પડે છે, કારણ કે એમાં જેવું સાધન તેવું સાધ્ય હોય છે. ઉપરાંત અંતરમાંથી સકામ દષ્ટિ નિર્મૂળ થવી જોઇએ, કારણ કે ઉપાસના કે ધ્યાનદ્વારા ચિત્તની એકાગ્રતા કે નિરોધ થવા માંડે ત્યારે આંતર મન શકિતશાળી બને છેઃ મનની શકિત એટલે જ સૂક્ષ્મ ઇંદ્રિયોની શકિત; અને એ શક્તિનો સંચય થતાં, દૂરશ્રવણ, દૂર-દર્શન, ભાવિકથન વ. ઇંદ્રિયોની શકિતઓ આવે તે વખતે "ત્યાગ"નું બ્રહ્માસ્ત્ર તૈયાર ન હોય તો એમાં ફસાઇ પડાય છે, અને એમાંથી ચાલે છે સકામ ભકતોનાં ટોળાંનો જમાવ.

(૬) પ્રત્યેક ક્ષણે વિવેક જાગ્રત રાખવો જોઇએ. પ્રત્યેક અનાત્મ-વસ્તુની વિસ્મૃતિ રૂપ વૈરાગ્ય રાખીને મનને આત્મસ્વરૂપ પ્રતિ વાળવું જોઇએ. બાહ્યવ્યવહાર કે વિશ્વમાં પરિવર્તન થાય છતાં ચિત્તમાં સંતોષદ્વારા શાંતિ ટકી રહેવી જોઇએ.

(૭) ચિત્તમાં શાંતિ વધારીને બાહ્ય ઇંદ્રિયો બહિર્મુખ ન થાય એટલા માટે એના ઉપર કાબૂ—સંયમ મેળવવો જોઇએ—એ માટે એનું દમન કરવું જોઇએ, અનાત્મ વિષયો અને વિષયી વ્યક્તિઓના સંસર્ગનો ત્યાગ કરવો જોઇએ. એમાંથી મન ઉપરામ ન થાય તો બ્રહ્માનંદને બહાને વિષયાનંદમાં જ મન રમ્યા કરે છે. શાસ્ત્ર તથા ગુરુવાકયમાં શ્રદ્ધા રાખીને ભગવાનનું નિર્માણ કરેલું, ભગવદિચ્છાથી જ ચાલતું આ સંસારનું નાટક જે કાળે જેવા પ્રસંગો ગોઠવે, એ પ્રત્યે દર્શનના દૃષ્ટા બનીને નિરાસક્ત ભાવે વિક્ષિપ્ત ચિત્તનું સમાધાન કરવું જોઇએ.

( ૮ ) શ્રવણ એટલે ગુરુમુખે સિદ્ધાન્તશ્રવણ, મનન એટલે શ્રદ્ધાયુક્ત સરલ બુદ્ધિથી આસ્તિકતાપોષક વિચારવાળો નિર્ણય અને નિદિધ્યાસન એટલે સાંભળેલું, વિચારેલું હોય તે પ્રમાણે વિશુદ્ધ આત્મતત્ત્વનું અવિરત અને ભાવભર્યા ચિત્તનું અનુસંધાન.

( ૯ ) વિવેકવૈરાગ્યાદિ બહિરંગ અને શ્રવણ મનન વગેરે અન્તરંગ સાધન જીવનમાં એવાં સ્વભાગવત બની જવાં જોઇએ કે અજાણતાં પણ એમાંથી સ્ખલન ન થાય. અહોરાત્ર પ્રવૃત્તિ-નિવૃત્તિના ભેદ વગરની આત્માભિમુખ જીવનનીતિ ઘડાઇ જાય, અને આનંદપૂર્વક વ્યવહાર (ટૂંકો કે લાંબો, નાનો કે મોટો) લક્ષ્ય ભૂલ્યા વિના ચાલ્યા કરે એવી રહેણીકહેણી બનવી જોઇએ.

( ૧૦ ) આને જો ત્યાગ કહેવાતો હોય તો એ આન્તરિક જ્ઞાનભકિતનો તીવ્ર સંવેગ છે; એ વૈરાગ્ય કહેવાય તો હૃદયની આર્દ્રતાપૂર્વકની ભકિત છે; એ જ્ઞાન કહેવાતું હોય તો આત્માનંદથી ભરાતી માનસસરની ભરતી છે: એ નિવૃત્તિ કે પ્રવૃત્તિ વિનાની કેવળ, વિશુધ્ધ, અખંડ આત્માકાર વૃત્તિની સતત ચાલુ રહેલી રસધારા છે.

\+ \+ \+

પ્રસ્તુત વાત ઉપર આવીએ. સદ્ગુરુની આવશ્યકતા સમજતાં પહેલાં આપણે સદ્ગુરુનાં લક્ષણો જોવાનો થોડો એવો પ્રયત્ન કર્યો. થોડો એટલા માટે કે આન્તરિક લક્ષણો બહુધા સ્વસંવેદ્ય હોય છે, એટલે સ્થૂલ દૃષ્ટિવાળો સાધક એનો પાર પામી શકતો નથી; અને બાહ્ય લક્ષણોમાં દંભ કે આડંબર હોવાનો નવ્વાણું ટકા સંભવ છે, એટલે ગુરુપરીક્ષા અઘરી છે, પાકી કસોટીની છે એમ કહેવા કરતાં લગભગ અશકય જ છે એમ કહેવું વધારે યોગ્ય છે.

જેને સાધક ગુરુ તરીકે સ્વીકારે એ પોતાની સાધક અવસ્થામાં શિષ્ય હશે—હોવો જ જોઇએ એ અબાધિત નિયમ છે. પૂર્વજન્મનાં બહુકૃત પુણ્યને લીધે કોઇ અવતાર કે મહાપુરુષ પોતાના સંસ્કારબલને લીધે સ્વતંત્ર રીતે ઉચ્ચ કોટિએ પહોંચી શકે એવો વિકલ્પ સ્વીકારીએ તો પણ એ અપવાદ રહે છે, નિયમ બની શકતો નથી.

સાધક-શિષ્ય જ્યારે આત્મતૃપ્ત થાય ત્યારે અન્ય જિજ્ઞાસુ એના સત્સંગ-પરિચયમાં આવી, એનામાં ગુરુબુદ્ધિ ધારણ કરે, તે વખતે એ પોતાના શિષ્યનો ગુરુ બને છે. પણ પોતાના ગુરુનો તો એવી જ દૃષ્ટિથી શિષ્ય રહીને નિરભિમાન આત્મભાવને સુરક્ષિત રાખે છે આવી રીતે પરંપરાએ પ્રત્યેક ગુરુ આજીવન શિષ્ય છે; કોઇ ગુરુ છે જ નહિ; ગુરુત્વનું અભિમાન આવ્યું કે અનાત્મભાવ પ્રવેશ કરી ચૂકયો એમ સમજવાનું છે. આવી રીતે ગુરુશિષ્યનું દ્વંદ્વ પરમાર્થસાધનના શ્રીગણેશ તરીકે શરૂ થાય છે: અને પરમાર્થપ્રાપ્તિ અનન્ત હોવાથી, શરીરના અંત સુધી વ્યવહારપક્ષે બહારથી અને પરમાર્થવૃત્તિએ અન્તરથી એ ભાવ ટકી રહે છે.

આત્મજ્ઞાનની અધ્યાત્મવિદ્યા એ પરંપરાપ્રાપ્ત છે; અને વ્યવહારની વિદ્યાઓ પણ કયાં કોઇ શીખીને જ જન્મે છે? અત્યારની શિક્ષણ-પ્રણાલિકામાં એ સંબંધ ગુરુશિષ્ય જેવો નહિ, પણ (પુસ્તકપઠન અને મૌખિક શિક્ષણને જ જ્યાં પ્રાધાન્ય અપાય છે ત્યાં) વ્યાપાર-મૂલક બની ગયો છે. મૌખિક વાણીથી શિક્ષણ અપાય, શિક્ષક કે અધ્યાપક પુસ્તકોનું શિક્ષણ આપી પરવારે, જેટલી સમજણ હોય એટલું વિદ્યાર્થી સમજે, જેટલી સ્મૃતિ હોય એટલું યાદ રાખે અને એવા શિક્ષણનું ધ્યેય સાંસારિક જ હોય છે, કારણ કે એ બધી વિદ્યાઓ ઉદરનિમિત્ત જ યોજાયેલી હોય છે. उदरनिमित्तं बहुकृत वेषम् ને બદલે उदर निमित्तं पुस्तक पठनम् કહીએ તો કાંઇ ખોટું નથી.

ત્યારે શું પુસ્તકજ્ઞાન એ જ વિદ્યા છે? ઉપનિષદ્ તો વિદ્યાના બે વિભાગ પાડે છેઃ એકને (૧) પરા અને બીજીને (૨) અપરા કહે છે. મુંડક ઉપનિષદ્ કહે છે. કેઃ—द्वे विद्ये वेदितव्ये इति ह स्म यद् ब्रह्मविदो वदन्ति परा च एव अपरा च ॥ ४॥

तत्र अपरा, ऋग्वेदो यजुर्वेदः सामवेदः अथर्ववेदः शिक्षा कल्पः व्याकरणं निरुक्तं छन्दः ज्योतिषम् इति ।

अथ परा यया तद् अक्षरम् अधिगम्यते॥ ५॥

મુંડક ઉપ. ૧–૪–૫.

ભાવાર્થઃ—બ્રહ્મવેત્તાઓએ કહ્યું છે કે બે વિદ્યા જાણવા જેવી છેઃ (૧) એક પરા અને બીજી (૨) અપરા—(૪)

એમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુકત, છન્દ અને જ્યોતિષ—આ અપરા વિદ્યા છે તથા જેનાથી એ અક્ષર ( પરમાત્મા )નું જ્ઞાન થાય એ પરા છે.—(૫)

પરાવિદ્યાને માટે ભગવાન શંકરાચાર્ય આ મંત્રના ભાષ્યમાં કહે છે કે "શબ્દસમૂહનું જ્ઞાન થયા પછી પણ ગુરુપસત્તિ વગેરે પ્રયત્નો તથા વૈરાગ્ય વિના અક્ષર ( બ્રહ્મ )નું જ્ઞાન થઇ શકતું નથી."

અને મુંડક ઉપનિષદ્નો ત્યાર પછીનો છઠ્ઠો મંત્ર એમ કહે છે કેઃ-

यत् तद् अद्रेश्यम्, अग्राह्यम्, अगोत्रम्, अवर्णम्, अचक्षुः-श्रोतम्, तद् अपाणिपादम्, नित्यम्, विभुम्, सर्वगतम्, सुसूक्ष्मम्, तद् अव्ययम्, यद् भूतयोनिम्, परिपश्यन्ति धीराः ॥ ६॥

મુંડક ઉપ. ૧–૬.

**ભાવાર્થઃ**—એ જે અદૃશ્ય, અગ્રાહ્ય, અગોત્ર, અવર્ણ અને ચક્ષુશ્રોત્રાદિહીન છે, એવી જ રીતે અપાણિપાદ, નિત્ય, વિભુ, સર્વગત, અત્યન્ત સૂક્ષ્મ અને અવ્યય છે તથા જે સંપૂર્ણ ભૂતોનું કારણ છે એને વિવેકી લોક સર્વત્ર દેખે છે.

આ મંત્રમાં એને જ્ઞાનેન્દ્રિયો, તથ કર્મેન્દ્રિયોથી અગોચર અને સ્થૂલ તથા શુકલ વગેરે વર્ણોથી પર કહ્યું છે.*

સૂક્ષ્માતિસૂક્ષ્મ બધા દ્વૈતભાવથી પર એવું જે પરમતત્ત્વ છે, એ વિષયનું અનુભવાત્મક જ્ઞાન મેળવવું એ પરાવિદ્યાનો વિષય છે.

અપરાવિદ્યામાં જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયોની, સ્થૂલ, સૂક્ષ્મ શરીરની તથા અહંભાવને ટકાવી રાખવાની આવશ્યકતા રહે છે; ચિત્તની સ્મૃતિનો અનેકદેશી વિકાસ કરવાનો હોય છે. કંઠસ્થ કરવાના મંત્રો અને અનુષ્ઠાન કરવાનાં યજ્ઞકર્મોની પ્રક્રિયા શીખવાની હોય છે. હોમ-દ્રવ્યથી માંડી બીજી અનેક સામગ્રી એકઠી કરવી પડે છે એટલે એ શિક્ષણમાં ગુરુશિષ્યનાં સ્થૂલ-સૂક્ષ્મ શરીરો અને જ્ઞાનેન્દ્રિયકર્મેન્દ્રિયોના તેમજ અંતઃકરણચતુષ્ટયના વ્યવહારની જ મહત્તા છે. એક શીખવે અને બીજો ભણે; આવી વિદ્યાઓ સાંસારિક મહત્તા વધારવામાં તેમજ લોકપરલોકનાં સુખસાધનો મેળવવાની છે; એટલે એ બધી અપરા એટલે નીચલી કોટિની છે. ઉપનિષદ્‌માં—મોક્ષશાસ્ત્રોમાં આચાર્યભક્તિની વાત આવે છે એ સાંસારિક વિદ્યાઓના શિક્ષણ માટેની નથી.

ત્યારે આ ( ૧ ) પરાવિદ્યામાં ગુરુશિષ્યની મહત્તાનું કારણ શું? ( ૨ ) ઇન્દ્રિયાતીત તત્ત્વને અપરોક્ષ કરવામાં ગુરુની આવશ્યકતા શી? આ બે પ્રશ્નોને આપણે તપાસી જોઇએ:

**( ૧ ) પ્રશ્નઃ—**

( ૧ ) બીજી વિદ્યાઓ સાંસારિક વિષયોની છે, એથી એમાં વિદ્યાર્થી અધૂરી મૂકેલી વિદ્યાને અન્ય સ્થળેથી કે વ્યકિતની પાસેથી મેળવી શકે છે.

( ૨ ) ઈંદ્રિયો તથા અંતઃકરણને ચંચલ રાખવાનાં છે.

---

* વિશેષ રહસ્ય માટે જુઓ આ મંત્રો ઉપરનું શ્રી શાંકરભાષ્ય.

( ૩ ) એ વિદ્યાનું ફલ સાંસારિક છે. – લોકપરલોકના વિષયો મેળવવા માટે છે.

( ૪ ) એ વિદ્યાઓનો આચાર્ય બ્રહ્મવિદ્ ન હોય તો પણ ચાલી શકે, કારણ કે બ્રહ્મવિદ્યાની એમાં આવશ્યકતા જ નથી.

( ૫ ) પરાવિદ્યામાં તો શિષ્યને ઈંદ્રિયસંયમ કરાવવાનો છે; વિષયોનો વૈરાગ્ય કેળવવા સંસારની અનિત્યતા અને પરમતત્ત્વની નિત્યતા શીખવવાની છે.

( ૬ ) ગુરુ પોતે બ્રહ્મવિદ્ અને બ્રહ્મનિષ્ઠ હોવો જ જોઇએ.

( ૭ ) સૌથી વિશેષ મહત્ત્વની વાત છે ગુરુશિષ્યનાં ચિત્તનો એકધારો વૃત્તિસંબંધ; સેંકડો ગાઉ દૂરના જલાશયમાંથી વહેતા જળને નળદ્વારા ઘરઆંગણે લાવવામાં જેમ અખંડ પ્રવાહની આવશ્યકતા રહે છે, તેમ ગુરુહૃદયરૂપ બ્રહ્મસરોવરમાંથી બ્રહ્માકારવૃત્તિનો પ્રવાહ શિષ્યના ચિત્તપ્રદેશમાં અખંડ વહેવડાવવાનો છે; આ માટે જોઇએ ગુરુની શિષ્યના અંતઃકરણ ઉપર સતત્ બ્રહ્મદૃષ્ટિ અને સાવધાનતાપ્રેરક કૃપા. શિષ્યની ગુરુના પ્રતિ જોઇએ નિષ્કામ ભકિત અને બ્રહ્માનંદ ઝીલવાની તીવ્ર તત્પરતા—સતત્ જાગ્રતિ.

( ૮ ) એમાં શરીરના સંબંધની વાત જ નથી. ધ્વનિનાં આંદોલનો જો સૂક્ષ્મ હવામાનમાં યાત્રા કરીને હજારો ગાઉ દૂર જડ યંત્ર સુધી પહોંચતાં–સ્વીકારાતાં હોય, ગતિનું એ કાર્ય જો સતત્ ચાલુ જ રહે છે એટલી પ્રત્યક્ષ સત્તા એ રેડિયોવડે અનુભવી શકાતી હોય તો—

અ. બ્રહ્મમૂર્તિ ગુરુદેવના હૃદયમંદિરમાંથી બ્રહ્માનંદના સૂક્ષ્માતિ-સૂક્ષ્મ તરંગો વિચરીવિહરીને તત્ત્વાભિમુખ બની બેઠેલા

શિષ્યના આંતર ક્ષેત્રમાં, એના ચિત્તયંત્રમાં આત્માકારવૃત્તિનો પ્રતિધ્વનિ ઉપજાવે છે.

બ. બ્રહ્મવિદ્ આચાર્યનાં જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને એવાં મુખ્ય સાધન સાથે સબંધ રાખનારાં આંતરિક ભાવસ્પંદનો આપોઆપ અનાયાસે કેવલ ભકિતના સંબંધથી જ શિષ્યના હૃદયમાં ઊતરવા માંડે છે—આ છે ગુરુશિષ્યના દ્વંદ્વની સવિશેષ મહત્તા.

(૨) પ્રશ્ન :-

(૧) દીક્ષા, અભિષેક એવાં નામો શિષ્યત્વ ગ્રહણ કરતી વખતે વપરાય છે. જ્ઞાનયોગના, કેવલાદ્વૈતના અનુભવમાં કોઇ પણ ઠેકાણે અહંગ્રહ ઉપાસનાનું મહત્ત્વ સમજાવ્યું હોય તો પરમાર્થ દૃષ્ટિએ સચવાતો આ ગુરુશિષ્યનો સંબંધ છે. બીજાં દ્વૈતદર્શનવાદીઓની વાત બાજુએ રાખીએ, પરન્તુ ભગવાન શંકરાચાર્ય ઇશ્વરજીવની, ગુરુ-શિષ્યની, દર્શનવાદની તેમજ બીજાં સમસ્ત દ્વૈતની આવશ્યકતાને કપૂરની જેમ બાળી મૂકે છે કે જ્યાં દ્વૈતનું આદિઅંત જ ન રહે; છતાં એમનાં ભાષ્યોમાં અને પ્રકરણગ્રન્થોમાં એ પોતાના ગુરુ-પરમગુરુને વંદન-પ્રણામ કરવાનું ભૂલતા નથી.

(૨) ઉપનિષદ્‌માં વારંવાર શિષ્યપરંપરાનાં વર્ણનો આવે છે. જ્ઞાન-સંતતિને નામે એનો ઉલ્લેખ કરેલો છે. ત્યારે આ પરમવસ્તુને પામવા માટેની પરાવિદ્યા કે જેમાં દ્વૈત જ નથી, ત્યાં આ નવું દ્વૈત ઊભું કરવાનું કારણ કોઇ અત્યંત આવશ્યક હેતુથી યોજેલું હોવું જોઇએ એવી શ્રદ્ધા અસ્થાને ન ગણાય.

(૩) આ પારમાર્થિક દ્વંદ્વમાં શારીરિક નહિ પણ માનસિક અભેદ ઉપાસના છે. બ્રહ્મવિદ્ આચાર્ય પોતાના અનુભવને બળે અને

પ્રતાપે દ્વૈતગ્રસ્ત જિજ્ઞાસુના સંશયવિપર્યયવાળા ચિત્તને વિશુદ્ધ અને એકાગ્ર કરી, એના તત્ત્વાભિમુખ ચિત્તક્ષેત્રમાં તત્ત્વમસિ જેવા મહાવાક્યનું બીજારોપણ કરે છે: એનું રહસ્ય સમજાવી પરમ-તત્ત્વ તું પોતે જ છે એવું સબલ વાક્ય ઉપદેશે છે, જેના પ્રતાપે શિષ્યના ચિત્તક્ષેત્રમાં એ રોપાઈ જાય છે. ત્યાર પછી શિષ્ય અનુ-સંધાન કર્યા કરે, નિદિધ્યાસનનો પ્રવાહ જાગ્રત રાખે, ગુરુનાં જ્ઞાન-પ્રતિ અવિરત ભક્તિસ્મૃતિ રાખે, એટલે કાલક્રમે એ બીજમાંથી અંકુર અને પલ્લવ ફૂટી બ્રહ્માનંદની લહરીઓ, શિષ્યના ચિત્તની સમસ્ત વૃત્તિમાળાને આવરી લે છે—બ્રહ્માનંદથી તરબોળ બનાવે છે.

(૪) અપરાવિદ્યાઓમાં કેવલ વિષયવિદ્યાપ્રતિ જ રુચિની આવશ્યકતા છે; અધ્યાપકપ્રતિ તટસ્થતા હોય તોપણ એ વિદ્યા ધનથી ખરીદી શકાયછે, જ્યારે પરાવિદ્યા ધનથી ખરીદી શકાતી નથી. અહીં તો કેવલ નિઃસ્વાર્થ અશારીરિક ભક્તિ અને બ્રહ્મજિજ્ઞાસાની ઉત્કટ તીવ્રતા જ સાધનભૂત છે.

(૫) ઇંદ્રિયાતીત વસ્તુનો અનુભવી નિઃસ્વાર્થ, નિસ્પૃહ અને પક્ષપાત-રહિત હોય છે. એ સાંસારિક પદાર્થોનાં દાનથી આકર્ષાતો નથી; વિષયોદ્વારા થતી સેવા એને પ્રસન્ન કરી શકતી નથી. એ બ્રહ્મવિદ્‌ને તો જોઇએ માત્ર તીવ્ર બ્રહ્મજિજ્ઞાસા. એ જિજ્ઞાસાનાં પ્રારંભિક સાધનો તરીકે વિવેક, વૈરાગ્ય, ચિત્તશાંતિ ઇંદ્રિયદમન, વિષયોમાંથી ઉપરામતા, ગુરુવેદાન્તવાક્યોમાં શ્રદ્ધા અને તત્ત્વ તથા સંસાર વિષેનું સમાધાન—સમત્વભરી કુશલ દૃષ્ટિ: આટલું હોય તે શિષ્યત્વ સ્વીકારે અને બ્રહ્મવિદ્‌ના ગુરુત્વની અંતઃકરણમાં પ્રતિષ્ઠા કરે—પ્રાણપૂર્વક.

**લેખક ગુરુ હોવાનો જરાયે દાવો કરતો નથી; શિષ્યત્વ ગ્રહણ કરવાની જે કાળે બુદ્ધિ સાંપડી ત્યારથી સંતપરિચય, સત્સંગ અને બ્રહ્મવિદ્યાની ઉપાસના કરવામાં પ્રયત્નશીલ રહ્યા કરે છે; આજીવન એ નમ્રતા જ રહે, અંતિમ શ્વાસ સુધી ચિત્ત 'ૐ ગુરુ' જપ્યા કરે એવી એ બ્રહ્મનિષ્ઠો પ્રતિ વિનમ્ર પ્રાર્થના છે.**

અને પ્રિયવાચક ! તને આ લેખમાંથી જ્ઞાનીઅજ્ઞાનીનો, ગુરુશિષ્યના અધિકારનો, પ્રવૃત્તિનિવૃત્તિનો. સાધનસાધ્યનો, જ્ઞાનીના પ્રારબ્ધભેદનો અને શિષ્યત્વના અધિકાર કેળવવાનો વિવેક શીખવાનું કંઇ પણ મળે તો સમજજે કે આ લખાણનો ઉદ્દેશ શાસ્ત્રવાકયોનાં પ્રમાણ આપીને તને મૂંઝવવાનો નથી; પણ જ્ઞાનશ્રદ્ધા અને શુધ્ધભકિતદ્વારા જે કાંઇ આજીવન પ્રયત્ન કર્યો છે, તેના અનુભવસારરૂપ છે. આમાં સારું હોય તે ગુરુપ્રસાદ છે; નિરર્થક લાગે તે મારો શિષ્ય ભાવે થયેલો ક્ષન્તવ્ય **પ્રમાદ-પ્રલાપ છે.**

\+ \+ \+

થોડું વ્યાસપૂર્ણિમા વિષે લખું. આ વિષય ચાતુર્વર્ણ્ય વેદોકત પ્રજાના કર્મકાંડનો છે; વેદોક્ત યજ્ઞવિષયક કર્મકાંડમાં પ્રત્યેક પૂર્ણિમા મહત્ત્વની છે; ગુજરાતમાં જેમ અમાવાસ્યાએ મહિનો પુરો થાય છે, તેને બદલે પ્રાચીન પદ્ધતિમાં પૂર્ણિમાએ માસની પૂર્ણાહુતિ ગણાતી.

યજ્ઞશાલાને જ પ્રધાનતા આપનાર દ્વિજગણ આખો મહિનો યજ્ઞ કરી પૂર્ણિમાએ અને અમાવાસ્યાએ એની પૂર્ણાહુતિ કરતા. એ યજ્ઞાન્તે આચાર્યપૂજન કરીને યજ્ઞનારાયણની ઉપાસના કરનાર દ્વિજોત્તમ ઋષિનો યજ્ઞપ્રસાદ મેળવવાની પદ્ધતિ પ્રચલિત હતી. વર્ષના બાર મહિનામાં આવી રીતે બાર પૂજન થતાં, પણ કાલાન્તરે એ પ્રથા

લોપ પામી. ગૃહસ્થાશ્રમી ઋષિસન્તાનો યજ્ઞકર્મહીન થયાં અને નિત્યકર્મ જેવા વૈશ્વદેવનો પણ હવે તો લોપ થયો છે.

પરન્તુ આચાર્યની મહત્તા ઓછી ન થઈ. અપરાવિદ્યાના આચાર્યોનું જે પૂજન થતુ તેની સાથે નિવૃત્તિમાર્ગવાળા બ્રહ્મવિદ્‌ની મહત્તાનો ઉપયોગ સાધી કથાકાર વ્યાસનું પૂજન કરવાની પ્રણાલિકા ગોઠવાઇ અને પછી તો વર્ષના બાર માસની છ ઋતુઓ પ્રમાણે છ પૂર્ણિમાઓ જ મહત્ત્વની રહી.

છ પૂર્ણિમાઓમાં પણ પાછળથી ત્રણ જ ઋતુઓના હિસાબે, શિયાળો, ઉનાળો અને ચોમાસું મહત્ત્વનાં ગણાયાં; બ્રાહ્મણવર્ગ પોતાનાં —"શમ ( મનોનિગ્રહ ), દમ ( ઇંદ્રિયનિગ્રહ ), તપ, પવિત્રતા, ક્ષમા, સરલતા, શાસ્ત્રજ્ઞાન, અનુભવજ્ઞાન અને આસ્તિકતાનાં" સ્વભાવજન્ય કર્મને છોડી બેઠો.*

પરિણામે એ વ્યાસપૂજનની પદ્ધતિનો લોપ થયો, કારણ કે જીવન-વ્યવસાય બદલાયો અને વધી પડયો. ઉપર્યુક્ત સ્વભાવકર્મને બદલે બ્રાહ્મણો અન્ય વ્યવસાય લઇ બેઠા, છતાં કયાંક કયાંક પુરાણોની કથા, યજમાનનાં કર્મ તથા એવાં આજીવિકાપોષક કર્મની વ્યાપકતા વધી પડી એટલે બ્રહ્મજ્ઞાન અને બ્રાહ્મણોને યોગ્ય એવા જ્ઞાનપ્રચારનો અભાવ વધ્યો. પરન્તુ ગુરુમહિમા, ઉપર કહ્યું છે તેમ, અલૌકિક રીતે આગળ વધ્યો, અને તે એટલે સુધી કે આશ્રમવ્યવસ્થાની સાથે એનો સંબંધ બંધાયો. વર્ણોમાં બ્રાહ્મણવર્ગ ગુરુસ્થાને ન રહેતાં ગોરપદામાં ઊતરીને

---

* ભ. ગી. અ. ૧૮–૪૨. આ પરિવર્તન થવાનું કારણ કેવળ યુગધર્મ છે. ભગવાન મહાકાલ સૃષ્ટિમાં આવાં પરિવર્તન કર્યા કરે છે; એટલે બ્રાહ્મણો કે દ્વિજો પોતાના સ્વધર્મથી ચલિત થયા, એમાં એમનો જ દોષ કાઢવો વૃથા છે.

યજમાનનો સેવક અને આશ્રિત બન્યો, અને આશ્રમીઓમાં ચતુર્થાશ્રમીની મહત્તા વધતાં બ્રહ્મવિદ્ અને બ્રહ્મનિષ્ઠની ગુરુસ્થાને સ્થાપના થઇ.

એ ચતુર્થાશ્રમી અનિકેત રહે, ત્યાગનિષ્ઠ જીવન વિતાવે, ભારતવર્ષનાં તીર્થસ્થાનોની યાત્રા કરતો રહે, વેદોક્ત ધર્મસેવીઓના સંસર્ગમાં આવી એમને ધર્મકર્મને માર્ગે વાળે, અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ આપે, અને એ શિયાળા, ઉનાળાના આઠ મહિના વિહાર કરે, પરન્તુ ચોમાસામાં પગપાળા યાત્રા થઇ ન શકે એટલે એક સ્થાને નિવાસ કરી જિજ્ઞાસુઓને આત્મજ્ઞાનનાં શાસ્ત્રોનું પઠનપાઠન કરાવી તત્ત્વોપદેશ આપે.

થોડો બીજી દૃષ્ટિએ આ કર્મકાંડનો વિચાર કરીએ: પૌરાણિક આખ્યાયિકામાં ભગવાન શ્રી વિષ્ણુ ચાતુર્માસ દરમ્યાન શયન કરે છે એમ કહેલું છે. વિષ્ણુ એ સત્ત્વગુણનું પ્રતીક છે, બ્રહ્મા રજોગુણનું અને રુદ્ર તમોગુણનું પ્રતીક મનાય છે. સાધકને સત્ત્વગુણના વિકાસ માટે વિષ્ણુની ઉપાસના શ્રેયસ્કર છે, કારણ કે એ દૈવીસંપદ્‌નું પ્રતીક છે.

આષાઢી પૂર્ણિમાને વ્યાસપૂર્ણિમા તરીકે જ માનવાનો રિવાજ બહુ પ્રાચીન છે, એટલું જ નહિ પણ ઘણાખરા સંપ્રદાયો કે મતોમાં પણ પ્રચલિત છે. આનો સંબંધ તો લાગે છે, ચતુર્થાશ્રમી પરિવ્રાજક સંન્યાસીના ભ્રમણ અને વિહાર સાથે. અનિકેત સાધુસંન્યાસીઓ હંમેશાં યાત્રાવિહાર કરે, દેહ અને જ્ઞાનરક્ષણાર્થે લોકસમૂહના પરિચયમાં આવે, જિજ્ઞાસુ—મુમુક્ષુવર્ગને જ્ઞાનપ્રાપ્તિમાં નિમિત્તભૂત બને અને કથાવાર્તા અને વ્યાખ્યાનદ્વારા સત્સંગ થાય, ત્યારે એ બ્રહ્મવિદ્‌માંના કોઇમાં જિજ્ઞાસુ ગુરુબુદ્ધિ ધારણ કરે. આગન્તુક સંતસાધુની સેવા કરવી એ વેદોક્ત ધર્મનું મહાભૂષણ છે. અયાચકવૃત્તિથી માધુકરી નિમિત્તે આંગણે આવી ચડતા સંતસાધુને ભિક્ષાન્ન ભોજન આપી એમનો પરિચય કેળવવો તથા સત્સંગ સાધી એમનો આશીર્વાદ મેળવીને આત્મ-

કલ્યાણ સાધવું, એ છે હિંદુ તથા હિંદુઇતર ધર્મસંપ્રદાયોનો પરંપરાગત પ્રણાલિકા ધર્મ. વર્ષના આઠ માસ તો એમનો વિહાર નિર્વિઘ્ને પસાર થાય. ગામ કે શહેરમાં, પગપાળા વિહાર કરતા સાધુસંતો જ્યાંજ્યાં જાય ત્યાં ભગવદ્‌ભાવનું સ્મરણ કરાવી લોકસમૂહની આત્મજાગ્રતિ સાચવે, ધર્મ અને મોક્ષનાં રહસ્યો ભણાવી સમાજના સદ્‌ગુણ કેળવે, અને લોકપરલોકનું જીવન સુધારી ઉત્કર્ષની સાધના શીખવે, એવી ચતુર્થાશ્રમીની મહત્તા હતી, હોવી જોઇએ અને હજુ પણ કોઇ અલૌકિક પ્રભાવને લીધે આવા અર્ધ-નાસ્તિક યુગમાં પણ સચવાઇ રહી છે, એ જ એનું મહત્ત્વ દર્શાવતું આશ્ચર્ય છે !

ઉપર કહ્યું છે તેમ વેદધર્મના નિત્યકર્મમાં પૂર્ણિમા અને અમાવાસ્યા-એ બે નિત્યયજ્ઞની પૂર્ણાહુતિ હતી. દેવપક્ષની પૂર્ણિમા અને પિતૃપક્ષની અમાવાસ્યાની પૂર્ણાહુતિ એટલે શુકલ અને કૃષ્ણપક્ષના દેવયાન પિતૃયાનના જીવાત્માની ગતિ અવગતિના બે રાજમાર્ગ. પુનર્જન્મના સિદ્ધાન્તની સાથે આવી રીતે સંકળાયેલી હતી ગૃહસ્થાશ્રમની મહત્તા તથા કર્મોપાસનાની પુરાપ્રાચીન વિધિશૃંખલા. ચતુર્થાશ્રમની વ્યવસ્થા હતી દેવયાન અને મોક્ષપંથની સાથે. આ ભવસંસારના આવાગમનથી મુક્ત થવા માટે હતાં વિશુદ્ધ દેવોપાસના અને જ્ઞાનયજ્ઞનાં સ્વાધ્યાય તથા તપ અને ત્યાગપ્રધાન ઉપનિષદ્‌નાં અધ્યયન-પરિશીલન. જ્ઞાનયજ્ઞને માટે પૂર્ણિમાને પ્રાધાન્ય અપાયું એની સાથે જ પૂર્ણિમાને દિવસે વ્યાસપૂજનની આવશ્યકતાનો અંગીકાર થયો.

આખા વર્ષને છ ઋતુઓને બદલે શિયાળો, ઉન્હાળો, અને ચોમાસું એમ ત્રણ જ ભાગમાં વહેંચીએ તો પ્રથમના આઠ મહીનામાં સંતસાધુઓ નિર્વિઘ્ને યાત્રાવિહાર કરી શકે. પરન્તુ ચાતુર્માસ–ચોમાસામાં વરસાદ આવે અને નદી નાળાં ઉભરાય એટલે વિહારમાં નિયમિતતા ન

સચવાય. ચતુર્થાશ્રમીને માટે કરી રાખેલા નિયમોમાં એક એવો પણ નિયમ હતો કે એણે હંમેશાં પગપાળા જ યાત્રા કરવી. બાહ્યદૃષ્ટિએ વાહનવ્યવહાર કરવામાં અન્ય પ્રાણીને દુઃખ થાય એટલે એમાં હિંસાનું નિમિત્ત રાખ્યું, પરિગ્રહવૃત્તિ વધીને લોભમોહ ન વધે એ માટે અકિંચનત્વ તથા મઠમંદિરની વ્યવસ્થામાં રાજસત્તામસ વૃત્તિનો અતિરેક થાય તો મમત્વ ઊભું થઇ, અનાત્મદૃષ્ટિ ઊપસી આવે એ ભયથી ચતુર્થાશ્રમી માટે નિયમો બાંધ્યા કે એમણે અકિંચન રહેવું, અનિકેત બનવું, હમેશાં યાત્રા કરવી, અહિંસક બનવા માટે પગપાળા ફરવું, મોહમમત્વ ન વધે માટે એકલા વિહરવું, વસતીમાં વધારે ન રહેવું, જનસમૂહમાં પણ સ્ત્રીશરીરથી દૂર રહેવું, ગામમાં એક દિવસ અને શહેરમાં ત્રણ દિવસથી વધારે સમય ન ગાળવો, આવા જે વિધિનિયમો બાંધ્યા હતા તેમાં ઉદ્દેશ હતો કેવળ વિશાલ જનસમૂહ સાથે પરિચયમાં આવી સર્વત્ર આત્મદૃષ્ટિની જ્યોતિને પ્રોજ્વલ રાખવાનો. ભારતવર્ષનો સંતસાધુ તો છે પરાપૂર્વનો, હૃદયેહૃદયે આત્મદીપક ચેતવનારો બ્રહ્મજ્યોતનો મશાલચી; અને જો એ પરિગ્રહી બને તો યાત્રા અસંભવિત થાય: યાત્રા વિના જ્ઞાનપ્રચાર ન થાય, અને જ્ઞાનપ્રચાર વિના એની પોતાના તથા લોકસમૂહના જ્ઞાનની જ્યોત જ્વલંત ન રહે, આવી હતી એ ચતુર્થાશ્રમની મહત્તા ! ! પરિવ્રાજક એટલે તો પરમતત્ત્વનો પરિશોધક અને પરમહંસ એટલે પરમજીવ જેવો સાક્ષાત્ પરમાત્મા !

કાલધર્મ બદલાય છે: વસિષ્ઠ, વાલ્મીકિ, યાજ્ઞવલ્કય, જનક, રામભદ્ર અને કૃષ્ણચંદ્ર, મહાવીર, બુદ્ધ, શંકર, ઇસુ અને મહમ્મદ, રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક, વલ્લભ અને ચૈતન્ય, નાનક, કબીર, જ્ઞાનેશ્વર, રામદાસ, એકનાથ, તુકારામ, નરસિંહ, મીરાં, અખો-એવાં એવાં ઋષિ, અવતાર, આચાર્ય અને સંતોની રત્નશ્રેણીનાં સ્વરૂપો અને એમણે

આદર્શરૂપે આપેલાં દૃષ્ટાન્તો ભૂંસાતાં જાય છે; વૈભવની વિપુલતા, વિજ્ઞાનનાં સાધનો, નિવાસસ્થાનના ભવ્ય પ્રાસાદો, રાજભવનો, મઠ-મંદિરો, પ્રતિમાપૂજનો, ઉત્સવો, વાહનવ્યવહારનાં યંત્રો, જીવનરહેણીનાં સ્વરૂપો બધામાં એકસામટું પરિવર્તનનું પૂર આવે છે; જૂની રહેણી કરણી, સાદાઈ, ત્યાગ, લોકપ્રેમ, માનવહિત, પરમાર્થ, પરોપકાર, દયા, સેવા અને સરલતાનાં દૃષ્ટાન્તો સ્વપ્નવત બને છે અને એનું સ્થાન લે છે પશ્ચિમનાં સામ્રાજ્યવાદી રાજ્યો અને રાજાઓ. રાજામહારાજા, ધનપતિ, શેઠ શાહુકાર, મૂડીધારીઓ, ઉદ્યોગપતિઓની બોલબાલા જામે છે અને એની સાથે જ આશ્રમમહત્તા ઘટે છે. ત્યાગની નિંદા થાય છે. ચતુર્થાશ્રમીનું નામ માત્ર રહે છે; રહે છે કેવળ આચાર્યો અને મઠાધિપો. ગુરુભગવાનોની ગાદીઓ ઊભરાય-પથરાય છે; જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની મહત્તાને બદલે સમાજમાં આવે છે વૈભવ અને વિભૂતિની મહત્ત્વાકાંક્ષાઓ; સાથે સાથે ઘુસે છે અંધશ્રદ્ધા અને વહેમ; સંતોની કૃપાને આત્મકલ્યાણનું સાધન ન માનતાં આધિ, વ્યાધિને ટાળવા તેમજ પુત્રવૈભવની પ્રાપ્તિ જેવાં ઐહિક સુખપ્રાપ્તિ તરીકે જ માનીને આશીર્વાદ અને શાપનાં લોભલાલચ તથા ભયસ્થાન જામે છે. આચાર્યોની પાસે લોભી, પરિગ્રહશીલ વૈશ્યવર્ગ ધનના ઢગલા કરે છે, જેનો ઉપયોગ થાય છે મૂર્તિઓને ભોગરાગ ધરાવી મઠમંદિરોમાં વસતા વેષધારીઓને સ્વાદુ ભોજનો અને યથેચ્છ વિલાસો પૂરાં પાડવામાં. વર્ષભરના ઉત્સવો ઊજવવા, એમાં રાગરંગ સજવા, વરઘોડા કાઢવા, આચાર્યોનાં છડી, ચમર અને મશાલો વધારવાં, અને એવી એવી રજોગુણી પ્રવૃત્તિઓ વધારી 'ભગવાન'ને બહાને વિભૂતિનો પરિગ્રહ કરવામાં જ જીવનની ઇતિશ્રી મનાવા લાગી.

પુરાણોની કથાઓએ માઝા મૂકી; ઋષિઓનાં ત્યાગપ્રધાન જીવન-

જીવન અને ઉપદેશને બદલે ત્યાગ, જ્ઞાન અને વૈરાગ્યશિરોમણિ અવતારોની મૂર્તિઓને વૈભવી અને વિલાસી ચીતરી એનાં વર્ણનો અને ગુણાનુવાદો શ્રવણ કરવામાં જ ભકિતની પૂર્ણતા આવી ગઇ જાણે!

છેલ્લાં પાંચસોએક વર્ષમાં ભારતવર્ષમાં જેમ નાના નાના રાજા-મહારાજાઓ, જાગીરદારો અને મુડીપતિઓની ખુશામત વધી ગઈ. તેવી જ રીતે આચાર્યો અને મઠાધીશોની રજોગુણી પ્રવૃત્તિ વધી ગઈ. એમની પણ પધરામણીઓ થવા માંડી; એમનાં મંડળો થયાં, જમાતો વધી અને ભેટપૂજાએ તો એટલી અધોદશા કરી મૂકી કે પરિણામે પરસ્પર રાગદ્વેષ વધી પડયા. સંપ્રદાય, મત, પંથ અને વાડાબંધીમાં પૂરાયેલા એ મઠાધીશો વચ્ચે સ્પર્ધા ચાલી અને એનો લાભ લીધો આ પશ્ચિમની અંગ્રેજી સત્તાએ ભેદ વધારવામાં.

એમની વચ્ચે ભેદ વધ્યા; આચરણના કરતાં કથાની કિંમત વધી; ચતુર્થાશ્રમીને પણ અનિચ્છનીય વ્યવહારોએ રૂંધી રાખ્યા. પરિવ્રાજક કરતાં પરિગ્રહી વધ્યા; પરમહંસ કરતાં 'ભગવાનશ્રી'ની સંખ્યા ઊભરાઈ પડી. શિષ્યમંડળને બદલે 'ગુરુમંડળો' સ્થપાયાં, અને દશા તો જે અત્યારે જોઇએ છીએ તેવી ન વર્ણવી શકાય તેવી આવી પડી! આવી વિપરીત, વિકટ, શંકાસ્પદ અને બેઢંગ દશામાં વાસ્તવિક ગુરુભકિતને બદલે કેવળ ધનસેવા જ મહત્તાની ગણાવા માંડી. સંત-સાધુઓની કિંમત વૈભવી સેવકોથી છલકાતી નાણાંછૂટથી, શિષ્યમંડળદ્વારા થતી શારીરિક સેવાથી અને કથાપટુતામાં જ સમેટાઇ ગઈ આ બધામાંથી પણ આપણને મળ્યા છે, રામકૃષ્ણ પરમહંસ. સ્વા. વિવેકાનંદ, સ્વા. રામતીર્થ જેવા દેશવિદેશ ખ્યાતનામા સંતમુકુટો. અસંખ્ય ખાંડી કોલસામાંથી એકાદ વિરલો જ હીરો મેળવીને ભારતની રહીસહી પરંપરા રક્ષિત રહી છે. સાત્વિક સંપત્તિ દ્વારા હૃદય શુદ્ધ થાય

એટલે અંતર્યામી પરમાત્માનો અન્તઃકરણમાં સ્વાભાવિક રીતે પ્રકાશ પડવા માંડે.

વિષ્ણુના શયનનો અર્થ સત્ત્વગુણની સુષુપ્તિ થાય; સુષુપ્તિ એટલે સત્વગુણની અવ્યક્ત અવસ્થા; ત્રણે ગુણોની વિષમ અવસ્થા વિના સૃષ્ટિનું બંધારણ સંભવી શકે નહિ; તેથી સત્વગુણ જ્યારે અવ્યક્ત થાય ત્યારે બીજા કોઈ ગુણોનું પ્રભુત્વ સ્વીકારવું જોઈએ.

જરા વિચાર કરી જુઓ. શિયાળો, ઉનાળો અને ચોમાસું—એ ત્રણેયમાં શિયાળો સત્વગુણપ્રધાન, ઉનાળો તમોગુણપ્રધાન અને ચોમાસું રજોગુણપ્રધાન જણાશે. ત્રણેય ગુણોનો સ્વભાવ તો ભ. ગી.ના છેલ્લા અધ્યાયોમાં વર્ણવેલો છે. એ રીતે ચોમાસામાં રજોગુણની પ્રધાનતાને લીધે વૃષ્ટિ થાય એટલે વનસ્પતિવર્ગ, કીટપતંગાદિ વર્ગની ઉત્પત્તિ થાય. પશુવર્ગમાં પણ કામવાસના જાગ્રત થાય અને માનવસૃષ્ટિમાં પણ એ ઋતુ કામપ્રધાન ગુણનો ભાવ વિશેષ ભાવે ભજવે છે, આવી રજોગુણોની પ્રધાનતામાં સત્ત્વગુણ અપ્રકટ રહે એ જ છે શ્રી વિષ્ણુનું શયન.

ઋષિઓએ કર્મકાંડની સાથે તપશ્ચર્યા ગોઠવી છે; આ ચાતુર્માસમાં જ્યારે રજોગુણ પ્રધાન હોય ત્યારે એનું જોર દબાવવા માટે તપ, વ્રત, જપ, પાઠ, પૂજા, કથાશ્રવણ, ઉપાસના વ.ને ગોઠવીને માનવસૃષ્ટિને જાણે કે અજાણે પણ સત્વગુણને જાગ્રત રાખવાનાં સાધનો ગોઠવી આપ્યાં છે. ઉપરાંત વર્ષાઋતુમાં ઓછામાં ઓછું ગૃહકાર્ય હોવાને લીધે બચતો વખત મિથ્યા પ્રવૃત્તિમાં ન વેડફાઈ જાય એનો સારામાં સારો સદુપયોગ ઈશ્વરચિંતવનમાં થાય એના જેવું બીજું રૂડું શું હોય?

\+ \+ \+

પરમહંસ સંન્યાસી આઠ માસની પગપાળા યાત્રા પૂરી કરીને

ચાતુર્માસ નિમિત્તે કોઇ સ્થાનમાં આવી ચડે એટલે એ બ્રહ્મજ્યોતિનો પ્રકાશ ઝીલવા તૈયાર થયેલાં ગ્રામજનો ચારે માસ એમના સત્સંગનો લાભ લે. એમના પ્રતિની ગુરુબુદ્ધિવાળો શિષ્યવર્ગ દૂર હોય તો ત્યાં આવી એમનું પૂજનઅર્ચન કરી, આશીર્વાદ મેળવી પોતપોતાને ઘેર જઇ બ્રહ્મજ્યોતિને પ્રજ્વલિત રાખે. અન્ય જિજ્ઞાસુવર્ગ એને બ્રહ્મવિદ્ સંત માની, પોતાના ગુરૂનું સામીપ્ય ન હોય તો ગુરૂનું પ્રતીક માનીને એમનું એટલી જ શ્રદ્ધાથી પૂજન કરે. સંત તો નિષ્પક્ષ હોય છે; એમના ચિત્તમાં શિષ્ય કે અશિષ્ય જેવો ભેદાભેદ હોતો નથી; એટલે એ તો સૌને એકસમાન આશીર્વાદ આપીને બધાનું આત્મકલ્યાણ ઇચ્છે. આવી રીતે આ ચાતુર્માસની પ્રથમ પૂર્ણિમાને ગુરુપૂર્ણિમા તરીકે મહત્ત્વ મળ્યું હશે એમ વિવેકબુદ્ધિ વડે સમજાય છે.

ભગવાન શંકરાચાર્યના દસ નામી સંન્યાસીઓ ॐनमो नारायणायના વિષ્ણુમંત્રનો પરસ્પર નમસ્કારાત્મક રીતે ઉપયોગ કરે છે; ભકતગણ પણ એમને એ જ મંત્રથી નમસ્કાર કરે છે: આનો અર્થ એ છે કે ચતુર્થાશ્રમી સંન્યાસી આત્મજ્ઞાનના પ્રભાવે નરમાંથી નારાયણસ્વરૂપ બન્યો છે. અંતરમાં નિર્લેપ આત્મભાવે એ શિવોઽહમ્ ભાવના જાગ્રત રાખે છે, પણ સ્થૂલ દૃષ્ટિએ શરીરભાવે તો ભગવાન વિષ્ણુ (નારાયણ)નું સ્વરૂપ છે. એ દૃષ્ટિએ પણ સંન્યાસીનું પૂજન ચાતુર્માસના આરંભમાં મહત્ત્વનું છે.

\+ + +

ઉપનિષદ્‌માં, ગીતામાં, પુરાણોમાં અને તંત્રગ્રંથોમાં ગુરુમહિમાનાં એવાં તો મહિમાવન્તાં લખાણો છે કે આપણને–વર્તમાનયુગના માનવીઓને અતિશયોકિત જ લાગે. મનુષ્ય મનુષ્ય વચ્ચે સમભાવ રાખવાના, સ્ત્રીપુરૂષના સમાન અધિકારહકમાં, ધનવૈભવના સમાન હક્કમાં, અરે !–પ્રત્યેક પાર્થિવ વસ્તુના એક જ સરખા અધિકાર

ભોગવવાની જ્યાં ગર્જનાઓ થતી હોય ત્યાં બ્રહ્મવિદ્ માનવદેહધારીને સાક્ષાત્ નારાયણ માનીને પૂજા કરવી એ ન માની શકાય એવું-પણ અવશ્ય માનવા જેવું જ સત્ય ઋષિઓ ઉચ્ચારી ગયા છે.

સમભાવ આવશ્યક હશે, પણ સમવર્તન નહીં-એ હજુ ક્યાં સમજાય છે ? શરીરની રચના, બુદ્ધિની વિવેકશક્તિ, વિચાર અને કર્મ કરવાની આવડત, ભોગ અને ઉપભોગનું સામર્થ્ય, એ બધું સમાન છે એવું જ્યાં સુધી ઇશ્વર, પ્રકૃતિ કે જે કોઇ મહાસત્તા આ વિશ્વમાં **અસમાનતા** ચલાવ્યા કરે છે, રચનામાં જ ભેદ રાખે છે; એ પોતેજ જ્યાં સુધી પોતાનો ક્રમ ઉથલાવી ન પાડે ત્યાં સુધી **સમવર્તનવાદ** સ્વપ્ન જ રહેશે. ભ. ગી. તો કહે છે કે :—

न बुद्धिभेदं जनयेद् अज्ञानां कर्मसंगिनाम् ।

ભાવાર્થ :-જેની બુદ્ધિ કર્મનોજ સંગ સેવી રહી છે એવા અજ્ઞાનીઓની સમજણમાં ભેદભ્રમ ઉપજાવવો ન જોઇએ.

બધું જ એક સરખું હોય તો પછી કર્મની આવશ્યકતા જ ક્યાં રહેશે? કર્મયોગનાં બણગાં ફૂંકનારાઓ જેટલા કર્મભેદ વધારે છે, એટલા બુદ્ધિયોગના—વિવેકશક્તિના સેવકો વધારતા નથી. અસમાનતા કહીને સમાનતા સ્થાપવાની વાતો કરનારા તો અવનવી અસમાનતાની વાડાબંધી કરીને વાદાવાદો વધારે છે! અસ્તુ!

+ + +

વાચક! તું જિજ્ઞાસુ હો કે મુમુક્ષુ! સાધક હો કે શિષ્ય! ભક્ત હો કે જ્ઞાની! આસ્તિક હો કે નાસ્તિક! પણ આ વાંચીને આટલું સમજે કે જ્યાં જ્યાંથી તને તારા જીવનના ઉત્કર્ષમાં સહાયતા મળી હોય,

સત્ત્વગુણનો વિકાસ પામ્યો હોય, અધ્યાત્મમાર્ગે ઉન્નતિ કે આધિ-ભૌતિક ક્ષેત્રમાં વ્યાપાર કેળવી શકયો હોય, એ બધાં તારાં ગુરુજનો છે. જગતમાં સમાનવાદ નથી પણ ક્રમવાદ છે; તારા કરતાં અસંખ્ય જનો ઉન્નતિના આરોહણમાં આગળ ધપ્યે જાય છે, એ બધાં તરફ પૂજ્ય દૃષ્ટિ રાખીને વિનમ્રભાવે આગળ ચાલ્યો જા; એમનાં ઉદારચરિત માનસના આશીર્વાદ મેળવીને કલ્યાણ પામ.

તૈત્તિરિયોપનિષદ્ તો આજ્ઞા કરે છે કેઃ-

आचार्यदेवो भव ।

આચાર્ય જ તારા પરમાત્મા હોય, તેવો તું થા!

ૐ ૐ ૐ

(ઓગસ્ટ-૧૯૫૦)

# શ્રવણ, મનન અને નિદિધ્યાસન

ઉપનિષદ્‌સમુહમાં બૃહદારણ્યક ઉપનિષદ્, સૌથી મોટું છે; અરણ્યવાસી ઋષિઓએ એનાં તત્ત્વોને મેળવી, પચાવી, પ્રસાદરૂપે આપણને આપ્યાં છે, અને જેને આધારે આપણે 'આત્મજ્ઞાન' મેળવવું છે એવી વાતો કે ઝંખનાઓ કર્યા કરીએ છીએ, એવા એ ઉપનિષદ્‌ના બીજા અધ્યાયના ચોથા તથા ચોથા અધ્યાયના પાંચમા બ્રાહ્મણમાં ઋષિ યાજ્ઞવલ્કય અને એમનાં સાધ્વી પત્ની મૈત્રેયીનો આત્મવિષયક સુંદર સંવાદ છે.

ઋષિ યાજ્ઞવલ્કય બ્રહ્મવિદ્યાના સમર્થ આચાર્ય મનાય છે; એટલું જ નહિ પણ યજુર્વેદની શુકલ શાખાના એ ઝીલનાર છે. એક બીજી મહત્ત્વની વાત એવી છે કે એમણે રાજર્ષિ જનકની સભામાં અનેક પ્રસંગે તત્ત્વચર્ચાઓ કરીને વિજય મેળવ્યો છે; દંભી અને અજ્ઞાનીઓનાં મુખમર્દન કરીને વિશુદ્ધ કર્મોપાસનાના અનુભવના આધારે વેદોકત પ્રણાલિકાનું સમર્થન કર્યું છે.

ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે જ એ સમર્થ વિદ્વાન અને આત્મનિષ્ઠ હતા. કહેવાય છે કે એમને બે પત્નીઓ હતી: એક મૈત્રેયી અને બીજી કાત્યાયની. ગૃહસ્થાશ્રમમાં પણ એ બન્ને સન્નારીઓના જીવનમાર્ગ નિરાળા હતા. મૈત્રેયી બ્રહ્મવાદિની એટલે બ્રહ્મચર્ચા કરવામાં કુશળ તથા જિજ્ઞાસાવૃત્તિવાળી હતી; ત્યારે કાત્યાયની ગૃહકાર્યમાં કુશળ એટલે સ્ત્રીની બુદ્ધિવાળી હતી. એનું જીવનધ્યેય ગૃહસંબંધી જ હતું. એ બન્નેમાં મૈત્રેયી મોટી હતી.

પતિપત્ની વચ્ચેના આ સંવાદનું કારણ પણ બહુ મહત્ત્વનું છે. આચાર્ય યાજ્ઞવલ્કય બ્રહ્મવિદ્ હતા પણ જીવન્મુકિતનો વિલક્ષણ આનંદ લેવા માટે, પરિવ્રાજક બનીને પરમહંસસ્વરૂપે વિહરવા—વિચરવા એમણે સંન્યસ્તાશ્રમ ધારણ કરવાનો સંકલ્પ કર્યો, એટલે બન્ને ધર્મપત્નીને ગૃહસંપત્તિના વિભાગની વહેંચણી કરી આપવા પોતાની પાસે બોલાવી પોતાનો હેતુ સમજાવ્યો.

મૈત્રેયીને ગૃહસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમનું સ્પષ્ટીકરણ જોઇતું હતું. તદુપરાંત પતિપત્ની, પિતાપુત્ર, ધનસંપત્તિ, બ્રાહ્મણ, ક્ષત્રિય, લોકસમૂહ, દેવદેવતાવર્ગ, પ્રાણીસમુદાય અને અન્ય સમસ્ત સંબંધોમાં જે પ્રિયતા—પ્રેમ—મમતા વ. ટકી રહે છે, એનો ઉચ્છેદ શી રીતે સંભવે? અને કઠોરચિત્ત બનીને ત્યાગદ્વારા ઉચ્છેદ થાય તોપણ એ ઇષ્ટ છે ખરો? મૈત્રેયી વાક્પટુ અને જ્ઞાનતત્પર ધર્મપત્ની હતી. બુધ્ધિવિશારદ હોવાથી વિવેકવડે સારાસાર સમજી શકે એવી હતી, એટલે સંવાદ બહુ તત્ત્વમૂલક થયો છે.

\+ + +

આપણે થોડું આશ્રમધર્મનું રહસ્ય તપાસીએ; જીવાત્માને મનુષ્યશરીરમાં ચાર હેતુઓ સિધ્ધ કરવાના હોય છે: (૧) **ધર્મ** એટલે સત્ત્વગુણ વધે, નીતિથી વ્યવહાર ચાલે, સંપ, સંતોષ અને સંયમથી પોતાનું તથા લોકસમૂહનું કલ્યાણ થાય એવી સમાજની વ્યવસ્થાપૂર્વકનું જીવનધોરણ. ( ૨ ) **અર્થ** એટલે અન્નવસ્ત્ર, ધનવૈભવ જેવાં લેવડદેવડનાં સાધનરૂપ પદાર્થો, કે જેથી પોતાનાં પરિચિત સ્નેહીસંબંધી તથા સમાજનાં અન્ય અંગો સાથેનો સુખસગવડનો વ્યવહાર નિભાવવા ચલાવવામાં ઉપયોગી થતી બધી વસ્તુઓ. ( ૩ ) **કામ** એટલે પૂર્વસંસ્કાર પ્રમાણે ચિત્તમાં જે

દ્વારા પુત્રપરિવાર તથા અન્ય સંબંધીજનો સાથે શરીરના સંબંધ બંધાયા હોય, તેમજ બીજા કોઈ સાથે સ્નેહસંબંધ બંધાય તે બધાંની સાથે પ્રીતપૂર્વક જીવન ગાળી ગૃહસ્થાશ્રમની મર્યાદા સાચવવી. (૪) મોક્ષ એટલે પ્રથમના ત્રણેય પુરુષાર્થદ્વારા ગૃહસ્થાશ્રમને શોભાવી, યથેચ્છ સંતોષ તથા તૃપ્તિ ભોગવી, ધાર્મિક જીવનના અંતિમ પરિપાક જેવું સંસારબંધનમાથી છૂટવા મથતા મનનું ઈશ્વર પ્રતિનું વલણ તથા નિત્યને માટે ભવસમુદ્રમાંથી પાર ઊતરવાની મોક્ષેચ્છા.

આ ચાર પુરુષાર્થમાં માનવજીવનની મહત્તા અંકાઇ જાય છે, તેથી સન્માર્ગે જવા માટે ઉત્તરોત્તર સ્વાભાવિક આશ્રમની વ્યવસ્થા કરેલી છે.

અર્થ અને કામ એ બે જો જીવનનાં સ્થૂલ વ્યવહારનાં આવશ્યક અંગ હોય તો ધર્મ અને મોક્ષ એ આન્તરિક અને અધ્યાત્મજીવનનાં એનાથી પણ વિશેષ ઉપયોગી સાધન છે. જ્યાં જ્યાં માનવ પ્રાણીની હયાતી છે ત્યાં ત્યાં માલમિલકત, સગાં-સંબંધી, લેવડદેવડ, અન્નવસ્ત્રની સગવડ વગેરેની જરૂર પડે છે, તેટલી જ સમાજની શાંત અને સુખમય વ્યવસ્થામાં પ્રેમ, સેવા, દયા, કરુણા, સંતોષ, સમાધાન અને નિયમ જેવી આંતરિક ધર્મની આવશ્યકતા પડે છે. ધર્મ વિના તો પશુના જેવી જ મનુષ્યની પ્રવૃત્તિ થાય, અને હિંસાનો એટલો બધો ધસારો થાય કે માનવજીવનમાં ભયસ્થાનોનો રાફડો ઊભરાય. કલહ, કલેશ, અને મારામારીના જ પ્રસંગો ડગલે ને પગલે ઊભા થાય; શારીરિક બળની જ કિંમત અંકાય અને રાક્ષસી જીવનવ્યવહારમાં પશુ કરતાં પણ માનવપ્રાણી ઊતરતી કક્ષાનું ધોરણ બાંધે, અને એ પ્રમાણે ભયંકર વાતાવરણમાં જ એને જીવવું પડે. સમાજનાં

ધોરણની વ્યવસ્થા આટલા માટે જ બંધાય છે; એને માટે જ સ્મૃતિઓ લખાઇ છે; અને ધરાધોરણ ઘડાયાં છે.

પરંતુ એટલેથી જ માનવપ્રાણીના જીવનનો ઇતિશ્રી થતો નથી. સ્થૂલ શરીરના ધર્મ કરતાં આંતરિક મનની ચંચલતા, વાસનાની ગડમથલ વધારે બલવતી અને વેગવતી છે. વિલાસવસ્તુઓના ગંજ ખડકાય, બાહ્ય સુખસાધનોના ભંડાર ભરાય—ઠલવાય, છતાં એનું મન જો સંતોષ અને સુખનો વિચાર ન કરે, તથા એનું ઉદ્ગમ સ્થાન—કેન્દ્ર ન શોધી શકે, તો એ સમાજ છેવટે આત્મઘાતી જ બને છે.

નિત્યક્રમમાં જેટલી એને નિદ્રાની આવશ્યકતા છે એટલી જ આવશ્યકતા એને શાંતિની છે. એ સ્થિરતા અને શાંતિ બાહ્ય જગતમાંથી કલ્પાંતે પણ સાંપડે એવાં નથી, કારણ કે ઇંદ્રિયો અને મનની ચંચલતાભરી દશામાંથી એ સાંપડવાની જ નથી. અલ્પ સુખ અને ક્ષણિક શાંતિથી એની મૂંઝવણ વધતી જાય છે, ભટકતા મનની પાછળ શરીરને રખડાવવાથી એની વિહ્વળતામાં ઉમેરો થતો જાય છે.

સુખને માટે જ એ જન્મે છે: જન્મીને માતાપિતા તથા ભાઇભાંડુ સાથે સંપીને રહેતાં શીખે છે; યુવાન થતાં જાતીય કામવાસનાની જાગ્રતિ થાય છે ત્યારે એટલે સહચર કે સહચરીની શોધ કરે છે, અને એની પ્રાપ્તિ પછી પ્રજાસન્તતિની વાસના ઊભી થાય છે. પુત્રપુત્રીના પરિવારનો, રક્ષણપોષણનો ભાર ઉપાડે છે, અને એવી રીતે મમત્વનો વિસ્તાર વધતાં વધતાં લોહીનાં સગાંસંબંધી અને મનનો મેળ રાખનારાં સ્નેહીવર્ગ સાથે સંબંધો ગાઢ થતા જાય છે.

આ બધા વ્યવહારમાં પણ સુખ-શાંતિની જ પ્રેરણા પ્રબલ રહે છે. સુખનાં સ્થાનોમાંથી નિરાશા સાંપડતાં એ વિચારશીલ બનીને અન્તર્મુખ થાય છે, અને બુદ્ધિમાં વિવેકભરી સમજણના અંકુરો ફૂટવા માંડે એટલે સત્ત્વગુણના પ્રેમની ઝંખના વધે છે. સત્ત્વગુણની આ ઝંખનામાંથી ધર્મનું વલણ પેદા થાય છે, ને ધર્મના વલણમાંથી સમાજની પ્રેમાળ વ્યવસ્થાનું સમાધાન શોધાય છે. આયુષ્યના વધવા સાથે સ્થૂલ શરીરની ક્ષીણતા અને સૂક્ષ્મ આન્તરિક મનોદશા સંસારના સારામાઠા અનુભવોનો સાર શોધવાની તૈયારી કરે છે. એ વિચારધારા પ્રવાહિત રહેતાં સમાજ અને સંસાર, જગત અને બ્રહ્માંડની વિવિધ અને વિચિત્ર ગતિકૃતિની રચના પાછળનો સ્રષ્ટા અને સ્રષ્ટાનો હેતુ, જીવનનું સારતત્ત્વ તથા ધર્મ અધર્મની તુલના કરીને કંઈક અગમ્ય, અદૃષ્ટ, અતર્ક્ય એવા પરમતત્ત્વની શોધ માટે તૈયારી કરે, એ છે મોક્ષેચ્છાનું મંગલાચરણ. ચોથા પુરુષાર્થ માટેના મનોમન્થનના શ્રીગણેશ.

\+ \+ \+

આ ચારેય પુરુષાર્થને સ્વાભાવિક માનીએ એટલે ચાર આશ્રમની વ્યવસ્થા પણ સ્વાભાવિક લાગે છે. શરૂઆતમાં ધર્મ, અર્થ અને કામનું શિક્ષણ મેળવવા એણે વિદ્યાર્થી-આશ્રમ સ્વીકારવો પડે. એ આશ્રમમાં અવિવાહિત હોય એટલે ધર્મના પાયારૂપ ઇશ્વરતત્ત્વ પ્રતિ અભિરુચિ થાય એવું શિક્ષણનું ધોરણ બંધાય છે. ઇશ્વરના વિશુદ્ધ વ્યાપક સ્વરૂપ બ્રહ્મમાં જ એની દિનચર્યા ગોઠવાય, એને લક્ષ્ય રાખીને જ અપરાવિદ્યાઓનું શિક્ષણ પ્રાપ્ત કરે, એટલે એ બ્રહ્મચર્ય-આશ્રમ કહેવાય છે. ત્યારપછી સ્ત્રીસહચરી મેળવી પતિપત્ની બને ત્યારે ગૃહસ્થાશ્રમી બને—ઘરબારી બને,

અને ઉપર કહ્યું છે તેમ સમાજમાં પ્રેમ અને સેવાદ્વારા વિશિષ્ટ સ્થાન મેળવે. આ આશ્રમની મહત્તા જબરી છે. પતિપત્નીનો સંબંધ કેવળ સ્થૂલ ભોગમાં જ સમાઇ જતો નથી. ગૃહિણી એટલે જ ગૃહ એ પુરાપ્રાચીન ઉક્તિ છે, કારણ કે ગૃહસ્થાશ્રમના પહેલાંનો આશ્રમ તો ઋષિકુલમાં નિવાસ કરી સહાધ્યાયીઓ સાથે કૌમારવ્રત પાળવાનો છે. ત્યાર પછી જે બે આશ્રમ છે એમાં વાનપ્રસ્થાશ્રમની પદ્ધતિનો લોપ થયો હોય એમ લાગે છે: પતિપત્ની વનવાસ સેવે, તપશ્ચર્યા કરે, જાતીય વિકારનો ધ્વંસ કરતાં શીખે, અને એ રીતે જીવન્મુક્તિની તૈયારી જેવો એ આશ્રમ સેવે એવી આજ્ઞા છે. પરંતુ એ આશ્રમનાં આચરણ અત્યારે રહ્યાં નથી.

સૌથી છેલ્લો આવ્યો ચતુર્થાશ્રમ—સંન્યાસાશ્રમ. ભારતીય જીવનવિધાનમાં તત્ત્વજ્ઞાનની મહત્તા સર્વશ્રેષ્ઠ છે. એનું તત્ત્વજ્ઞાન એક મહાન ભૂષણ છે. વ્યવહારપક્ષે વર્તમાન રૂઢિમાં કેટલાંયે દૂષણ હશે. કારણકે સમાજ અને માનવીય સ્વભાવ તો કાળના પરિવર્તન સાથે બદલાઈ જાય છે. એટલે એના નિયમોમાં વધારો, ઘટાડો કે સુધારો થાય, પરંતુ સમસ્ત જીવનના સર્વોચ્ચ ધ્યેય તરીકે સ્વીકારેલું મોક્ષમહત્ત્વ અને એનું સાધન તો મનોવૃત્તિ અને આંતરિક સૂક્ષ્મ ભાવની સાથે સંબંધ ધરાવે છે, એટલે નિત્ય શાંતિ નિરંકુશ તૃપ્તિ અને નિરતિશય આનંદ માટેનું તત્ત્વજ્ઞાન તથા એનો સિધ્ધાન્ત ઉપનિષદ્કાળથી એની પરાકાષ્ઠાએ પહોંચ્યો, તે એવો ને એવો જ અણિશુદ્ધ રહ્યો છે.

ચતુર્થાશ્રમની યોજના ભારતીય સમાજમાં જ છે એમ નથી; જૈન, બુધ્ધ, ખ્રિસ્ત અને ઇસ્લામમાં પણ એની મહત્તા એકસરખી આંકેલી છે. આંતરિક વૈરાગ્ય માટે બાહ્ય સંગના ત્યાગની અપૂર્વ આવશ્યકતા ન માનીએ, તો પ્રથમના ત્રણ આશ્રમમાં એક અદ્વૈત

તત્ત્વનું અનુસંધાન કરવાના જીવનપ્રસંગો ભાગ્યે જ સાંપડે છે. ધર્મ, અર્થ અને કામ જેવા ત્રણ પુરુષાર્થની પ્રાપ્તિમાં જ એ આશ્રમીઓનું જીવન વીતી જાય, એટલે માનવજન્મનું સર્વોત્કૃષ્ટ ધ્યેય તો એમાં અધૂરું જ રહે. પુનર્જન્મનો સર્વમાન્ય સિદ્ધાન્ત સ્વીકારીએ તો માનવજન્મ પુનઃપુનઃ મળે કે ન પણ મળે. પ્રકૃતિને પરાધીન એવાં ઈતર શરીરોમાં તો એ સાધન બની શકે એવું જ નથી.

માનવીય જીવનનું લક્ષ્ય પ્રત્યેક અવસ્થામાંથી સંયમ સાચવીને પાર ઉતરવાનું છે; એટલે બ્રહ્મચર્યાશ્રમ અને ગૃહસ્થાશ્રમના સામાજિક ધર્મસંયમથી જીવનને વિશુદ્ધ બનાવી વાનપ્રસ્થની તપશ્ચર્યા અને સંન્યાસ–આશ્રમની જ્ઞાનનિષ્ઠાદ્વારા બ્રહ્મવિદ્ બનવું, એ હેતુ સિદ્ધ કરવો જોઇએ. ચારેય આશ્રમની ક્રમવ્યવસ્થા જેવી રીતે છે એવી રીતે આંતરિક પૂર્વસંસ્કારના ભેદને લીધે વૈરાગ્યની તીવ્રતા હોય તો પ્રથમના ગમે તે આશ્રમમાંથી ચતુર્થાશ્રમ સ્વીકારી શકાય છે. યાજ્ઞવલ્કય ગૃહસ્થાશ્રમમાંથી જ સંન્યસ્ત લેવાની તૈયારી કરે છે. શુકદેવ જેવા બ્રહ્મચર્યાશ્રમમાંથી ચતુર્થાશ્રમને દીપાવે છે અને વામદેવ જેવા માતાના ગર્ભમાંથી જ બ્રહ્મવિદ્‌ની વાણી ઉચ્ચારે છે. આવી રીતે બ્રહ્મચર્યાશ્રમ જો માનવીય જીવનનું ધર્મમૂલક બીજ છે તો ગૃહસ્થાશ્રમ સુંદર સમાજવૃક્ષ છે કે જેને ઉત્તરાવસ્થામાં વાનપ્રસ્થદ્વારા કેળવવાથી સંન્યાસઆશ્રમરૂપ પરિપક્વ ફલ પ્રાપ્ત થાય છે.

પ્રત્યેક આશ્રમ પોતપોતાના ધર્મક્ષેત્રમાં સર્વોત્તમ છે, અને તેથી જ શાસ્ત્રોમાં જ્યાં જે આશ્રમની મહત્તા વર્ણવવાની હોય ત્યાં તેની સર્વોપરી સ્તુતિ કરી છે એ દોષ નથી.

યાજ્ઞવલ્કય ગૃહસ્થાશ્રમી પંડિત હતા, હજારો ગાયોનું ગોધન રાખતા, સભાજિત હતા, શાપવરદાનની શક્તિ મેળવેલા ઉપાસક હતા,

બ્રહ્મવિદ્યાના આચાર્ય હતા; છતાં એ બધા વ્યવહારથી પણ ઉપરત થયા. મહાન પુરુષ જેવું આચરણ કરે તેનું અનુકરણ અલ્પબુદ્ધિલોક કરે એવું ગીતાકાર કહે છે. યાજ્ઞવલ્કય સંન્યાસ-આશ્રમ સ્વીકારી ચતુર્થાશ્રમની મહત્તા વધારે છે; અને તેની સાથે જ, બ્રહ્મવિદ્ બ્રાહ્મણ ગૃહસ્થાશ્રમનું જીવન કેવી રીતે વિતાવે, અસંખ્ય શિષ્યોના ઋષિકુલમાં નિવાસ કરી એને ધર્મશિક્ષણ આપે, રાજર્ષિઓની સભામાં જઈ મિથ્યાપંડિતોનો ગર્વ ઉતારે, અને છેવટે સંન્યાસ-આશ્રમ લેતી વખતે પણ ધર્મપત્નીઓને યોગ્ય માર્ગે વાળે એવું યાજ્ઞવલ્કયનું જીવન આર્ષજીવનનું સર્વોત્તમ આદર્શ છે.

\+ \+ \+

આ સંવાદનો ઉપયોગી ભાગ આપણે વાંચી જઈએ :—

*"મૈત્રેયી!" એમ યાજ્ઞવલ્કયે કહ્યું : "હું આ સ્થાન (ગૃહસ્થાશ્રમ)થી ઉપર (સંન્યાસ-આશ્રમમાં) જવાનો છું. તેથી (તારી અનુમતિ લઉં છું; અને ઇચ્છું છું કે) કાત્યાયનીની સાથે તારો ભાગ વહેંચી આપું."

મૈત્રેયીએ કહ્યું, "કદાચ આ ધનથી સંપન્ન સમસ્ત પૃથ્વી મારી થઇ જાય તો શું એનાથી હું કોઇ પણ રીતે અમર બની શકીશ?" યાજ્ઞવલ્કયે ઉત્તર આપ્યો: "ના; (કેવલ) ભોગસામગ્રીઓથી સંપન્ન મનુષ્યોનું જેવું જીવન હોય છે એવું તારું જીવન બને. ધનથી અમૃતત્વની તો આશા છે જ નહિ."

એટલે મૈત્રેયી બોલી : "જેનાથી હું અમર નથી બની શકતી, (આત્મા અમર છે, દેહ નશ્વર છે: તાત્પર્ય કે અમૃતસ્વરૂપ આત્મજ્ઞાન તો મને મળે નહિ એવું જે છે) એને લઇને હું શું કરું?

* મૂલ માટે જુઓ બૃહદારણ્યક ઉપનિષદ્ અ. ૨—૪ અને અ. ૪—૫

ભગવન્ ! ( આપ ) જે કાંઇ અમૃતત્વ ( મોક્ષ )નાં સાધન જાણો છો એ મને પણ બતાવો. ''

યાજ્ઞવલ્કય બોલ્યા : ''ધન્ય છે, મૈત્રેયી! તું પહેલાં પણ મારી પ્રિયા ( પ્રિય ભાર્યા ) હતી અને અત્યારે પણ મને પ્રિય લાગે એવી વાત કરી રહી છે. ઠીક ત્યારે, આવ બેસ; હું તને એ (અમૃતત્વ)ની વ્યાખ્યા કરી બતાવું; તું મારા વ્યાખ્યાનના વાકયોના અર્થનું ચિંતન ( નિદિધ્યાસન ) કરજે.''

( યાજ્ઞવલ્કય પરમતત્ત્વનું વ્યાખ્યાન કરે છે. ) એણે કહ્યું :— ''મૈત્રેયી! ખરેખર પતિના પ્રયોજનને લીધે પતિ પ્રિય નથી હોતો પણ પોતાના ( આત્માના ) પ્રયોજનને લીધે પતિ પ્રિય બને છે; સ્ત્રી (જાયા )ના પ્રયોજનને લીધે સ્ત્રી પ્રિય નથી લાગતી પણ આત્માના પ્રયોજન ( કામના )ને લીધે જ સ્ત્રી પ્રિય બને છે. પુત્રોના પ્રયોજનને લીધે પુત્ર પ્રિય નથી. પણ આત્માના પ્રયોજનને લીધે પુત્ર પ્રિય લાગે છે; ધનના પ્રયોજનને લીધે ધન પ્રિય નથી લાગતું પણ આત્માના પ્રયોજનને લીધે ધન પ્રિય લાગે છે; બ્રાહ્મણના પ્રયોજનને લીધે બ્રાહ્મણ પ્રિય નથી હોતો પણ આત્માના પ્રયોજનને લીધે બ્રાહ્મણ પ્રિય બને છે; ક્ષત્રિયના પ્રયોજનને લીધે ક્ષત્રિય પ્રિય નથી લાગતો પણ આત્માના પ્રયોજનને લીધે ક્ષત્રિય પ્રિય લાગે છે; લોકોના પ્રયોજનને લીધે લોક પ્રિય નથી, હોતા પણ આત્માના પ્રયોજનને લીધે લોકપ્રિય બને છે. દેવતાઓના પ્રયોજનને લીધે દેવતા પ્રિય નથી હોતા પણ આત્માના પ્રયોજન લીધે દેવતા પ્રિય લાગે છે; પ્રાણીઓના પ્રયોજનને લીધે પ્રાણીઓ પ્રિય નથી લાગતાં પણ આત્માના પ્રયોજનને લીધે પ્રાણીઓ પ્રિય લાગે છે. બધાનાં પ્રયોજનને લીધે બધું પ્રિય નથી લાગતું પણ આત્માના પ્રયોજનને લીધે બધું પ્રિય લાગે છે. અરે

મૈત્રેયી! આ આત્મા જ દર્શનીય, શ્રવણીય, મનનીય અને ધ્યાન કરવાને યોગ્ય છે: હે મૈત્રેયી! આ આત્માનાં દર્શન, શ્રવણ, મનન તથા વિજ્ઞાન ( નિદિધ્યાસનદ્વારા થતા અનુભવ )ને લીધે બધાયનું જ્ઞાન થઇ જાય છે.''

આ સંવાદમાં આગળ જતાં બ્રહ્મજ્ઞાન માટે ભિન્ન ભિન્ન દૃષ્ટાન્તો કહી બતાવી બ્રહ્મની એક, અખંડ, અદ્વિતીયતા સિદ્ધ કરીને ઉપદેશ આપે છે. જે પરમતત્ત્વના અનુભવસિદ્ધ જ્ઞાન માટે પોતે પરિ-વ્રાજક થવા ઈચ્છે છે એનું મહત્ત્વ પ્રિય ધર્મપત્નીને સમજાવે છે, કારણ કે મૈત્રેયી ધનનો ત્યાગ કરે છે, ઐહિક પારલૌકિક વસ્તુઓની અનિચ્છા બતાવે છે, અને પોતાનો બ્રહ્મવિદ્‌ પતિ જે તત્ત્વના સાક્ષાત્કાર માટે વ્યવહારપક્ષે પ્રિય મનાતી બધી વ્યક્તિ કે વસ્તુઓનો ત્યાગ કરવા તત્પર થયો છે, એ પરમવસ્તુ સૌથી વિશેષ પ્રિયતમ હશે એવી શ્રદ્ધાથી પ્રેરાઈ ઋષિ જે ઉપદેશ કરે છે એનું એકચિત્તે શ્રવણ કરે છે.

આ સંવાદમાં आत्मनस्तु कामाय એવી શબ્દયોજના છે. વાક્યનો શબ્દાર્થ એવો થાય છે કે ''પતિના કામ ( પ્રયોજન ) માટે પતિ પ્રિય નથી લાગતો પણ આત્માના કામ માટે પતિ પ્રિય લાગે છે.'' અહીં સર્વત્ર જે કામ શબ્દ યોજાયો છે તે અત્યંત મહત્ત્વનો છે.

ચાર પુરુષાર્થમાં ત્રીજો પુરુષાર્થ કામ છે; સમાજની વ્યવસ્થામાં મુખ્યત્વે પતિપત્નીના સંબંધમાં અને ગૌણપક્ષે જે જે વસ્તુનો ઉપયોગ કે ભોગ કરવાની મનુષ્યને ઇચ્છા થાય ત્યાં એ બધામાં એને આનંદની આશા બંધાય છે. એ આનંદની આશા જ અહીં કામ શબ્દ તરીકે ઓળખાવી છે. ભોક્તાને ભોગ્ય વસ્તુના ઉપભોગમાં

આનંદ આવે છે, એ એનો પોતાનો છે. ભોગ્ય વસ્તુને એથી આનંદ આવે કે ન પણ આવે, છતાં ભોક્તા તો ઉપભોગ કરવામાં આનંદ માને છે, અને એ જ છે એની કામદશા.

એ પદાર્થો પરસ્પર ભોક્તા-ભોગ્ય બનતાં બન્નેનો કામ સંતુષ્ટ થાય એમ માની લઈએ, પણ ધનવૈભવ જેવી જડ વસ્તુની પ્રાપ્તિમાં જે ધનને આપણે ભોગ્ય માનીએ, એને આનંદ આવે છે એમ કલ્પી શકાતું નથી. શિકારીને પોતાના શિકારની હિંસા કરીને માંસાહાર કરવાની ટેવ હોય, તેમાં ભોગ્ય બનેલું પ્રાણી આનંદ તો શું માણે, પણ દુઃખના અતિશય જેવું મૃત્યુ પામે છે. ભગવાન શંકરાચાર્ય એટલા જ માટે "કામનો"નો અર્થ "પ્રયોજન" કરે છે: માનવી જીવાત્મા જે જે ક્રિયા કરે છે, જ્યાં જ્યાં સંબંધ બાંધે છે, જ્યાં જ્યાં એને પ્રિયતા લાગે છે; એ બધામાં એને પોતાના આત્માનંદનું જ પ્રયોજન હોય છે. આ વાત સ્વતઃસિદ્ધ હોવા છતાં નિત્યના વ્યવહારમાં "મારે તો કાંઈ નહિ, તારે માટે હું આમ કરું છું" કહેનારાં પરોપકારભાષી અજ્ઞાનીઓની ખોટ નથી.

આ આખું પ્રકરણ છે, આત્માની જ પરમપ્રિયતા બતાવીને "અનાત્મા"ની અપ્રિયતા સિદ્ધ કરવા માટેના વૈરાગ્યના ઉપદેશનું. અનાત્માના વૈરાગ્ય વિના—વધારે સૌમ્ય ભાષામાં બોલીએ તો અનાસક્તિ વિના—આત્મામાં પ્રિયબુદ્ધિ ઉપજતી નથી. અને આત્મામાં પ્રિયબુદ્ધિ ઉપજે એટલે અનાત્મા—પોતાના કરતાં જે કાંઈ પૃથક્ હોય તે—ના વૈરાગ્યનો અર્થ દ્વેષ કે તિરસ્કાર નથી, પણ મોહ, મમત્વ, આસક્તિ વગેરેને લીધે જે અતિશય પ્રિયતા રાખીએ છીએ એને બદલે આત્માના સર્વવ્યાપકપણાને લીધે સર્વમાં સમત્વદૃષ્ટિ કેળવવા માટેની સમજાવટ છે.

આત્મા જ પરમપ્રેમાસ્પદ છે એટલું કહેવા માત્રથી સમતા આવી જતી નથી; ઉપર જે 'પતિ'થી માંડીને 'સર્વ' સુધીની ગણતરી કરી છે તેમાં પ્રથમ બધે અનાત્મદૃષ્ટિ કરવી જોઇએ, કારણ કે એ બધામાં પ્રથમ આત્માના જેટલી તો શું પણ આત્માના કરતાં પણ અસંખ્યગણી મમતા રાખેલી હોય છે; આત્મા તો એક, સમરસ, સર્વવ્યાપક, પરમચૈતન્ય છે, પણ આપણે દેહદૃષ્ટિ–જડબુદ્ધિવાળા બનીને પ્રત્યેક નામરૂપધારીને પૃથક્ પૃથક્ આત્મા માનીએ છીએ, અને એ બધાંને પ્રિય માનીને એમનું જ સ્મરણ–ધ્યાન કરતાં કરતાં દુઃખી બની વલોપાત કરીએ છીએ; આપણને આત્માના આનંદને લીધે આ બધો વ્યવહાર પ્રિય લાગે છે છતાં એ પરમ સત્યની કલ્પના કરી શકવાની મનોદશામાં આપણે રહેતા નથી.

પતિ, પત્ની, પુત્ર, વિત્ત, બ્રાહ્મણ, ક્ષત્રિય, લોક, દેવ, પ્રાણી, સર્વ —આ બધાં પ્રિય લાગે છે; એ બધાંને માટે પ્રાણત્યાગ કરી વારંવાર જન્મમરણનાં ચકડોળ ફેરવવા પડે છે. પણ એ ખરી રીતે જોતાં પ્રિય નથી, એ બધાંના ભોગ–ઉપભોગથી આત્માને આનંદ થાય છે. અરે! એમાં આત્માનંદની ઝાંખી થાય છે. *

આત્માને માટે વિશ્વ, નહિ કે વિશ્વને માટે આત્મા, એ પરમસૂત્ર આમાંથી ફલિત થાય છે; તત્ત્વજ્ઞાનની સર્વોચ્ચ અબાધિત દૃષ્ટિમાં તો વિશ્વ કેવળ આત્મામાં અધ્યસ્ત થયેલી, મિથ્યા વિવર્ત દૃષ્ટિ છે; વિશ્વ ભ્રાંતિમાત્ર છે અને આત્મા જ સચ્ચિદાનંદસ્વરૂપ છે. માટે એ પ્રિય નહિ પણ પરમપ્રિય છે: આત્માની પ્રિયતાને લીધે જ બધું પ્રિય લાગે છે; આત્મા જો પ્રિય ન હોય તો કશું પ્રિય લાગે જ નહિ.

---

*વિસ્તૃત વિવેચન માટે જુઓ—પંચદશી, પ્રકરણ ૧૨, આત્માનંદ.

આત્માની વિસ્મૃતિ થવાથી જ એ બધું પ્રિય લાગે છે એમ કહીએ તો પણ ખોટું નથી; આત્માની પ્રિયતા ભૂલી ગયા એટલે અનાત્મામાં પ્રિયતા લાગવા માંડે છે; એટલા માટે આત્માની વાસ્તવિક પ્રિયતા અને અનાત્માની મિથ્યા પ્રિયતા બતાવીને પ્રત્યેક અનાત્માનો વૈરાગ્ય કેળવવાનો આ ઉપદેશનો ઉદ્દેશ છે.

યાજ્ઞવલ્કય મૈત્રેયીને વૈરાગ્ય દૃઢ કરવા આત્માની પ્રિયતા સમજાવે છે, કારણ એ આત્મપ્રિયતાના કારણને લીધે જ પોતે 'પતિથી માંડી સર્વ' સુધીનો ત્યાગ કરવા તત્પર થયા છે. મૈત્રેયી જો અમૃતત્ત્વની આકાંક્ષા રાખતી હોય, પરમતત્ત્વનો ઉપદેશ ઇચ્છતી હોય, તો એણે પણ યાજ્ઞવલ્કયની પેઠે સમજવું જોઇએ કે આત્મા અમૃતસ્વરૂપ છે; આત્મા જ પરમપ્રિય છે; એ સિવાયનું બધું જે પ્રિય લાગે છે તે પ્રિયતાનો આભાસ છે; મિથ્યા અજ્ઞાન છે; એણે પણ બધા અનાત્મમાંથી પ્રિયતાનો મનોભાવ વાળી લઇને તેને આત્મામાં જ કેન્દ્રિત કરવો જોઇએ.

\+ \+ \+

आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेयी आत्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम् ॥

બૃ. ઉ. અ. ૨-૪-૫.

**અર્થ**:—અરે મૈત્રેયી! આત્મા જ દર્શન કરવા, શ્રવણ કરવા, મનન કરવા અને ધ્યાન કરવાને યોગ્ય છે. હે મૈત્રેયી! આ આત્માનાં દર્શન, શ્રવણ, મનન અને વિજ્ઞાનથી જ સર્વનું જ્ઞાન થઇ જાય છે.

આ છે બ્રહ્મર્ષિ યાજ્ઞવલ્કયનો તત્ત્વજિજ્ઞાસુ મૈત્રેયીને મંત્રોપદેશ. આમાં કશી ગુપ્તતા નથી, રહસ્ય શોધવું પડે એવી કડાકૂટ નથી,

શબ્દના આડાઅવળા કે અટપટા અર્થ શોધવા પડે એવી ભાષાભીંસ નથી. સીધી અને સાદી વાત છે કે—"આત્મા જ દર્શન કરવાને યોગ્ય છે."—એટલું કહીને એ દર્શન (સાક્ષાત્કાર, પ્રત્યક્ષ અનુભવ) માટે સાધન બતાવે છે કે "એનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું જોઇએ."

આત્માની મહત્તા એના દર્શનમાં છે એમ ઋષિ કહે છે: સાંસારિક વ્યવહારમાં આપણે (જોનાર) દ્રષ્ટા, જોવાનું હોય તે દૃશ્ય, અને દ્રષ્ટાની દૃશ્યને જોવાની ક્રિયા એ દર્શન એમ બોલાય છે; માનવીય જીવાત્મા અનેક જન્મજન્માન્તરમાં બ્રહ્માંડના અસંખ્ય પદાર્થોને જોતો આવ્યો છે. માની લ્યો કે એણે ચૌદ બ્રહ્માંડ જોયાં છે; સૂર્ય, ચંદ્ર, નક્ષત્રાદિ દેવદેવતાઓ જોયાં છે; શિવ, વિષ્ણુ જેવા દેવોના દર્શન કર્યાં છે, રામકૃષ્ણાદિ અવતારો તેમજ આચાર્યો સંત-મહંતોનાં દર્શન કરી લીધાં છે, તે ઉપરાંત રાક્ષસી આસુરી વ્યકિત અને પદાર્થોનાં ભયંકર સ્વરૂપોને ભયભીત હૃદયે નિહાળ્યાં છે; કયાંક પ્રીતિ ને કયાંક દ્વેષ કે તિરસ્કારની મનોવૃત્તિ અનુભવી છે; પણ ન તો એ દર્શનોનો અંત આવ્યો કે નથી એમાં એને આવી પૂર્ણ આત્મતૃપ્તિ.

આત્માનાં દર્શનની મહત્તા ઋષિ વર્ણવે છે; અને તે પણ સર્વસ્વત્યાગના પ્રસંગે; પોતાની પ્રિયતમા ધર્મપત્ની મૈત્રેયીને ત્યારે એમ લાગે છે કે બધાં દર્શનોનાં દૃશ્યો કરતાં એનું દર્શન અલૌકિક અને સર્વોત્તમ હોવું જોઇએ. ઋષિ ખાતરી આપે છે કે એના દર્શન—અનુભવથી, સમસ્ત દર્શનોથી તૃપ્તિ ન થાય તેવી નિત્યતૃપ્તિ થાય છે. એટલે બધા જ્ઞાન—પદાર્થોના જ્ઞાન-થી જે જ્ઞાન નથી થતું તે આ આત્માના વિજ્ઞાનથી થઇ જાય છે;

આવી છે આત્મજ્ઞાનની સ્તુતિ !

ચતુર્થાશ્રમમાં અસંગ, એકાકી અને અનિકેત રહેવાનું હોય છે, એટલે એ પોતે તો એકલો અવધૂત—બધાં વિદ્યા-અવિદ્યાથી મુક્ત થયેલો—રજસ્-તમસ્‌ના રંગથી ધોવાઈને સ્ફટિક જેવો થયેલો શુદ્ધ અને સ્વચ્છ પરંબ્રહ્મનો અવતાર માત્ર એ પોતે, એકલો, કોઈ પણ જાતનાં સગાસંબંધી જેવા મમત્વ વિનાનો એકલવિહારી પરમહંસ !

એને પોતાનું સ્વરૂપ તપાસવું છે; એટલે એ કેવળ પ્રત્યેકના પોતાપણાની (ખરી રીતે આપણે વસ્તુનું 'પોત' કહીએ છીએ તેની) જ વાત કરવાની હોય ને! કાપડનું જેમ 'પોત' કહીએ છીએ તેમ માણસ માટે પણ "છેવટે એણે પોત પ્રકાશ્યું" એમ કહીને એવું સમજીએ છીએ કે 'પોત' એટલે પ્રત્યેકનું મૂલ સ્વરૂપ; સ્થૂલ દૃષ્ટિથી ઘણીવાર અપ્રકટ હોય તે સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં સાચું સમજાય, એ એનું "પોત' કહેવાય છે.

આ આત્મા જ બધાનું 'પોત' છે, એ જ દર્શન કરવાને યોગ્ય છે; અન્ય બધાં દર્શન ભ્રાન્તિમાત્ર છે. ઉપરાંત નકામાં છે, નિઃસાર છે, વ્યર્થ છે, મિથ્યા છે, માયાવિલાસ છે.

આત્માને માટે જ યાજ્ઞવલ્કય બધા સંબંધોનો ત્યાગ કરે છે એટલે એ આત્માના મહત્ત્વ માટે મૈત્રેયીને આશ્ચર્ય અને જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે. જેનો ગૃહસંસાર સુખી અને સમૃદ્ધ હતો, વિદ્વત્તાનું મંદિર હતો, વેદના સ્વાધ્યાયધામ સમો હતો, એવા સુખમય સંબંધોનો પણ જ્યારે પતિ ત્યાગ કરે છે ત્યારે આવી ધર્મપરાયણા મૈત્રેયીને જરૂર એમ લાગે કે જેને માટે એના પ્રિયતમ સર્વસ્વનો ત્યાગ કરે છે એ આત્મા પરમસુખનો

અવધિ હોવો જોઈએ. અને યાજ્ઞવલ્કય પણ એમજ કહે છે કે જગતમાં જ્યાં જ્યાં પ્રિયતા લાગે છે, એ બધામાં આત્માની જ શોધ છે. આત્માની ઝાંખી એમાં થાય છે એટલે જ એ બધામાં પ્રિયતા લાગે છે. આત્મા ન હોવા છતાં બધું આત્મા જેવું જ લાગે, એ તો છે આત્માનો આભાસ, અને એ આભાસ તો મિથ્યા ભ્રાન્તિ જ હોય, તેથી એ પ્રિયતાની માન્યતા કદી ફલીભૂત થતી નથી; એટલું જ નહિ પણ એમાં નિરાશા સાંપડે છે.

અત્યાર સુધી યાજ્ઞવલ્કય ગૃહસ્થાશ્રમી હતા, ઘરમાં બે પત્નીઓ હતી. યજ્ઞશાળા હતી એટલે બ્રાહ્મણધર્મ પ્રમાણે યજ્ઞયાગાદિ કરતા કરાવતા હતા. વેદનું પઠનપાઠન ચાલુ હતું એટલે વિશાળ શિષ્ય-સમુદાયને કુલમાં રાખી એમનું પોષણ, રક્ષણ તથા વિદ્યાધ્યયનનું બહુમૂલ્ય કર્મ કરતા હતા. રાજર્ષિઓની સભામાં જઈ અન્ય પંડિતોની સાથે કર્મ—ઉપાસનાના ફલાફલ વિષે ચર્ચાઓ કરી સભાજિત બનતા હતા. તત્ત્વચર્ચાઓ કરી શાસ્ત્રજ્ઞાનનો પ્રચાર કરતા હતા. આવી અનેકવિધ પ્રવૃત્તિઓ એમના બ્રાહ્મણ શરીર-દ્વારા ચાલતી હતી, તેથી જ એ મહાશાલ બ્રહ્મર્ષિ તરીકે પણ ખ્યાતનામ હતા. એમણે ગુરુની અનન્ય ભાવે સેવા કરી હતી અને એ પ્રસંગે થોડું અભિમાન આવતાં ભણેલી વિદ્યાનો જો કે એમને ત્યાગ કરવો પડયો હતો, પરન્તુ સ્વપ્રયત્નથી સૂર્યદેવની આરાધના કરીને યજુર્વેદની શુક્લ શાખાનું શ્રુતિજ્ઞાન મેળવ્યું હતું. આટલા પ્રખર વિદ્વાન કર્મ-ઉપાસનામાં પારંગત બનીને સિદ્ધર્ષિ તરીકે વિશ્વવિખ્યાત થઇ ચૂક્યા હતા.

આટલો બહોળો પ્રવૃત્તિપરિવાર છોડીને જ્યારે એ પ્રવ્રજ્યા સ્વીકારવા તૈયાર થયા, ત્યારે અત્યાર સુધી ઋષિનાં પ્રત્યેક ધર્મકાર્યમાં જે અગ્રસર રહી હતી તેવી ધર્મપત્ની મૈત્રેયીને અત્યારે આશ્ચર્ય થાય એ

સ્વભાવિક હતું. બધી વિદ્યાઓના સારરૂપ, બધાં ધ્યેયોના લક્ષ્યરૂપ, બધી સાધનાના ગર્ભરૂપ પરમતત્ત્વની એમને સાક્ષાત્ અનુભૂતિ કરવાની હતી. તેથી એ તત્ત્વની મૈત્રેયીને પણ જિજ્ઞાસા શા માટે ન થાય? શરીરના કોઇ પણ અંગના કાર્યનું બીજા અંગને જ્ઞાન થાય છે, તો યાજ્ઞવલ્કયની અર્ધાંગનાને યાજ્ઞવલ્કયના જેવી જ જિજ્ઞાસા-વૃત્તિ અવશ્ય ઉદ્ભવે. મૈત્રેયીને જિજ્ઞાસા થઇ અને એણે પ્રશ્ન કર્યો: યાજ્ઞવલ્કયે અર્ધાંગનાને અત્યારસુધી ધર્મ, કર્મ અને ઉપાસનાનું બધું જ્ઞાન આપ્યું હતું, એટલે હવે માત્ર સર્વાંગી જ્ઞાન આપવાનું બાકી રહ્યું હતું. એ સર્વાંગી-સર્વદેશી—સર્વોપરિ જ્ઞાન આપવાની જ આ મંત્રથી શરૂઆત થાય છે.

આત્મસાક્ષાત્કાર માટે, કેવલ, એક અદ્વૈત તત્ત્વ જ સત્ય છે, એ વિના ઇંદ્રિયગોચર અને મનોગત થતું બધું દ્વૈત મિથ્યાજ્ઞાન અને ભ્રાંતિ માત્ર છે, એનો સ્વીકાર કરવો પડે છે. કેવલાદ્વૈતનો સિધ્ધાન્ત ઋષિઓએ ઉપનિષદોમાં આમતેમ વિસ્તારી મૂકયો છે; ઉપનિષદ્માં એક ખાસ વાત એ જણાય છે કે એમાં જિજ્ઞાસુના અધિકાર માટે બહુ જ ભાર મૂકયો છે; અને એ અધિકાર વર્ણ, જાતિ, આયુ, ઋષિ, મુનિ, દેવ, ગૃહસ્થ, સંન્યાસી, બાલક, યુવા, વૃદ્ધ કે એવા કોઈ બાહ્ય ભેદ ઉપર આધાર રાખતો નથી. અધિકારી જિજ્ઞાસુ શિષ્ય બનીને આચાર્ય પાસે બ્રહ્મવિદ્યા શીખવા આવે ત્યારે એના ચિત્તના અધિકાર પરત્વે જ લક્ષ્ય અપાયું છે. કઠોપનિષદ્માં યમરાજ બાલક નચિકેતાને ઉપદેશ આપે છે. કેનોપનિષદ્માં દેવતાઓને ઉમારૂપી આચાર્યે યક્ષનું ઉદાહરણ આપીને તત્ત્વોપદેશ આપ્યો છે. મુંડકોપનિષદ્માં પ્રજાપતિ પોતે આચાર્ય બને છે. છાંદોગ્ય તથા બૃહદારણ્યક ઉપનિષદ્માં વિધવિધ અધિકારીઓનો ઉલ્લેખ આવે છે. વિદ્વાન નારદને સનતકુમારે ઉપદેશ આપ્યો છે. રાજા

જનકને વિદ્યાનો મદ યાજ્ઞવલ્કયે ઉપદેશ આપીને ઉતાર્યો હતો. રાજા ઇંદ્ર અને વિરોચનનું વૃતાન્ત પણ મહત્ત્વના શિક્ષણથી ભરેલું છે. વળી, કયાંક આકાશવાણીથી તો કયાંક અગ્નિ તથા બળદના શબ્દમાત્રથી અધિકારી શિષ્યને જ્ઞાન થયું છે એવી વાત આવે છે. એક સ્થાનમાં વિદ્યાભિમાની શ્વેતકેતુને પિતાએ ઉપદેશ આપ્યો છે; અને અહીં બતાવેલી આખ્યાયિકામાં સંન્યાસાતુર યાજ્ઞવાલ્કય પોતાની મુમુક્ષુ ધર્મપત્નીને તત્ત્વનું શ્રવણ કરાવે છે. કોઇ કોઇ ઠેકાણે વર્ણ કે જાતિનો વિચાર કર્યા વિના શિક્ષાર્થીની યોગ્યતા જોઇને જ બ્રહ્મવાર્તા સંભળાવી છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં ઉલ્લેખ છે કે બ્રહ્મવાદી બેસીને પરસ્પર તર્કવિતર્ક કરતા હતા, એમાંથી જ અંતિમ લક્ષ્ય મેળવી શકયા. તાત્પર્ય એ કે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ મેળવવામાં વર્ણાશ્રમની, જાતિની, લિંગભેદની કોઇ બીજી મહત્તા દેખાઈ આવતી નથી, પરન્તુ ખાસ મહત્ત્વની વાત છે આચાર્યપ્રતિ પુત્ર કે શિષ્યની બુદ્ધિપૂર્વકની શરણાગતિ સાથેની વિવેક, વૈરાગ્યાદિ સાધન વિષેની યોગ્યતા. જેટલી ભક્તિ ઇશ્વરમાં હોય તેટલી જ ગુરુમાં હોવી જોઇએ, એવો ઉલ્લેખ ધ્યાન ખેંચે એવો છે. સાર એવો નીકળે છે કે જિજ્ઞાસુ—મુમુક્ષુએ સમસ્ત દ્વૈતપ્રપંચના મૂલનો ચિત્તમાંથી ઉચ્છેદ કરી નાંખવો જોઇએ. જયાં સુધી દ્વૈતરૂપ દશ્યમાં દ્દષ્ટારૂપ —દ્વૈતદર્શીની બુદ્ધિ ખૂંચી રહેલી હોય, શરીરને જ સત્ય માનીને મન અને ઈંદ્રિયગોચર તથા લોકપરલોકના સવિકલ્પ ભોગની વાસના અંતરમાં સડયા કરતી હોય, ત્યાં સુધી અદ્વૈતતત્ત્વનું જ્ઞાનબીજ ચિત્તમાં સ્થાન મેળવી શકાતું નથી. એનું બીજારોપણ કવચિત્ થાય એમ માનીએ, તોપણ અસંખ્ય ભોગવાસનાનાં કંટકવૃક્ષોના વનમાં એ સુંદર બીજનો કયાં ય પત્તો જ લાગતો નથી, કંટકવૃક્ષો એટલાં

બધાં વધી જાય છે કે એ તત્ત્વબીજને ઢાંકી આવરીને નહિવત્
બનાવે છે. એ તો ચિત્તભૂમિમાં સડીને જ નાશ પામે છે.

આવું એ અદ્વૈત બ્રહ્મ છે: એનો જોટો નથી, તેથી એ અદ્વિતીય છે: એના વિના બીજું કાંઇ પણ નથી તેથી એ એક અને કેવલ છે; એ જડ નથી, તેમ એને જાણવા માટે બીજા જ્ઞાનની જરૂરિયાત નથી, તેથી એ સ્વયંપ્રકાશ છે અને ચૈતન્ય છે. જીવભાવની સંકોચમય સ્થિતિ ન હોવાથી દુ:ખ કે શોકનું ચિહ્ન માત્ર પણ નથી તેથી એ આનંદ છે; અને આવું એ છે, ત્યારે એને **મેળવવું** કે **ઓળખવું**, એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

(૧) એને મેળવવાની વસ્તુ માનીએ તો એને માટે કર્મ કરવાં પડે, એવો સાર નીકળે. અને કર્મ કરવાનાં હોય તો કર્મનાં ફલ તો નીચે પ્રમાણે ચાર રીતે જ મેળવવાનાં હોય :—

अ. કોઇ વસ્તુ પહેલાં ન હોય તેને નવી બનાવવી કે ઉપજાવી કાઢવી; જેમકે પહેલાં ઘરેણું નહોતું તે સોનામાંથી બનાવ્યું. આવા કર્મને **ઉત્પત્તિ કર્મ** કહે છે.

आ. વસ્તુ હોય તેમાં ફેરફાર કરવાનો હોય, જેમકે રસોઇયો જુદી જુદી અન્નસામગ્રી લઇને એમાંથી કોઇ નવીન જાતની રસોઇ બનાવે એટલે એમાં ફેરફાર થયો કહેવાય. આનું નામ **વિકારી કર્મ** છે.

इ દૂર દેશમાં હોય, ભવિષ્યમાં મળે એવું હોય, એટલે કે એને માટે કયાંક જવું **પડે** અથવા એ આવી મળશે એવી ભવિષ્યની આશામાં બેસી રહેવું પડે કે એનું રટણ કરવું પડે એમ હોય તો એ છે **આપ્તિ કર્મ** છે.

૩. વસ્તુ હોય ખરી પણ એમાં કંઇક સુધારો કરવો પડે એમ હોય; આ સુધારણા બે પ્રકારની હોઇ શકે: ગુણની પ્રાપ્તિ અને મલની નિવૃત્તિ. એક એના ગુણ બદલવા. અને બીજું એના દોષ હોય તો દૂર કરવા. સફેદ કપડાને સુંદર આકર્ષક રંગથી રંગવું એ ગુણ બદલવાનું દષ્ટાન્ત છે અને મેલા વસ્ત્રને ધોવું એ એના દોષ દૂર કરવાનું કર્મ છે. આ બન્નેને **સંસ્કાર કર્મ** કહે છે.

આવી રીતે કર્મફલ ચાર પ્રકારનાં હોય છે અને બ્રહ્મને મેળવવા માટે કર્મો કરવાં પડે એમ હોય, તો તે આવી જ રીતે થઇ શકે; પરન્તુ બ્રહ્મની વ્યાખ્યા જ અનુભવી પુરુષો જુદે પ્રકારે કરી ગયા છે. કર્મથી બ્રહ્મ ( આત્મા—ઇશ્વર—પરમાત્મા ) ની પ્રાપ્તિ થાય છે એમ માનનારાએ, ઉપરના ચાર પ્રકારમાંથી કયા પ્રકારના કર્મનું એ ફલ છે એમ સિદ્ધ કરી આપવું જોઇએ કારણ કે કર્મથી આત્મસાક્ષાત્કાર થાય છે એમ કહેવામાં અસંગતિ આવે છે, વાતનો મેળ જ ખાતો નથી. કારણ કે બ્રહ્મની વ્યાખ્યા તો આ પ્રમાણે થાય છે.

૧. બ્રહ્મ તો નિત્ય છે, છે તે છે જ; એટલે એની ઉત્પત્તિ કરવાની કલ્પના જ નકામી છે; અનાત્મ વસ્તુની ઉત્પત્તિમાં જેવાં કર્મ કરવાં પડે એવાં કર્મ કરવાની એમાં આવશ્યકતા જ નથી. તેથી એ જાતનું ફલ જ કયાંથી હોય ?

૨. એ છે ખરું, પણ એમાં ફેરફાર કરવાની આવશ્યકતા જ નથી, કારણ કે એ નિર્વિકારી છે, સદાસર્વથા અને સમ-રસ છે. એટલે અમુક ફેરફાર કરવાથી બ્રહ્મ બનશે એવી વાત નથી.

૩. બ્રહ્મ સર્વવ્યાપક છે. દૂર દેશમાં કે ભવિષ્યમાં એ મળશે એવી આશા નથી; સર્વવ્યાપક હોવાથી એને માટે કોઇ પણ લોકલોકાન્તરમાં જવાની અથવા એક સ્થળે બેસીને ભવિષ્યમાં આવી મળશે એવી આશા રાખવાની નથી.

૪. બ્રહ્મ તો શુદ્ધબુદ્ધ અને નિર્ગુણ છે, એટલે એમાં ગુણનો ફેરફાર કરવાનો કે અશુદ્ધિ કાઢવાનો પ્રસંગ ઊભો થતો નથી; તેથી સંસ્કારકર્મ પણ એમાં નથી.

બ્રહ્મ નિત્ય હોવાથી એની ઉત્પત્તિ કરવાનાં કર્મ કરવાનાં નથી; નિર્વિકાર હોવાથી એમાં વિકાર કરવાનાં, ફેરફાર કરવાનાં કર્મ કરવાં પડે એવું નથી; એ સર્વવ્યાપક હોવાથી એને મેળવવા દેશાન્તર કે કાલાન્તરની અપેક્ષા રહેતી નથી, અને શુદ્ધ નિર્ગુણ હોવાથી એમાં સત્ત્વાદિ ગુણના આરોપણસંસ્કાર કે રાજસતામસગુણના અપનયન-સંસ્કાર કરવાના નથી. આવી રીતે બ્રહ્મ **મેળવવાનું** નથી. તેથી એમાં **કર્મને** સાધન તરીકે કહી શકાય એમ નથી. બીજો વિકલ્પ હવે એ રહ્યો કે એ બ્રહ્મને **ઓળખવાનું** છે.

સાધન તરીકે કર્મ કરવાનાં નથી, કારણ કે કર્મેન્દ્રિયોનો એ વિષય નથી. અને ઓળખવાનાં સાધન એટલે તો જ્ઞાન—સમજણ માત્ર; તેથી જે ઈંદ્રિયો વડે જ્ઞાન પ્રાપ્ત થતું હોય તે, તથા જ્ઞાનેન્દ્રિયો જ્યાંથી જ્ઞાન મેળવી શકતી હોય તે અંતઃકરણ જ્ઞાનમાં ઉપયોગી થઇ પડે છે. આ જ્ઞાનને બુદ્ધિની ક્રિયા માનીએ તો પણ એ કર્મ કહેવાતું નથી, કારણ કે એમાં વિચારદ્વારા માત્ર વૃત્તિ જ બદલવાની છે.

શરીરની પ્રત્યેક ઇંદ્રિય તથા અંતઃકરણચતુષ્ટયને પોતપોતાના સ્વભાવધર્મ છે; પ્રત્યેક વસ્તુના ગુણને શાસ્ત્રમાં જેમ ધર્મ કહે છે,

તેમ એની સ્વભાવગત ક્રિયા પણ ધર્મ તરીકે ઓળખાય છે. પંચ-તત્ત્વોનો વિચાર કરીએ એટલે આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વીના ગુણ–ધર્મ જેમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ છે, તેવી રીતે એ પાંચ તત્ત્વની બનેલી કાન, ત્વચા, નેત્ર, રસના અને નાસિકાના ગુણધર્મ પણ શબ્દશ્રવણ, વસ્તુસ્પર્શ, રૂપદર્શન, સ્વાદરસ, અને ઘ્રાણગંધનો આપણને અનુભવ થાય છે. અંતઃકરણ અને જ્ઞાનેન્દ્રિયો બાહ્ય જગતનું જ્ઞાન મેળવવામાં ઉપયોગી છે, તેથી વિશ્વ, વિશ્વસૃષ્ટા, સૃષ્ટિનો હેતુ અને ત્રણેયનું શોધન કરનાર "હું" પોતે, એ ચારનું પૃથક્કરણ કરવામાં વિવેકબુદ્ધિનો જ ઉપયોગ કરવાનો છે, કારણ કે વિચાર કરવો એ બુદ્ધિનો સ્વભાવગત ધર્મ છે. અને તેથી એવા વિચારના સાધનને જ્ઞાનયોગ કહેવામાં આવે છે.

પતંજલિનો યોગમાર્ગ અને વેદાન્તદર્શનનો જ્ઞાનમાર્ગ તદ્દન ભિન્ન સાધનમાર્ગી છે.

(૧) પતંજલિ યમ, નિયમ, આસન, પ્રાણાયામથી શરૂઆત કરી, આગળ જતાં જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો તથા ચિત્તનાવૃત્તિપ્રવાહને રોકવાનું કહે છે. એની શરૂઆત સ્થૂલ શરીરના અન્નમય કોષથી થાય છે.

(૨) વેદાન્તદર્શન વિવેક, વૈરાગ્ય, શમાદિ છ ગુણ, અને મોક્ષેચ્છા એટલાં બહિરંગ, અને ત્યાર પછી શ્રવણ, મનન અને નિદિધ્યાસનનાં અંતરંગ સાધન બતાવી, બુદ્ધિમાં આત્માની વ્યાપકતા સમજાવી, ઈંદ્રિયો કે ચિત્તનો નિરોધ ન કરાવતાં એ બધાંની જે સ્વભાવગત ક્રિયા થતી હોય તેમાં સર્વત્ર આત્મદષ્ટિ રાખવાનું કહે છે. એટલે એની શરૂઆત વિજ્ઞાન-મય કોષથી થાય છે.

આ ભેદ ખાસ ધ્યાનમાં રાખવાનો છે. ધ્યાન અને જ્ઞાન વચ્ચે બહુ જ મોટું અન્તર છે. બન્નેનાં સાધનો અને સાધ્ય પણ જુદાં જુદાં છે. પતંજલિ ઇશ્વરવાદી છે એટલે ઇશ્વરદર્શન માટેનાં સાધનો બતાવે છે, ત્યારે વેદાન્ત બ્રહ્મદર્શી છે એટલે સર્વવ્યાપક બ્રહ્મનું દર્શન કરાવે છે. એકમાં વૃત્તિનો નિરોધ છે, બીજામાં વૃત્તિની વ્યાપકતા છે. એકમાં ચંચલતાને વિક્ષેપમાં ગણી છે, ત્યારે બીજામાં ચંચલતાને લીધે થતા ઈંદ્રિયોના વ્યાપારમાં વિક્ષેપ ન માનતાં બધે બ્રહ્મભાવના જ કરવાની છે. ધ્યાનમાં નિરોધરૂપ કર્મ છે, જ્ઞાનમાં વિવેક વિચારરૂપી જ્ઞાન છે—સમજણ છે; દૃષ્ટિકોણ બદલવાનો છે. ધ્યાનમાં અંતર્મુખ અને બહિર્મુખ એવા ભેદ છે, ત્યારે જ્ઞાનમાં આત્મદૃષ્ટિ અને અનાત્મદૃષ્ટિનો ભેદ સમજવાનો છે. યોગને અંતઃકરણની શુદ્ધિ જ વિવક્ષિત છે, પણ ત્યાર પછી એને નિશ્ચલ બનાવવાનું છે, ત્યારે જ્ઞાનયોગમાં શુદ્ધિ થઇ ગયા પછી જ્યાં જ્યાં પ્રથમ અનાત્મદૃષ્ટિ હતી, ત્યાં આત્મદૃષ્ટિ રાખી, વિશુદ્ધ પ્રારબ્ધપ્રાપ્ત વ્યવહાર કર્યે જવાનો છે.

યોગમાં બાહ્ય વ્યવહારમાંથી નિવૃત્તિ લેવી પડે એમ હોય છે, જ્ઞાનમાં શુદ્ધ વ્યવહારમાં સર્વત્ર આત્મદૃષ્ટિ રાખવાની છે. જ્ઞાનમાં જો ધ્યાન ઉપયોગી હોય તો એટલા જ પૂરતું કે પૂર્વ સંસ્કાર પ્રમાણે અનાત્મદૃષ્ટિ જ્યાં જ્યાં થાય, ત્યાં ત્યાં બધે ધ્યાન રાખીને, ખ્યાલ રાખીને, સ્મરણ રાખીને બધાં નામરૂપનાં અધિષ્ઠાનમાં આત્મભાવનાનું જ્ઞાન રાખવાનું છે. એકને બાહ્ય કર્મ રોકવાનાં છે, બીજાને કર્મની સાથે કશો યે સંબંધ નથી; કર્મ થયા કરે—થયા જ કરવાનાં છે, કારણ કે એ પ્રકૃતિનો ધર્મ છે; માત્ર એમાં આત્મદૃષ્ટિ કરવાની છે. પ્રકૃતિનો નિગ્રહ કરવો એ પાણી વલોવીને માખણની આશા કરવા જેવું છે. કર્મનો વિરોધ કરવાનો વ્યર્થ શ્રમ છોડી દઇને પ્રકૃતિને

ઓળખવી, આત્માનું સ્વરૂપ શાસ્ત્રદ્વારા જાણવું અને હું—તું—તેના ભેદરૂપ અજ્ઞાનને કાઢી નાંખી, માનસિક ચંચલતાને શ્રદ્ધા દ્વારા દૂર કરી, એક અધિષ્ઠાનસ્વરૂપ બ્રહ્મદર્શન કેળવવાનું છે. આ મહાન ભેદ પ્રત્યેક જિજ્ઞાસુ–મુમુક્ષુએ ખાસ સમજવાનો છે, કારણ કે જ્યાં સુધી આ સાધનભેદ ન સમજાય ત્યાં સુધી સાધ્યનું યથાર્થ દર્શન સંભવિત જ નથી.

\+ \+ \+

અંતરંગ સાધનરૂપ શ્રવણ, મનન અને નિદિધ્યાસનનો વિચાર કરતાં પહેલાં આપણે એની અપેક્ષાએ જેને બહિરંગ સાધન કહીએ છીએ એવાં પ્રાથમિક સાધનસમૂહનો વિચાર કરીએ. જ્ઞાનયોગ વિજ્ઞાનમય કોષથી સાધનની શરૂઆત કરે છે. એનું પ્રથમ સાધન **વિવેક** તપાસી જોઈએ.

૧. વેદાન્તના પ્રકરણગ્રંથો તથા અવાન્તર વાક્યોના શ્રવણથી સત્–અસત્‌ને, ચિત્–જડને, આનંદ–દુઃખને ઓળખતાં શીખવું, એ **વિવેક** છે. બ્રહ્માંડમાં બે જ પદાર્થ છેઃ એક બ્રહ્મ અને બીજું માયા; એક આત્મા, બીજું અનાત્મા; એક 'હું' બીજું 'તું.' એ બેનો ભેદ સમજવા માટે આત્મા-બ્રહ્મનું સ્વરૂપ સમજવું–અને એને માટે નિશ્ચય કરવો, એ છે **વિવેક**: એવો વિવેક બુદ્ધિનું કાર્ય છે, એટલે વિજ્ઞાનમય કોષમાં બુદ્ધિ તથા પાંચ જ્ઞાનેન્દ્રિયો જ ઉપયોગમાં આવે છે. આવા વિવેકીને તો વેદાન્તશ્રવણ પૂરતી વ્યવહારમાંથી નિવૃત્તિ લેવી પડે, પરન્તુ જો એ જ્ઞાનેન્દ્રિયોનાં દ્વારને બંધ કરી, ધ્યેયનું દર્શન કરવા, ધ્યાન કરવા બેસી જાય, તો **વિવેક** નામના સાધનની શરૂઆત જ ન થઈ શકે.

**ભયસ્થાન** :–વિવેક ઠીક ન હોય ત્યાં સુધી જેટલાં જપ, તપ, વ્રત, વગેરે થાય એ દેહબુદ્ધિથી થાય, એટલે એ બધામાં કર્તાપણું મુખ્ય રહે, અને અભિમાન વધવાનો ભય રહે. અભિમાનની સાથે સુખદુઃખ, લાભહાનિ, માનઅપમાન, હર્ષશોક વગેરે દ્વંદ્વો તો વળગેલાં જ છે.

૨. બીજું સાધન **વૈરાગ્યનું** છે; આત્મા અને અનાત્માનો વિવેક થયા પછી આત્મા પ્રતિ જે અભિરુચિ થાય તે **ભક્તિ**; અને અનાત્માને અનિત્ય સમજીને એમાં મન જતું, વળગતું કે ચોંટતું હોય તો એને ઉખાડી ઉપાડીને આત્મા પ્રતિ વાળવું, એ **વૈરાગ્ય** કહેવાય છે; મુખ્ય અહંકારને કાઢી નાખીને આત્મસ્વરૂપ જે કૂટસ્થ અહમ્ છે, એની નામરૂપવાળા પ્રત્યેક અનાત્મ પદાર્થના અધિષ્ઠાનરૂપે મન પાસે ભાવના કરાવવી એ વિજ્ઞાનમય કોષનું કામ છે.

**ભયસ્થાન** :–વિવેક વિનાનો વૈરાગ્ય તો આંધળો છે. મુખ્ય કર્તાભિમાનને કાઢવાનું છે. એને બદલે દાન, પુણ્ય, અપવાસ વગેરે કરી હું તપસ્વી, ત્યાગી છું, વગેરેનું મિથ્યાભિમાન વધવાનો ભય રહે છે. આ બન્ને સાધનને તપાસી જુઓ એટલે જણાશે, કે એમાં મનોમય કોષનું જરાયે કામ નથી. મનોમય કોષમાં જ્ઞાનેન્દ્રિયોની સાથે અંતઃકરણનાં ચિત્ત તથા મનનો સમાવેશ થાય છે, જ્યારે વિજ્ઞાનમય કોષમાં બુદ્ધિ અને અહંકારની ગણતરી કરેલી છે. મનોમય અને પ્રાણમય જેવા નીચેના બે કોષની ક્રિયાઓને રોકવાની નથી, પણ એ જે જે ક્રિયાઓ કરે એ બધામાં **વિવેકવડે વૈરાગ્ય** કેળવવાનો છે. બધામાં આત્મ અને અનાત્મ દૃષ્ટિના ભેદવડે સમજણ વધારવાની છે.

(૩) ત્યારપછી આવે છે (૧) **શમ**, (૨) **દમ**, (૩) **ઉપરતિ**, (૪) **તિતિક્ષા**, (૫) **શ્રદ્ધા** અને (૬) **સમાધાન**. આ છ સાધનોના

સમૂહને ષટ્સંપદ્ કહેવામાં આવે છે. આમાં પાતંજલ યોગના યમ-નિયમનો સમાવેશ થઈ જાય છે. આસનપ્રાણાયામની જ્ઞાનયોગમાં ખાસ ઉપયોગિતા જ સ્વીકારી નથી. આ વાત આગળ ઉપર સમજાશે. આ છ સાધનમાં વિવેકજ્ઞાનના ઉદય પછી અનાત્મા પ્રતિ વૈરાગ્ય ઉપજે તેથી અનાત્મ પદાર્થોમાં હાનિલાભ થાય ત્યારે મન શાંત અવસ્થામાં રહે, એ છે **શમ**; મનમાં શાન્તિ (શમ) હોય અને બુદ્ધિમાં વિવેક-વૈરાગ્ય હોય એટલે ઈંદ્રિયોને અનાત્મ વિષયોમાંથી વાળવા—દાબવાની સમજણ તથા શક્તિ આવે ત્યારે **દમ** સહજ સાધ્ય બને છે; વિવેકપુરઃસર કેળવવા માટે દમનથી તામસિક તપ, વ્રત કે અનુષ્ઠાન ન કરતાં, દેહ-શોષણની માથાકુટમાં ન પડતાં, યુક્તાહારવિહાર સ્વાભાવિક રીતે સચવાય છે.

શમ અને દમ સિદ્ધ થતાં મન વિષયોમાં રમણ (રતિ) કરતું હોય તે ન કરતાં એમાંથી પાછું હઠે એ છે **ઉપરતિ**; ત્યાર પછી પ્રારબ્ધયોગે આવી પડતાં દ્વંદ્વને સહન કરવાની શક્તિ વધે એ **તિતિક્ષા**; આટલાં સાધન સિદ્ધ થતાં જ ગુરુશાસ્ત્રવાક્યના રહસ્યમાં યથાર્થ બુદ્ધિ ઉપજે એવી ઉજ્જવળ **શ્રદ્ધા**, અને મનની સમાહિત અવસ્થા, એટલે જે કાળે જે જ્યાં બને છે તે ઠીક થાય છે એવું **સમાધાન** કરતાં આવડે એ છેલ્લું સાધન છે.

(૪) આટલી સાધનામાંથી પાર ઊતરાય એટલે ચિત્ત શુદ્ધ અને સબલ બને છે. જીવ, ઈશ્વર અને સંસારના પ્રશ્નોનો ઉકેલ થઈ જવાથી મનમાં સમત્વબુદ્ધિ રહે, છતાંયે ત્રણેયના ચક્રમાંથી નિત્યને માટે છૂટા થવાની ઇચ્છા થાય, તે **મુમુક્ષુત્વ** છે. આ ચાર સાધન બહિરંગ કહેવાય છે, અને એ બધામાં વિચાર જ મુખ્ય છે, કર્મની એમાં કશી વાત જ નથી આવતી. મન તથા પ્રાણ સ્વાભાવિક કર્મ કર્યાં કરે, એ બધામાં વિવેક વડે શાંતિ સાચવવી, અનાત્મ પદાર્થમાંથી રાગ કાઢીને

વિરક્ત રહેવું, અને ત્રિપુટીમય સંસારમાંથી છૂટવા માટે ઇચ્છા કરવી, એ **મુમુક્ષત્વ** છે.

વચ્ચે થોડી સૂચના આપી લઉં; આ આખો લેખ કેવળ જ્ઞાનયોગ કે જેમાં **વિચાર** જ સાધન છે, વિચારદ્વારા જ નિર્વિચાર અનુભવનો જે માર્ગ છે, એ દૃષ્ટિએ લખાયો છે. મને તો વેદાન્તનાં અંતરંગબહિરંગનાં સાધનો તપાસી તથા અનુભવી જોતાં એમ જ લાગે છે કે આત્મ-સાક્ષાત્કારમાં—મોક્ષમાં કર્મ નહિ પણ જ્ઞાન જ સાધન માન્યું છે. એનો એ જ અર્થ થાય છે કે જપ, તપ, આસન, પ્રાણાયામ, ધ્યાન, વગેરે જે સાધનો છે એ બધાંનો કર્મ અને ઉપાસનામાં સમાવેશ થાય છે. જેનું ચિત્ત શુધ્ધ હોય, જેના ચિત્તમાં વિક્ષેપ થતો જ ન હોય અને કેવળ બ્રહ્મજ્ઞાનની જ ઇચ્છા હોય, એ જ વેદાન્તનો અધિકારી છે. એને ઉત્તમ, મધ્યમ કે મંદ અધિકારી કહેવાનો અર્થ નથી; જે છે તે વસ્તુસ્થિતિ આવી છે. ઉપરનાં અંતરંગ સાધનનો વિચાર કરી જુઓ અને પછી સૂક્ષ્મ બુધ્ધિથી વિવેક કેળવો, એટલે સમજાશે કે ભગવદ્‌ગીતાના કર્મસંન્યાસયોગ નામના પાંચમા અધ્યાયમાં નીચે પ્રમાણે કહ્યું છે તે કેવળ યથાર્થ છે. વાંચો આ શ્લોક—૮–૯ :—

"જ્ઞાનયોગવાળો તત્ત્વવિદ્‌ જોતો, સાંભળતો, સ્પર્શ કરતો, સૂંઘતો ખાતો, ચાલતો, ઊંઘતો, શ્વાસ લેતો, બોલતો, ત્યાગ કરતો, ગ્રહણ કરતો, નેત્રોને ઉઘાડમીંચ કરતો હોવા છતાં પણ ઇંદ્રિયો ઇંદ્રિયોના વિષયોમાં પ્રવર્તે છે, એવી બુધ્ધિ (વિવેકયુક્ત જ્ઞાન) રાખીને પોતે કાંઇ કરતો નથી—આત્મસ્વરૂપે અકર્તા ભોક્તા છે એમજ **માને**."

આ **માને** શબ્દ વિચારવા જેવો છે; **માને** એટલે કે એ સતત એવું મનન કર્યા કરે; ઇંદ્રિયોની પ્રત્યેક ક્રિયામાં એની માન્યતા (ભાવના)

આત્માની જ હોય—રહેવી જોઇએ.

+ + +

કર્મ, ઉપાસના (ધ્યાન) અને જ્ઞાનની આપણે વિવેકયુક્ત વ્યાખ્યા તપાસી જોઇએ.

**પ્રવૃત્તિમાર્ગ :**

(૧) **કર્મ કે ક્રિયાયોગ** :—અ—લોકપરલોકમાં ઉત્તમ શરીર પ્રાપ્ત કરી, વિવિધ અખૂટ ભોગભંડારનો પરિગ્રહ મેળવી, કેવળ સુખભોગની જ આશા કરી, એ માટે ઇશ્વર, દેવદેવતા વગેરેને રીઝવવાની વાસનાથી પ્રેરાઇને લૌકિક, રૂઢિગત કે શાસ્ત્રોક્ત રીતે તો કર્મવ્યવહાર; આ છે **સકામ કર્મ**ની સાધના.

બ—આ સંસારમાં આપણને જે મળ્યું છે તે બધું ઇશ્વરનું છે, એટલે ઇશ્વરના ઋણમાંથી છૂટવા માટે, ઇશ્વરની રચેલી અસંખ્ય સૃષ્ટિ અને અગણિત જીવકોટિને એ બધું આપી છૂટવું એવી ભાવનાથી થતો કર્મવ્યવહાર: આ છે **નિષ્કામ કર્મ**ની સાધના.

**નોંધ** :—આ કર્મયોગમાં શરીર તથા દસે ઈંદ્રિયોને ચંચલ રાખવાની છે; કર્મ અને કર્મફલની વચ્ચે રહેવાનું છે; ત્રણ ગુણવાળા બ્રહ્માંડમાં વિચરતાં છતાં મનમાં શાંતિ સચવાઈ રહે એ માટે સત્ત્વગુણ વધારવાની સાવધાનતા રાખવાની છે. એ દ્વારા લોકસંગ્રહ, લોકહિત, જનસેવા વગેરેની વાતો વધે છે; દેવદેવતાના આશીર્વાદ મેળવવાની પ્રવૃત્તિઓ થાય છે; દાન, પુણ્ય વગેરેની વૃત્તિ જાગ્રત રહે છે; આ વ્યવહારમાં સતત ક્રિયાશીલતા રહે છે, એટલે આ કર્મયોગનો પ્રદેશ એ જ છે સાચો પ્રવૃત્તિમાર્ગ.

**નિવૃત્તિમાર્ગ :**

(૨) **ઉપાસના, ભક્તિ કે ધ્યાનયોગ :** કર્મયોગ પ્રવૃત્તિમાર્ગ છે અને આ નિવૃત્તિમાર્ગ છે; જગત અને જગતના વ્યવહારનો ત્યાગ કરીને કેવલ ઈશ્વરનાં સ્મરણ, કીર્તન, સેવાપૂજા તથા ધ્યાનપરાયણ રહેવાની વૃત્તિને લીધે જનસમૂહનો ત્યાગ, એકાંતસેવન, જેટલું બને તેટલું નામસ્મરણ, અસંખ્ય કોટિ જપ, સ્વાધ્યાય અને પારાયણ-પઠન તેમજ અન્ય સાંસારિક કર્મોનો સર્વથા ત્યાગ કરીને જેટલું બને તેટલું ઈશ્વિરસ્મરણમાં જ મનને પરોવી રાખવાની જે આંતરબાહ્ય ક્રિયા થાય, એ છે **નિવૃત્તિમાર્ગ.** આમાં કર્મને નહિ પણ ઈશ્વરપ્રતિની ભકિતને તથા સંસારપ્રતિના વૈરાગ્યને મહત્તા અપાઇ છે. ભક્તિ અને વૈરાગ્યને જ મહત્તા આપવાની આવશ્યકતા એટલા માટે સિદ્ધ કરી બતાવી છે કે એ વિના ધ્યેયરૂપ ઈશ્વરમાં ચિત્તની એકાગ્ર ધારણા થઇ શકે નહિ.

**નોંધ :—ભક્તિ** તથા યોગમાં નિવૃત્તિ જોઇએ, અનુકૂળ એકાન્ત જોઇએ, વિક્ષેપ ન થાય તેવું સ્થાન જોઇએ. ભકિત વધારવા માટે અવતાર મનાતા ભગવાનોના ગુણાનુવાદ સાંભળવા જોઇએ, એમની લીલાનું જ અહોનિશ ચિંતવન કરવું જોઇએ, એ વિના અન્ય વાર્તાને સ્થાન ન આપવું જોઇએ.

પુરાણો તથા યોગશાસ્ત્રોનો આ નિવૃત્તિમાર્ગ છે. એ જ એનાં સાધનશાસ્ત્રો છે.

ઉપર્યુક્ત બન્ને માર્ગમાં વિધિનિષેધ રહેલાં છે; આમ કરવું અને આમ ન કરવું, એવી આજ્ઞાઓ પાળીને જીવનને ઘડવાનું છે; પશુ જેવા ધર્મમાં અટવાતા મનુષ્યને માનવધર્મ શીખવવાના છે.

કર્મયોગમાં વિદ્વાન બ્રાહ્મણો પાસેથી નિત્યકર્મ શીખીને આચરવાનાં છે; નૈમિત્તિક કે પ્રાયશ્ચિત જેવાં કર્મ પોતે કરવાનાં તથા બ્રાહ્મણો પાસે કરાવવાનાં હોય છે. યજ્ઞમાર્ગની આમાં પ્રધાનતા છે.

**ભક્તિયોગ**માં પુરાણોનાં પારાયણો, સહસ્રનામોનાં અનુષ્ઠાનો, યમનિયમ જેવાં વ્રતો, ભજન-કીર્તનો, દેવદર્શનો, તીર્થયાત્રાભ્રમણ, સત્સંગ, કથાશ્રવણ વગેરે નિવૃત્તિ પોષક અને ઈશ્વરસ્મારક આંતરિક કર્મો કરવાનાં હોય છે. આ બન્ને માર્ગથી પર એવો, કેવળ આંતરિક વિચારજ જેમાં મુખ્ય સાધન છે એવો, બન્નેથી જુદો તરી આવે એવો છે **જ્ઞાનયોગ**નો માર્ગ.

કર્મ અને ઉપાસનાનો (ભક્તિ-ધ્યાન) માર્ગ અંતઃકરણને શુધ્ધ બનાવી, ઈશ્વરાભિમુખ કરી ભગવાનનાં દર્શનભાષણનો લાભ આપે છે, અનેક ચમત્કારોના લોભમોહથી ઇશ્વરપ્રતિનું આકર્ષણ વધારે છે; પરંતુ એમાં જ્યાં સુધી નિષ્કામતા ન આવે, ઈશ્વર કેવળ ઈશ્વરને માટે જ ભજવાનો છે એવી સમજણ ન આવે, ત્યાં સુધી ભક્ત ચમત્કારોની માયાવી જાળમાં વધારેને વધારે બંધાતો જાય છે.

**ભયસ્થાન** :—જગતમાં લોકસેવક કે ભક્ત તરીકે નામના વધવા માંડે છે, ચમત્કારી મહાત્મા તરીકે પૂજાભેટ મળવા માંડે છે, અને કીર્તિની વાસના એટલી બધી પ્રબળ બને છે કે એ મહાત્માપણાના મિથ્યાભિમાનને લીધે જ્ઞાનનિષ્ઠ સંતનું શરણ લેવાનું સ્વપ્ને પણ સૂઝતું નથી. પરિણામ તો ચોખ્ખું દુ:ખરૂપે આવીને ઊભું રહે છે. દુઃખ પડે ત્યારે વૈરાગ્ય આવે તો યે એવા લોકમાન્ય મહાત્માનાં સદ્‌ભાગ્ય! મુખે વેદાન્તના આત્મસાક્ષાત્કારની, જગતના સ્વપ્નવત્ મિથ્યાપણાની, વૈરાગ્ય અને ત્યાગની ઉપદેશ વાર્તા થતી હોય છતાં, નિર્ગુણ, નિરાકાર, નિર્લેપ આત્માને બદલે છ ઐશ્વર્યનામી ભગવાનનાં ગુણપારાયણ કરાવી, એ

નિમિત્તે ભોગરાગનાં મંદિરો અને પૂજાનૈવેદ્યનાં નિમિત્તો ઊભાં કરાવાય, સ્વપ્નવત્ જગતનો ઉપદેશ આપવા છતાં પરિગ્રહની સત્યતા વ્યવહારમાં પ્રત્યક્ષ થતી હોય, અને વૈરાગ્યને બદલે સિદ્ધિ, ચમત્કાર કે આશીર્વાદથી થતી સાંસારિક ઇચ્છાઓની પૂર્તિ વગેરે, વ્યવહારમાં પ્રત્યક્ષ થાય છે. માનસા-વાચા-કર્મણા એકધારા જીવનનું લક્ષ્ય ઊડી જાય છે. આત્મજ્ઞાન તલવારની ધાર ઉપર ચાલવા જેવું છે; ક્ષણે ક્ષણે વિવેકવૈરાગ્યનાં બે આંતરચક્ષુએથી મનને તપાસતા રહેવાનું છે; અને એ સાધનદ્વારા વિશુદ્ધ આત્મવિચાર કેળવી બ્રહ્મની અખંડ વ્યાપકતાનો અનુભવ કરવાનો છે. આની વિસ્મૃતિ એટલે જ સ્ખલન અને અધોગતિ.

\+ \+ \+

પ્રવૃત્તિ અને નિવૃત્તિમાર્ગ બહુ જૂની પ્રણાલિકા છે. પ્રવૃત્તિ એટલે શરીરની સક્રિય અને નિવૃત્તિ એટલે નિષ્ક્રિય અવસ્થા—આવી માન્યતા છે. એ સંબંધે આ બન્નેમાં જે ભેદ છે તે અંતઃકરણની વૃત્તિનો છે. બાહ્ય ક્રિયાનો નથી.

(૧) જે મનોવૃત્તિ સાંસારિક દૃષ્ટિથી વિષયોના પરિગ્રહસંચયમાં, ભોગવિલાસમાં, વાસના તથા કર્મમાં અટવાઇ—ગૂંચાઇ રહે, એનું નામ પ્રવૃત્તિ છે. આટલા જ માટે સકામ કર્મ તથા ઇશ્વરની ઉપાસનાને પ્રવૃત્તિમાં ગણ્યાં છે.

(૨) જે મનોવૃત્તિ ઇશ્વર તથા આત્માને લક્ષ્યમાં રાખીને વિશુદ્ધ વ્યવહાર કર્યા કરે, જેમાં નિષ્કામતા જ હોય, જીવનનું ધ્યેય કેવલ આત્મદર્શનનું જ હોય, એવાં નિષ્કામ કર્મને નિવૃત્તિ કહેવામાં આવે છે.

**નોંધ:**—પરંતુ સામાન્ય લોકમાન્યતા બહુ ઊંધી દેખાય છે. પ્રત્યેક કર્મ પ્રવૃત્તિ છે એવી માન્યતાએ દેશમાં ઘર ઘાલ્યું છે. એકાન્ત

વનવાસ, સ્નાન, ધ્યાન, તીર્થસેવન, વ્રત, જપ, તપ, પૂજાપાઠ, કે એવાં કર્મને જ નિવૃત્તિ માની છે; હઠયોગનાં નેતિધૌતિથી માંડી આસન, પ્રાણાયામ, ધારણા, ધ્યાન, સમાધિ, રાજયોગનાં સ્વાધ્યાય, ધ્યાન જેવાં આંતરિક ઉપાસના-કર્મો, અને એ નિમિત્તને મુખ્ય માનીને લોકસમૂહથી અસંબદ્ધ તથા વેગળા રહેવું તથા અન્ય માનવસમૂહને પામર, વિષયી અને સંસારી છે એમ કહી એની અતિશયોક્તિભરી નિંદા, આત્મ-શ્લાઘાની પરાકાષ્ટા, સંસારી લોકસમૂહ પાસેથી નિર્વાહસાધનો મેળવી એમને હીનપદ અપાવી નિરંતર દબાવી રાખવાનો દંભી ઉપદેશ અને વ્યવહાર એમના દ્વારા માનપૂજા મેળવી રજોગુણમાં રચ્યાપચ્યા રહેવાની ભોગલાલસા-આવાં દૂષણો નિવૃત્તિને બહાને દેશભરમાં વધી પડયાં છે. આનું નામ નિવૃત્તિ નહીં પણ આન્તરિક મનનો ભયંકર, અક્ષમ્ય રજોતમોગુણ છે સામાન્ય લૌકિક પ્રવૃતિ કરતાં પણ વધારે અશુભકર માયાજાળ છે.

નિવૃત્તિનો સંબંધ કર્મ સાથે નહિ પણ મનની સાથે છે. માણસ નિષ્કામ કર્મ કે ઉપાસના કરે અથવા આત્મવિદ્ બની જીવન વિતાવે, એથી એના સ્થૂલ શરીરના અવયવોમાં કોઇ ફેર પડતો નથી. માણસનો સ્વભાવ બદલવો એટલે એના મનમાં સુધારણા કરવાની છે. મનોવૃત્તિ સુધરે એટલે અશુભ વ્યવહારનો અંત આવે છે અને શુભ વ્યવહારનો વિકાસ થાય છે; એનું કર્મક્ષેત્ર વિશાળ બને છે, કર્મ બંધ પડતાં નથી. કર્મ બંધ થવાની વાતને તો સ્વામી શ્રી સુરેશ્વરાચાર્ય પોતાના નૈષ્કર્મ્ય સિદ્ધિગ્રન્થમાં અને શ્રી વિદ્યારણ્યસ્વામી પંચદશી નામના પુસ્તકમાં ઉપહાસપૂર્વક વખોડી કાઢે છે. જ્ઞાની કર્મ ન કરે એનો અર્થ તો એવો થાય કે એ કર્મ કરવાને અશક્ત કે દુર્બલ બની જાય છે. એવું બને તો જ્ઞાનીને ક્ષયરોગ લાગુ પડે છે એમ જ કહેવું જોઇએ.

જ્ઞાની કર્મ નથી કરતો એનો ભાવાર્થ એ છે કે આત્મભાવે અકર્તાના ભાવમાં રહે છે; હું દેહ નથી તેથી દેહનાં કર્મો હું નહિ પણ દેહ કરે છે, એવી બુધ્ધિથી એ વિવેકી બને છે, અને અકર્તાપણું કેળવે છે, તેથી એની દૃષ્ટિમાં એ દેહ નથી; અને, દેહનાં કર્મ પણ એ કરતો નથી.

પ્રવૃત્તિ અને નિવૃત્તિમાર્ગ વચ્ચે આન્તરિક મનોદશાનો અને અશુભ તથા શુભ કર્મના વ્યવહારનો ભેદ છે; કર્મ કરવાં કે ન કરવાનો, સક્રિય કે નિષ્ક્રિય અવસ્થાનો ભેદ નથી. કોઇ પણ શુભ કર્મ નિંદ્ય નથી, કોઇ પણ શુભ કર્તા રાજસિક–તામસિક નથી. જે છે તે બધા મનોદોષ છે. એ મનોદોષના નિવારણ માટે જ બધાં સાધનો છે.

+ + +

હવે આપણે મૂળ સિદ્ધાન્ત ઉપર આવીએ. વેદાન્તમાં વિવેક વગેરે ચાર તથા શ્રવણ વગેરે ત્રણ એમ સાત સાધન જ મુખ્ય મનાય છે. એ સિવાયનાં કર્મ કે ઉપાસનાનાં સાધન ચિત્તશુધ્ધિ અને ચંચલતા નિવારણ માટે છે; એટલે વિવેકાદિ સાધન અંતરંગ, તથા કર્મ ઉપાસના બહિરંગ અને ક્રમસાધન મનાય છે. તેમ શ્રવણ, મનન અને નિદિધ્યાસનની અપેક્ષાએ વિવેક, વૈરાગ્ય વગેરે ચાર સાધન બહિરંગ મનાય છે અને પાછલાં ત્રણ અંતરંગ કહેવાય છે.

પ્રવૃત્તિનિવૃત્તિનું વિવેચન કરી જોયું; વિવેકાદિ સાધનનો વિચાર કર્યો; ધ્યાન અને જ્ઞાન વચ્ચેનો ભેદ તપાસી જોયો. ધ્યાનમાં બાહ્ય એકાન્તની ખાસ આવશ્યકતા છે ત્યારે જ્ઞાનમાં માત્ર સર્વત્ર આત્મદૃષ્ટિરૂપ વિચાર સાધન છે એમ સમજવાનો પ્રયત્ન કર્યો. એટલે હવે આપણે આગળ જોઇ ગયા તે યાજ્ઞવલ્કયનો ઉપદેશ તપાસીએ :–

"હે મૈત્રેયિ! આત્મા જ દર્શન કરવા, શ્રવણ કરવા, મનન

કરવા અને નિદિધ્યાસન કરવાને યોગ્ય છે'' એમ યાજ્ઞવલ્કયે ઉપ-દેશ આપ્યો છે. આ ઉપદેશના આધારે જ વેદાન્તનાં શ્રવણ, મનન, નિદિધ્યાસન નામનાં ત્રણ સાધનોની યોજના થયેલી છે.

આ ઉપદેશમાં (૧) **દર્શન**, (૨) **શ્રવણ**, (૩) **મનન**, (૪) **નિદિધ્યાસન** એવાં ચાર મુખ્ય સાધન હોવા છતાં, એમાંથી શ્રવણ વગેરે ત્રણને જ લીધાં છે. દર્શનનો સાધનમાં ઉપયોગ કર્યો નથી. કાંઇક પ્રબળ કારણ હોવું જોઇએ; આપણે વિવેકબુદ્ધિથી વિચાર કરીએ તે પહેલાં એના ઉપરના ભાષ્યમાં ભ. શંકરાચાર્ય શું કહે છે તે જોઇએ.

"હે મૈત્રેયિ! આત્મા જ દ્રષ્ટવ્ય—દર્શન કરવાને યોગ્ય એટલે કે સાક્ષાત્કારનો વિષય કરવાને યોગ્ય છે. પ્રથમ આચાર્ય અને શાસ્ત્રદ્વારા શ્રવણ કરવાને યોગ્ય અને પછી તર્કદ્વારા મનન કરવાને યોગ્ય છે. ત્યાર પછી એ નિદિધ્યાસિતવ્ય એટલે નિશ્ચય વડે ધ્યાન કરવા યોગ્ય છે, કારણ કે આવી રીતે શ્રવણ, મનન અને નિદિધ્યા-સનરૂપ સાધનોથી સંપન્ન થયા પછી જ એનો સાક્ષાત્કાર થાય છે.''—અધ્યાય ૨, બ્રાહ્મણ ૪, મંત્ર ૫--ઉપરનું આ ભાષ્ય છે.

આ જ સંવાદ અધ્યાય ૪, બ્રાહ્મણ ૫ના મંત્ર ૬ઠ્ઠામાં આવે છે. ત્યાં શ્રી. શંકરાચાર્ય આ પ્રમાણે કહે છે:--

"હે મૈત્રેયિ! ખરેખર આત્માનું દર્શન કરવાથી, એટલે કે એવી રીતે દર્શન થઇ ગયા પછી—(એમ કહ્યું છે એનો અર્થ એ કે) એને માટે કહ્યું છે કે પહેલાં આચાર્ય અને શાસ્ત્રદ્વારા શ્રવણ તથા પછી તર્ક અને યુક્તિવડે મનન અને વિચાર કરવાથી અને પછી વિશેષરૂપે એને જાણી લીધા પછી, એટલે કે એ એવો જ છે, અન્ય પ્રકારનો નથી, એવો નિશ્ચય કરી લીધા પછી શું થાય

છે? તો કહે છે:—આવી રીતે એનું જ્ઞાન થઇ જતાં, આ બધું જે આત્માથી ભિન્ન છે એનું જ્ઞાન થાય છે, કારણકે એ આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ.''

આ ઉપદેશમાંથી વેદાન્તનાં શ્રવણ, મનન અને નિદિધ્યાસન તારવી કાઢયાં છે. મૈત્રેયી વિવેકી, વિરકત, શાન્ત, દાન્ત, ઉપરત, તિતિક્ષુ, શ્રદ્ધાળુ અને સમાહિત ચિત્તવાળી હશે, એટલે જ એણે મોક્ષેચ્છાવાળી આત્મજિજ્ઞાસા બતાવી છેઃ અને સંન્યાસાતુર બ્રહ્મર્ષિ યાજ્ઞવલ્કય તરતજ એને આત્મપ્રિયતા બતાવીને એનું જ દર્શન, શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવાનું કહે છે.

આત્માનું દર્શન કરવું જોઇએ, એવા ઉપદેશના ધ્વનિમાંથી એમ ફલિત થાય કે અત્યાર સુધી એ અન્યદર્શન કરતી હશે. એમાં આટલા વિકલ્પ સંભવી શકે:—

(૧) આત્મા વિનાના અસંખ્ય અનાત્મ પદાર્થોના દર્શનથી એ પોનાને સંતુષ્ટ માની દૃશ્ય વિષયોમાં આસક્તિ રાખતી હોય.

(૨) અથવા આસ્તિક અને શ્રદ્ધાળુ મૈત્રેયી બ્રહ્મના સગુણ સ્વરૂપ જેવા દેવદેવતાનું ધ્યાનદ્વારા દર્શન કરતી હોય, ઇષ્ટ દેવનું મૂર્તિપૂજન કરી એને ભગવાન માની એનાં દર્શનથી તૃપ્ત રહેતી હોય—એ દ્વૈત દૃષ્ટિવાળી હોય.

આ બે વિકલ્પોમાં મૈત્રેયી વિષયાસકત તથા સાંસારિક મોહ-મમત્વવાળી હોવાનો સંભવ નથી, કારણ કે ગૃહસંપત્તિ વહેંચી આપવાના પ્રસંગે એણે બધી વસ્તુઓનો વૈરાગ્ય દાખવ્યો છે. આથી પહેલી જાતની એ નથી.

એ બીજા પ્રકારના સ્વભાવવાળી હોવાનો સંભવ છે. ઋષિ

યાજ્ઞવલ્કય વેદોક્ત પ્રણાલિકાના આચાર્યપદે પહોંચેલા ગૃહસ્થાશ્રમી હતા, એટલે એવા બ્રહ્મર્ષિની પત્ની આસ્તિક, શ્રદ્ધાળુ, કર્મકાંડરત તથા ઉપાસનાપરાયણા રહીને ભગવદ્દર્શનની ભક્તિમતી ભાર્યા હોવી જોઇએ. એની દ્વૈતમાં આસક્તિ હશે; ઇશ્વર, જીવ અને જગતને સત્ય માનીને ત્રિલોકપતિ ભગવાનનું દર્શન કરવામાં એ શ્રદ્ધાળુ હોવી જોઇએ. એની ભગવદ્બુદ્ધિ પરિપકવ અને ધર્મકર્મમાં તત્પર રહેલી હોવી જોઇએ.

સંન્યાસી એટલે કર્મસંન્યાસ એવો અર્થ થાય છે. દ્વૈત જગતનું ક્ષેત્ર એટલે જ કર્મોપાસના. યાજ્ઞવલ્કય જયારે દ્વૈતભાવનું વિસર્જન કરી એક અખંડ આત્મતત્ત્વનું અનુસંધાન સેવી મનોવૃત્તિને એમાં જ નિમગ્ન રાખવા માટે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવા તત્પર થાય છે, ત્યારે મૈત્રેયીને પણ દ્વૈત-ભાવના મિથ્યાત્વની શંકા ઉપજે એ સ્વાભાવિક છે.

દ્વૈત ઉપાસકની દૃષ્ટિએ ઇશ્વર (–સગુણ બ્રહ્મ–)જ પરમ પ્રેમાસ્પદ છે. ઇશ્વરનાં દર્શન માટેની ઝંખનામાંથી ઉપાસના કે ધ્યાનધારણાનો માર્ગ પ્રવર્ત થયેલો છે, અને એને માટે તો એકાન્તસેવન કરી, ઇંદ્રિયો તથા ચિત્તનો નિરોધ કરી ભગવાનને ધ્યેય માની, અન્ય સર્વ પદાર્થોનો ત્યાગ કરી એનાં દર્શન માટેનાં જ બધાં સાધનો સ્વીકારવા–ગ્રહણ કરવાનાં હોય છે. આપણે માનવું પડે છે કે મૈત્રેયી ઇશ્વરદર્શથી જ તૃપ્ત રહેનારી હતી; આ લોકનો વૈરાગ્ય કેળવી બ્રહ્મલોક, સ્વર્ગ, વૈકુંઠ કે એવાં ધામવિશેષની આકાંક્ષાવાળી હતી; એને યાજ્ઞવલ્કય, સાક્ષાત્ બ્રહ્મ-દર્શન કરાવી આવાગમનથી મુક્તિ મેળવવાનો ઉપદેશ આપે છે.

"આત્મા જ દર્શન કરવાને યોગ્ય છે" એવા પ્રથમ શબ્દમાં

એ જ વિધિ છે કે "હે મૈત્રયિ!" તું અત્યાર સુધી સગુણસાકાર ઇશ્વરનું દર્શન કરે છે એ સંપૂર્ણ સત્ય નથી. ઇશ્વર, જીવ અને જગતની ત્રિપુટીને સત્ય માનીએ તો પોતાના સ્વરૂપનું શુદ્ધ જ્ઞાન થતું નથી. તદુપરાંત જીવભાવને દાસત્વ આપવા જતાં એને હંમેશાંને માટે આવાગમનના ચક્રમાં તથા હર્ષશોકાદિ દ્વંદ્વોમાં રહેવું પડે છે, અને એ પોતાને બંધનમાં માની એમાંથી છૂટવા માટે ઇશ્વરની પ્રાર્થના સ્તુતિ, ઉપાસના કરવામાં—"હું પાપી, પામર, દીન, કંગાળ, છું એવી દ્વૈત ભાવની નિરભિમાન થવાની ભાવના સેવતાં વિરહવેદનાનો અંત આવતો નથી. કારણ કે જેવી ભાવના તેવી સિદ્ધિ એ ન્યાયે જીવાત્મા પોતાને ઇશ્વરથી પૃથક્ માને, દર્શનહીન માને, ઇશ્વરને પરલોકગત માને, તો હંમેશાં એ એવા ભાવમાં જ રહે છે, કારણ કે જેવી ભાવના તેવી સિદ્ધિ, જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ એ અબાધિત નિયમ છે; એ દશામાં દ્વૈતભાવ અને વિયોગ સંયોગનો અંત આવતો નથી.

ઇશ્વરનું જ નહિ પણ ઇશ્વર અને જીવ બન્નેનું સામાન્ય સ્વરૂપ જે આત્મા છે એ સચ્ચિદાનંદ છે, નિર્ગુણ છે, અસંગ છે, એક છે, અખંડ છે, અને એ જ સૌનો—પ્રાણીમાત્રનો પ્રિયતમ છે, માટે તું જે દર્શન કરે છે એ આત્મા નથી—પણ આત્મા તો પ્રત્યેકનું અંતર્યામીસ્વરૂપ છે અને તે તું જ છે."

આવો ભાવાર્થ સ્વીકારીએ એટલે એમ ફલિતાર્થ બંધ બેસે કે—

(૧) ઇશ્વર, દેવદેવતા કે એવું આત્માથી પૃથક્ બીજું કાંઇ પણ પ્રિય નથી, પણ આત્મા જ પ્રિયતમ છે.

(૨) તેથી તું જેનું દર્શન કરે છે એ દર્શન કરવાને યોગ્ય નથી પણ આત્મા જ દર્શન કરવાને યોગ્ય છે.

(૩) એ દર્શન કરવાને યોગ્ય આત્મા સર્વનો આત્મા છે, એટલે સર્વવ્યાપક છે; સર્વવ્યાપક હોવાથી એનાં દર્શન કરવાં સુલભ છે: અમુક જ સ્થાને ઇશ્વર હોય એવી માન્યતામાં દેશપરદેશ જવું પડે, વખત કે કવખત જોવો પડે, પણ આ સર્વવ્યાપક આત્માનાં દર્શન દિવસરાત સતત થઇ શકે છે.

(૪) નિત્યદર્શન થઇ શકે એવા આત્માની પ્રિયતા છે, કારણ કે સર્વસ્વનો ત્યાગ કરનાર પણ પોતાનો ત્યાગ કરી શકતો નથી. આવી રીતે પ્રત્યેક પ્રાણીપદાર્થ પોતાનો ત્યાગ કરી શકતાં નથી, અને જે ત્યાગ ન થઇ શકે એવું હોય તે જ પ્રિયતમ હોય તેથી એ અત્યાજ્યનાં દર્શન કરવાં તો સરલમાં સરલ હોય છે. એમજ કહોને કે એનાં દર્શન ન કરવાં હોય તો પણ પરાણે અને અનાયાસે થાય, રોકવાં રોકાય જ નહિ, કારણ કે **પોતાના** વિના કોઇ સ્થળ ખાલી છે જ નહિ. જ્યાં જાઓ ત્યાં આત્મરૂપે તો સૌ હાજર જ છે.

(૫) આવા સર્વદા દૃષ્ટ આત્માનો મહિમા કહ્યો; પણ એવો નિશ્ચય કરવા માટે, સર્વત્ર આત્મદર્શન કરવાની નિશ્ચયાત્મક બુદ્ધિ કરવા માટે અનુભવીઓ અને શાસ્ત્રો પાસેથી એનું શ્રવણ કરવું જોઇએ. સાંભળ્યા પછી બુદ્ધિમાં શંકા રહી જતી હોય તો તર્ક વડે શંકાનિવારણ કરી એનું પૂરેપૂરું મનન—( મનથી નિર્ણય ) કરવું જોઇએ, અને નિર્ણય થયા પછી એકધારું આત્મદર્શન રહ્યા કરે, એવું ચિત્તવૃત્તિનું સતત અનુસંધાન રહે એ માટે જે

ધ્યાન રાખવું પડે, એ છે છેવટનું સાધન નિદિધ્યાસન.

(૬) दृष्टिं ज्ञानमयीं कृत्वा पश्येद् ब्रह्ममयं जगत् એ છે જ્ઞાનયોગનું સર્વોત્તમ સૂત્રઃ આ દૃષ્ટિ કોઇ કર્મથી કરવાની નથી. જગતને બ્રહ્મમય જોવાનું હોય તો બ્રહ્મમય દૃષ્ટિ કરવા માટે બુદ્ધિમાં આત્મજ્ઞાન ભરવું જોઇએ. એ જ્ઞાન શ્રવણથી જ થઈ શકે એમ છે અને શ્રવણ એ કર્મ નથી; એમાં ઈંદ્રિયનિરોધ નથી.

(૭) મૈત્રેયી અત્યાર સુધી આત્મા વિના ઇશ્વર વગેરેનું જે દર્શન, શ્રવણ, મનન, નિદિધ્યાસન કરતી હતી તેને બદલે હવે એને આત્માનું દર્શન વગેરે કરવાનું છે. એટલેકે સાધનમાં ફેરફાર કરવાનો નથી પણ દૃષ્ટિમાં પરિવર્તન કરવાનું છે.

વેદાન્તનાં આ સાધન બધાં સ્વાભાવિક છે, કારણ કે વ્યવહારદશામાં એનો હંમેશાં ઉપયોગ કરાતો હોય છે.

(૧) વ્યવહારમાં સારાનરસાનો. નાનામોટાનો, વસ્તુના સાચાખોટાપણાનો **વિવેક** બધાને હોય છે. (૨) જે જરૂરનું ન હોય તેને ભૂલી જવાનું હોય છે; અને જે ખરાબ કે ખોટું હોય તેના પ્રતિ ઉદાસીનતા હોય, એવો **વૈરાગ્ય** હોય છે. (૩) ઉપયોગી વસ્તુપ્રતિ રુચિ હોય અને એ મળે એટલે ચિત્તમાં શાંતિ થાય એટલો શમ હોય છે. (૪) ઉપયોગી વસ્તુ મળે એટલે બીજી વસ્તુઓ તરફ ઇંદ્રિયોને જવા દેવાની નથી, જેમાં મન ચોંટેલું હોય તેમાં જ પ્રવૃત્ત રાખીને, બીજા પ્રતિ જતી હોય તો રોકવા—દાબવાની જરૂરત પડે, એ દમ છે. (૫) અનુપયોગી વસ્તુપ્રતિ પ્રીતિ ન

રાખવી, એમાંથી મનને ઉપરામ કરવું એવી ઉપરતિ હોય છે. (૬) વિષયને મેળવવા માટે ટાઢતડકો વ. દ્વંદ્વો વેઠવાની સહનશક્તિ પણ હોય છે, એ જ તિતિક્ષા છે. (૭) મેળવવાના વિષયો તથા જેની પાસેથી મળે એમ હોય તેવી વ્યક્તિઓમાં વિશ્વાસ રાખવાનો હોય છે; વિશ્વાસ વિના વ્યવહાર નભતો જ નથી, એ **શ્રદ્ધા** કહેવાય છે. (૮) વ્યવહારમાં વારંવાર મન દ્વંદ્વમાં દોડે, ત્યારે સંસારમાં શાંતિથી જીવવા માટે મનને સમજાવવું પડે છે અને એ રીતે સમાહિત રાખવું એ **સમાધાન** સૌને હોય છે. (૯) ઇષ્ટ વિષય મેળવવામાં વિઘ્નો આવે એમાંથી છૂટવાની વૃત્તિ હોય તે **મોક્ષેચ્છા** છે. (૧૦) સંસારના વિષયોની જ વાતચીત કરવાની હોય અને એ વિષયો જોવાની જ ટેવ હોય એ **દર્શન** કહેવાય છે. (૧૧) કાને પણ એ જ વિષયોની વાતો કે વખાણ સાંભળવાના હોય એ **શ્રવણ** કહેવાય છે. (૧૨) મનમાં પણ એ વિષયનું જ મન્થન ચાલ્યા કરે અને એનું જ યુક્તિપ્રયુક્તિ દ્વારા સમર્થન કરાય એવું **મનન** પણ હોય છે. (૧૩) ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે હંમેશાં એની સ્મૃતિ રહ્યા કરે, વિષયમાં જ વૃત્તિ ચોંટી રહે એવું ધ્યાન રહે એ છે **નિદિધ્યાસન** અને (૧૪) ઇષ્ટ વિષયોની ક્ષણિક પ્રાપ્તિ અને ભોગમાં વૃત્તિ અન્તર્મુખ થાય, ત્યારે વિષયાનંદ થાય, એ છે **સમાધિ**

\+ \+ \+

વ્યવહારકુશળ મનુષ્ય જે રીતે વ્યવહાર કરે છે એવી જ રીતે એટલે કે એટલા જ વિવેક વિગેરેથી જિજ્ઞાસુ, મુમુક્ષુ કે જ્ઞાની પોતાનો વ્યવહાર કરે છે: વ્યવહાર તો કોઈ કાળે અટકતો કે રોકી શકાતો નથી. વ્યવહારમાં જે ઇન્દ્રિયો, મન, બુદ્ધિ વ.નું કામ પડે છે એ જ આત્મદર્શનમાં વપરાય છે. નવી ઇન્દ્રિયો કે નવું મન ઊભું

કરવાનું નથી. હા, એટલું ખરું કે આત્મદષ્ટિરૂપી શોધનક્રિયાથી એ બધાંને શુદ્ધ કરવાં પડે છે. પરન્તુ શોધનક્રિયાથી એમાં કશું પરિવર્તન કરવાપણું હોતું કે રહેતું નથી.

અહીં મૈત્રેયીને એટલું જ આત્મજ્ઞાન ઋષિ આપે છે કે હે મૈત્રેયિ, તું જ્યાં વિષય કે સગુણ દર્શન કરતી હોય કે સ્વભાવથી થતું હોય ત્યાં તે દર્શન શ્રવણ તો રહેશે જ; પરન્તુ એ બધામાં, તું આત્મા છે એવું જ્ઞાન કેળવ, એટલે જ્યાં જ્યાંથી કંઇ જોવાય, સંભળાય, મનન થાય, ચિંતવન થાય—એ બધું આત્મા જ છે એવું જ્ઞાન પામ, અને એવો વિચાર સતત તારા અંતરમાં જાગ્રત રહે એવું સાવધાનપણું રાખ.

નવું કશું કરવાનું નથી, કારણ કે કર્મ તો ચાલ્યા જ કરશે. આમાં દષ્ટિને એક ધ્યેયમાંથી બીજા ધ્યેયમાં ફેરવવાની નથી. પણ જે એક જ ધ્યેય, ને તે ઇશ્વર કે વિષય, માન્યો હોય, તેને બદલે જે જે શ્રવણ થતું હોય, જેટલું શ્રાવ્ય હોય; એ બધામાં આત્મા જ બોલે છે-દેખાય છે, એમ માન. મનથી આત્માનું મનન અને આત્માનું ચિંતવન કરી, ચિત્તને સ્થિર કર— આમ કરતાં ચિત્ત સહજે શાંત, સ્થિર સમાહિત થાય તો થવા દે. આવી સમાહિત દશા ચિત્તની થશે, એ કહેવાશે **સહજ સમાધિ** એ વિનાની એક જ ધ્યેયને જોવું, એ વિશે જ સાંભળવું અને બીજાં બધાંનો ત્યાગ કરવારૂપી કર્મ કરવું એવી ક્રિયાથી તો તારો વિક્ષેપ વધશે.

આ ઇશ્વર છે ને આ નથી, અમુક દેવ છે અને અમુક અન્ય છે, અમુક ઇષ્ટ છે, અમુક નથી, આવી ભેદબુદ્ધિ કાઢી નાંખીને જે જે દશ્ય, શ્રાવ્ય, મનનીય કે ધ્યેય પ્રત્યેક ક્ષણે તને અનુભવાય એ બધું આત્મા છે, એ વિના બીજું કશું છે જ નહિ એવી વ્યાપક જ્ઞાનબુદ્ધિ

કેળવ; આનું નામ છે **બ્રહ્મમયી દૃષ્ટિ** અને એ છે બ્રહ્મદર્શન. જ્ઞાનયોગનાં સાધનમાં ઉપર કહ્યું છે તેમ બધે વિવેકબુદ્ધિની જરૂર પડે છે. વિચાર એનું મુખ્ય સાધન છે; વ્યવહારકુશલતા જ સાચો યોગ છે: યોગઃ કર્મસુ કૌશલમ્-ભ. ગી.માં કહ્યું છે એનો પણ એવો જ અર્થ છે કે ચિત્તમાં આત્માનું અનુસંધાન રાખીને જે વ્યવહારકર્મ કરવાનાં હોય એમાં કુશળતા રાખવી જોઇએ; એ કુશળતા એટલે જ આત્માકારવૃત્તિઃ વ્યવહાર કરતાં છતાં પણ આત્માનુસંધાન રહે એ જ છે કૌશલમ્-સાચું જ્ઞાન એટલે સાચી આવડત.

સુથાર હથિયાર વડે લાકડાં ઘડે ત્યારે હથિયારથી પોતાને વાગી ન જાય અને ઘડવાનું કામ સારું થાય, એ છે એની કારીગરી-કુશલતા; પોતે સુરક્ષિત રહીને કામગીરી કરે, એટલે કારીગર કુશલ રહે અને કારીગરીનું કામ પણ સારું થાય. આનું જ બીજું નામ સાવધાનતા પૂર્વકનો વ્યવહાર; આત્મદૃષ્ટિવાળો કુશલ પુરુષ વ્યવહારમાં શુદ્ધિ લાવે, એ છે ચિત્તશુદ્ધિ; મનમાં સતત સાવધાનતા રહે એ છે ચિત્તની એકાગ્રતા અને ધ્યાન; વાંતવાતમાં આપણે કામમાં ચિત્ત ન પરોવનારને ટોકીએ છીએ કે "કેમ ધ્યાન નથી રાખતો ?" આનો અર્થ એ જ છે કે **ધ્યાન** કે **જ્ઞાન** મનુષ્યમાં હોય તો છે જ, માત્ર એમાં ધ્યેય કે સાધ્યના લક્ષ્યનો જ ભેદ હોય છે. સાંસારિક મનુષ્યનું ધ્યેય હોય છે વિષયભર્યો સંસાર અને અનેક વિષયોનું ધ્યાન. આત્મજિજ્ઞાસુનું ધ્યેય હોય છે એક માત્ર આત્મા, અને આત્માનુંજ અનુસંધાન.

વિસ્તાર વધી ગયો છે, આ લેખ બહુ જ લાંબો થઇ ગયો છે; કહેવાનો સારાંશ એ છે કે :—

(૧) પતંજલિનો ધ્યાનયોગ અને વેદાન્તનો જ્ઞાનયોગ ભિન્ન ભિન્ન પ્રક્રિયા અને સાધન બતાવે છે.

(૨) એકમાં ચિત્તનો નિરોધ અને ઈંદ્રિયોનું દમન છે, બીજામાં ચિત્તમાં આત્માની સતત સ્મૃતિરૂપ જાગ્રતિ અને ઈંદ્રિયોદ્વારા થતા ગોચર–વિષયોમાંથી નામરૂપનાં દર્શન, શ્રવણ, મનનને બદલે અધિષ્ઠાન સ્વરૂપ આત્માનાં જ દર્શન, શ્રવણ, મનન અને નિદિધ્યાસન.

(૩) એને અમુક જ આસનની જરૂરિયાત નથી, કારણ કે અમુક સ્થળે કે અમુક સમયે જ આત્મા પ્રકટ થતો નથી. ઈંદ્રિયોની ઉઘાડમીંચ કરવાથી આત્મા દષ્ટ–અદષ્ટ થઇ જતો નથી, કારણ કે જે જ્ઞાનથી એ ક્રિયા થાય છે એ જ્ઞાન જ આત્મા છે. સર્વવ્યાપક અને સદાકાળ એવો આત્મા જ દર્શનીય છે. તેથી જ્યાં જ્યાં શરીર જાય ત્યાં આત્મા છે, જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં આત્માનું દર્શન છે; કાન જે કાંઈ સાંભળે તે આત્માનું શ્રવણ છે; જેની કક્ષાની મન કલ્પના કરે એ આત્માનું મનન છે; જેનું ચિત્ત સ્મરણ કરે એ આત્માનું ધ્યાન છે; જ્યારે જ્યારે જ્યાં જ્યાં અંતઃકરણ કે ઇંદ્રિયોને જે કાંઇ પ્રતીત થાય એ આત્મપ્રતીતિ છે–આત્મા જ છે, એવો બ્રહ્માનંદ લૂંટવાનો વેદાન્ત બતાવે છે સીધો અને સરલ રાજમાર્ગ. એથી જ જ્ઞાનયોગને રાજયોગ કહ્યો છે. અને વધારે વિસ્તાર જોવો હોય તો જુઓ ભ. શંકરાચાર્યનો અપરોક્ષાનુભૂતિ નામનો ગ્રન્થ. તેમાં શ્લોક ૧૦૦થી છેવટ સુધીનો વિસ્તાર ખાસ જ્ઞાનયોગના અભ્યાસ માટે જ છે.

(૪) વેદાન્તને અધરું કહેનારા, શુષ્ક માનનારા, માયાવાદ કહીને અવગણનારા આત્માની સર્વવ્યાપી રસિકતાનું ભાન જ નથી રાખતા; જેમની બુદ્ધિ, દ્વૈતમય સંસાર, ભિન્ન ભિન્ન સિદ્ધિઓ અને ચમત્કારની વાસના, જગત ઉપર શિષ્યમંડળ સ્થાપી

આચાર્યપદ ભોગવવાની રજોગુણી મનોવૃત્તિ, જગતમાં સ્વર્ગ સ્થાપવાની અસંભવિત અને અશક્ય તૃષ્ણા, વિલાસમાં અટવાઈ પડેલી બુદ્ધિનો મોહ—આ બધામાંજ આસક્ત હોય એવા સંસારમુગ્ધો અદ્વૈત વેદાન્તનો નિષેધ કરીને કહે છે કે અદ્વૈત-વાદી સ્વાર્થી મુક્તિવાંચ્છુ છે! આશ્ચર્ય એ છે કે એ વિશ્વાસકતો વિરુદ્ધ વૈરાગ્ય કેળવ્યા વિના આત્મા, બ્રહ્મ, ઈશ્વર, વિશ્વ અને એવી ભિન્ન ભિન્ન શબ્દજાળમાં અટવાઈ પડે છે; આત્મા અને અનાત્માનો મિથ્યાભેદ સમજતા નથી. અનાત્મ સંસારને આત્માના જેવોજ માનીને એમાં ઉન્નતિ, ઉત્ક્રાન્તિ કે વિકાસ સાધવાનાં સ્વપ્નાં ગોઠવે છે. અને એ સ્વપ્ન તો સ્વપ્નદ્રષ્ટાના સંસ્કાર જેવું જ હોય ને! જેવી જેમની ચિત્તવાસના તેવું એમનું લોકપરલોક-દર્શન: સ્વપ્નવિહારીને કોઇ રોકી શકે એમ નથી. પાસે સૂતેલો મનુષ્ય સ્વપ્નમાં હર્ષશોક કે લોભમોહનાં પાત્રો ઊભાં કરી એમાં કોઇની ઉન્નતિ તો કોઇની અધોગતિ ઉપજાવી મોજ માણ્યા કરે, એને રોકવો જ વ્યર્થ છે, એની દયા ખાવી જ નકામી છે, કારણ કે જાગતો માણસ તો જાણે છે કે સ્વપ્નની અસર સ્વપ્નદ્રષ્ટાના આત્મસ્વરૂપ ઉપર થવાની જ નથી. સ્વપ્નમાંથી જાગશે એટલે ભાન આવશે!

\+ \+ \+

આ લેખ લખાયો છે શુદ્ધ જ્ઞાનયોગની દૃષ્ટિથી; નિષ્કામ કર્મ અહૈતુકી ઉપાસના, મંત્રયોગ, હઠયોગ, લયયોગ, રાજયોગ, ભક્તિયોગ, સાંપ્રદાયિક બીજાં સ્થાનો ઇશ્વરાભિમુખ કરવામાં મુખ્ય નિમિત્તો છે **એની ના નથી**! પરન્તુ જેઓ વેદાન્ત વેદાન્ત કહીને બૂમો મારે છે, જ્ઞાનની વાતો કરે છે અથવા આત્મસાક્ષાત્કારને બહાને ભૂલભરેલી નિવૃત્તિ સેવવાના શોખીનો થઇ ગયા છે, વાતવાતમાં શુષ્ક વ્યવહારને

માયા, ઉપાધિ, અવિદ્યાના ક્ષેત્રથી કટાક્ષો કરે છે, એ કેટલી ભ્રાન્તિ છે એટલું સમજાય તો ધન્ય છે !

જ્ઞાનયોગમાં મુખ્ય સાધન છે વિચાર; વાતવાતમાં દરેક ગ્રન્થમાં, વેદાન્તના ગ્રન્થો તો જ્ઞાનમાં વિચારને જ મુખ્ય સાધન ગણે છે. યોગ-વાસિષ્ઠમાં ભ. વસિષ્ઠ વિચારને મુખ્ય માને છે. ભ. શંકરાચાર્યના વિવેકચૂડામણિ, સદાચારસ્તોત્ર, અપરોક્ષાનુભૂતિ, શતશ્લોકી તથા શ્રી શંકરાનંદકૃત આત્મપુરાણ અને શ્રી વિદ્યારણ્યકૃત પંચદશી વાંચીને વિચારી જુઓ–વિવેકથી મનન કરી જુઓ, બધે એક જ શાસ્ત્રવાકય નીકળશે કે જ્ઞાનમાં વિચાર જ મુખ્ય સાધન છે, કર્મ નહિ, નહિ અને નહિ જ.

વિચાર મુખ્ય સાધન છે; શુધ્ધ શાસ્ત્રીય વિચાર માટે બુદ્ધિના શોધનની આવશ્યકતા છે; બુધ્ધિનું શોધન વૈરાગ્ય વિના સંભવિત નથી; આત્મા–અનાત્માના વિવેક વિના વૈરાગ્યનો ઉદય નથી, આત્મપ્રીતિની નિષ્કામ ભક્તિ વિના ચિત્ત એકાગ્ર થતું નથી, સાધનમાં વેગ આવતો નથી; વેગ વિના વસ્તુની પ્રાપ્તિ નથી; વસ્તુની પ્રાપ્તિ વિના શાંતિ નથી અને શાંતિ વિના સુખ નથી. अशान्तस्य कुतः सुखम्–એમ ભગવાન ગીતાકાર સ્વમુખે કહી ગયા છે.

ભગવાન ભાષ્યકાર તો કહે છે કે :–

वेदान्तश्रवणं कुर्यात् मननं चोपपत्तिभि:।
योगेनाभ्यसनं नित्यं ततो दर्शनमात्मनः ॥ १८ ॥

સદાચારસ્તોત્ર.

વેદાન્તનું શ્રવણ કરે, યુક્તિઓથી મનન કરે અને યોગ (નિદિધ્યાસન) વડે તેનો અભ્યાસ કરે એટલે આત્માનું દર્શન (સાક્ષાત્કાર–અનુભવ) થાય છે.

ૐ ૐ ૐ

# શિષ્ય અને અધિકાર

જેમ જેમ આત્મજ્ઞાનનો વિચાર કરીએ છીએ, એનો મહિમા સાંભળતા જઈએ છીએ, બ્રહ્મવિદ્યાનો ઉપદેશવિધિ તપાસીએ છીએ, અને ઉપનિષદ્ વ. આર્ષ ગ્રન્થોમાં બ્રહ્મસંવાદનો રસાસ્વાદ નિહાળીએ છીએ, તેમ તેમ આત્મજ્ઞાનના અધિકારીનાં લક્ષણોની વાસ્તવિકતા સૂઝતી જાય છે. અધિકારીના ભેદ પ્રમાણે આત્મજ્ઞાનના ઉપદેશની શૈલી નવી નવી માલૂમ પડે છે, છતાં બધામાં મુખ્ય વાત એ નજરે પડે છે કે શ્રવણ, મનન, નિદિધ્યાસન માટે જિજ્ઞાસુ અધિકારી થાય તે પહેલાં એનાં તનમનની પૂરી કસોટી થાય છે.

આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે વિશુદ્ધ વિચારશકિતની આવશ્યકતા છે એ આપણે પાછળના લેખમાં જોઈ ગયા છીએ; અને સમસ્ત બ્રહ્માંડના અસ્તિત્વ (સત્)નું જ્ઞાન (ચિત્તનું ભાન) મેળવીને આનંદ માણવાનું સ્થાન સ્થૂલ શરીર નહિ પણ સૂક્ષ્મ અંતઃકરણ છે, એટલે જે જે અધિકાર કેળવવાનો છે એ બધો આન્તરિક છે, બાહ્ય નહિ, એવું નક્કી થાય છે.

ભગવાન શંકરાચાર્ય ઉપદેશસાહસ્રી નામના પ્રકરણગ્રન્થમાં આત્મજ્ઞાનનું શ્રવણ કરનારના અધિકારીનાં જે લક્ષણો આપે છે એ આપણે તપાસી જોઈએ, કારણ કે બ્રહ્માંડના લોકલોકાન્તરની વાતો; યોગ તથા સાંખ્યદર્શનના અનુભવો, મંત્રવિદ્યાનાં અનુષ્ઠાનો, ઇષ્ટ દેવદેવતાની ઉપાસનાનાં રહસ્યો તથા સમસ્ત અપરા વિદ્યાની પ્રાપ્તિના અનુભવ

માટેના અધિકારમાં પણ કઠોર તપશ્ચર્યા, ચિત્તની એકાગ્રતા, વિષય સાથેની તન્મયતા, અને પ્રાપ્તવ્ય વસ્તુના શુદ્ધ જ્ઞાનની આવશ્યકતા પડે છે. તો પછી જે પરા વિદ્યામાં આ બધી અપરા વિદ્યાઓનું પર્યવસાન થાય છે, એ વિદ્યાના વિદ્યાર્થીના અધિકાર કેટલા અતિશુદ્ધ હોય એ સમજવું કે માનવું અઘરું નથી.

કેવા મુમુક્ષુને પરમતત્ત્વનું શ્રવણ કરાવવું જોઇએ. એ વિષે શ્રી શંકરાચાર્ય લખે છે કે :

इदं मोक्षसाधनं ज्ञानं साधनसाध्यात् अनित्यात् सर्वस्मात् विरक्ताय, त्यक्तपुत्रवित्तलोकैषणाय, प्रतिपन्न परमहंस परिव्राज्याय, शमदमदयादियुक्ताय, शास्त्रप्रसिद्ध शिष्यगुणसंपन्नाय, शुचये, ब्राह्मणाय, विधिवत् उपसन्नाय, शिष्याय, जातिकर्मवृत्तविद्याभिजनै: परीक्षिताय ब्रूयात् । ''

**ભાવાર્થ** :—" આ મોક્ષના સાધનરૂપ જ્ઞાન બધાં અનિત્ય સાધન તથા સાધ્યથી વિરક્તને, પુત્ર, ધન, કીર્તિની વાસનાના ત્યાગીને, પરમહંસ પરિવ્રાજકને પ્રાપ્ત થયેલાને, શમ, દમ, દયાવાળાને, શાસ્ત્રપ્રસિદ્ધ શિષ્યના ગુણવાળાને, પવિત્રને, દ્વિજને. વિધિપ્રમાણે શરણે આવેલાને, શિષ્યને, જાતિ, કર્મ, આચાર, વિદ્યા તથા કુલની પરીક્ષા કરેલાને કહેવું."

આવા લક્ષણવાળો મુમુક્ષુ હોવો જોઇએ એમ અદ્વૈત વેદાન્તના આદ્ય આચાર્ય આપણને કહે છે. આપણે એ બધાંને ક્રમવાર ગોઠવીએ કે જેથી એ વિષે વિચાર કરવાનું સૂઝે.

(૧) એ જ્ઞાન મોક્ષના સાધનરૂપ હોવું જોઇએ.

(૨) અનિત્ય સાધન અને અનિત્ય સાધ્યમાંથી મુમુક્ષુ વિરક્ત હોવો જોઇએ.

(૩) પુત્ર, ધન અને કીર્તિની વાસનાનો ત્યાગી હોવો જોઇએ.

(૪) પરમહંસ પરિવ્રાજકનું શરણુ લીધેલો હોવો જોઇએ.

(૫) શમ, દમ તથા દયાવાન હોવો જોઇએ.

(૬) પવિત્ર હોવો જોઇએ.

(૭) બ્રાહ્મણુ એટલે દ્વિજ હોવો જોઇએ.

(૮) વિધિપ્રમાણે શરણે આવેલો હોવો જોઈએ.

(૯) શિષ્ય હોવો જોઇએ.

(૧૦) જાતિ, કર્મ, આચરણ, વિદ્યા તથા કુલની પરીક્ષાદ્વારા અધિકારી થયેલો જોઇએ.

+ + +

આ દસ લક્ષણો મુમુક્ષુના અધિકાર માટેનાં છે. આવો અધિકારી આત્મજ્ઞાનના ઉપદેશના શ્રવણનો અધિકારી કહેવાય એમ ભગવાન શંકરાચાર્ય કહે છે. ઉપદેશ લેનાર જ આગળ જતાં ઉપદેશ આપનાર બનવાનો છે, શિષ્ય બનીને સાધનદ્વારા અનુભવ મેળવનાર જ ભવિષ્યમાં આચાર્ય કે ગુરુ બની શકે છે. એ નિયમ પ્રમાણે જ્ઞાની કે જિજ્ઞાસુ, મુક્ત કે મુમુક્ષુ, સિદ્ધ કે સાધક–એ બધાને માટે એક જ પ્રકારના નિયમો હોવા જોઇએ એમ નક્કી થાય છે. હવે આપણે ક્રમવાર એ બધાનું મનન કરવાનો પ્રયત્ન કરીએ.

(૧) ઉપનિષદોમાં બે પ્રકારની વિદ્યા વર્ણવી છે એ આપણે જોઇ ગયા છીએ. અપરા વિદ્યાનો ઉપયોગ લોક-પરલોકની ભોગપ્રાપ્તિ માટે

છે અને તેથી એમાં લોકલોકાન્તરના વિષયોના જ્ઞાનનો સમાવેશ થાય છે. એ બધાં જ્ઞાન તો બુદ્ધિને બહિર્મુખ રાખી, બ્રહ્માંડને સત્ય સમજાવી, એક વિષયમાંથી બીજા વિષયમાં ભમાવનાર ભટકાવનાર છે. મનુષ્ય એ જ્ઞાનના અભ્યાસથી વિષયચિંતવનમાં જ રમ્યા કરે છે; એમાં ઇશ્વરનું નહિ પણ વિષયનું જ મનન થયા કરે છે. ચારે વેદ તથા એનાં અંગોપાંગના અભ્યાસનો એમાં સમાવેશ થાય છે, પરન્તુ સાચી પરાવિદ્યા-બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરતાં તો ભગવાન શ્રીકૃષ્ણ ભ. ગી. અ. ૨. શ્લો. ૪૫માં કહે છે કે :-

त्रैगुण्या विषया वेदा—એ બધાં જ્ઞાન તો ત્રણ ગુણના વિષયોને લગતાં છે; અમુક કર્મ કરવાથી, અમુક ઉપાસનાની સાધનાથી, અમુક મંત્રયંત્રના પ્રયોગ તથા અનુષ્ઠાનથી જે કાંઇ મેળવાય એ જ્ઞાન તો ત્રણ ગુણવાળાં છે. જે જે ત્રણ ગુણવાળું હોય તે સાંસારિક હોય, અને જીવાત્માને જે મુખ્ય બંધનકારક છે એ તો આ ત્રિગુણાત્મક માયા જ છે. બધા લોકલોકાન્તરનો, જન્મ-મરણ વગેરે બંધનો અધ્યાસ તો ત્રણ ગુણને લીધે જ છે. વાસના, કર્મ અને ફલભોગના ચક્રમાં જ આ ત્રણ ગુણ જીવાત્માને ફેરવ્યા —રમાડયા કરે છે; શરીરભાવને ટકાવી રાખી કર્ત્તાભોકતાના અહં-કારને વધારીને અસંખ્યકોટિ મનોવૃત્તિઓમાં એવી અજબ રીતે ભમાવ્યા કરે છે કે જીવાત્માને કેટલાં અને કેવાં બંધન છે એની કલ્પના પણ સૂઝી શકતી નથી. વિષયોનું જ્ઞાન આવું બંધનકારક છે તેથી એ જ્ઞાનની તો અહીં વાત જ કરવાની નથી.

પણ આ આત્મજ્ઞાન એવું હોવું જોઇએ કે જેનો અભ્યાસ કરતાં કરતાં વિવિધ પ્રકારનાં બંધનની ક્ષણે ક્ષણે વિસ્મૃતિ અને સ્વતંત્ર આનંદનો મુક્ત અનુભવ થાય. સંક્ષેપમાં કહેવાનું એ કે એ

જ્ઞાનથી વિષયબંધ છૂટે એટલે જ આત્મજ્ઞાન થાય (કારણ કે આત્મામાં વિષયરૂપ દ્વૈતની કલ્પના પણ નથી) એ સ્વાભાવિક છે.

(૨) મુમુક્ષુ જે સાધના કરતો હોય, જે મેળવવાનું એનું ધ્યેય હોય, એને માટેનાં સાધનો અનિત્ય ન હોવાં જોઈએ; તેમ જે મેળવવાનું છે તે પણ અનિત્ય ન હોય; જીવાત્માનાં જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, પંચપ્રાણ વગેરે સહિતનું સૂક્ષ્મ શરીર તેમજ બ્રહ્માંડના અન્ય વિષયો અનિત્ય છે; અને એ વડે જે સાધ્ય હોય તે પણ અનિત્ય જ હોય; અથવા જે સાધ્ય છે, જે મેળવવાનું છે એ અનિત્ય હોય તો એ સાધ્યનો નાશ થતાં તરત જ અશાંતિ ઊભી થાય છે; સાધન અને સાધ્ય બન્ને વિનાશી હોય તો એ વડે અવિનાશી—નિત્ય વસ્તુની પ્રાપ્તિ થઈ શકે નહિ. કર્મ તથા ઉપાસનામાં તો બધાં સાધન અનિત્ય છે. મેળવવાની વસ્તુ પણ અનિત્ય છે. મુંડક ઉપનિષદ્ કહે છે કે:—न अस्ति अकृतः कृतेन અકૃત એટલે કર્મથી ઉત્પન્ન ન થાય એવા બ્રહ્મને કૃત એટલે કર્મથી મેળવી શકાતું નથી. કર્મથી જે જે બને તે વિષેનું વિવેચન નવમાં અંકમાં આવી ગયું છે; કર્મ અને કર્મફલ બન્ને અનિત્ય છે, એટલે કર્મનાં સાધન તથા એના સાધ્યરૂપ ફલ બન્ને અનિત્ય છે; તેથી એવાં સાધન તથા સાધ્યનો જેણે વૈરાગ્ય સાધ્યો હોય, એનાંથી ઉપરત થયો હોય, તેવો આત્મ-જ્ઞાનના શ્રવણનો અધિકારી હોવો જોઈએ. મુમુક્ષુના ચિત્તમાં અનિત્યની પ્રાપ્તિની કલ્પના પણ ન હોવી જોઈએ.

(૩) પુત્ર, ધન અને કીર્ત્તિની વાસના ન હોવી જોઈએ. પહેલું સાધન જ્ઞાનની ઇચ્છા છે; બીજું સાધન જ્ઞાનના સ્વરૂપનું

છે; ત્રીજું સાધન વાસનાત્યાગનું છે: વાસનાની ઉશ્કેરણીથી ભોગ માટે કર્મ થાય છે; એટલે જ્યાં સુધી ભોગની વાસના ચિત્તને પ્રેરણા અને વેગ આપ્યાં કરે, ત્યાં સુધી જ્ઞાનની ઇચ્છા ઉદ્ભવ પામતી નથી; મન જ્યાં સુધી અનિત્ય વિષય અને અનિત્ય સાધનની શોધ કર્યા કરતું હોય, ત્યાં સુધી એને આત્મજ્ઞાનની દિશા સુઝતી નથી. એટલા માટે વાસનાત્યાગ પરમ આવશ્યક છે.

ફલભોગની વાસનાના અસંખ્ય વિષય હોય છતાં એનો મુખ્ય ત્રણ વિભાગમાં સમાવેશ થઇ જાય છે:—

(૧) પુત્રપરિવારની વાસના (૨) ધનવૈભવની વાસના અને (૩) લોકલોકાન્તરમાં કીર્તિની વાસના: બૃહદારણ્યક ઉપનિષદ્‌ના ત્રીજા અધ્યાયના પાંચમા બ્રાહ્મણમાં આ ત્રણ વાસના વિષે ઉલ્લેખ છે. યાજ્ઞવલ્કય અને કહોલ વચ્ચેનો સંવાદ આ પ્રમાણે છે:—

કુષીતકના પુત્ર કહોલે પૂછ્યું:—"યાજ્ઞવલ્કય! જે સાક્ષાત્ પ્રત્યક્ષ બ્રહ્મ છે, એવા સર્વવ્યાપી આત્મા વિષે મને કહો!"

"જો, એ સર્વવ્યાપી તો તારો જ આત્મા છે."

"એ સર્વવ્યાપી કોણ?"

"જે ક્ષુધા, તૃષા, શોક, મોહ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુની પર છે તે. એ આત્માનું (હું પોતે જ એ આત્મા છું એવું) જ્ઞાન થાય છે ત્યારે પુત્રની, ધનની અને લોકની વાસનાથી મુક્ત થઇને બ્રાહ્મણ (બ્રહ્મને જાણનાર) ભિક્ષાચારી બને છે. જે પુત્રવાસના છે એ જ ધનવાસના છે, જે ધનવાસના છે એ જ લોક (કીર્તિ) વાસના છે. એ બધી વાસના જ છે."

આવી રીતે વાસનાત્યાગનો આદેશ અપાયો છે. પુત્રપરિવારની

વાસનામાંજ પતિપત્ની, સગાંસંબંધી, સ્નેહીવર્ગ તથા અન્ય જીવાત્માઓની મમતાનો સમાવેશ થાય છે. આ છે જીવાત્માનો અન્ય જીવાત્માઓ સાથેનો મોહમમત્વનો રાગમૂલક બંધન વધારનારો વાસનાસમૂહ: બીજો સંબંધ સંસારમાં સુખસગવડ મેળવવા છે વધારવા અને સાચવવા માટેના પ્રયત્નોમાં રહેલી વાસનાનો સંબંધ અને ત્રીજી વાત છે દેહદૃષ્ટિએ ભિન્ન ભિન્ન દિશામાં પોતાની વાહ-વાહ સાંભળવાની માનલાલસા. આ ત્રણેય વાસનાના ત્યાગ માટે તૈયારી હોવી જોઇએ. આપણે અહીં સાધનાની નહિ પણ સાધ-કના ચિત્તની અવસ્થાની વાત કરીએ છીએ એટલે સાધન વિષેનો ઉલ્લેખ કરતા નથી.

(૪) એણે પરમહંસ-પરિવ્રાજક એટલે કોઈ ચતુર્થાશ્રમી બ્રહ્મ-વિદ્ બ્રહ્મશ્રોત્રિયનું અવશ્યમેવ શરણ પકડવું જોઇએ. બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમમાં માતાપિતા તથા શાસ્ત્રજ્ઞ આચાર્યને દેવ માનીને એનું શરણ સ્વીકારીને એ બન્ને આશ્રમનું પાલન કરવાનું હોય છે. એ આશ્રમમાં જે અધ્યયન તથા આચરણ થાય છે એ છે કેવળ જન્મમરણની સુધારણા અને ક્રમઉન્નતિ દ્વારા થતા મોક્ષસાધનનો માર્ગ. કર્મ-ઉપાસનાના આચાર્યો બ્રહ્મવિદ્ ન હોય તોપણ ચાલે, કારણ કે એમાં સંસારને અનિત્ય અને પરમતત્ત્વને નિત્ય માનવાની આજ્ઞા છે, પણ અનુભવવાની આજ્ઞા નથી. ઉપરાંત એ આચાર્યો અને શિષ્યો ત્યાગથી નહિ પણ કર્મ-ઉપાસના વડે ઉન્નતિ સાધવાનાં સાધનમાત્ર છે. અહીં તો વાત **ત્યાગની** છે. એટલે ત્યાગદ્વારા જેઓએ ચતુર્થાશ્રમી જીવનનો અનુભવ કેળવી, બ્રહ્મવિદ્‌નું શરણ સ્વીકારી બ્રહ્માનુભવનો સ્વયમ્ અનુભવ કર્યો હોય, તેવાઓનું જ શરણ જિજ્ઞાસુ-મુમુક્ષુએ સ્વીકારવું જોઇએ, કારણ કે અનુભવ કરવાનાં સાધન તો અનુભવી જ બતાવી શકે છે.

(૬) એ આંતરબાહ્ય પવિત્ર હોવો જોઇએ. નિષ્કામ કર્મકાંડ કે કર્મયોગ દ્વારા જેનું અંતકરણ શુદ્ધ હોય અને બાહ્ય આચારમાં પણ જે સ્વચ્છ હોય એવો શુચિ પુરુષ જ તત્ત્વપ્રાપ્તિનો અધિકારી બની શકે છે.

શૌચના આંતરબાહ્ય ભેદ પાડવાનું કારણ એ છે કે બહારથી સ્વચ્છ જીવન ગાળનાર પુરુષ અંતરમાં મલિન, કપટી કે મિથ્યાચારી હોઇ શકે છે. તેવી જ રીતે ઘણા જિજ્ઞાસુ ભકતોને એવી તો અવ્યવસ્થિત રીતે રહેવાની ટેવ પડી હોય છે કે અંતરમાં જપ, તપ, વ્રત, પાઠ, પૂજા વ. કરવા છતાં બહારથી અવ્યવસ્થિત, ગંદા તથા આળસુ એદી જેવાં લક્ષણો રાખી પોતાને અવધૂત કહેવરાવવાનો ઢોંગ કરતા હોય છે.

સમાજમાં પણ ઘણી વાર સ્વચ્છતાને રજોગુણ તરીકે ઓળખવામાં આવે છે. પણ જેઓને સત્ત્વગુણનાં લક્ષણો સમજવાં છે તેઓએ ખાસ આ વાત ધ્યાનમાં રાખવાની છે કે આંતરશુદ્ધિની જેટલી જ બાહ્ય સ્વચ્છતા તથા વ્યવસ્થાની જરૂરિયાત છે. ગંદી રહેણીકરણી, અવ્યસ્થિત તથા તરંગી જીવન કાંઇ ભકિત કે જ્ઞાનનું લક્ષણ નથી. શૌચનો અર્થ એટલાજ માટે બધે આંતર અને બાહ્ય એમ બે રીતે કરેલો છે.

(૭) એ બ્રાહ્મણ એટલે દ્વિજ હોવો જોઇએ. બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યને દ્વિજ કહેવામાં આવે છે, કારણ કે ત્રણેયને યજ્ઞોપવીતના વૈદિક સંસ્કાર આપી શકાય છે. દ્વિજ હોવો જોઇએ એમ કહેવામાં મુખ્ય તાત્પર્ય એ છે કે એણે પોતાના અંતઃકરણને વિશુદ્ધ કર્મકાંડ તથા ઉપાસના દ્વારા શુદ્ધ તથા સબળ બનાવ્યું

હોય છે. કર્મ–ઉપાસનાના સાધનમાર્ગની પૂર્ણાહુતિ વિના આત્મ-જ્ઞાનના સાધનમાં કદાચિત્ રુચિ ઉત્પન્ન થાય તોપણ એક ડગલું યે આગળ વધી શકાતું નથી. બ્રાહ્મણ શબ્દ વાપરવામાં અહીં વર્ણના અભિમાનની નહિ, પણ આંતરિક અધિકારની પવિત્રતા સૂચવવાનો ભાવાર્થ લાગે છે. બ્રહ્મને જાણનાર અથવા બ્રહ્મને જાણવાની શુભેચ્છા ધરાવનાર બ્રાહ્મણ તરીકે ઓળખાય છે, અને ઉપનિષદ્‌માં બ્રાહ્મણ શબ્દનો એ જ લક્ષ્યાર્થ લીધેલો હોય એમ વિચાર કરતાં સ્પષ્ટ થાય છે.

(૮–૯–૧૦) આ ત્રણેયમાં પણ ખાસ એ વાત ઉપર ભાર મૂકયો છે કે એનામાં શરણાગતનો ભાવ હોવો જોઇએ. વિધિ પ્રમાણે એટલે કે નમ્રતા, શિષ્યભાવ તથા પોતાના જાતિ, કર્મ, આચરણ, વિદ્યા તથા કુલધર્મનાં પાલનથી એ પવિત્ર થયેલો હોવો જોઇએ.

\+ \+ \+ \+

આ બધાં વિશેષણો અધિકાર સમજાવવા માટે છે. ઉપનિ-ષદ્‌ગત આત્માનું રહસ્ય અને બ્રહ્મભાવથી જાગ્રતિ માટે અંતઃકરણ તદ્દન પવિત્ર થઇ જવું જોઇએ. કોઇ પણ જાતની સાંસારિક વાસના જ્યાં સુધી અંતરમાં ભરી હોય, ત્યાં સુધી બ્રહ્મજિજ્ઞાસાનો દંભ નભી શકતો નથી. વાસનાને દબાવવાથી, રોકી રાખવાથી, ભોગનાં સાધન તથા ફલને જ્ઞાનસાધનાના કાલ સુધી દૂર રાખવાથી તો એ જિજ્ઞાસુના કારણશરીરમાં જઇને સૂઇ તથા લપાઇ રહે છે; છાનીછપની રીતે એ પોતાનું બલ વધાર્યાં કરે છે, અને જિજ્ઞાસુને આગળ જતાં એવી થાપ ખવરાવે છે કે આત્મજ્ઞાનના શિખર ઉપરથી લપસતો લપસતો એવો સાધક દંભના ઊંડા ખાડામાં પડે છે.

આત્મા તો બધાનો અંતર્યામી છે; ઘટઘટમાં એ સાક્ષી બનીને બેઠેલો છે; આપણાં પ્રત્યેક વિચાર તથા કાર્યનો દ્રષ્ટા બનીને, જેવાં કર્મ હોય તેવાં ફલ ભોગવવાનું કામ કર્યે જાય છે; એ તટસ્થ છે, કારણ કે જીવાત્માને શુભાશુભ વિચાર તથા કર્મનાં ફલ ચખાડી, એનાથી વિરક્ત બનાવી, પોતાના સચ્ચિદાનન્દસ્વરૂપ તરફ વાળવાનો એનો મહાન ઉદ્દેશ છે.

આ અંકમાં તો આપણે આટલો જ વિચાર કરીશું. નવમા અંકમાં અધિકાર માટે બહુ વિસ્તારથી લખ્યું છે. આ નાના લેખમાં જિજ્ઞાસુના વિશેષ અધિકાર માટે આટલો ઉલ્લેખ બસ છે.

આત્મસાક્ષાત્કાર, બ્રહ્મજ્ઞાન કે જીવન્મુક્તિ જેવા શબ્દોનાં પ્રલોભનો જ્યાં ત્યાં વંચાય—બોલાય છે; આ સ્થિતિ સર્વોપરિ અને સર્વશ્રેષ્ઠ છે, એ વાત જેટલી સાચી છે એટલી જ એ સ્થિતિ પ્રાપ્ત કરવી વિકટ છે: એમાં દંભ, આડંબર, વેષભૂષા, વાદવિવાદ, શાસ્ત્રચર્ચાનો જરાયે ઉપયોગ નથી. સાચો જિજ્ઞાસુ તો વિવેકથી શરૂઆત કરી નિદિધ્યાસન સુધી પહોંચી, બ્રહ્મવિદ્દનું શરણ ગ્રહણ કરી અનુભવને માર્ગે નિર્વિકલ્પ સ્થિતિ સુધી પહોંચી જાય ત્યાં સુધી એણે નીચેના મુદ્દા ખાસ યાદ રાખવાના છે:-

(૧) કોઇ પણ બ્રહ્મવિદ્‌માં ગુરુબુદ્ધિ.
(૨) ગુરુની આજ્ઞાઃનું સાધન પરત્વે વિનાવિચારે આજ્ઞાપાલન.
(૩) સાધનામાં તત્પરતા અને તીવ્ર વેગ.
(૪) જ્ઞાનયોગમાં કર્મ, ભકિત, યોગ વગેરેનાં અંગોપાંગ જેવાં જપ, તપ, વ્રત, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, ધ્યાન, એકાન્તસેવન, ત્યાગ, સત્સંગ વગેરે જેટલાં ઉપયોગી હોય તેની સ્પષ્ટ સમજણ.

(૫) બુધ્ધિમાં આત્મવિચાર ભરવાની યુક્તિ.

(૬) આત્મભાવે વ્યવહાર કરવાની આવડત.

(૭) સમદર્શન અને સમવર્તન વચ્ચેનો ભેદાભેદ.

(૮) સ્વાધ્યાય માટેનાં વાચન તરીકે ઉપયોગી પુસ્તકોનો અભ્યાસક્રમ.

(૯) સત્સંગ–ચર્ચા કે શંકાસમાધાન માટે કેવા સ્વભાવવાળા સંતસાધુની પાસે જવું તેની ઓળખાણ; ગમે ત્યાં ગમે ત્યારે ભટકવાની ટેવ ઉપર સંયમ.

(૧૦) સાધનામાં વિરોધ ન થાય એટલા માટે અદ્વૈત સિદ્ધાન્તના જ્ઞાનીઓનો જ સહવાસ–સત્સંગ મેળવવાની સભાળ.

(૧૧) બહિરંગ અને અંતરંગ સાધનની સ્પષ્ટ સમજણ.

(૧૨) આત્મતૃપ્તિ થાય સુધી સાધનામાં પ્રવૃત્ત રહેવાની આવશ્યકતા.

(૧૩) વેદાન્તનો અભ્યાસ કરવામાં જે જે ઝીણવટ રાખવી પડે છે તેની કાળજી.

(૧૪) સાધન અને સાધનામાં તત્પરતા હશે તો અનુભવ વધતો જશે: થોડો પણ અનુભવ આગળ વધવાનો ઉત્સાહ વધારશે; અનુભવ જ પોતે પોતાનું પ્રમાણ બનશે એટલે શંકાકુશંકાને સ્થાન નહિ રહે.

\+ \+ \+ \+

વાચકને હું આની સાથે ઉપદેશસાહસ્રીનો અભ્યાસ કરવાનો ખાસ આગ્રહ કરું છું કે જેથી આચાર્ય અને શિષ્યનો એ સુંદર તત્ત્વસંવાદ

એના હૃદયમાં ઊતરે: પ્રશ્નોત્તરની મહત્તા સમજાય; ભગવાન શંકરાચાર્ય આપણા જેવા સાધકનો માટે કેટલીક સાવધાનતા રાખવાનું કહે છે. તત્ત્વની વિશદ વ્યાખ્યા બાંધી આપી, ઉપનિષદુક્ત આત્માનું સ્પષ્ટીકરણ કરે છે, સાધનમાં વિવેક કેળવવાની અગત્ય સમજાવે છે અને ઉપનિષદ્‌માંથી જ સાધનક્રમ શોધી કાઢીને આપણી આગળ એવી સ્પષ્ટ તથા પ્રમાણભૂત રીતે મૂકે છે કે એમાં કશી શંકા જ રહેતી નથી.

સૌ એ શ્રેષ્ઠ માર્ગે આગળ વધો એવી શ્રી ભગવાન શંકરાચાર્યના અક્ષરદેહ પાસે પ્રાર્થના છે.

(ઓકટોબર ૧૯૫૦)

———o———

# શુદ્ધિપત્ર

| અશુદ્ધ | શુદ્ધ | પૃષ્ઠ | પંક્તિ |
|---|---|---|---|
| પાંડવકારવના | પાંડવકૌરવના | ૧ | ૧ |
| સ્વર્ગને | સ્વર્ગ અને | ૪ | ૧૨ |
| કરત | કરતાં | ૭ | ૨૧ |
| ખરે : | ખરો | ૮ | ૬ |
| શોધવનો | શોધવાનો | ૧૦ | ૫ |
| એકસરખોજ | એક સરખોજ. | ૧૧ | ૨ |
| અર્જુનનને | અર્જુનને | ૧૧ | ૧૭ |
| કેળવ | કેળવે | ૧૬ | ૬ |
| આત્મસ્વરૂપ | આત્મદર્શન | ૧૬ | ૮ |
| મારા કે | મારાં કે | ૨૦ | ૭ |
| દેવદેવીઓ | દેવદેવીઓ, | ૨૦ | ૯ |
| વિવિધ | ત્રિવિધ | ૨૦ | ૧૨ |
| હેવાથી | હોવાથી | ૨૦ | ૧૫ |
| કાલાન્તવપી | કાલાન્તવ્યાપી | ૨૧ | ૧૩ |
| માત્ર છે | માત્ર | ૨૨ | ૧૫ |
| –રહે | –રહે છે | ૨૩ | ૧૪ |
| કર્યા | થયા | ૨૫ | ૩ |
| પ્રાકૃતિં | પ્રકૃતિં | ૨૫ | ૯ |
| દેવદેવતાએ | દેવદેવતાઓ | ૨૫ | ૧૬ |
| દેવદેવતક | દેવદેવતા | ૨૫ | ૧૯ |
| ક્ષેમ સમજી | ક્ષેત્ર સમજીને | ૨૬ | ૯ |
| અવવાની જ | આવવાની જ | ૨૬ | ૧૩ |
| કરીએત્યારે | કરીએ ત્યારે | ૩૨ | ૧૭ |
| હ્મા | બ્રહ્મા | ૩૨ | ૧૭ |

| | | | |
|---|---|---|---|
| દેવષિઓ | દેવર્ષિઓ | ૩૫ | ૧ |
| તત્ત્વની | તત્ત્વની પ્રાપ્તિ | ૩૫ | ૩ |
| ઝટવી | ઝૂંટવી | ૩૯ | ૧૦ |
| અતુર્થાશ્રમી | ચતુર્થાશ્રમી | ૩૯ | ૨૦ |
| તમૂલક | દ્વૈતમૂલક | ૪૩ | ૨૩ |
| કમંડલું | કમંડલુ | ૪૪ | ૨૦ |
| બે રનાં | બે પ્રકારનાં | ૪૬ | ૧૯ |
| અચાર્યની | આચાર્યની | ૫૦ | ૧ |
| બળીને | બાળીને | ૫૦ | ૧૯ |
| ણ | ત્રણ | ૫૦ | ૨૨ |
| જાપાઠ | પૂજાપાઠ | ૫૪ | ૧ |
| લેખની અંતે નીચે — | ફેબ્રુઆરી ૧૯૫૦ | ૫૪ | –છેલ્લે |
| હ્મ | બ્રહ્મ | ૫૬ | ૧૪ |
| શકે | શકાય | ૫૭ | ૧૦ |
| ધોળાતાં | ધોળાતાં | ૫૭ | ૧૪ |
| પ્રવત વેલા | પ્રવૃતાયેલા | ૬૨ | ૧૮ |
| કર્મ કર્મ; | કર્મ; કર્મ | ૭૦ | ૨૩ |
| લીલા વિરોધી | લીલા; વિરોધી | ૭૧ | ૧ |
| અભવ | અભાવ | ૭૧ | ૩ |
| ચલાવતાં | ચલાવાતાં | ૭૧ | ૧૩ |
| વા ગ્વલાસ | વાગ્વિલાસ | ૭૧ | ૧૬ |
| જ હોય | જ હોય. | ૭૭ | ૧ |
| મંત્રના | મનના | ૭૮ | ૨ |
| મનવનચની | મનવચનની | ૭૮ | ૪ |
| બંહાર | સંહાર | ૭૯ | ૮ |

| | | | |
|---|---|---|---|
| લેખની અંત નીચે — માર્ચ; ૧૯૫૦ | | ૮૧ | છેલ્લે |
| તમ્રરતાથી | તત્પરતાથી | ૮૨ | ૧૫ |
| મથ્યાં-મચ્યાં | મથ્યાં–મચ્યાં | ૮૩ | ૨ |
| બ્રહ્મના | બ્રહ્માના | ૮૩ | ૨૩ |
| अहर्यदू | अहर्यद् | ૮૪ | ૩ |
| સમાજમાં | સમજમાં | ૮૬ | ૮ |
| अ. ६८ | अ. अ६८ | ૮૬ | ૨૧ |
| ઉષાધિની | ઉપાધિની | ૮૭ | ૫ |
| રહી, | રહી | ૮૭ | ૬ |
| વિક્ષેરૂપ | વિક્ષેપરૂપ | ૯૦ | ૧૩ |
| સમૃતિ ગ્રન્થો | સ્મૃતિગ્રન્થો | ૯૧ | ૧૭ |
| ઓમૂ | ઓમ્ | ૯૧ | ૨૨ |
| ાણથી | રણથી | ૯૪ | ૪ |
| લેખની અંતે નીચે —એપ્રીલ-૧૯૫૦ | | ૯૫ | છેલ્લે |
| (ઓમૂકાર) | (ઓમ્કાર) | ૯૬ | ૧ |
| મષ્યો | મનુષ્યો | ૯૬ | ૧૯ |
| હૃદયમાં ફેફસામાં | હૃદયમાં, ફેફસામાં | ૯૯ | ૨૦ |
| સ્થલ | સ્થૂલ | ૧૦૩ | ૪ |
| થતી | રહેતાં | ૧૦૭ | ૧૭ |
| કેત્રળતાં | કેળવતાં | ૧૦૯ | ૧૬ |
| ભાયા, | ભાષા, | ૧૧૨ | ૧૪ |
| કહેનારાઓએ સો | કહેનારા સૌ | ૧૧૬ | ૧૦ |
| લેખની અંતે નીચે—મે; ૧૯૫૦ | | ૧૧૮ | છેલ્લે |
| અનંદમગ્ન | આનંદમગ્ન | ૧૨૪ | ૬ |
| અભવા | અભાવ | ૧૨૪ | ૧૨ |

| | | | |
|---|---|---|---|
| ખૂલી | ખાલી | ૧૨૫ | ૧૯ |
| જગ્ય | જગ્યા | ૧૨૫ | ૨૨ |
| सं: = ते | स: = ते | ૧૨૯ | ૧૪ |
| ओहम् | अहम् | ૧૨૯ | ૧૪ |
| અપેક્ષાઓ | અપેક્ષાએ | ૧૩૨ | ૧૦ |
| ચિત્ત | ચિત્ | ૧૩૨ | ૧૩ |
| ઉપાધી | ઉપાધિ | ૧૩૨ | ૧૯ |
| લયપામે-પછી ઉમેરો: ત્યારે પદાર્થની એ અવ્યક્ત અવસ્થા કહેવાય છે; અને નામરૂપ પ્રકટ થાય | | ૧૩૩ — ૧૦ ને અંતે | |
| વિજરાજમાન | વિરાજમાન | ૧૩૮ | ૨ |
| सोहम् | सोऽहम् | ૧૩૮ | ૫ |
| પરત્મામાથી | પરમાત્માથી | ૧૩૮ | ૧૧ |
| આસશ્યકના | આવશ્યકતા | ૧૩૯ | ૨ |
| જપમી | જપની | ૧૩૯ | ૧૫ |
| રાગ ષ | રાગદ્વેષ | ૧૩૯ | ૧૯ |
| શરીરૂપ | શરીરરૂપ | ૧૪૩ | ૧ |
| શરીર ઘસી | શરીરને ઘસી | ૧૪૪ | ૧૦ |
| વગદ્વૅશ | વર્ગદ્વૅષ | ૧૫૦ | ૨૩ |
| માનવ | માનવા | ૧૬૦ | ૨૪ |
| વ નંતિ | વિનતિ | ૧૭૩ | ૧૮ |
| દ્વા–તા. | દ્વા–ત. | ૧૭૬ | ૧૧ |
| દર્શનના | દશ્યના | ૧૮૪ | ૨૪ |
| સમસ્ત તની | સમસ્ત દ્વૈતની | ૧૯૦ | ૧૪ |

| | | | |
|---|---|---|---|
| પ્રિયવચક! | પ્રિય વાચક! | ૧૯૨ | ૭ |
| પ્રસંગેતત્ત્વચર્ચાઓ, | પ્રસંગે તત્ત્વચર્ચાઓ | ૨૦૩ | ૧૧ |
| નથી, હોતા | નથી હોતા, | ૨૧૧ | ૧૯ |
| લોકપ્રિય | લોક પ્રિય | ૨૧૧ | ૨૦ |
| મુખ્યયત્વે | મુખ્યત્વે | ૨૧૨ | ૨૧ |
| અવતારોતેમજ | અવતારો તેમજ | ૨૧૬ | ૧૨ |
| મત્રેયી | મૈત્રેયી | ૨૧૭ | ૧૯ |
| શ્રતિજ્ઞાન | શ્રુતિજ્ઞાન | ૨૧૮ | ૨૦ |
| માનસા | મનસા | ૨૩૩ | ૫ |
| સવાયનાં | સિવાયનાં | ૨૩૫ | ૧૨ |
| ઉપદેશશમાં | ઉપદેશમાં | ૨૩૬ | ૪ |
| આમપ્રિયતા | આત્મપ્રિયતા | ૨૩૭ | ૮ |
| વિરુદ્ધ | વિશુદ્ધ | ૨૪૬ | ૬ |
| સ્થાનો | સાધનો | ૨૪૬ | ૨૧ |
| સૌથી અન્તે | ( સપ્ટેમ્બર-૧૯૫૦ ) | ૨૪૭ | અંતે |
| ઉપદેશસાહસ્રી | ઉપદેશસાહસ્રી | ૨૪૮ | ૧૬ |
| છૂટે એટલેજ | છુટે અને | | |
| | એમ થાય ત્યારેજ | ૨૫૨ | ૧ |
| સ્વપરૂનું | સ્વરૂપનું | ૨૫૨ | છેલ્લી પંક્તિ |
| હોય છતાં | હોવા છતાં | ૨૫૩ | ૭ |
| મેળવવા છે | મેળવવા | ૨૫૪ | ૪ |